૬૪૫ દીક્ષિત નાનોભાઈ લઘુપર્યાયવાળા મોટાભાઈને વંદન ન કરે ? ૨૩૦
૬૪૬ ઔપગ્રહિક ઉપકરણો રાખવાનું ભગવતી આદિમાં છે ? ૨૩૦
૬૪૭ પરિગ્રહ નામના પાપસ્થાનકમાં 'પરિ' ઉપસર્ગ રાખવાનું કારણ શું ? ૨૩૦
૬૪૮ અવગ્રહને અંગે ? ૨૩૧
૬૪૯ સંધિશબ્દનો અર્થ શો ? ૨૩૨
૬૫૦ લજ્જાદિથી આધાકર્મીઆદિનો ત્યાગ કરવામાં મુનિપણું છે ? ૨૩૨
૬૫૧ 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' નો ભાવાર્થ શો ? ૨૩૩

૬૫૨ અસંયમમાં અરતિ અને સંયમમાં રતિ એ સર્વદશામાં ઉચિત છે ? ૨૩૩

૬૫૩ મિત્ર અને અમિત્રનું લક્ષણ અને તે કોને ગણવા ! ૨૩૪

૬૫૪ સાપની માફક આસ્રવનો ભય અને સુવર્ણાદિકની માફક સંવરનું ગ્રાહ્યપણું કેમ નહિ ? ૨૩૫

૬૫૫ ઠાણુાંગજી વિગેરેની કોટ્યાચાર્ય મહારાજે ટીકા કરી છે ! ૨૩૫

૬૫૬ શ્રાવક-શ્રાવિકાને ચારિત્રનો અંશ છે તો અંગાદિસૂત્રનો અધિકાર કેમ નહિ ? ૨૩૬

૬૫૭ યથાખ્યાત-ચારિત્રમાં મહાવ્રતોનું અવસ્થાન કેમ ! ૨૩૮

૬૫૮ મૂળગ્રંથમાં નહિ કહેલી અને ટીકામાં કહેલી હકીકત ગ્રંથના નામે બોલાય ? ૨૩૮

૬૫૯ વર્તમાનકાળમાં નયોદ્વારા વ્યાખ્યા હોય કે નહિ ! ૨૩૯

૬૬૦ શુક્લપાક્ષિક-જીવોને સંસાર કેટલો ? ૨૩૯

૬૬૧ 'આદેશ' શબ્દનો અર્થ શો ! ૨૪૦

૬૬૨ થી ૬૬૪ સમ્યક્ત્વને અંગે ! ૨૪૧-૨૪૨

૬૬૫ તપ-જ્ઞાન ને ચારિત્રના ફળની પ્રાપ્તિમાં વિઘ્નકારક કોણ ! ૨૪૩

૬૬૬ અઢીદ્વીપમાં તીર્થંકરોની કયા પદે કેટલી સંખ્યા સમજવી ! ૨૪૩

૬૬૭ હનન-આજ્ઞાપન, પરિગ્રહણ-પરિતાપન અને અપદ્રાવણથી શું ગ્રહણ કરવું ? ૨૪૪

૬૬૮ સ્થાપના અનુક્રમની અપેક્ષાએ આચારાંગ પહેલું છે ! ૨૪૫

૬૬૯ આચારાંગના અઢાર હજાર પદો નવ બ્રહ્મચર્યમય પહેલા શ્રુતસ્કંધના છે ? ૨૪૬

૬૭૦ પહેલા સંયમસ્થાનને અંગે ! ૨૪૭

૬૭૧ મહાવ્રતનો વિષય સર્વદ્રવ્યો કેમ બને ? ૨૪૭

૬૭૨ થી ૬૭૪ આયુષ્યકર્મને અંગે ? ૨૪૮-૨૪૯

૬૭૫ રસ અને પ્રદેશ ભેદોમાં દૃષ્ટાંતથી સમજણ આપી શકાય ખરી ? ૨૫૦

૧૭૬-૧૭૭ આયુષ્ય કર્મ અંગે ? ૨૫૦-૨૫૧
૧૭૮ લવણસમુદ્રમાં મનુષ્યોના જન્મ-મરણ થાય ? ૨૫૧
૧૭૯ યતિઓ અને ગોરજીનું કયું ગુણસ્થાનક ? ૨૫૨
૧૮૦ તમસ્કાય વસ્તુ શું છે ? ૨૫૨
૧૮૧ ભરતક્ષેત્રની શાશ્વતી ગંગા કઈ ? ૨૫૨
૧૮૨ નવકારશી આદિનું પચ્ચખ્ખાણ સૂર્યોદય પછી લેવાય ? ૨૫૨
૧૮૩ સિદ્ધચક્રમાં જુદા જુદા વર્ણ રાખવાનું કારણ શું ? ૨૫૩
૧૮૪ સકલતીર્થ કયા આવશ્યકમાં ગણાય ? ૨૫૩
૧૮૫ પોસહમાં શ્રાવકથી વાસ વડે જ્ઞાનપૂજા થાય કે નહિ ? ૨૫૩
૧૮૬ છઠ્ઠા ગુણઠાણે ચાર ધ્યાનમાંથી કયું ધ્યાન હોય ? ૨૫૩
૧૮૭ પરમાધામી દેવોની ગતિ-આગતિ કેટલા જીવ ભેદોમાં હોય ? ૨૫૩
૧૮૮ કુબડી વિજયો જંબુદ્વીપમાં છે ? ૨૫૪
૧૮૯ સ્થંડિલના સ્થાન અંગેના ભેદો કેટલા ? ૨૫૪
૧૯૦ પરમાધામીની વેદના કેટલી નરક સુધી હોય ? ૨૫૪
૧૯૧ યુગપ્રધાનો કેટલા હોય ? ૨૫૫
૧૯૨ સાત ક્ષેત્ર કયા ? સાધુ ઉપદેશ આપે કે આદેશ કરે ? ૨૫૫
૧૯૩ પાણીની પરબો કરાવવા વિગેરેનો ઉપદેશ સાધુ આપે
કે નહિં ? ૨૫૭
૧૯૪ બાદરએકેંદ્રિય-જીવને સ્પર્શ કરતાં કેટલું દુઃખ થાય ? ૨૫૮
૧૯૫ એક ઘરમાં રહેલા માણસે કરેલા પાપથી ધર્મી
લેપાય કે નહિં ? ૨૫૮
૧૯૬ પાક્ષિકપ્રતિક્રમણમાં છીંક આવે તેને અંગે ? ૨૬૧
૧૯૭ 'નમોઽસ્તુ વર્દ્ધમાનાય' અને 'સંસારદાવા' સાથે
બોલાય છે તેનું કારણ શું ? ૨૬૧
૧૯૮ ખરાબ સ્ત્રીનું પોષણ કરતાં અસંયતીનું પોષણ થાય ? ૨૬૩
૧૯૯ રસ, ઋદ્ધિ અને શાતા ગૌરવનું સ્વરૂપ શું ? ૨૬૪

૭૦૦ શીયાળે, ઉનાળે, રાત્રે, દીવસે પુદ્દગલોના સ્પર્શો થવામાં નિયમ ખરો કે નહિં ? ૨૬૫

૭૦૧ થી ૭૦૫ સૂતકના અંગે ૨૬૫ થી ૨૬૭

૭૦૬ પક્ખી આદિ પ્રતિક્રમણમાં છેલ્લું સંતિકરં બોલવું જોઇએ ? ૨૬૭

૭૦૭ ખીલો ખેંચતાં રાડ પાડી તો વીર્યબલમાં ઘટાડો માનવો ? ૨૬૮

૭૦૮ આયંબિલમાં હિંગ વપરાય કે નહિં ? ૨૬૮

૭૦૯ આયંબિલ ખાતામાં ધર્માદા કાઢેલી રકમ અપાય ? ૨૬૯

૭૧૦ ગ્રહાદિના અંગે આયંબિલ કરે તો મિથ્યાત્વ લાગે ? ૨૬૯

૭૧૧ ઉપધાન વિગેરેના કાઉસ્સગ્ગ સંપૂર્ણ લોગસ્સના છે ? ૨૭૦

૭૧૨ અસ્વાધ્યાયના અંગે ? ૨૭૦

૭૧૩ ઊંટડીના દૂધને અંગે ? ૨૭૦

૭૧૪ 'भोगे रोगभयं' એ વાક્યનો અર્થ શો ? ૨૭૧

૭૧૫ જિનમંદિર આદિના અંગે કૂવો બનાવાય ? ૨૭૩

૭૧૬ વર્ધમાનતપની ઓલીનો સાધુ આદેશ આપે ? ૨૭૩

૭૧૭ રાત્રે આહાર પાણી અભક્ષ્ય કેમ ? ૨૭૪

૭૧૮ સૂકવેલા આદુની માફક બીજું કંદમૂળ સૂકવેલું ખપે ? ૨૭૮

૭૧૯ ભાદરવા સુદ ૮ ના દિવસે સામાચારી વંચાય ? ૨૭૮

૭૨૦ ચતુર્વિધ-સંઘમાં કલ્પસૂત્ર વાંચવાનો અધિકાર યોગવહન કરેલાનો છે ? ૨૭૮

૭૨૧ સાધ્વી શ્રાવકસમુદાય સન્મુખ વ્યાખ્યાન ન કરે ? ૨૭૯

૭૨૨ સાધ્વીઓ પુરૂષના માથે વાસક્ષેપ કરે તે ઉચિત નથી ? ૨૭૯

૭૨૩ ચંદરવા-પુંઠીઆમાં સ્થૂલભદ્રાદિકના દશ્યો ભરવા ઉચિત નથી ? ૨૭૯

૭૨૪ બારવ્રતમાંથી ગમે તે વ્રતો નાણ મંડાવી ઉચ્ચરાય ? ૨૮૦

૭૨૫ 'हव्वं पत्तेयबुद्धा'ની વ્યાખ્યા શી ? ૨૮૦

૭૨૬ પચ્ચખ્ખાણ પૂજા કરીને પારવાની જરૂર છે ? ૨૮૧

૭૨૭ આયંબિલ અંગે ? ૨૮૧

૭૨૮ સ્ટીમર જોવી તે અનર્થદંડ છે ? ૨૮૨

૭૨૯ તિથિને અંગે ? ૨૮૨

૭૩૦ સાધુ વાસથી જ્ઞાન પૂજા કરે તે ચર્ચાનું કારણ નથી ? ૨૮૩

૭૩૧ બીજ આદિના સ્તવનાદિ પ્રભુ આગલ બોલાય ? ૨૮૩

૭૩૨ શ્રી ભગવતી સૂત્ર (શ૦ ૨૦ ઉ૦ ૨જો) માં આવેલા ધર્માસ્તિકાય અંગે ? ૨૮૩

૭૩૩ પૌષધ અને સામાયિક અંગે ? ૨૮૫

૭૩૪ પ્રભાવનામાં બાલજીવો ખેંચાય તેવું વ્હેંચવું ઉચિત છે ? ૨૮૫

૭૩૫ તીર્થંકરના વર્તનની અનુકરણીયતાને અંગે ? ૨૮૫

૭૩૬ ઊંટડીનું દૂધ અભક્ષ્ય જેવું છે ? ૨૮૬

૭૩૭ ભગવાનનો બે વર્ષનો ગૃહસ્થપર્યાય સાધુપણામાં ન ગણાય ? ૨૮૬

૭૩૮ ભક્તામરના ૪૮ કાવ્ય અંગે ? ૨૮૬

૭૩૯ સ્ત્રીરત્ન છટ્ઠી નરકે જાય એમ નહિં ? ૨૮૮

૭૪૦ માથુરી વાચના અંગે ? ૨૮૯

૭૪૧ 'વીજ દીવાતણી ઉજજેહી લાગી' નો અર્થ શો ? ૨૮૯

૭૪૨ 'વાયુકાય ઉઘાડે મુખે બોલ્યા' નો અર્થ શો ? ૨૮૯

૭૪૩ પ્રસન્નચંદ્ર–રાજર્ષિના સાતમી નરકના દલિક અંગે ? ૨૯૦

૭૪૪ શ્રી સંઘના અંગે ? ૨૯૦

૭૪૫ તીર્થંકરના વર્તનની અનુકરણીયતાને અંગે ? ૨૯૧

૭૪૬ અધિકારીનું લક્ષણ ? ૨૯૩

૭૪૭ અવિધિ ટાળવી જોઇએ પણ ક્રિયા છોડાય નહિં ? ૨૯૩

૭૪૮ વર્તમાનકાળમાં અપવાદ–માર્ગ કે ઉત્સર્ગ–માર્ગ ? ૨૯૩

૭૪૯ શાસ્ત્ર અને આજ્ઞાને પોકારનારા 'માસાહસ' જેવા છે ? ૨૯૩

૭૫૦ અપુનર્બંધકપણાથી ધર્મની શરૂઆત ? ૨૯૬

૭૫૧ તીર્થંકરના વર્તનની અનુકરણીયતાને અંગે ? ૨૯૪

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક-સંગ્રહ ૨૫

સાગર-સમાધાન

પ્રશ્નકાર—ચતુર્વિધ શ્રીસંઘ.

[સમાધાનકાર—આગમોદ્ધારક-આચાર્યપ્રવરશ્રી
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ.

પ્રશ્ન ૧—વર્તમાનકાલે મોક્ષાર્થી જીવે સાધ્ય કેવું રાખવું ?

સમાધાન—સાગરની મુસાફરીમાં વહાણવટીઓ પોતાને જવા લાયક દેશ હજારો માઈલ દૂર હોય, ચોગરદમ સમુદ્રમાં તોફાન હોય, હથેલી પણ સુઝે નહિં તેવું ઘોર અંધારૂં હોય કે જેથી પૂર્વ-પશ્ચિમ દિશાનું ભાન પણ ન થાય, તેવે પ્રસંગે હોકાયંત્ર તેની (વહાણવટાની) બધી મુશ્કેલીઓ દૂર કરે છે. બલ્કે તેને જે દિશામાં જવું હોય તે જ દિશામાં હોકાયંત્રની મદદથી જવાય છે. તેવી રીતે સાચા સુખનો અર્થી કહો કે મોક્ષાર્થી કહો એવા ભાગ્યશાલી જીવોએ પણ (વર્તમાનકાલમાં મોક્ષ ન પામી શકાય તેવા પ્રસંગો અનુભવતા હોય, સંસારની અનેકવિધ આધિ-વ્યાધિ અને ઉપાધીઓના ઉંચા પહાડો નજર આગળ તરી રહ્યા હોય છતાં પણ) જન્મજરામરણાદિના દુઃખથી રહિત અવ્યાબાધ સુખની પ્રાપ્તિના અદ્વિતીય સ્થાનરૂપ મોક્ષના (મારો મોક્ષ થાય. મારો મોક્ષ થાય.) સાધ્યરૂપ સીધો કાંટો પણ હૃદયરૂપ યંત્રમાંથી ખસે જ નહિં

એવું લક્ષ્ય રાખવું જોઇએ, અને તે માટે દૃષ્ટાંત તરીકે શ્રી ગજસુકુમાલજી, શ્રી મેતારજજી, ને શ્રી સમરાદિત્યકેવલી આદિના જવલંત દૃષ્ટાંતો અતિ ઉપયોગી છે.

પ્રશ્ન ૨—અનંતકાયની સૂક્ષ્મ અને બાદરની સાબીતી શી? અને તેને સાધારણ વનસ્પતિકાય કેમ કહેવાય છે?

સમાધાન—વર્ષાઋતુમાં થયેલી લીલ-ફુગ વગેરે ભરશિયાળામાં હિમ પડવાથી બળીને ભસ્મીભૂત થાય, ઉનાળામાં સૂકાઇ જાય. પણ વરસાદ આવે તો પછી તેવીને તેવી જ સ્થિતિમાં ઉગે છે. બીજા વૃક્ષોના માફક બી, રસાળ જમીન, હવા પાણી મૂળીઆં વગેરેની તેને જરૂર નથી. ઘર, વાડી, અને બંગલામાં રહેલ હરકોઇ સ્થાનમાં જ્યાં જગા મલી ત્યાં તે (અનંતકાય) પોતાનું સ્થાન જમાવી દે છે. આ ઉપરથી નિશ્ચિત થાય છે કે આખું જગત સૂક્ષ્મ અનંતકાયથી વ્યાપ્ત છે. અને ચર્મચક્ષુથી દેખાઈ આવે છે તે બાદર છે. આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ અને મરણ સંબંધી દરેક કાર્ય સર્વજીવોનું એકી સાથે એક સરખું છે. તેથી તે **સાધારણ** કહેવાય છે. તથા અનાદિકાળના નિગોદીઆ, સંસારની રમત રમી આવેલ મિથ્યાત્વીઓ અને સમકીતથી પતિત થઈ આવેલા **સર્વજીવો આ સાધારણસ્થાનમાં સાધારણદશાને અનુભવે છે.**

પ્રશ્ન ૩—કેવલજ્ઞાની ભગવાન્ ભવિષ્યમાં નિશ્ચયથી પડવાનું જાણે છતાં દીક્ષા આપે?

સમાધાન—હા, આપે. શ્રી ઋષભદેવ ભગવાન્ સર્વજ્ઞ છે ને ભવિષ્યમાં જરૂર પડશે તેવું જાણે છતાં પોતાના પુત્ર ભરતચક્રવર્તીનો પુત્ર નામે મરીચી ભવિષ્યમાં પરિણામ, વેષ, અને તદ્રૂપ ચારિત્રપ્રવૃત્તિથી જરૂર પડશે, ઉત્સૂત્રની પ્રરૂપણા કરી અનેકોને ઉન્માર્ગગામી બનાવશે તેમ જાણવા છતાં પ્રભુએ સર્વવિરતપણું સમર્પણ કર્યું; આવા અનેક દાખલાઓ શાસ્ત્રોમાં મોજુદ છે.

પ્રશ્ન ૪—દીક્ષા આપવાની સાથે જ વ્રત-નિયમથી પતિત થશે તેવું જાણે તો સર્વજ્ઞ પ્રભુ દીક્ષા આપે ?

સમાધાન—હા, આપે. હાલિક (ખેડૂત) ની સંસારિક સ્થિતિ તદ્દન કફોડી છે. આખા કુટુંબ કબીલાનો આધાર તેના ઉપર છે, દેવ-ગુરૂ-ધર્મનું લેશ પણ ભાન નથી, નવકારમંત્ર પણ આવડતો નથી, છતાં વર્તમાન શાસનના પટ્ટધર ભગવાન્ શ્રી ગૌતમસ્વામીજીને પ્રતિબોધ કરવા ખેતરમાં મોકલે છે, પ્રભુ આજ્ઞાધીન ગણધર ભગવાન્ ખેતરમાં જાય છે, અને પ્રતિબોધ કરે છે. દીક્ષા આપીને હાલિક સાથે સમવસરણમાં આવે છે. સમવસરણ મધ્યે બિરાજમાન પ્રભુ મહાવીરદેવનાં દર્શન થયાં. પ્રભુને દેખતાની સાથેજ હાલિક શ્રી ગૌતમસ્વામીને પૂછે છે કે-ભગવન્! શું આ તમારા ગુરૂ? જો આ તમારા ગુરૂ હોય તો લ્યો આ તમારો ઓઘો ને મુહપત્તિ, ને આ હું ચાલ્યો. એમ કહી ચારિત્રની ઉપધિ મૂકીને ચાલતો થયો. સમવસરણની સભા હસે છે અને કોઈ બોલે પણ છે કે-ગૌતમપ્રભુ ચેલો તો ઠીક લાવ્યા પણ તે વખતે ભગવાને શું કહ્યું ? ભગવાન્ આખી સભાને ઉદ્દેશીને કહે છે કે-**"મેલીને ગયો નથી પણ મેળવીને ગયો છે"** ભાગ્યવાનો, હાંસી કરી ગુમાવો નહિં. અહિંઆ સર્વવિરતપણું મૂકયું પણ સમ્યક્ત્વની ફરસના થઈ ગઈ.

વર્તમાન પરિસ્થિતિમાં દીક્ષાનો વિરોધ કરતાં પહેલાં પ્રાપ્તિના પ્રસંગો શાસ્ત્રોક્તરીતિએ ગુરૂગમદ્વારાએ સમજવાની જરૂર છે કે જેથી નિંદનીય પ્રસંગોથી આત્મા પોતાનો બચાવ કરે.

પ્રશ્ન ૫—આખા શાસનનો નાશ કરશે એવું જાણે છતાં વિરતિ-પ્રદાન થઇ શકે ?

સમાધાન—હા, થઈ શકે. એકવાર સમવસરણમાં ચક્રવર્તી ભરત મહારાજા પૂછે છે કે-ઉન્નતિના શિખર પર ચઢેલા આ તીર્થનો નાશ કોનાથી થશે ? પરમારાધ્ય પરમતારક પ્રભુ ઋષભદેવજી મહારાજ જણાવે

છે કે–હે ભરત ! તું જે "અભિગમ–શ્રાવકો'નું પોષણ કરે છે તેની પરંપરાથી ઉત્પન્ન થયેલા વંશજોથી આ અવસર્પિણીકાલના નવમા શ્રી સુવિધિનાથસ્વામીજીના તીર્થની આસપાસ તીર્થનો વિચ્છેદ થશે. ઉપરના વચનો સાંભળીને મકાને ગયા. ક્રોધથી કલુષિત ચિત્તવાળા ચક્રવર્તી ભરતમહારાજે સેનાપતિ પર હુકમ કાઢ્યો. જેમાં જણાવ્યું કે–જે શ્રાવકો આપણે ત્યાં પોષાય છે તે બધાનો એકદમ નાશ કરો ? સેનાપતિ ધર્મી હોવાથી તેને તે હુકમ બજાવવો પાલવતો નથી. તેમજ ચક્રવર્તીના હુકમનો અનાદર કરવાની હીંમત પણ ચાલતી નથી. અંતમાં અભિગમ શ્રાવકોનો નાશ ઇચ્છવા લાયક નથી. એમ વિચારી શું કરવું ? તેને સારૂ ભગવાન્ પાસે ગયો અને તે અવસરે ભરત પણ ત્યાં હાથ જોડી ઉભા છે. વિમાસણવાળી વાતને સાંભળી ભગવાને ભરતને ઉદ્દેશીને કહ્યું કે–**'ભાવિમાં થવાવાળું કાર્ય હોય તે થાય છે. માટે તે ભાવિ કારણને અવલંબવું જોઇએ નહિ'** અને સેનાપતિના પ્રશ્નના જવાબમાં 'મા હણ મા હણ' (હણો નહિ. હણો નહિ.) કહ્યું, ને તેઓ માહણ (બ્રાહ્મણ) તરીકે પ્રસિદ્ધિ પામ્યાં.

ભવિષ્યમાં શાસનનો નાશ કરનાર છે એવું જાણવા છતાં સાધુ–સંસ્થાની વૃદ્ધિ માટે જ રાખેલા અભિગમ–શ્રાવકોનું ભરણપોષણ સંબંધી કામ ચાલુ રાખ્યું. એટલે કે અભિગમ–શ્રાવકોનો નાશ ન થવા દીધો. તો પછી ભવિષ્યમાં દીક્ષિત સાધુ શાસનનું ભુંડુ કરશે એ ઉદ્દેશમાત્રથી સર્વવિરતિની સુંદર દાન દેવાની ચાલુ પ્રથા બંધ ન થાય. કારણ અનંતજ્ઞાનીઓએ તેમાં પણ લાભ માન્યો છે.

પ્રશ્ન ૬—પરણેતરબાઇનું પોષણ એ દીક્ષિતનું વાસ્તવિક દેવું ખરૂં કે નહિ ?

સમાધાન—ખરી રીતે તે દેવું કહી શકાય નહિ કારણ કે કાયદાની રૂએ **'સીવીલડેથ'** અને ધર્મશાસ્ત્રના ફરમાન મુજબ સંસારના

સર્વ માણસો દીક્ષા લેનાર જ્યારે દીક્ષિત **થાય** ત્યારે વ્યવહારદૃષ્ટિએ તે માણસો **મરણ તરીકેની સ્થિતિમાં મૂકાય છે.** અને તેમના મરણનું સ્નાન સુતક સરખું પણ તેમના સાંસારિક કુટુંબીઓને લાગતું નથી. વળી વહેવારમાં મનુષ્ય જ્યારે સર્વ ગુમાવી દે છે. ત્યારે સ્ત્રી પણ પતિના દુ:ખે દુ:ખી બની સૂકો રોટલો ખાઇ પોતાનું જીવન નભાવે છે. દેવાળું કાઢનારની સ્થાવર જંગમ મીલ્કતની કોર્ટમાં નોંધ થાય છે તેમાં પણ એક બાજુ દેવાની નોંધ અને બીજી બાજુ લેણાની નોંધ લેવાય છે. પણ આજદિન સુધીમાં ઇનિસોલવન્સી નોંધાવનારાઓ (દેવાળું કાઢનાર) પૈકી કોઇએ પણ **દેવાની નોંધમાં પોતાની સ્ત્રીનું ભરણપોષણ નોંધાવ્યું હોય એવું સાંભળ્યું નથી.**

'આર્યાવર્ત્તની આર્યપત્નીને ધણીના સુખે સુખી અને ધણીના દુ:ખે દુ:ખી' એ અચલ નિયમ જાળવવાનો હોય છે. જેથી સારી યા નબળી સ્થિતિને આનંદના જ દિવસો માની એકાન્તે સુખમાં જ મગ્ન રહેનારી આર્યાને માટે ધણી જે પંથે વળે તે પંથે વળવું તે સ્ત્રી માત્રની ફરજ છે. ધણી હૃદયપૂર્વક જે કાંઇ આપે તે લેવામાં વાંધો નહિં, પણ **હક તરીકે માંગવું તે અસ્થાને છે. વાસ્તવિક રીતે લેશભર પણ માગી શકે જ નહિ.**

પ્રશ્ન ૭—એક માણસની પાછળ આખું કુટુંબ પોષાતું હોય, અનેક સંસ્થાઓ ચાલતી હોય, જનસમાજનું સારૂં હિત સચવાતું હોય તેવા એકને દીક્ષા ન આપી હોય તો વાંધો શું ? અને કદાચ આપે તો કુટુંબ રીબાય, સંસ્થાઓ સડે, અને જનસમાજ આંસુ સારે તેનું પાપ કોને ?

સમાધાન—ખરી રીતે જૈનશાસનની વિશાલતા તમોએ પીછાણી નથી. કારણ કે-એક કુટુંબને છોડી જગતભરના એકેન્દ્રિયથી પંચેન્દ્રિય

સુધીના સર્વ કુટુંબનું રક્ષણ જે દીક્ષામાં થતું હોય, અરે ! બે પાંચ અને પચીસ સંસ્થાઓનું સ્વામીત્વ છોડીને જગતભરની સર્વસંસ્થાઓમાં નવજીવન પ્રોત્સાહન (જે દીક્ષાદ્વારા) અપાવાતું હોય. તેવી **જગતભરના સર્વસ્થાનોની શાંતિના અદ્વિતીયસાધનરૂપ દીક્ષાને રોકી શકાય જ કેમ ?** કસાઇના છોકરાને કોઈ સાધુ જીવ નહિ મારવાના પચ્ચખ્ખાણુ આપે છે અને પચ્ચખ્ખાણુના અમલથી આખું કુટુંબ રીબાય છે, છતાં કરાવનાર સાધુને પાપ લાગે નહિ.

આસન્નોપકારી પ્રભુ મહાવીરદેવના શાસનમાં ચાર બુદ્ધિના નિધાન અભયકુમારને દીક્ષા દેવાયા પછી તુરતજ સમ્યક્ત્વશિરોમણી શ્રેણિક જંજીરોમાં જકડાવાયા, કોરડાના મારથી કાયર બન્યા, હીરો ચૂસી મર્યા, રથ, મુશલ અને મહાશીલાકંટક યુદ્ધ વિશ્વમાં વિસ્તર્યાં, નારાયણ ચેડા-મહારાજા, ગણુરાજાઓ, અને અનેકજીવો વગરમોતે માર્યા ગયા, વિગેરે વિગતવાર બીનાઓ શાસ્ત્રદ્વારા સમજો અને તેથી જ પરમારાધ્ય, પરમકૃપાળુ, પરમાત્મા, સર્વજ્ઞપ્રભુ, મહાવીરદેવ **આ બધું થશે એવું જાણુનાર છતાં પણુ એક અભયકુમારના આત્મકલ્યાણુના આદર્શમાર્ગને રોકી શક્યા નહિં;** આજદિન સુધીમાં થયેલ દીક્ષાઓના તોફાન વિરોધીઓદ્વારા અસત્યપણે અંધારા કુવામાં હડસેલવાથી ભલે જગબત્રીશીએ ચઢ્યા હોય, પણુ તે બધીએ દીક્ષાઓ આ દીક્ષા જેટલી નીંદનીય નથી. શાસ્ત્રમાં પૂર્વે પ્રસિદ્ધ થયેલા, અને વર્તમાનમાં સામેલ આ પ્રસંગનું પરિપૂર્ણ રીતે વાંચન, મનન અને પરિશીલન થશે તો દીક્ષા માટે થતો વિરોધ હૃદયમાંથી જરૂર વિસર્જન કરશે. અને ભવિષ્યમાં આ આત્મા તેવી પાપમય કાર્યવાહીથી જરૂર કાયર બનશે; તેવા કુલેશદાયક કાર્યથી બચી અત્યુત્તમ કલ્યાણુમાર્ગને આરાધી, સ્વપરહિત સહેજે સાધી શકાશે.

પ્રશ્ન૮—યુગપ્રધાનોમાં મોટો ભાગ બાળદીક્ષિતોનો છે, તે કયા **શાસ્ત્રમાં છે ?**

સમાધાન—જુઓ-યુગપ્રધાનગંડિકા ગ્રંથ૦

પ્રશ્ન ૯—બાળ, ગ્લાન, તપસ્વી, આદિ બીજાઓને લોચ કરવોજ જોઈએ અને લોચ ન કરે તો બીજી કઈ રીતે થઈ શકે ?

સમાધાન—અવ્યંજન જાત-કાખ, દાઢી, મુછના વાળ જેને ઉગ્યા નથી તેવાને ઐચ્છિક (ઇચ્છા અનુસાર), તાવ વિગેરેની પીડા થતી હોય તેવાને ઐચ્છિક, માથામાં ગુમડાં વિગેરે થયા હોય તેવાને ઐચ્છિક, તે સિવાય બધાને લોચ ફરજીયાત કરાવવાજ જોઇએ.

પ્રશ્ન ૧૦—સર્વસાવદ્યના ત્યાગમાત્રથી સર્વજ્ઞદેવના શાસનમાં સાધુપણું સંભવે કે નહિ ?

સમાધાન—સર્વસાવદ્ય-પાપમય પ્રવૃત્તિ ત્યાગ કરે તેટલા માત્રથી સાધુપણું આવતું નથી. પણ તે ત્યાગની સાથે આત્મા મુખ્યગુણ પૈકી દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીને વિશુદ્ધ કરતી દશવિધ ચક્રવાલ-સામાચારીને સેવે તે જ સાધુ હોઈ શકે. જો એમ ન માનીએ તો તિર્યંચોને પણ સાધુ માનવા પડશે; કારણકે સત્સમાગમના પ્રસંગે અવધિજ્ઞાનાદિ પ્રાપ્ત થયું છે એવા તિર્યંચો પણ સર્વસાવદ્યના ત્યાગનો અભિગ્રહ સિદ્ધભગવંતોની સાક્ષીએ કરે છે; પણ ત્યાં દશવિધ ચક્રવાલ-સામાચારી વિશિષ્ટ પ્રતિલેખનાદિ ક્રિયાનો અભાવ હોવાથી તે તિર્યંચોમાં સાધુપણું શાસ્ત્રકારોએ માન્યું નથી. વિશેષમાં આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આજના જમાનામાં પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ ક્રિયાઓને બાજુપર મૂકી અધ્યાત્મનો ડોળ કરવાવાળા વેષધારી સાધુઓને વીતરાગપ્રણિત શાસનમાં સાધુ તરીકે જીવવાનો હક્ક નથી. બલ્કે સર્વસાવદ્યના ત્યાગ સાથે રત્નત્રયાદિની વિશુદ્ધિ માટે યોજાયેલ દશવિધ ચક્રવાલ સામાચારીનું યથાશક્તિ સેવન કરનારા સાધુપદને શોભાવી શકે છે.

પ્રશ્ન ૧૧—સામાયિક શા માટે કરવું ? કરવાથી ફાયદો શું ? અને તે ફાયદો સહેલાઇથી સમજાવી શકાય તે માટે વર્તમાનકાળનું દૃષ્ટાંત આપવા કૃપા કરશો ?

સમાધાન—નાશવંત શરીરના અમુક ચોક્કસ ભાગમાં રસોળી અગર ગાંઠ થયેલ છે; તે (ગાંઠ અગર રસોળી) રાખવાની સહજ પણ મુરાદ નથી, તે વધે તેવી અંશભર પણ ઇચ્છા નથી, તેને વધારવા હરકોઈ સાધન વાપરવા લેશભર ઉદ્યમ નથી, પુષ્ટ થાય તો શરીર સુંદર દેખાય તેવા હેતુથી તે તરફ પ્રીતિ પણ નથી, છતાં શરીરની સપ્તધાતુની વૃદ્ધિ શારીરિક તંદુરસ્તી માટે લેવાતા ખોરાકમાંથી તે (રસોળી અગર ગાંઠ) પોતાનો ભાગ લઈ દિન પ્રતિદિન વૃદ્ધિ પામે છે. વખતસર ચેતવામાં નહિં આવે તો ભયંકર રૂપ લેશે, શરીર નાશ પામશે એવો ભય હોવા છતાં તુરત તેનું ઓપરેશન કરેલી જગ્યાએ તુરત રૂઝ આવે તે માટે બરોબર જોઇતો બંદોબસ્ત ન થાય તો રોગ પોતાની જમાવટને લેશપણ મચક આપતો નથી; તેજ પ્રમાણે આત્માને અવિરતિ એટલે ત્યાગ તરફ અણગમો નામની અદૃશ્ય ગાંઠ છે અને તે અદૃશ્ય ગાંઠ દિન પ્રતિદિન સમયે સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી. અવિરતિના પાપથી પોષાયા કરે છે.

પાપ કરવાની ઇચ્છા ન હોય, પાપ વધે તે માટે પ્રવૃત્તિ પણ ન હોય, પાપ કરવા સંબંધી લેશભર વિચાર ન હોય, પાપ પ્રત્યે પ્રીતિ પણ ન હોય, તો પણ પાપ દરેકે દરેક આત્માને અવિરતિનું લાગ્યા કરે છે. અને તેથી બચવા માટે સામાયિકદ્વારાએ ઓપરેશન કરવાનું કીધું; અને જે સામાયિકમાં પ્રથમ પ્રતિજ્ઞાથી પાપ બંધ થયું, અને રૂઝને માટે બીજી પ્રતિજ્ઞા દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાથી આત્માને અપૂર્વ આરોગ્યતાનો લાભ થશે.

પ્રશ્ન ૧૨—ભગવાન્ શ્રી બાહુબલજીએ ગુરૂ વગર રણસંગ્રામમાં સ્વયમેવ દીક્ષા લીધી છે. તે દીક્ષા શાસ્ત્ર અપેક્ષાએ વંદનીય કેમ ?

સમાધાન—સ્વયંબુદ્ધો અને પ્રત્યેકબુદ્ધોને ગુરૂમહારાજાઓની અપેક્ષા રહેતી નથી. અને ભગવાન્ શ્રીબાહુબલજી શાસ્ત્ર અપેક્ષાએ સ્વયંબુદ્ધ છે, માટે તે વંદનીય છે. તે સિવાયના બીજાઓ પણ ગુરૂ વગર દીક્ષા લઈ શકે પણ શ્રીપુંડરીકરાજર્ષિ વગેરેની માફક ફરીથી ગુરૂ પાસે દીક્ષા લે તો જ તેઓ ગુરૂપદ અને પરમેષ્ઠિપદને શોભાવી શકે છે.

સ્વયંબુદ્ધ માટે માટે શ્રી નંદીસૂત્ર ચૂર્ણી ટીકા જુઓ.

શ્રી પુંડરીક-રાજર્ષિ માટે શ્રી જ્ઞાતાસૂત્ર જુઓ.

પ્રશ્ન ૧૩—સમજુ દેશવિરત-શ્રાવક પોતાના લેણદાર પર તાકીદ કરી અંતે કેદખાનામાં મોકલવા સુધીના વિચાર અને વર્તન કરે તો તેનું દેશવિરતપણું ટકે ?

સમાધાન—દેશવિરતપણું એટલે અમુક હદની વિરતિ. અને તેવી વિરતિ ટકાવવામાં શાસ્ત્રકારોને વાંધો આવતો નથી. કારણ અવ્યુત્પન્ન એવો શ્રાવક ઈરાદાપૂર્વક ધર્મ, સમાજ, આદિ લાભ સમજીને ચોથા અણુવ્રતને પીડાકારી એવી લગ્નાદિ ક્રિયાઓ કરાવે, છતાં દેશવિરતપણું ટકે છે તો પછી સમજુ શ્રાવકની સમજણપૂર્વકની દેશવિરતિને બાધ આવી શકતો નથી. પરંતુ હૃદયને આઘાત પહોંચાડનારી ક્લેશમય કાળજાને કોરનારી ક્લિષ્ટ પ્રવૃત્તિઓ હૃદયમાં વિચારે તેથી દેશવિરતપણું જતું નથી. બલ્કે વર્તન અને વિચાર એ જુદાં છે અને દેશવિરતિ તે વર્તનનો એક વિભાગ છે.

પ્રશ્ન ૧૪—અઠ્ઠાઈ મહોત્સવાદિના બ્હાને સાધુ દીક્ષા રોકે તો પાપ છે એવું કયા સૂત્રમાં છે ?

સમાધાન—દ્રવ્યસ્તવના ભોગે ભાવસ્તવ (ચારિત્ર) ન રોકી શકાય; દ્રવ્યસ્તવ કરનારને ઉત્કૃષ્ટ ફળ બારમો દેવલોક અને ભાવસ્તવવાળો

અંતર્મુહૂર્ત્તમાં કેવળજ્ઞાન પામે. અને દીક્ષા એ ભાવસ્તવ છે.
જુઓ શ્રી મહાનિશીથસૂત્ર અને સ્તવપંચાશક.

પ્રશ્ન ૧૫—અઢાર દોષ તપાસીને યોગ્યતા જોઈને દીક્ષા આપવી ખરી કે નહિ?

સમાધાન—બધા-અઢાર દોષો પહેલા તપાસવા માટે નથી. દોષો દેખાય તો રોકે. દોષ જોવા માટે રોકે નહિ. તેમજ યોગ્યતા તપાસવા માટે તે દોષો નથી. હમારે પંડકાદિને દીક્ષિત કરાય નહિ એમ કહેવાથી જણાય તો દીક્ષા દે નહિ. **જુઓ શ્રી પ્રવચનસારોદ્ધાર, નિશીથ-ભાષ્ય, પંચકલ્પભાષ્ય, ધર્મબિંદુ અને ગચ્છાચારટીકા.**

પ્રશ્ન ૧૬—સર્વવિરતિના સાધ્યવગર દેશવિરતપણું સંભવે કે નહિ?

સમાધાન—ન સંભવે. કારણ બારવ્રતના અતિચાર તમોએ સાંભળ્યા હશે. પહેલુંવ્રત અને તેના અતિચાર વધ-બંધ આદિ છે. વધ કરે, બંધનાદિ કરે, તેથી તેના પ્રથમવ્રત ને બાધ શું હતો કે શાસ્ત્રકારોએ અતિચાર કીધા? કારણ પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. પણ પ્રતિજ્ઞા વખતે સર્વપ્રકારના-છકાય જીવના-વધથી વિરમણ થવાય. એવા શુભ ઈરાદા-પૂર્વક આ પ્રતિજ્ઞા કરેલ છે. તેથી અતિચાર કહેલ છે. કહેવું પડશે કે વધ-બંધાદિ કરતાં પણ મરણ ન હોય તો દેશવિરતિ પૈકી પ્રથમ વ્રતને વાંધો આવતો નથી, પણ તે અણુવ્રત મહાવ્રતના સાધ્યપૂર્વકનું છે. તેથી પ્રથમવ્રતને વાંધો આવતો નથી, પણ મહાવ્રતના સાધ્યવાળો યત્કિંચિત્ કિલામણા થઈ તે પણ ઠીક ન થયું. એમ અનુભવતાં શ્રાવકને તે અતિચાર કીધા. તેવી રીતે બારે વ્રતમાં સમજી લેવું. અર્થાત્ સર્વવિરતિનું સાધ્ય દરેક વ્રતમાં છે. **જુઓ યોગશાસ્ત્ર મૂળ ટીકા. ત્રિષષ્ઠીશલાકાપુરૂષચરિત્ર.**

પ્રશ્ન ૧૭—અઢાર પાપસ્થાનક પૈકી પાંચના જ પચ્ચખ્ખાણ કરવાનું વિધાન કેમ? શું બીજા પાપસ્થાનકોથી પાપ લાગે નહિ?

સમાધાન—અઢાર પાપસ્થાનકથી પાપ તો લાગે. પરંતુ પાપનો પ્રબળ પ્રભાવ પાડનાર અને આત્મભાવનો નાશ કરવામાં આ પાંચને જ હથિયારો તરીકે શ્રી તીર્થંકરદેવોએ દેખ્યા અને પ્રરૂપ્યા કે જે (હિંસા, મૃષા, અદત્ત, મૈથુન અને પરિગ્રહ) પાંચે પાપવર્ધક હથિઆરને ગણધર ભગવાને ગ્રંથોમાં પચ્ચખ્ખાણ કરવા ગુંફિત કર્યા છે; દૃષ્ટાંત તરીકે જીવલેણ હથિયાર જેવાં કે તલવાર, બંદુક, રાઈફલ, વગેરે હથિયાર બંધ કર્યા હોય તો તેથી નિઃશસ્ત્ર એવી કોઈ પણ દેશની પ્રજાપર જય મેળવી શકે છે. વસ્તુતઃ છરી, ચપ્પુ, કાતર, છરા, ધારીયા, કુહાડી, લાઠી વગેરે હથિઆરો સરકારે જે જીવલેણ હથિઆરો માટે પરવાનો રાખ્યો છે, તેવો પરવાનો બીજા નજીવા હથિઆર (છરી ચપ્પુ વગેરે) માટે રાખ્યો નથી. કારણ કે બધા પ્રાયઃ જીવલેણ નથી, બલ્કે અમુક અંશે શરીરના અમુક વિભાગને હાનીકારક તો છે. આત્માના અસંખ્યાત પ્રદેશ અને એક એક પ્રદેશપર અનંતી અનંતી કર્મવર્ગણાઓને આવતી રોકવામાં પ્રતિજ્ઞા એ અનુપમ સાધન છે. **તેવી રીતે તીર્થંકરદેવે એ ફરમાવેલ પાંચ પાપની પ્રતિજ્ઞારૂપ પરવાનો લેનારને ઘણા પાપ રોકાઈ જાય છે અને બાકી રહેલ પાપસ્થાનક દ્વારાએ જે આવે છે તે પાપો ઘણાં જૂજ છે.**

પ્રશ્ન ૧૮—સમ્યક્ત્વધારીને દ્રવ્ય અનુષ્ઠાન હોય કે ભાવ અનુષ્ઠાન ?

સમાધાન—દ્રવ્ય અને ભાવ બન્ને હોય, કારણ કે ભગવાન્ આર્યસુહસ્તિ મહારાજ ગ્રામાનુગ્રામ વિહાર કરી આવેલ છે અને વસતી યાચીને ઉતાર્યા છે. અવંતીસુકુમાલે નલિની–ગુલ્મવિમાનના અધિકારવાળું અધ્યયન સાંભળેલ છે, સાંભળતાં જાતિસ્મરણ થયેલ છે, વચનને અનુસારે ત્યાં આવે છે, ત્યાં વિમાનમાં કઈ રીતે જઈ શકાય ? એવું પૂછે છે, જવાબમાં સાધુપણા વગર પ્રાપ્તિ નહીં થાય, એમ કહે છે. ઈરાદાપૂર્વક

વિમાન મેળવવાની ઇચ્છાવાળાને ચારિત્ર રાત્રે આપ્યું. જો કે આ પ્રસંગમાં દ્રવ્ય અનુષ્ઠાન છે પણ સમ્યક્ત્વને બાધ નથી. **જુઓ આવશ્યકસૂત્ર.**

પ્રશ્ન ૧૯—શાસનપતિ શ્રી વીરભગવાને ગર્ભમાં રહ્યા છતાં ધારી રાખી તે અભિગ્રહ કર્યો અને તે ઉપરથી તેઓશ્રીના વચનને અનુસરનારી ચતુર્વિધ સંઘરૂપ સંસ્થાએ ધર્મના ભોગે માતા–પિતાને રાજી રાખવા એ બીના માતા–પિતા જીવે ત્યાં સુધી દીક્ષા ન લેવાનો વિચાર શાસ્ત્રોક્તરીતિએ સંમત છે કે નહિ? તેમજ અભિગ્રહથી સંમતિ વગર દીક્ષા થઈ શકે નહિ એ વાત ખરી કે નહિ?

સમાધાન—મૂલ શાસ્ત્રકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજજી, ટીકાકાર ભગવાન્ શ્રી જિનેશ્વરસૂરીશ્વરજી મહારાજજી અને તે જ વૃત્તિના સંશોધક નવાંગીવૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી કૃત "પિત્રુદ્વેગ–નિરાસાષ્ટક"માં જણાવે છે કે–**મોહના ઉદયથી અભિગ્રહ કરેલ છે. કર્મોદયના દરેકે દરેક કાર્યને અનુસરવા શાસ્ત્રકારો કોઈપણ સ્થળે ભલામણ કરતા નથી.**

મોહનીયકર્મના ઉદયથી થયેલ અભિગ્રહને વળગવું છે. પણ કેવળજ્ઞાન વખતે અગીયાર ગણધરો અને તેમના પરિવાર (૪૪૦૦) ચુમ્માલીશસોને રજા વગર ખુદ ભગવાને દીક્ષા આપી છે. તેમાં પાછળથી ઇંદ્રભૂતિ માટે ભાઈઓ તોફાન કરતા અને દુષ્ટ શબ્દોને બોલતા અગ્નિભૂતિ આદિ એક પછી એક આવ્યા છે, તે જાહેર છે છતાં સંમતિ વગર દીક્ષા અપાઈ ગઈ તે જોવું નથી.

અભિગ્રહ ઉપરથી તો માતાપિતાની સંમતિ વગર પણ દીક્ષા આપી શકાય. કારણ **જો–સંમતિ વગર તે કાળે દીક્ષા થતી જ ન હોય તો અભિગ્રહ કરવાનું કારણ જ નથી, અને જો અભિગ્રહ કર્યો એમ કહો તો તમારે કબૂલ કરવું પડશે કે સંમતિ વગર**

દીક્ષા આપવાનો ધોરી માર્ગ ચાલુ હતો. પરંતુ પ્રભુ મહાવીરદેવે મોહનીયકર્મવશાત્ અભિગ્રહ કર્યો અને વિચાર્યું કે માતાપિતા જીવતાં હું દીક્ષા નહીં લઉં, બીજાઓ લે તો ભલે લે. એ ઉપરથી વિચાર કરો તો સ્હેજે સમજી શકશો. દૃષ્ટાંત તરીકે એક લક્ષાધિપતિ વૃદ્ધવય થયાં પુત્રનું સુખ પામ્યો નથી, તેથી પોતાના કુટુંબમાંથી એક જણના પુત્રને દત્તક તરીકે કબૂલ રાખે છે. દત્તક-પુત્ર બાપનું નામ ફેરવી લક્ષાધિપતિના નામથી જગત્માં પ્રસિદ્ધિ પામે છે. કર્મસંજોગે તે વૃદ્ધને પોતાને પુત્રપ્રાપ્તિ થાય છે. હવે તો દત્તક-પુત્ર ભાગ પડાવશે તે ઇરાદાથી એક ચીઠ્ઠી દત્તકપુત્ર પાસેથી લખાવે છે, ચીઠ્ઠી નીચે મુજબની હતી-'આજથી હું તમારા દત્તક તરીકેની કબૂલાત રાખી શકતો નથી.' આ ચીઠ્ઠી લખતાં દત્તક-પુત્ર હૃદયમાં વિચારે છે કે લાખની પ્રાપ્તિ માટે સગો બાપ મૂક્યો. સગા બાપની નજીવી મીલ્કત પણ મળત તે પણ છોડી, અને છેવટે આ શેઠે દગો દીધો. ઉમ્મરલાયક થયો એટલે દત્તક-પુત્રે કોર્ટમાં કેસ માંડ્યો. કેસ શરૂ થયો. કોર્ટે પુરાવો માંગ્યો બીજો પુરાવો કંઇપણ આપી શક્યો નહિ. પણ જે ચીઠ્ઠી શેઠને મળી હતી, તે ચીઠ્ઠી શેઠે રજુ કરી. ચીઠ્ઠી શેઠે લખાવી હતી તે સાબીત થઈ અને દત્તક તરીકની ના કબૂલાતની ચીઠ્ઠી પરથી જજમેંટ પણ અપાઈ ગયું કે દત્તક લીધો હતો એ વાત સાચી ઠરે છે, અને મીલ્કત પણ આપવાનું કોર્ટ ફરમાવે છે. કારણ દત્તક લીધા વગર દત્તક નહિ કબૂલવાનું કદાપિ બની શકે નહિ. ફક્ત લોભની દાનતથી શેઠે આ કામ કરેલું છે, તેવી રીતે મોહના ઉદયથી થયેલ અભિગ્રહ (માતા-પિતા જીવતાં છતાં દીક્ષા ન લઉં) તે પણ સંમતિ વગર બીજાઓની દીક્ષા થઈ શકે તેવું સાબીત કરી આપે છે. બીજું દૃષ્ટાંત-જમાઇ ભાણેજ વગેરેને દસ્તાવેજથી જ મીલ્કત આપવી પડે છે. કારણ કે તેઓને સીધો હક નથી, પણ પુત્રને મીલ્કત આપવામાં દસ્તાવેજ કરવાની જરૂર નથી કારણ કે પુત્રનો તે પ્રસંગમાં સીધો હક છે. તેવી રીતે માતા-પિતાની રજા વગરની દીક્ષા તે સીધા હક સમાનની હતી. અને અભિગ્રહથી દીક્ષાનો નિષેધરૂપ દસ્તાવેજ કૃત્રિમ હક સમાન છે.

પ્રશ્ન ૨૦—યથાપ્રવૃત્તિકરણ એટલે શું ?

સમાધાન—શાસ્ત્રોક્તરીતિએ સંવર કે નિર્જરાના પરિણામ વગરની બધી દ્રવ્યપ્રવૃત્તિઓ તે યથાપ્રવૃત્તિકરણમાં અંતર્ગત થાય છે; દૃષ્ટાંત તરીકે—અભવ્ય જીવ પણ દેવલોક, પૂજા, રાજાપણું વગેરેની લાલચેજ નવકારમંત્રનો પહેલો અક્ષર નકાર બોલે અને પૂરો કરે તેમાં પણ યથાપ્રવૃત્તિકરણ થઈ ગયું છે. અને તેથી જ જગતના જીવોની મોક્ષ, સુખ, આત્મકલ્યાણાદિની અપેક્ષા વગરની બધી સર્વજ્ઞભાષિત ક્રિયાઓ યથાપ્રવૃત્તિકરણમાં દાખલ થાય છે.

પ્રશ્ન ૨૧—પાપાનુબંધીપાપ કરતાં સાધુઓના લેબાસમાં કહેવાતા સાધુઓ વધુ પાપી હોઈ શકે ખરા ?

સમાધાન—જીંદગીભર કસાઇનો ધંધો કરનારા પોતાના પેટ ખાતર જીવવધ કરે છે, પરંતુ ખોટું માને છે. અને જીવોને બચાવનારાઓને સારા માને છે, જીવવધ કરે છે, પણ જે સાધુઓ દયાના બ્હાને દયાના પ્રસંગોને રોકે, બલ્કે, દયાના બ્હાને ઘોર હિંસા અને કતલ ચલાવે. દૃષ્ટાંત તરીકે—મરતા ઉંદરને મરવા દેવામાં ધર્મ, બળી મરતી ગાયોને બળવા દેવામાં ધર્મ માને અને તે ઉંદર કે ગાયને બચાવવામાં પાપ માને તેવાઓને પાપાનુબંધીપાપવાળા કરતાં અધમ માનવામાં આવે તો નવાઈ શી ?

પ્રશ્ન ૨૨—પૂજા કરનાર શ્રાવકને દ્રવ્યહિંસા લાગે ? અને તે જ પ્રમાણે નદી ઉતરતાં સાધુને દ્રવ્યહિંસા લાગે ? જો ન લાગતી હોય તો ઇરિયાવહી કેમ કરે છે ?

સમાધાન—પૂજા કરતી વખતે નિર્જરાનું પ્રબળ સાધન પાસે હોવાથી પૂજા પ્રસંગે દ્રવ્યહિંસા થાય, પણ પાપનો બંધ પડે નહિ : કદાચ બંધ પડે તો તે ટકે નહિ : પણ સાધુ મહારાજને પ્રતિજ્ઞા હોવાથી નદી આદિ ઉતરતાં હિંસા નથી. કારણ કે તેઓ ભાવસ્તવના અધિકારી

છે. તેથી નદી આદિ ઉતરતાં જીવો મરી જાય છતાં મારવાની લેશ ઇચ્છા નથી. ઉતરીને ઇરિયાવહી કરે છે, તે પ્રમાદપૂર્વક ચલનક્રિયા થઇ હોય તેની આલોચના છે.

પ્રશ્ન ૨૩—પ્રાથમિક દીક્ષા પછી પ્રાય: ૭ માસની મુદ્દતમાં વડી-દીક્ષા આપવાનું હોય છે. કોઇ નોકરને નોકરીમાં રાખીએ તે વખતે અમુક મુદ્દત સુધી. (તેને અંગ્રેજીમાં પ્રોબેશનર કહેવામાં આવે છે.) એટલે બરાબર લાયક જણાય તો નોકરીમાં કાયમ થાય, નહિ તો તેને નોકરીમાંથી છૂટો કરે. એ પ્રમાણે પ્રાથમિક દીક્ષા આપ્યા પછી જો લાયક ન જણાય તો તેને વડીદીક્ષા ન આપતાં દીક્ષામાંથી પાછો વિદાય કરાય. એમ થાય તેના કરતાં પહેલાંથી જ દીક્ષા આપ્યા સિવાય અમુક મુદ્દત સુધી પરીક્ષા માટે રાખવામાં આવે અને પછી લાયક જણાય તો દીક્ષા આપવી એ મુજબ થાય તો શું હરકત ?

સમાધાન—નોકરીમાં દાખલ થાય ત્યારથી જ નોકર કહેવાય. પછી ગ્રેડ પણ વધારાય અને પ્રમોશન પણ દેવાય તેમ પ્રાથમિક દીક્ષામાં દાખલ થયો ત્યારથી સાધુ કહેવાય અને વડીદીક્ષાથી આહાર પાણી લાવવા, વસતિ જોવી, લેવી અને પુંજવી, પ્રમાર્જવી વગેરે પ્રતિદિનકાર્યમાં તેની બુદ્ધિની અન્ય સાધુઓ પ્રમાણિકતા ગણે અન્યથા ન ગણે. **"જુઓ શ્રીદશવૈકાલિકસૂત્ર અધ્યયન ૮ ની ટીકા 'અકલ્પસ્થાન'ની વ્યાખ્યા."** *સામાન્યપણે ન્હાની દીક્ષામાં કરેલ સાવદ્યત્યાગના અંશને* હવે સમજેલ હોવાથી વિભાગે ત્યાગ કરાવાય છે. જેમ લેવડદેવડના થયેલ સોદા અને દસ્તાવેજ અનુક્રમે કબાલા અને રજીસ્ટર કરાવાય તેમ. જુઓ. **શ્રી પન્નાવણાજી પદ પહેલું પાનું ૩૩-૩૪, શ્રી આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૩૨, શ્રી હરિભદ્રસૂ૦ ટીકા પા. ૧૦૭ ભા. ૧લો અને શ્રી નવતત્ત્વપ્રકરણ દેવગુપ્તાચાર્ય પા. ૪૨.** જે નપુંસકપણા આદિની પરીક્ષા ન્હાની દીક્ષા પહેલાં માત્ર પ્રશ્નથી જ થઇ શકે, ને તેમાં તે દોષો ન માલમ પડી શકયા હોય, અને પછી તેના

તેવા કૃત્યથી તે દોષો માલમ પડે તો જ બીજા બધા સમુદાય અને તેના રક્ષણ માટે તેને વિદાય કરી શકાય. એ સિવાય વિદાય ન કરી શકાય. શ્રી આવશ્યકનિર્યુક્તિ પારિષ્ઠાપનિકાનો અધિકાર જોવો. વધુ ખુલાસા માટે નીચેના ગ્રંથો શ્રી પંચવસ્તુ, શ્રીનિશીથ અને શ્રી પંચકલ્પભાષ્યમાં વિદાય કરવાનો અધિકાર છે.

પ્રશ્ન ૨૪—આ બે પ્રકારની દીક્ષા રાખવાનું કારણ શું ?

સમાધાન—છ જીવની શ્રદ્ધા, પ્રવૃત્તિ અને પરિહારાદિના પરિણામની તપાસ માટે, પણ માલમ પડે તો વિદાય કરવાનો નથી. ગ્રેડ કે પ્રમોશન વધુ મેળવી ન શકે તો નોકરીમાંથી વિદાય ન થાય. બે પ્રકારની દીક્ષામાં સાધુપણાની જવાબદારી સરખી છે.

પ્રશ્ન ૨૫—શું વડીદીક્ષા પહેલાં અને દીક્ષા થયા પછી છમાસી વગેરે પરીક્ષાઓ છે ને તે કયા શાસ્ત્રોમાં છે ?

સમાધાન—હા. સાથે જણાવેલ ગાથાઓ ધ્યાનમાં લો.

પંચવસ્તુ	ગા.	૧૨૨	પરીક્ષા સંબંધી.
,,	ગા.	૨૨૯	પ્રવ્રજ્યા લીધા પછી પ્રતિદિનક્રિયા અધ્યયન.
,,	ગા.	૫૮૧	કાલપ્રાપ્ત અને સૂત્રાધ્યયન
,,	ગા.	૬૧૦	પ્રતિદિનક્રિયા પછી વ્રત સ્થાપનાને યોગ્ય.
,,	ગા.	૬૧૪	સૂત્રાધ્યયન, અર્થાધિગમ, પરિહાર પછી ઉપસ્થાપનાને યોગ્ય.

પ્રશ્ન ૨૬—પહેલી દીક્ષા લીધી હોય અને તેથી જે જે બાબતોની જવાબદારીઓ આવતી હોય તેના કરતાં વડીદીક્ષા લીધા પછી કાંઈ વિશેષ જવાબદારીઓ આવે છે ? જો આવતી હોય તો પહેલાં કયી ઓછી અને બીજામાં કયી વિશેષ ?

સમાધાન—વડીદીક્ષાથી પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, વસતિ, પ્રતિક્રમણ, પડિલેહણ, સૂત્ર, અર્થ, ભોજન, અને કાલગ્રહણ આદિમાં લાયક થાય; પણ સાધુપણાની જવાબદારીમાં વિશેષ નથી. વસ્તુત: જજ વગેરે અધિકારીની નિમણુંક પ્રેકટીસ કર્યા પછીથી જ થાય છે. એવું સંભળાય છે તેવી રીતે એ પણ અમુક કાર્યની પ્રેકટીસ કર્યા પછી અમુક અધિકાર સોંપવા માટે છે.

પ્રશ્ન ૨૭—એ બન્ને દીક્ષાઓમાં યોગોદ્વહન કરી આચારાંગનું પહેલું અધ્યયન, અથવા દશવૈકાલિકનાં ચાર અધ્યયન ભણવા ઉપરાંત બીજો વાસ્તવિક તફાવત શું છે ?

સમાધાન—બન્ને દીક્ષાની વચમાં તફાવત કંઇ નથી. ફક્ત છ કાયની શ્રદ્ધા, તેની જયણા અને આહારાદિ દોષોનું જ્ઞાન થાય.

પ્રશ્ન ૨૮—એ બન્ને દીક્ષા વચ્ચે કેટલો કાળ થવો જોઇએ.

સમાધાન—જઘન્યથી સાત દિવસ, તે પણ પતિતો માટે. મધ્યમ ચાર માસ, ઉત્કૃષ્ટ છ માસ, પણ કંઇક તેવાઓ માટે બાર વર્ષ પણ છે.

પ્રશ્ન ૨૯—જો દીક્ષા લેવાને અને પાળવાને યોગ્ય છે કે કેમ ? તેની તપાસ કરવા માટે નાની અને મોટી દીક્ષા આપવામાં આવે છે તો તે પહેલાં પણ અમુક મુદત રાખવામાં આવે તો વાંધો શું ?

સમાધાન—મોટો વાંધો છે. કારણ સાધુ ગૃહસ્થને ‘આવ’ ‘બેસ’ ન કહે, આદેશ પણ ન દે, ગ્લાનપણામાં વૈયાવચ્ચ ન કરે, ભૂખ કે તૃષામાં પાણી પણ ન આપી શકે, શીતમાં વસ્ત્ર પણ ન આપે, ભોજનની પણ ચિંતા ન કરે, યાવત્ સાથે પણ ન રાખી શકે, તો બીજી યતનાની તો વાત શી ? પરીક્ષા સ્થંડિલાદિકના ગમનથી કરવાની છે તે શી રીતે કરી શકાય ? બલ્કે ગૃહસ્થપણામાં પરીક્ષાદિ માટે સાધુથી રાખી શકાય જ નહીં.

પ્રશ્ન ૩૦—આચારાંગના પ્રથમ અધ્યયનને બદલે દશવૈકાલિકના ચાર અધ્યયન ભણાવવામાં હાલની પ્રવૃત્તિ છે તેનું કારણ શું ?

સમાધાન—દશવૈકાલિકની રચના નહોતી થઈ ત્યારે છકાયના જ્ઞાન માટે આચારાંગસૂત્રનું પહેલું અધ્યયન ભણાવવામાં આવતું હતું. પણ હાલ દશવૈકાલિકના ચોથા અધ્યયનથી તે સહેલાઈથી જાણી, માની અને આચરી શકાય છે. માટે તેવી રીતે દશવૈકાલિકના ચાર અધ્યયન કહ્યાં તે જ્ઞાન કરવા માટે છે.

પ્રશ્ન ૩૧—આચારાંગને બદલે દશવૈકાલિકના અધ્યયન ભણાવવા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે ?

સમાધાન—આવા ફેરફાર માટે **શ્રી વ્યવહારભાષ્ય વગેરેમાં હકીકત છે.**

પ્રશ્ન ૩૨—ભણવા પહેલાં યોગોદ્વહનાદિ કરવાં જોઇએ તેવું કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન—પંચવસ્તુ, ગા. ૫૭૦. ઉપધાનાદિક પૂર્વક જ સૂત્રાદિ દેવાનો અધિકાર છે; તેમજ યોગોદ્વહન કર્યા સિવાય ભણાવાય નહિ. તે માટે જુઓ **શ્રી નિશીથસૂત્ર અને શ્રી દશવૈકાલિકસૂત્ર.**

પ્રશ્ન ૩૩—પહેલી દીક્ષામાં સામાન્ય સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન અપાય છે, અને વડીદીક્ષા વખતે દરેક મહાવ્રતનું ઉચ્ચારણ કરી પ્રત્યાખ્યાન અપાય છે. એમ હોવાનું વિશેષ કારણ શું ?

સમાધાન—છ કાય વગેરેની શ્રદ્ધા થવાથી વિભાગે મહાવ્રતની પ્રતિજ્ઞા કરવાની લાયકાત થાય છે. બાવીસ જિનના વારે પહેલેથી બુદ્ધિશાળી હોવાથી સમજતા હતા તેથી તે અવસરે વડીદીક્ષાની જરૂર જ નહોતી.

પ્રશ્ન ૩૪—સોળ વર્ષ પછી સંમતિની જરૂર નથી એવું કયા શાસ્ત્રોમાં છે.

સમાધાન— શ્રી પંચકલ્પ ભાષ્ય.

'भयणा तेणगसद्दे होती इणमो समासेणं ॥
जो सो अप्पडिपुण्णो बिरट्ठवरिसूण अहव अणिविट्ठो ।
तं दिक्खिन्तऽविहिण्णं तेणो परतो अतेणो तु ॥

તેણગ–સ્તેન. સ્તેન (નિષ્ફેટિકા) શબ્દમાં સંક્ષેપથી આ ભજના હોય છે. જે અપ્રતિપૂર્ણ એટલે બે અષ્ટક (સોલ વર્ષ) અથવા અવિવાહિત (કન્યા) હોય તેને દીક્ષા આપે તો ચોર કહેવાય, પણ **સોળથી આગળ ચોર નહિ.** એ જ પ્રમાણે નિશીથભાષ્યમાં પણ સોળ વર્ષ પછી 'શિષ્યચોર' નહિ એમ જણાવે છે. વધુમાં **શ્રી બૃહત્કલ્પટીકા**—

नीएहि उ अविदिन्नं अपत्तवयं पुमं न दिक्खिन्ति ।
अपरिग्गहो उ कप्पति विजढो जो सेसदोसेहिं ॥ ५०९८ ॥

निजकैः–मातापितृप्रभृतिभिः स्वजनैरवितीर्णम्–अदत्तं अप्राप्तवयसम्–अव्यक्तं पुरुषं न दीक्षयन्ति–न प्रव्राजयन्ति । यदि पुनः अपरिगृहीतो–व्यक्तः स शेषदोषैः-बालजड्डव्याधितादि-भिर्विप्रमुक्तः प्रव्राजयितुं कल्पते ॥

પોતાના માતાપિતા વગેરે સ્વજનોએ નહિ દીધેલ અને નથી થઈ વ્યક્ત ઉંમર જેની એવા પુરૂષને દીક્ષા આપે નહિ, એટલે સોળ વર્ષ પછી જ વ્યક્ત તે બાલ–જડાદિ વ્યાધિવાળા દોષોથી રહિત હોય તો તેને દીક્ષા વગરરજાએ પણ આપી શકાય છે.

પ્રશ્ન ૩૫—અનંતી વખત ધર્મકાર્યો, ઓઘા–મુહપત્તી કર્યાં, અને ચરવળા–કટાસણા કર્યાં છતાં હજુ ફાવટ આવી નહિ તો એક વખત આ ભવમાં કરવાથી શું વળશે ?

સમાધાન—ભોગની લાલસાપૂર્વક અનંતી વખત કરેલ ઓઘા–મુહપત્તી અને ચરવળા–કટાસણાનું ફળ દેવલોક, સુંદરગતિ અને સાંસારિક

સુખ સાહ્યબીના સાધનો પણ મળ્યાં, વસ્તુતઃ મોક્ષ ન થયો, પણ દ્રવ્ય-ધર્મથી જગતમાં ઉંચી સ્થિતિ પામ્યા, બૈરાં ને છોકરાં, ઘર ને વાડી, બગીચા ને બંગલા, પુત્ર અને પરિવાર વગેરે વગેરે કેટલી વખત કર્યા? અનંતી વખત. કરેલાનું ફળ શું આવ્યું? નરક, નિગોદ, અને તિર્યંચ, આવું અનિષ્ટ ફળ આવવા છતાં, દૃષ્ટિ આગળ દુઃખ દેખ્યા છતાં પણ, હજુ વિરામ કેમ પામતા નથી? છતાં આ ભવમાં મોક્ષની ઇચ્છા-પૂર્વક ધર્મ કરવામાં આવે તો સાત આઠ ભવમાં કામ થઈ જાય, મોક્ષ લક્ષ્યમાં ન રહે તો પણ દ્રવ્યઆરાધન સંસારિક સુખ આપ્યા વગર તો રહેતો જ નથી.

પ્રશ્ન ૩૬—અર્થદંડ અને અનર્થદંડમાં ફેર શો?

સમાધાન—સ્વાર્થ (ઘર-કુટુંબ-કબીલા-પુત્રાદિ) પુરતું કરવામાં આવે તો તે અર્થદંડ-અને તે સિવાય કરે તો અનર્થદંડ.

પ્રશ્ન ૩૭—સમજે છતાં ત્યાગ ન કરે, જે કૃષ્ણ પોતાની સાત છોકરીઓને પ્રભુ નેમનાથ પાસે મોકલે, દીક્ષાની દાંડી પીટાવે છતાં ગજ ભરનારા અને તસુ નહીં ફાડનારા લેશભર ત્યાગના પચ્ચક્ખાણ નહિ છતાં તે સમજુઓને પ્રભુશાસનમાં સ્થાન છે?

સમાધાન—હા. માન્યતાની મહેલાતોમાં મોજ માનનારાઓના જૈનશાસનમાં ડગલે અને પગલે યશોગાન કરેલા છે. ત્રણ ખંડપર સત્તા ચલાવવી સ્હેલ છે પણ નાત પર સત્તા ચલાવવી મુશ્કેલ છે. કદાચ નાત પર સત્તા ચલાવાય પણ કુટુંબ પર સત્તા ચલાવવી મુશ્કેલ છે, કદાચ કુટુંબપર સત્તા ચલાવી શકે પણ ઇંદ્રિયો પર સત્તા ચલાવવી મુશ્કેલ છે. કદાચ ઇંદ્રિયો પર કાબુ રાખે પણ મનનો કાબુ રાખવો મુશ્કેલ છે, કદાચ મનનો જય કરી શકાય પણ આત્મા પર અંકુશ રાખવો તે તો અત્યંત મુશ્કેલ છે. જે વાસુદેવના મકાનમાં રાત દિવસ 'પુત્ર થાય તો ભગવાનને દઉં, પુત્રી થાય તો ભગવાનને દઉં' એવા વિચારનું વાતાવરણ રહે છતાં

સ્વયં ત્યાગ કરવા માટે જે વાસુદેવ પોતે લાચાર સ્થિતિમાં છે તે વાસુદેવ પુત્રી અને પિતા તરીકેના સંબંધને તિલાંજલી આપે છે, તે ફક્ત દુનીઆને દેખાડવા માત્રની નહીં પણ હૃદયપૂર્વકની દીક્ષા અપાવવી તે જેવી તેવી વાત નથી. અસત્ કલ્પનાએ વિચારો કે–'હું મારાં છોકરાં છોકરીને દીક્ષામાર્ગે મૂકી આવ્યો છું' અને 'તે માર્ગે વાળવા હરકોઈ માટે હું મારૂં સર્વસ્વ સમર્પણ કરી રહ્યો છું' એવું વિચારો તો પણ તમને ગંભીરગહનતા માલમ પડશે. આવું **સમજીપણું આવ્યા વગર પ્રભુશાસનની યથાર્થ પ્રભાવના થતી નથી.** બીજું ખસના દરદીને ચળ આવે તે વખતે ખણી નાંખે, લોહી નીકળે, અસહ્ય વેદના વેદે, ખણવું ખોટું ધારે, બીજા ખણતા હોય તેને રોકે, પોતાને વારે તો આંખો કાઢે, આ બધું કરે છતાં ખસની ખણજ અને તેથી ઉદ્ભવતા બધા પ્રસંગોને હૃદયથી બુરાં માને તેવી રીતે સમકીતધારી (સાચો સમજુ) શ્રાવકપણ સંસાર-સંસારીઓ, સંસારનો ઉદ્યમ, સંસારની કાર્યવાહી આદિ બધું કરે પણ ખસની ખણજની જેમ તદ્દન બુરી માને, અર્થાત્, ચારિત્રમોહનીયના ઉદયથી સાચી સમજણવાળો છતાં પણ વિરતિ ન કરી શકે તે બનવા જોગ છે.

પ્રશ્ન ૩૮—ક્ષાયિકસમ્યક્ત્વધારીઓ પોતાના પુત્રની દીક્ષામાં આડે આવે ?

સમાધાન—હા, આવે તો આવી શકે એટલે આવે ખરા અને ન પણ આવે; આડે આવવું તે ચારિત્રમોહનીયનો ઉદય છે. અને માન્યતા રાખવી તે દર્શનમોહનીયના ક્ષયનું કામ છે.

પ્રશ્ન ૩૯—સુંદરીને સ્ત્રીરત્ન બનાવવાની ઇચ્છાથી દીક્ષા લેતાં ભરત મહારાજે રોકી તે વખતે સમ્યક્ત્વ ખરૂં કે નહિ ?

સમાધાન—સમ્યક્ત્વ નથી એમ કહી શકાય નહિં.

પ્રશ્ન ૪૦—પોતાના છોકરાએ અને પોતાની સ્ત્રીએ દીક્ષા લીધી છે, સ્ત્રી અને પુત્રના મોહને લીધે બન્નેને બળાત્કારથી તે ભાઇ ઘેર લાવે તો સમ્યક્ત્વ રહે કે જાય?

સમાધાન—સમ્યક્ત્વ જાય જ એમ કહેવાય નહીં.

પ્રશ્ન ૪૧—સૂયગડાંગમાં મહામોહનીય બાંધવાના ત્રીશ સ્થાનો છે તેનું શું?

સમાધાન—દેવત્વ, ગુરૂત્વ, ધર્મત્વ પ્રત્યે દ્વેષાદિ થાય તો મહામોહનીય બાંધે; સીધો કે આડકતરી રીતે સગાં-વહાલાં વગેરેનો સંબંધ નથી. તેવાઓ તો મહામોહનીયજ બાંધે બલ્કે ગણધરહત્યાના પાપના ભાગીદાર થાય.

પ્રશ્ન ૪૨—પારસી, મુસલમાન, ઢેડ દીક્ષા લઈ શકે? અને લઇ શકે તો તમો તેમની સાથે સંબંધ કેમ રાખતા નથી?

સમાધાન—હા, દીક્ષા લઈ શકે; પણ દીક્ષા લેવી અને આપવી તે વાત જુદી છે, તેમ જ થયેલ દીક્ષિતને ભેળવવો કે નહિ તે વ્યવહાર ઉચિતતાનો વિષય છે જેની સાથે જાતિ આદિથી વ્યવહાર રાખવાનો નિષેધ છે તેવા દીક્ષિત થયા હોય તો તેણે પોતાની સાધન સામગ્રીની જોગવાઈ કરી લેવી.

પ્રશ્ન ૪૩—છેદસૂત્ર એટલે શું?

સમાધાન—અપરિણત અને અતિપરિણતને છેદ એટલે બાદ કરીને પરિણતની પરીક્ષા કરીને એકાન્તમાં દેવા યોગ્ય સૂત્ર તેનું નામ **છેદસૂત્ર**. પરીક્ષાના વિધાનમાં ગુરૂમહારાજ કહે કે-કેરીઓ ખાવી છે, એવું સમુદાયમાં જણાવે ત્યારે તે વાતમાં અપરિણતો ભળી જાય, અતિપરિણતો ગુરૂના સાધુપણામાં શંકિત થાય; પણ પરિણત હોય તે પૂછે કે-ભગવન્! પ્રાસુક કે અપ્રાસુક? વિગેરે સમજણના પ્રશ્ન કરે. સમાધાન કરી વાંચનાને યોગ્ય જાણી, સૂત્ર પ્રદાન કરે.

અથથી ઇતિ સુધીના આપત્તિ પ્રસંગે રક્ષણના ઉપાયો અને ઉત્સર્ગ અપવાદોથી ભરપૂર તે છેદસૂત્ર છે.

પ્રશ્ન ૪૪—નિગોદમાં રહેલો જીવ, સિદ્ધદશામાં રહેલ જીવ, એકેન્દ્રિયજીવ, અગર પંચેન્દ્રિયજીવ. અગર તીર્થંકરદેવનો જીવ, જીવત્વ-પણામાં તો સરખા છે. છતાં પાપબંધમાં ઓછાવત્તાપણું કેમ માન્યું ?

સમાધાન—દરેકે દરેક જીવમાં જીવત્વ સરખું છે. પરંતુ પુણ્ય-શક્તિ અને સ્વ-પર-આત્મશક્તિવિકાસના સાધન અને સામગ્રીના નાશને લીધે પાપ વિગેરેના બંધમાં ઓછા-વત્તાપણું માનેલ છે.

પ્રશ્ન ૪૫—ધર્મ કરવાનું કહો છો પણ મારે ભોગાવળીનો ઉદય છે એવો અમારો બચાવ રીતસરનો છે ? ભાવી બનવાનું હશે તે બનશે, એવું જે બોલાય છે તે વ્યાજબી છે ?

સમાધાને—ના, ભાવિભાવના ભક્તો તે ગોશાળા પંથીઓ છે. એટલે ભાવિના ભરૂંસે બેસી રહેવાનું નથી, પણ ઉદ્યમ કરવાનો છે,

પ્રશ્ન ૪૬—બળાત્કારથી દીક્ષા લેનારને રોકે, અને તોડાવે એ બન્નેમાં પાપ શું ?

સમાધાન—પ્રાયઃ ગણધરહત્યાનું પાપ, પણ રોકનાર અને તોડાવનાર તે દીક્ષિતનો સંબંધી હોવો જોઇએ નહીં.

પ્રશ્ન ૪૭—ધર્મબિન્દુમાં દીક્ષા માટે ૭ માસની પરીક્ષા રાખી છે તેનું શું ?

સમાધાન—ધર્મબિન્દુ અને પંચવસ્તુ એ બન્નેના રચયિતા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી છે. ધર્મબિન્દુમાં ૭ માસની પરીક્ષાનું જે લખેલું છે તે માત્ર સૂચનારૂપ છે. અર્થાત્-૭ માસ પછીજ દીક્ષા દેવાય એવું ધ્વનિત પણ થતું નથી. શ્રી પંચવસ્તુમાં દીક્ષા લીધા

પછીજ સામાયિક આપવાનું છે, અને તે આવશ્યકનું પહેલું અધ્યયન છે. આવશ્યક પુરૂં થયા પછી દશવૈકાલિકના યોગ છે. ચોથું અધ્યયન સૂત્રાર્થ થયા પછી ગોચરી-સ્થંડિલાદિ વિગેરેથી પરીક્ષા કરવાની છે. અને તે પરીક્ષા દીક્ષા લીધા પછીજ હોય છે. પંચવસ્તુમાં સાધુની ચર્યા વિગેરે દેખાડવાદ્વારાએ પરીક્ષા કરવાનું જણાવ્યું છે. અને તેથી દીક્ષા પછીથી જ પરીક્ષા નક્કી થાય છે. છ **માસની પરીક્ષા દીક્ષાની યોગ્યતા માટેની નથી પણ આચારમાં તૈયાર થયો અને શ્રદ્ધાવાળો થયો તેની પરીક્ષા છે.**

દીક્ષાની પરીક્ષા માટે તો તું કોણ છે? ક્યાંનો રહેવાવાળો છે? શા માટે દીક્ષા લે છે? એ વિગેરે સવાલોના જવાબ ઉપરથી પરીક્ષા કરવાની છે. આટલા જ માટે ધર્મબિન્દુ જુઓ.

પ્રશ્ન ૪૮—શિક્ષાવ્રતો પર્વ સિવાય ન હોય ?

સમાધાન—પર્વને દિવસે હોય અને પર્વ સિવાયના દિવસે પણ હોઈ શકે. જુઓ **આવશ્યકસૂત્ર** તથા **સૂત્રકૃતાંગ.**

પ્રશ્ન ૪૯—વિરોધી સાથે કેવું વર્તન રાખવું ? પ્રસંગોપાત તે વિરોધીનો બચાવ અગર તેને મદદ કરવી તે શું કર્તવ્ય છે ?

સમાધાન—ખૂન કરનાર માણસને સરકાર ખૂની તરીકે જાહેર કરી તુરત ફાંસીને લાકડે લટકાવતો નથી, પણ ખૂનીના જ પોતે ફરીયાદી થાય છે. અને તે ખૂનના બચાવ માટે પોતાનો સરકારી વકીલ રોકે છે. કાયદાને અનુસરીને તે ખૂની બચે તેવા અનેકાનેક પ્રકારો સરકાર જાહેર કરે છેવટે એક પણ બચાવ સરકારી વકીલ કરી ન શકે ત્યારે સરકાર જાહેર કરે કે જાહેર પ્રજાના જીવન અને તેના સર્વ પ્રકારના જાનમાલના રક્ષણ માટે આ વ્યક્તિને ફાંસીની સજા ફરમાવવામાં આવે છે; તેવી રીતે વિરોધીના વિરોધ દેખીને પણ **જૈનશાસન અને તેના અગ્રગણ્ય નેતાઓ આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ શાસ્ત્રોક્ત રીતિએ**

બચાવ થાય ત્યાં સુધી બચાવ કરે છેવટે તે વિરોધી વ્યક્તિ પર દ્વેષને લઈને વિરોધી, શાસનદ્રોહી, અધર્મી, ન કહે, પણ જૈનધર્મનું પરિપાલન કરનાર ચતુર્વિધ સંઘને આ જાહેર થયેલ વ્યક્તિની કાર્યવાહી ઘણી ભયંકર છે, જેથી જૈનશાસન અને જૈનશાસનની માન્યતાવાળા ચતુર્વિધ સંઘના શ્રેય માટે જ આ વ્યક્તિને શાસનદ્રોહી તરીકે ગણી શાસન (સંઘ) બાહ્ય કરવામાં આવે છે.

પ્રબલ પુરાવા વગર જજમેન્ટ આપવાનો હક્ક જૈન-શાસનમાં નથી.

પ્રશ્ન ૫૦—નસીબ અને ઉદ્યમમાં ફેર શો ?

સમાધાન—ભૂતકાળનો પ્રયત્ન-ઉદ્યમ તે વર્તમાનનું નસીબ-ભાગ્ય અર્થાત્ આ ભવનો ઉદ્યમ તે જ આવતા ભવનું ભાગ્ય. આ વસ્તુ સમજવાથી ઉદ્યમ આપોઆપ સમજી શકશો.

પ્રભુ શાસનમાં ઉદ્યમની પ્રાયઃ પ્રાધાન્યતા છે.

પ્રશ્ન ૫૧—દ્રવ્ય-પચ્ચખ્ખાણ એટલે શું ? સમ્યક્દૃષ્ટિ કૃષ્ણાદિને દ્રવ્ય-પચ્ચખ્ખાણ હોય એમ શાસ્ત્રમાં કીધું છે. તો દ્રવ્ય-પચ્ચખ્ખાણ કેવી રીતે ગણવાં ?

સમાધાન—અવિરત વાસુદેવ વગેરે દેવતા-આરાધનાદિકને માટે જે અઠ્ઠમ વગેરે કરે, તથા દેવલોકમાં રહેલા નલિનીગુલ્મવિમાનની ઇચ્છાથી અવંતિસુકુમાલાદિકની પેઠે સાધુપણું પાળે તે બધું દ્રવ્ય-પચ્ચખ્ખાણ કહી શકાય. સમ્યક્ત્વવાળાને આત્મકલ્યાણ માટે ત્યાગના પરિણામ હોય પણ સંયોગને આધીન બાહ્ય સામગ્રી માટે થયેલ વીર્ય-ઉલ્લાસથી કરાતાં પચ્ચખ્ખાણ તે દ્રવ્ય-પચ્ચખ્ખાણ કહી શકાય.

પ્રશ્ન ૫૨—શ્રી અષ્ટકજીના મૂળની ટીકાની અંદર આવેલી '**जइवि न आहाकम्म**'' ગાથાની છાયા છે તેનો અર્થ શો ?

સમાધાન—તેનો અર્થ એ છે કે જિનેશ્વર મહારાજનું ચૈત્ય તે સાધુઓને માટે કરેલું નથી. તેમ જ જિનેશ્વર કલ્પાતીત હોવાથી તેમની ભક્તિ માટે કરેલું આધાકર્મી નથી; છતાં પણ તેમાં રહેવાનું વર્જવાવાળા સાધુઓએ તીર્થંકરની ભક્તિ કરી કહેવાય, નહીંતર ઉત્કૃષ્ટી આશાતના થાય.

પ્રશ્ન ૫૩—સમ્યકૃત્વ-પરિણામ અને ચારિત્ર-પરિણામમાં ફેર શો? અને તે દૃષ્ટાન્તથી સમજાવશો?

સમાધાન—આત્મકલ્યાણ કરનારા અને આત્મકલ્યાણના સાધનો તરફ યથાસ્થિત પ્રતીતિપૂર્વકની જે પ્રીતિ તે **સમ્યકૃત્વ-પરિણામ**, જેમ દેવતાના ગાયનને એક વખત પણ સાંભળનાર સંગીતનો રસિક મનુષ્ય તે તરફ આકર્ષાયેલ રહે તેમ, આત્મકલ્યાણના સાધનોને આદરવા કે આદરાવવામાં તત્પર થતાં જે પરિણામ તે **ચારિત્ર-પરિણામ**, જેમ દેવતાઈ ગાયન શ્રવણ કરવામાં સામેલ થઈ જાય.

પ્રશ્ન ૫૪—શ્રાવક નાહ્યા વગર ગભારામાં વાસક્ષેપ પૂજા માટે જઈ શકે?

સમાધાન—હા, વસ્ત્રો અને શરીર પવિત્ર હોય તો ગભારામાં પણ દૂરથી વાસક્ષેપ પૂજા કરવામાં અડચણ જણાતી નથી.

પ્રશ્ન ૫૫—ચોમાસાની દીક્ષા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે?

સમાધાન—ચોમાસાની દીક્ષાનો પાઠ **નિશીથચૂર્ણી** ઉદ્દેશો **૧૧ ગા૦ ૫૬૫.**

પ્રશ્ન ૫૬—અનંતકાયવાળા અનંતા સાથે ઉત્પન્ન થાય અને ચ્યવે કે અસંખ્યાતા? બધા સાથે ભવ પૂરો કરે કે-જુદા કરે?

સમાધાન—બાદર કે સૂક્ષ્મ નિગોદમાંથી દરેક સમયે તેનો અસંખ્યાતમો ભાગ અનંતજીવમય ઉપજે છે અને ચ્યવે છે. જુઓ **લોકપ્રકાશ.**

પ્રશ્ન ૫૭—શ્રાવકની આલોયણાનું સામાન્ય વિધાન કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન—શ્રાવકની આલોયણાનો અધિકાર શ્રાદ્ધ-જીતકલ્પમાં છે.

પ્રશ્ન ૫૮—માત્રુ બે ઘડીએ સચિત્ત થાય તો બે ઘડી પહેલાં ફરી તેમાં માત્રુ કરે તો બીજી બે ઘડી ચાલે ?

સમાધાન—ના, પહેલું માત્રુ થયું ત્યારથી જ સચિત્તપણું થવામાં બે ઘડી ગણવી.

પ્રશ્ન **૫૯**—અધર્મીઓને વ્યાખ્યાનમાં આવતા રોકી શકાય ?

સમાધાન—ના, કારણ કે પ્રભુમાર્ગની દેશના સાંભળવાનો સર્વ કોઇને હક્ક છે. તે સ્થાનમાં વૈર-વિરોધ ભૂલવો જોઇએ. પ્રભુના સમવસરણમાં ૩૬૩ (ત્રણસેં ત્રેસઠ) પાખંડીઓ આવતા હતા. જો કે તેઓ પામવાનું વસ્તુતઃ પામતા નહોતા પણ પ્રભુવચન રૂપ વર્ષાદ ભવ્યાત્માઓના કોમલ હૃદયરૂપ ભવ્યભૂમિમાં ઉતારી શકતા હતા.

પ્રશ્ન ૬૦—જે વખતે અહીં દિવસ હોય તે વખતે પશ્ચિમાદિ દેશોમાં રાત હોય છે. જે વખતે અત્રે ચોમાસું હોય તે વખતે તે દેશોમાં ગરમી હોય છે. હવે રાત્રિભોજનનો ત્યાગ, કેરીનો ત્યાગ, વિગેરે પ્રસંગોપાત વિરતિ આદિ ધર્મપ્રસંગો કેવી રીતે સાચવવાં ?

સમાધાન—ધર્મના કેન્દ્રસ્થાનથી દિવસ રાત્રિના વિભાગને અનુસરીને રાત્રિભોજનનો નિયમ બાંધેલ છે, ઋતુઓ પણ તેને અનુસરીને છે. પશ્ચિમાદિ દેશોમાં રાત્રિ-દિવસનો વિભાગ અને ઋતુઓ તત્ર પ્રમાણે સમજવી અને તે સ્થાનોમાં વિરતિના પ્રસંગો તે કાળને લક્ષીભૂત ગણી ધર્મકાર્ય કરવા તત્પર થવું.

પ્રશ્ન ૬૧—ત્યાગમાર્ગથી કંટાળેલા, ભોગમાર્ગ પ્રત્યે ઇચ્છાપૂર્વક જનારા, જવાનો ઉદ્યમ કરવાવાળા હોય છતાં ધોંચ્યપરોણો કરી તેઓને બળાત્કારથી રોકી શકાય ?

સમાધાન—હા, રોકી શકાય, હિતકાર્યમાં બળાત્કાર એ બળાત્કાર નથી પણ અનુપમેય બચાવ છે. હાથમાં તરવાર લઈ ખૂન કરવા ધસી પડતા માણસને બાથમાં ભીડી બળાત્કારથી તરવાર ખુંચવી લે અને ખૂન કરતાં બચાવે તો લાભ કે નુકસાન ? જરૂર કહેવું પડશે કે લાભ. કલ્પસૂત્ર વર્ષોવર્ષ સાંભળો છો. મેઘકુમારે દીક્ષા લીધી, સંથારો બારણા પાસે આવ્યો, રાતના સાધુ મહાત્માઓની પગરજથી તે સંથારો ધૂળથી ભરાઈ ગયો, રાતમાં ઘેર જવાનો વિચાર થયો. સવારમાં ભગવાન્ પાસે જવા માટે આવી ઊભો રહ્યો. જવાની ઉતાવળ, ઓઘો મૂકવાની તૈયારી છતાં વિશ્વવંદ્ય વિભુ વીરસ્વામી કહે છે કે–હે મહાભાગ ! રાતે તેં અશુભ ચિંતવ્યું, પાછલો ભવ વિસ્તારપૂર્વક સંભળાવ્યો, ધર્મમાં સ્થિર કર્યો, અને તેથી જ શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં ભગવાન્ મહાવીરદેવની **'धम्मसारहीणं'** પદની યથાર્થતા સ્પષ્ટપણે કથન કરી છે.

પ્રશ્ન ૬૨—સમ્યક્ત્વી અને મિથ્યાત્વી બન્ને જણમાં ગુણો છે અને દોષો પણ છે. પણ પ્રસંગોપાત પ્રશંસા કોની કરવી ? અને કરવા જતાં દોષની પણ અનુમોદના થઇ જાય છે, તો શી રીતે વર્તવું ?

સમાધાન—મિથ્યાત્વીઓમાં જબરજસ્ત મિથ્યાત્વદોષ છે અને તે સાથે બીજા મહાન્ દોષો છે જેથી પ્રસંગોપાત ઉદ્યમાદિ પ્રવૃત્તિ પુરતાં અપાતાં દૃષ્ટાન્તોમાં તે મિથ્યાત્વીના સાહસ, ધર્માભિમાન, આદિ ગુણો વર્ણવતાં પહેલાં અધર્મ, હિંસા આદિ દોષોનું નિરૂપણ પ્રથમ કરવું અને પછી ગુણોને પ્રશંસવા, સમકીતી જીવોમાં જે દોષો હોય તે દોષોને પ્રગટ કર્યા વગર ગુણોની પ્રશંસા કરાય તો પણ વાંધો નથી. કારણ સમ્યક્ત્વગુણ એવો જબરજસ્ત છે કે તે ગુણોની આગળ બીજા દોષોની કિંમત નથી.

પ્રશ્ન ૬૩—ઉત્સૂત્રકથક અને ઉત્સૂત્રપ્રરૂપક એ બેમાં ફેર શો ? એ બેમાંથી ઉત્સૂત્રભાષી તરિકે જાહેર કોને કરવો ? જાહેર કર્યા પછી ક્યારે ત્યાગ કરવા યોગ્ય ?

સમાધાન—અનુપયોગથી, સહસાત્કારથી સ્હેજે શાસ્ત્રવિરૂદ્ધ બોલાઈ જાય પણ તે કથનની સત્યતા સમજાઈ જાય કે તુરત ક્ષમા યાચે, તે કથન પ્રચાર ન પામે તેના માટે બનતું કરે, અગર **તે કથન સામે મોરચા ન માંડે તે ઉત્સૂત્રકથક કહેવાય;** અને શાસ્ત્રવિરૂદ્ધ બોલેલ કથનને જગતમાં પ્રવૃત્તિરૂપે દાખલ કરાવવા બનતો પ્રયાસ કરે; તેની (ઉત્સૂત્રકથનની) આડે આવનારાં સત્યપ્રરૂપકો સત્યપ્રરૂપણા અને સત્યપ્રરૂપણાના **સાધનપ્રસંગોને જમીનદોસ્ત કરવા અનેકવિધ કાર્યવાહી ચાલુ રાખે તે ઉત્સૂત્રપ્રરૂપક અને તેવા** ઉત્સૂત્રપ્રરૂપકને ઉત્સૂત્રભાષી તરિકે બનતી ઉતાવળે જાહેર કરવો અને ત્યાગ કરાવવા માટે સર્વશક્તિ વાપરવી જોઇએ.

પ્રશ્ન ૬૪—સુંદર પુષ્પોની પૂજા કરવી તે બરાબર છે. પણ તેની પાંખડીઓને ચુંટવી તેથી વનસ્પતિકાય દુભાય છે. અને તેથી મનમાં એકેન્દ્રિય જીવને દુઃખ થાય છે. આટલી બધી કિલામણા કરવાની પ્રવૃત્તિ શાસ્ત્રમાં હશે એવી વિચારણા આવે તેનું શું ?

સમાધાન—પરમારાધ્ય-પૂજા પ્રસંગે આ વિચાર આવે છે પણ સંસારની સમગ્ર પ્રવૃત્તિમાં છ કાયની હિંસા ડગલે પગલે થયાં કરે છે. પણ તે સંબધી મહાનુભાવ ! લેશભર વિચાર કેમ આવતો નથી ? **એકેન્દ્રિયની કિલામણા, કદર્થના અને હિંસાથી હૃદય ક્ષોભ પામે તેને જરૂર સર્વવિરતિ અંગીકાર કરવી જોઇએ.** વિ. પ્રભુ ચરણે ચડેલ એકેન્દ્રિયો પોતાના એકેન્દ્રિયભવની સાર્થકતા તે પૂજા પ્રસંગે આપણી દ્વારાએ કરી શકે છે. પણ સ્વરૂપહિંસાના બ્હાના તળે પરમારાધ્ય-પૂજા ત્યાગ કરવી તે અનુચિત છે. એ પૂજાપ્રસંગની હિંસા તે વાસ્તવિક હિંસા નથી.

પ્રશ્ન ૫૬—સંસારપ્રવૃત્તિમાં આસક્તિવાળાને સમ્યક્ત્વ હોય કે અશક્તિવાળાને હોય ?

સમાધાન—બન્નેને સંભવી શકે, મોક્ષસુખ સાધ્ય છે એવા સાધ્યવાળો કોઈ પણ જીવ હોય તો આસક્તિવાળો અગર અશક્તિવાળો હોય તો પણ બન્નેને સમ્યક્ત્વ હોઇ શકે. અશક્તિ પુરસ્સરની પ્રવૃત્તિ અને આસક્તિ પુરસ્સરની પ્રવૃત્તિ એ ચારિત્રના પ્રસંગમાં વધુ ઓછા લાભ તરફ ઢળી જનારા પ્રસંગો છે અને કર્મબંધનું ઓછાવત્તાપણું તે પ્રસંગમાં જરૂર સંભવશે પણ **સંસારપ્રવૃત્તિમાં મસ્ત બનેલ સમ્યક્ત્વધારી ભવ્યાત્મા** અને **તદ્ભવમોક્ષગામી ચારજ્ઞાનના ધણી ગણધર-ભગવન્ત બન્નેનો વિવેક (સમ્યક્ત્વ) એક સરખો હોય છે.**

પ્રશ્ન ૬૬—ગૌતમસ્વામીજીને પ્રભુ પ્રત્યેનો રાગ ગુણાનુરાગ ખરો કે નહિ ?

સમાધાન—નહિ, જો ગુણાનુરાગ માનીએ તો કેવલજ્ઞાન અટકે નહિ, તેમ જ ગુણાનુરાગને શાસ્ત્રકારોએ પ્રશસ્તરાગ કહેલો છે. અને તેની વ્યાખ્યા કરતાં પ્રતિપાદન કરેલું છે કે—જે પ્રશસ્તરાગ રહ્યા છતાં કર્મની નિર્જરા કરે અને કર્મ નિર્જરી જતાં તે રાગ ચાલ્યો જાય, તેને કાઢવા માટે જરા પણ મહેનત ઉઠાવવી પડે નહિ. જેમ મળ બાઝી ગયા પછી દીવેલ (એરંડીયું) અપાય છે, પણ મળ નીકળી ગયા પછી એરંડીયું કાઢવા માટે બીજી દવા લેવી પડતી નથી.

પ્રશ્ન ૬૭—વ્યક્તિ મહાન્ હોય અને તેના પ્રત્યે રાગ હોય તેથી કેવલજ્ઞાનાદિ ગુણ અટકે ?

સમાધાન— હા. જરૂર અટકે, કારણકે તે રાગ પ્રાયઃ ગુણ પ્રત્યે તો રહી શકતો નથી પણ સ્નેહરાગમાં ચાલ્યો જાય છે. અગીયારે ગણધરોનો ગુણાનુરાગ સરખો હતો, પણ ગૌતમસ્વામીજીનો રાગ સ્નેહથી ભરપૂર હતો અને તેથી જ કેવલજ્ઞાન પ્રગટ થયું નહિં.

પ્રશ્ન ૬૮—મોક્ષનું બીજ ક્યારે વવાય ?

સમાધાન—સમ્યક્ત્વ પામતાં મોક્ષનું બીજ વાવી શકાય છે.

પ્રશ્ન ૬૯—સત્તર પાપસ્થાનક છોડે છતાં શું સમ્યક્ત્વ નહીં ?

સમાધાન—ના, સત્તર પાપસ્થાનક છોડવાનું ફળ શું છે ? છોડવાથી મળે છે શું ? મેળવવા લાયક છે શું ? વિગેરે વિચારો આવી શકે નહિ ત્યાં સુધી સમ્યક્ત્વ હોતું નથી. જેમ સાગરમાં રહેલી સ્ટીમર, ઝાઝ વિગેરેમાં રહેલું "હોકાયંત્ર" તેની સોય-કાંટો જ્યારે તૂટી જાય ત્યારે સ્ટીમર સાગરમાં ઝોલા ખાતી અથડાય અને ભાંગીને ભૂકો થાય, તેવી રીતે મિથ્યાત્વશલ્ય નાશ પામીને સમ્યક્ત્વ થયા વગર **સંસારસમુદ્રમાં આ આત્મારૂપ સ્ટીમરનું ઠેકાણું પડતું નથી.**

પ્રશ્ન ૭૦—સત્તર પાપસ્થાનક છોડનારાઓનો સંસાર કેટલો બાકી રહે?

સમાધાન—તેનો નિયમ નથી, કારણ કે અભવ્ય જીવ અનંતી વખત સત્તર પાપસ્થાનક છોડે છે, પણ અઢારમું પાપસ્થાનક છોડયા વગર ચાર ગતિના ચક્કરમાં ભ્રમણ કરે જ છે.

પ્રશ્ન ૭૧—સમકિત પામતી વખતનો આનંદ શું કથ્ય છે?

સમાધાન—ના, કારણ કે સમકિતનો આનંદ કેવલજ્ઞાનીથી પણ વર્ણવી શકાતો નથી.

પ્રશ્ન ૭૨—'ગજ પાખ રખર નવિ વહે,' એટલે શું ?

સમાધાન—અન્યમતમાં ઉત્પન્ન થયેલા વૈષ્ણવોને કંદમૂળ છોડવાનું કહે તો તે છોડી શકે નહીં, અને તેને તે ઘણું જ કઠણ લાગે તેવી રીતે જૈનકુળમાં સંસ્કારી થએલા જીવોને તે કઠણ લાગતું નથી, અર્થાત્ જૈનકુળના સંસ્કાર સાથે જેને શ્રદ્ધા હોય છે તેઓને સાધુપણામાં મુશ્કેલી જણાતી નથી. વસ્તુતઃ "ખર" તે જ સમજવા કે જેઓ અન્યકુળોના અન્ય આચારોથી સંસ્કારીત હોય અથવા જૈનકુળમાં દુષ્ટ-વ્યસનોથી દોરાયેલા હોય

પ્રશ્ન ૭૩—ઉત્સૂત્રભાષક કાળધર્મ પામી કઈ ગતિએ જાય ?

સમાધાન—ઉત્સૂત્રભાષક ઉત્કૃષ્ટ ક્રિયાના બળે નવ ગ્રૈવેયક સુધી જઈ શકે છે. જો કે મિથ્યાત્વની વૃદ્ધિ કરી તેથી તેનું ફળ તેને આગળના ભવોમાં ઘણું જ ભોગવવું પડશે. અને ધર્મની પ્રાપ્તિ પણ દુર્લભ થશે, પણ દ્રવ્યક્રિયાના પ્રબલપ્રભાવે તત્કાલ તો ઉચ્ચગતિનો સંભવ છે. ઉત્સૂત્ર-ભાષી જમાલી પણ સાગરોપમની સ્થિતિવાળો વૈમાનિક દેવ થયેલ છે.

પ્રશ્ન ૭૪—જઘન્યથી ધર્મની આરાધના કરનારા જીવો આઠ ભવમાં મોક્ષે જાય છે, તેની ગણત્રી શી રીતે કરવી ?

સમાધાન—દીક્ષા લીધા પછી વખતોવખત પરિણામ ચઢ ઉતર થાય, તો પણ જ્યાં સુધી દ્રવ્ય દીક્ષા છોડી ન હોય ત્યાં સુધી તે ભવ ગણત્રીમાં ગણાય છે. પરંતુ આત્મકલ્યાણનો ચારિત્ર સિવાય બીજો કોઈ પણ માર્ગ નથી અને તેથી જ જિનેશ્વર ભગવાને મુમુક્ષુ જીવોને ચારિત્ર આદરવા માટે સૂચવ્યું છે. જેથી તે સર્વદા આદરૂં એવી બુદ્ધિ હરહંમેશ રહેવી જ જોઈએ.

પ્રશ્ન ૭૫—પ્રથમ છઠ્ઠા ગુણઠાણાને લાયક 'સર્વવિરતિ'નો ઉપદેશ કેમ અપાય છે ?

સમાધાન—આ જીવ અનાદિકાલનો છે, અને અનંતકાલથી એની **ભાવલક્ષ્મી** ખોવાઈ ગઈ છે. અને તે કોઈ ભવમાં મેળવવા ઉદ્યમવંત થયો હોય, તેમ જ થોડા ઉદ્યમદ્વારા તે ભાવલક્ષ્મી મળી જવાની હોય ત્યાં માર્ગાનુસારીપણું, સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વ-વિરતિનો ક્રમ સાચવે તો મહા અનર્થ થાય, તેથી તે જીવ હિત પરિણામવાળો થઇને તેમાં જ (માર્ગાનુસારીપણાદિમાં) સ્થિર થાય, જેથી શાસ્ત્રકારોએ **સર્વવિરતિ**નો ઉપદેશ પ્રથમ આપવાનો કહેલ છે. તેથી જો પૂર્વભવનો સંસ્કારી હશે તો તે તુરત જ ઉચ્ચ પરિણામવાળો થઇ સર્વવિરતિમાં આવી જશે. અર્થાત્—શ્રાવકપણું અંગીકાર કરે તો પણ

વિરતિ સમજાવવી પડે, અને તે વખતે સર્વવિરતિ પણ સમજાવવી પડે. જ્યારે તે શ્રોતાની શક્તિનો અભાવ જણાય તે વખતે વિરતિનો દેશભાગ (શ્રાવકપણું) જણાવાય છે.

પ્રશ્ન ૭૬—દેવગુરુની કિંમત નથી તેવાઓને દીક્ષા અપાય ?

સમાધાન—હા, પિતૃત્વભાવને ન સમજે છતાં પિતા કહેવરાવાય છે. તેવી રીતે સર્વવિરતિ દેવામાં કશો વાંધો નથી, અને તેથી શાસ્ત્રકારોએ મિથ્યાદષ્ટિઓને પણ સમ્યક્ત્વનું આરોપણ કરીને મહાવ્રતો દેવાનું લખ્યું છે.

પ્રશ્ન ૭૭—ગુરૂની કિંમત કોણ કરી શકે ?

સમાધાન—કેવલજ્ઞાન, કેવલદર્શન, તેમ જ વીતરાગતાની જેને કિંમત હોય તે જ ગુરૂની વાસ્તવિક કિંમત કરી શકે છે. **સમકિતદાતા ગુરુવર્યોનો-પ્રતિ-ઉપકાર** ક્રોડક્રોડ ભવે કોઇ પણ રીતિએ **વળી શકતો નથી.**

પ્રશ્ન ૭૮—માબાપના ઉપકારનો બદલો વળી શકે કે નહી ?

સમાધાન—પોતાના દેહની ત્વચાના ઉપાનહ (જોડા) સીવડાવીને સમર્પણ કરે છતાં પણ માબાપનો ઉપકાર વળી શકતો નથી; પણ જિનેશ્વરભગવાનકથિત જે ધર્મ તે અંશે પણ પમાડવાથી પ્રત્યુપકાર સહેજે વળી શકે છે.

પ્રશ્ન ૭૯—દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં શું અંતર છે ?

સમાધાન—ચોથા આરામાં કોઇ શ્રાવક ઉંચામાં ઉંચા સર્વોત્તમ-પ્રકારના વિવિધ દ્રવ્યથી પૂજા કરે તેના કરતાં પાંચમાં આરાના છેડે શ્રી દુ:પ્પસહસૂરીશ્વરજીનું જે ચારિત્ર અને તે રૂપ ભાવપૂજાની વચ્ચે ક્રોડ અને કોડી, મેરૂ અને સરસવ સમાન અંતર છે. અર્થાત્ દશાર્ણ-ભદ્ર અને ઇંદ્રમહારાજા કે જે સામૈયાદિકની ભક્તિમાં અનુક્રમે ચઢીયાતા

છે, છતા જ્યારે દશાર્ણભદ્ર સર્વ-ત્યાગરૂપ સર્વવિરતિ આદરે છે તે વખતે ઇંદ્રમહારાજા તેના (દશાર્ણભદ્રના) ચરણમાં ઝૂકે છે.

પ્રશ્ન ૮૦—અવધિજ્ઞાન કરતાં શું અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન વધે ?

સમાધાન - હા, ઇન્દ્ર વિગેરે દેવતાઓને તેમ જ કેટલાક મનુષ્ય અને તિર્યંચોને પણ અવધિજ્ઞાન હોય છે. અહિં તો અષ્ટપ્રવચનમાતાને પાળનારા સાધુઓ જ ફક્ત પરમેષ્ઠિ તરીકે ગણાય છે. અવધિજ્ઞાનથી અલંકૃત તે દેવાદિકો પરમેષ્ઠિ તરીકે ગણાતા નથી, તેમ જ વંદનીય પણ નથી.

પ્રશ્ન ૮૧—"ગૌતમ નામે નવે નિધાન" એ પદ બોલવું ઠીક છે ?

સમાધાન—હા, તેથી પ્રભુ ગૌતમસ્વામીનો મહિમા ગાવાનો છે. પરંતુ નવ નિધાનની માગણી કરાતી નથી. કદાચ **માગણી કરે તો તે સ્મરણ ફક્ત દ્રવ્યસ્મરણ જ ગણાય છે.**

પ્રશ્ન ૮૨—દેશવિરતિ પછી સર્વવિરતિ ક્યારે આવે ?

સમાધાન—દેશવિરતિ પામ્યા પછી સંખ્યાતા સાગરોપમનો કાલ જાય ત્યારે સર્વવિરતિ આવે, એટલે આટલો બધો કાલ વ્યતીત થયા પછી આવે એમ નહીં, પરંતુ જે સ્થિતિમાં દેશવિરતિ મળી શકે તે સ્થિતિથી સંખ્યાતા સાગરોપમની સ્થિતિ તૂટે એટલે સર્વવિરતિ આવે, અને સાથે એ પણ ખુલાસાની જરૂર છે કે તેટલી સ્થિતિનો અંત અંતર્મુહૂર્તમાં પણ આવી શકે છે.

પ્રશ્ન ૮૩—દ્રવ્યક્રિયા અને ભાવક્રિયાનુ લક્ષણ શું ?

સમાધાન—જે ક્રિયા કર્મક્ષયના મુદ્દા સિવાય કરવામાં આવે તે બધી દ્રવ્યક્રિયા છે, અને કર્મક્ષયના મુદ્દાથી જે ક્રિયા કરાય તે ભાવક્રિયા છે.

પ્રશ્ન ૮૪—નોઆગમ એટલે શું ?

સમાધાન—"આગમ" એટલે જ્ઞાન, અને "નો" શબ્દથી જ્ઞાનના બે ભેદ પડે છે. 'ક્રિયામિશ્રજ્ઞાન અને ક્રિયાશૂન્યજ્ઞાન" અને તે જ્ઞાન દ્રવ્ય

અને ભાવ એ બન્ને નિક્ષેપમાં વહેંચાઈ જાય છે. ભાવનિક્ષેપ નોઆગમ લેવું હોય તો ક્રિયામિશ્રજ્ઞાન લેવાથી 'નો' શબ્દનો મિશ્ર અર્થ લેવો. અને દ્રવ્યનિક્ષેપ નોઆગમ લેવું હોય તો 'નો' શબ્દનો અર્થ શૂન્ય લેવું એટલે ક્રિયાશૂન્યજ્ઞાન.

પ્રશ્ન ૮૫—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ મળી ગયા તો પછી તપ માટે નકામી મહેનત શા શારૂ?

સમાધાન—ક્ષાયિકભાવ આવ્યા વગર તીર્થંકરો પણ તપનું સેવન છોડતા નથી. એટલું જ નહિ ક્ષાયિકભાવના દર્શન, જ્ઞાન, ચરિત્ર પામ્યા છતાં સિદ્ધપદ પામતી વખતે શુક્લધ્યાનના ત્રીજા–ચોથા પાયારૂપ તપસ્યા હોય અને તે સિવાય સિદ્ધપદ પણ પ્રાપ્ત થતું જ નથી.

પ્રશ્ન ૮૬—ક્ષાયિકધરના દર્શન, જ્ઞાન, ચારિત્ર થઈ ગયા પછી તપસ્યા માનવાની શું આવશ્યકતા છે?

સમાધાન—હા, તપસ્યાની પૂરેપુરી જરૂર છે. એક કેવલી કેવલજ્ઞાન પછી અંતમુહૂર્તે મોક્ષે જાય, અને બીજા કેવલી લાખો પૂર્વ સુધી સર્વવિરતિનું પાલન કરતાં છતાં મોક્ષ ન પામે, પણ શુક્લધ્યાનના ત્રીજા–ચોથા પાયારૂપ તપસ્યા આદરે ત્યારે મોક્ષે જાય છે. અર્થાત્ તપસેવન વગર સર્વથા કર્મનો નાશ થતો નથી.

પ્રશ્ન ૮૭—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં તપસ્યાને ઉચ્ચ સ્થાન કેમ અપાય છે?

સમાધાન—સમ્યગ્દર્શન એ દરિદ્રના મનોરથ છે. સમ્યગ્જ્ઞાન એ ગોખલાનો દીપક છે. અને સમ્યગ્ચારિત્ર એ આવતા નવા કર્મોને રોકનાર છે. તેથી કમાડ જેવું છે; પણ અનાદિકાલના કીચ્ચડરૂપી કર્મના ઢગને સાફ કરવાનું કાર્ય વસ્તુતઃ તો તપસ્યા જ કરે છે.

પ્રશ્ન ૮૮—જૈનશાસનમાં શત્રુ તરીકે કોણ છે?

સમાધાન—જૈનશાસનમાં કર્મ સિવાય અન્યને શત્રુ ગણ્યો જ નથી.

પ્રશ્ન ૮૯—कम्महंताणं, अरिकम्महंताणं, कम्मारिहंताणं, એ ત્રણ પદમાંથી કોઇ પણ પદ કેમ ન મૂક્યું ? અને કેવલ '**अरिहंताणं**' એ પદ શા માટે ?

સમાધાન—(૧) નિરૂક્તની અપેક્ષાએ કોઇપણ કર્મને મિત્ર તરીકે ગણ્યું જ નથી, તેથી 'કર્મ' અને 'અરિ' એ પદ લખવાની જરૂર નથી. **જૈનસમાજે કર્મને શત્રુ તરીકે માનવું જોઈએ તેથી 'नमो अरिहंताणं' કહ્યું છે.**

(૨) વ્યુત્પત્તિની અપેક્ષાએ તો આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાને જેઓ લાયક થાય છે, તેઓ જ અરિહંત કહેવાય છે. અને તેથી જ 'સિદ્ધ' ભગવંત અને સામાન્યકેવલીઓ અરિહંતપદમાં નહિ આવતાં જુદા પદમાં જ રહે છે.

પ્રશ્ન ૯૦—જ્ઞાનપૂજનમાં આવેલ દ્રવ્ય દુનિયાદારીનાં શિક્ષણ માટે વાપરી શકાય ?

સમાધાન—ના, કદીપણ વપરાય જ નહિ. કારણ એ જ કે—તે દ્રવ્ય તો ફક્ત **સમ્યક્‌શ્રુતની વૃદ્ધિના જ હેતુભૂત છે.** વ્યવહારીક જ્ઞાન એ સંસારની જ પુષ્ટિનું કારણ હોવાથી તેવા ઉત્તમદ્રવ્યનો દુનિઆદારીનાં શિક્ષણ માટે વાપરનાર અને વપરાવનાર **બન્ને પણ તે જ્ઞાનદ્રવ્યના ભક્ષક બને છે.** જ્ઞાનદ્રવ્ય 'ભક્ષિત, ઉપેક્ષિત, પ્રજ્ઞાપરાધે વિણાસ્યો, વિણસંતો ઉવેખ્યો અને છતી શક્તિએ સારસંભાળ ન કીધી' એ પ્રમાણે અતિચારમાં જણાવેલી પાંચે બાબતોને મન વચન અને કાયાથકી, તથા કરવું કરાવવું અને અનુમોદવું તે વડે કરીને જેમ દેવદ્રવ્યના સરંક્ષણમાં તેમ આ **જ્ઞાનદ્રવ્યના સંરક્ષણમાં ઉપયોગ નહીં રાખનારનું સમ્યક્ત્વ મલીન થાય છે.** આમ છતાં પણ સ્વેચ્છાએ તેનો દુરૂપયોગ કરનારાઓ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય છે.

પ્રશ્ન ૯૧—જૈનશાસનમાં જ્ઞાનની વ્યાખ્યા કયા પ્રમાણે છે ?

સમાધાન—એકાન્તે મોક્ષના જ હેતુભૂત એવું જીવાજીવાદિ-તત્ત્વોનું શુદ્ધજ્ઞાન તેનું નામ જ જ્ઞાન છે; એ સિવાયનું બધુંએ અજ્ઞાન જ છે.

પ્રશ્ન ૯૨—સાચું ચારિત્ર (સંયમ) આવે ક્યારે ?

સમાધાન—અનંતીવાર અને તે પણ ફક્ત જુઠ્ઠાં (દ્રવ્ય) ચારિત્ર-સેવનના પરિણામે જ આત્માને એક સાચું ચારિત્ર પ્રાપ્ત થાય છે. અને એનું નામ જ ભાવચારિત્ર કહેવાય છે. આત્માને ભાવચારિત્ર પ્રાપ્ત થયા પછી તો તેને વધારે વખત સેવવાનું રહેતું જ નથી. એટલે કે તેવું ચારિત્ર તો ફક્ત આઠ જ વખત આરાધવાને પરિણામે આત્મા અવશ્યમેવ મુક્તિ મેળવે છે. હજારો વખત જુઠ્ઠા અને 'વાંકા ચૂંકા' એવા પણ લીટા કરનારો બાળક અન્તે જેમ સાચા એકડામાં પ્રવેશ કરે છે; તેમ જ દ્રવ્યથી પણ ચારિત્ર પાળનારો મનુષ્ય અન્તે (તેના સાર રૂપ એવા) ભાવચારિત્રમાં પ્રવેશ કરવાને ભાગ્યશાળી બને છે. આટલા માટે તો ભલે **સંસ્કારમાત્રથી પણ ચારિત્ર પ્રત્યે સાધારણ જ સદ્ભાવ થયેલ એવા આત્માને પણ સંયમના સાધકોએ યથાપ્રવૃત્તિએ પણ સંયમમાં જોડવા એ જ સ્તુત્ય અને આદર્શ માર્ગ છે.**

પ્રશ્ન ૯૩—શ્રી મરૂદેવા માતા એક પણ દ્રવ્યચારિત્ર પ્રાપ્ત કર્યા વિના ફક્ત એકેન્દ્રિયપણામાંથી જ આવી સીધા મોક્ષ પામ્યા તો તેમને દ્રવ્યચારિત્ર વિના પણ ભાવચારિત્ર કેમ પ્રાપ્ત થયું ?

સમાધાન—આ બનાવને શ્રી પંચવસ્તુના રચયિતા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા **આશ્ચર્યરૂપે** જ પ્રતિપાદન કરે છે; સાથે તેમાં પણ એવો નિયમ કરે છે કે-**'અનન્તા દ્રવ્યલિંગ કરનારને જ ભાવલિંગ પ્રાપ્ત થાય છે.'**

પ્રશ્ન ૯૪—ધર્મના પ્રરૂપકો (સ્થાપકો અગર આદિપ્રવર્તકો) તો પુરૂષો જ હોઈ શકે એવું તમો કહો છો. છતાં શ્રી મલ્લીનાથસ્વામીએ સ્ત્રીપણે પણ ધર્મ કેમ પ્રરૂપ્યો ? એટલું જ નહિ પણ તીર્થની સ્થાપના કરી તેનું કેમ ?

સમાધાન—મરૂદેવા માતાની માફક તેને પણ આશ્ચર્યમાં જ ગણેલ છે; આથી એ સ્પષ્ટ છે કે-'**મૂળનિયમને તે આશ્ચર્યો જરા પણ બાધક થતાં નથી.**'

પ્રશ્ન ૯૫—'ચારિત્ર એ મહેલ છે ને જ્ઞાન તે ધ્વજ છે' એ કેવી રીતે ?

સમાધાન—આત્મા પોતે જુદાં એવાં દ્રવ્યચારિત્ર સેવતો સેવતો પણ જ્યારે ભાવચારિત્રને સ્પર્શે છે. ત્યારે તેણે મોક્ષમહેલનો પાયો નાંખ્યો છે એમ સમજવું. તે પછી જ્યારે ક્ષપકશ્રેણિ માંડી મોહનીયકર્મનો સર્વથા ક્ષય કરે ત્યારે જે અવસ્થા તે સંપૂર્ણ અવસ્થા હોવાથી ત્યાં મોક્ષમહેલની સંપૂર્ણતા થઈ મનાય છે. (એટલે ઉચ્ચતમ ચારિત્રરૂપ પ્રાસાદ પૂર્ણ થાય છે.) ત્યાર બાદ અંતર્મુહૂર્તમાં જ કેવલજ્ઞાન પ્રગટ થતું હોવાથી તે **સર્વશ્રેષ્ઠ જ્ઞાનરૂપી સંપૂર્ણ સુશોભિત ધ્વજ તે મહેલ ઉપર ફરકે છે.**

પ્રશ્ન ૯૬—क्रियाहीनं च यद् ज्ञानं ज्ञानहीना च या क्रिया।
अनयोरन्तरं दृष्टं भानुखद्योतयोरिव ॥ १ ॥

આ શ્લોકનો ભાવાર્થ શું ?

સમાધાન—શ્લોકનો ભાવાર્થ સમજો. દરેક વસ્તુઓને દરેક આત્માઓ જો વસ્તુસ્થિતિએ સમજે તો અત્યારે શાસનમાં વિના કારણે અને સંપૂર્ણ ગેરસમજને આધીન બની, તદ્દન ઉલટા દોરવાઈ જઈ ત્રિશ્વવંદ્ય વીરવિભુએ પ્રતિપાદન કરેલી વસ્તુની યેન કેન પ્રકારેણ નિંદા

કરી આત્માને ભારે કરનારા કેટલાએ મુગ્ધાત્માઓના મિથ્યા પ્રલાપો આપોઆપ શમી જાય. વસ્તુતઃ તેનો ભાવ એ છે કે–

'ક્રિયા વિનાનું જે જ્ઞાન અને જ્ઞાન વિનાની જે ક્રિયા' એ બન્ને બાબતમાં એટલું તો દૂરપણું ને ફરક છે કે જેમ સૂર્ય અને ખદ્યોતમાં. એટલે સૂર્ય અને ખદ્યોતના પ્રકાશમાં આકાશ અને પાતાલ જેટલું અંતર છે. તેમ જ "ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાની ક્રિયા, એ બન્ને વાતોમાં પણ ગંભીર ભેદભરેલું અંતર છે. આ શ્લોકમાં ક્રિયા વિનાનું જે જ્ઞાન સૂર્યસમાન ગણાવીને અને જ્ઞાનવિનાની ક્રિયા ખદ્યોત સમાન ગણાવેલી દેખીને શાસનમાં ક્રિયાશૂન્યપણે ફક્ત જ્ઞાનની જ કિંમત છે એવી વાતો કરનારા જ્યારે પોતાની માન્યતામાં જ દૃઢ બની, અરે! અન્યને પણ ક્રિયાવિહોણા બનાવી પોતાનો પક્ષ મજબુત કરવા, જનતાની સન્મુખ આવા કલ્પિત ભાવાર્થોનું શરણું સ્વીકારી યથેચ્છ પ્રવૃત્તિઓદ્વારા ક્રિયાઓની જડ કાઢવા મથે છે, અને ત્યારે ફક્ત મોક્ષમાર્ગના ધ્યેયાનુસાર જ છતાં જ્ઞાનરહિતપણે ક્રિયા કરવાવાળા "જ્ઞાનવિનાની ક્રિયા એ ખદ્યોત સમાન છે." એ ભાવાર્થથી બહુ બહુ અકળાય છે. વ્હેમાય છે. આમ થવાનું કારણ એ જ છે કે વાસ્તવિક રીતે બન્ને પક્ષ તે શ્લોકના યથાર્થ ભાવાર્થને પામ્યા જ નથી, તેની તે વિટંબણા છે. અહિંઆ ક્રિયા વિનાનું પણ સૂર્યસમાન જ્ઞાન એને કહ્યું છે કે જે આત્માઓની પૂર્વભવની શુભ આરાધનાને યોગે ઉતરી આવેલી (સાંપડેલી) ઉત્તમ સંસ્કારિતાના પ્રતાપે, અકસ્માત્ સંયોગે જાગેલી ભાવનાથી **'સૂર્યસમાન એવું જે કેવલજ્ઞાન'** તેને પામેલા ગૃહિલિંગવાળા ભરતાદિક અને અન્યલિંગવાળા વલ્કલચીરી આદિકનું દ્રવ્યચારિત્રરહિત છતાં પણ પ્રાપ્ત થયેલું (સર્વજ્ઞપણું) કેવલજ્ઞાન તે જ્ઞાન, નહિં કે શુકપાઠ. એટલે કે તેવા પુણ્યપુરૂષોના પ્રકર્ષપુણ્યના યોગે પરમ પ્રકાશપણે ક્રિયા વિના પણ અકસ્માત્ પ્રગટ થયેલું જે કેવલજ્ઞાન તે સૂર્યસમાન છે. વળી જ્ઞાન વિનાની જે ક્રિયા તે પતંગિયા જેવી કહી છે તેમાં પણ એ ભાવાર્થ છે કે–જેઓ મોક્ષના ધ્યેય વિનાના કર્મક્ષયાદિના ઉદ્દેશ વિનાના જીવા-

જીવાદિના જ્ઞાન વિનાના, મોક્ષમાર્ગ તરીકે જણાવેલી સંવર અને નિર્જ-રાના આશયથી વિપરીતભાવે ક્રિયાઓને પણ કરવાવાળા એટલે પૌદ્ગલિક ફળની અપેક્ષાવાળી શાસ્ત્રવિરુદ્ધ જે ક્રિયા એટલે 'તેવા ઉલ્ટા જ્ઞાનવાળી ક્રિયા' તે પતંગિયા (ખદ્યોત) સમાન ગણેલી છે, હવે એથી સ્પષ્ટ થયું કે પુણ્યહીન આત્માઓના શુકપાઠરૂપી જ્ઞાન કરતાં તો પૂર્વના પ્રબલ પુણ્યના પ્રભાવે અકસ્માત્ મળેલું જે જ્ઞાન તે ક્રિયાશૂન્ય હોવા છતાં પણ સૂર્યસમાન છે. વળી અહિં પણ પૂર્વપુણ્યના સંયોગે મળેલી સામગ્રીથી મોક્ષના જ ધ્યેયવાળી ક્રિયાઓ તે જ્ઞાનીપુરૂષોએ દર્શાવેલી હોવાથી એને ગીતાર્થની નિશ્રાથી અજ્ઞાનપણે પણ મોક્ષના જ ધ્યેયથી આદર-નારા આત્માઓની ક્રિયા તે સૂર્યસમાન અને ઉપર જણાવેલા મોક્ષના ધ્યેયથી આદરનારા આત્માઓની ક્રિયા તે સૂર્યસમાન અને ઉપર જણા-વેલ મોક્ષના ધ્યેયથી શૂન્યક્રિયાઓ તે પતંગિયા સમાન છે. **એકલ-વિહારી અગીતાર્થની ક્રિયા પણ ખદ્યોતવત્ અલ્પ પ્રકાશવાળી** છે. અહિંઆ બીજી બીના પણ સ્પષ્ટ થાય છે. જ્ઞાન એ સર્વ આરાધક અને ક્રિયા એ દેશ આરાધક જે કહેવાય છે તેમાં કયું જ્ઞાન? અને કઇ ક્રિયા ? તે ઉપરની બાબતથી સહેજે સમજાશે. આથી જે અજ્ઞાનીઓ સમ્યગ્દષ્ટિ, ગુરુભક્ત અને જીવાદિના સામાન્ય-જ્ઞાનને ધરાવનારા ભવ્યાત્માઓની ક્રિયાઓને યેન કેન પ્રકારેણ વગોવી રહેલા છે, તે પ્રભુશા-સનના મર્મને બીલકુલ સમજ્યા નથી એ પણ અત્રે સ્હેજે સમજાશે.

પ્રશ્ન ૯૭—શાસનમાં પરમ મંગલરૂપ પદાર્થ કયા કયા ?

સમાધાન—સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ છે; આ સિવાય ઉત્કૃષ્ટ મંગલ કોઈ જ નથી.

પ્રશ્ન ૯૮—પરમાણુ કોને કહેવા ?

સમાધાન—તત્ત્વાર્થસૂત્રના કર્તા શ્રી ઉમાસ્વાતિ મહારાજ શ્રી પ્રશમરતિમાં ફરમાવે છે કે '**परमाणुरप्रदेशः**' એટલે કે જેના બે વિભાગ ન પડી શકે તે પરમાણુ.

પ્રશ્ન ૯૯—મિથ્યાત્વથી ગાઢવાસિત થયેલાને શાસ્ત્રથી કેમ નુકશાન થાય છે ?

સમાધાન—નાકકટ્ટાને આરિસો અને વાંદરાને જેમ દર્પણ, તેમ તેને પણ શાસ્ત્ર બતલાવતાં ફાયદો તો ન જ કરે પણ ઉલટો તે નાકકટ્ટા અને વાંદરાની માફક શાસ્ત્રને જ નુકશાન કરે છે.

પ્રશ્ન ૧૦૦—દીક્ષાનો વ્યુત્પત્તિ અર્થ તો વ્રત, નિયમ, મુંડન વગેરે છે પણ નિરૂક્ત અર્થ શો ?

સમાધાન—**'श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षेति'**

ભાવાર્થ–શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ષોડશકમાં જણાવે છે કે એકાન્તે કલ્યાણને આપનારી અને પાપનો નાશ કરનારી એવી સત્પુરૂષોએ માન્ય કરેલી વસ્તુ ફક્ત એક દીક્ષા જ છે !

પ્રશ્ન ૧૦૧—શાસ્ત્રનો વ્યુત્પત્તિ અર્થ તો જીવાદિ–પદાર્થને સમજાવે તે છે, પણ નિરૂક્ત અર્થ શો ?

સમાધાન—ઉપાધ્યાયજી ભગવાન્ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા પોતાના જ્ઞાનસાર–અષ્ટકમાં જણાવે છે કે–

'शासनात् त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते'

ભાવાર્થ–નવા સમ્યગ્દર્શનાદિ ધર્મની પ્રાપ્તિ માટે શિખામણ આપે અને પ્રાપ્ત થએલાને સમ્યગ્દર્શનાદિ ધર્મની રક્ષાની શક્તિ સમર્પણ કરે તેમ હોવાથી શ્રીમાન્ પંડિતવર્યોએ સર્વજ્ઞાદિવચનોને શાસ્ત્ર કહેલું છે.

પ્રશ્ન ૧૦૨—ચારિત્રપદ સ્વતંત્રપણે આરાધ્ય છે કે નહિ ?

સમાધાન—કેવલીભગવાનનું ચારિત્ર ક્ષાયિકભાવવાળું છે; અને ગણધર ભગવન્તનું ચારિત્ર તો ક્ષાયોપશમિક ભાવનું છે. છતાં પણ ભગવાનના સમવસરણમાં બીજા કેવલીઓ **'नमो तित्थस्स'** કહે છે.

ગણધર ભગવાનની પાછળ જ બેસે છે. આમાં ગણધરોને કેવલીભગવાનની આશાતના કરનાર ગણ્યા નથી. વસ્તુતઃ આશાતના લાગતી પણ નથી જ. અર્થાત્ સ્વતંત્રપણે ચારિત્ર આરાધ્ય નથી.

પ્રશ્ન ૧૦૩—સમ્યગ્જ્ઞાન, દર્શન અને તપ એ ત્રણ સ્વતંત્રપણે આરાધાય ખરા કે નહિ ?

સમાધાન—ક્ષાયિકસમ્યક્ત્વના ધણી શ્રેણિક મહારાજ જેવાનું ક્ષાયિકસમ્યગ્દર્શન સ્વતંત્રપણે આરાધ્ય માનીએ તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વના ધણી ગણધરભગવન્તોએ તેમને (શ્રેણિકને) વંદન નમસ્કાર કરવો પડશે. તેમજ અવધિજ્ઞાનનાં ધણી દેવેન્દ્રોને ઉત્કૃષ્ટ મતિ–શ્રુતધરથી લઇ યાવત્ અષ્ટપ્રવચનમાતાના ધારણ કરવાવાળા મુનિઓએ નમસ્કાર કરવો પડશે. માસક્ષપણ આદિ તપસ્વીઓને 'નમુક્કારસહિય" આદિના જ પચ્ચખ્ખાણ કરવાવાળા એવા આચાર્ય મહારાજજીઓએ પણ નમસ્કાર કરવો પડશે. **જેમ ઉપરોક્ત બાબતો અસંભવિત હોઇ અયુક્ત જ છે તેમ એ દર્શન-જ્ઞાન-તપ ત્રણેમાંથી એકેયને સ્વતંત્રપણે આરાધવાનું અયુક્ત જ છે.**

પ્રશ્ન ૧૦૪—સમ્યગ્દર્શન એ નૈમિત્તિક છે કે નિત્ય ?

સમાધાન—ભૂખ લાગે ત્યારે જ ભોજન ખાવું તે જેમ નૈમિત્તિક છે. તેમ સમ્યગ્દર્શન નૈમિત્તિક નથી. (એટલે નિમિત્તક્રિયારૂપ નથી) પણ નિત્ય (ક્રિયારૂપ) જ છે; એથી જેમ શ્વાસોચ્છ્વાસની ક્રિયા અખંડ રાખવી જ પડે છે ને તે નિત્ય છે તેમ સમ્યગ્દર્શન ગુણ અને તેનાથી ઉત્પન્ન થતી શ્રદ્ધા વગેરે અંતરરહિતપણે ધારવા જ જોઇએ.

પ્રશ્ન ૧૦૫—મોક્ષે ગયેલા દરેક આત્માઓ, માર્ગાનુસારીપણાથી લઇ અનુક્રમે દેશવિરતિને પણ સ્પર્શે ખરા (આદરે ખરા) કે નહિ ?

સમાધાન—એકાન્તે મોક્ષનું કારણ સર્વવિરતિ જ આત્માને પ્રથમ સ્પર્શતી હોય અગર આવી જતી હોય તો તેણે તે ક્રમ સાચવવા માટે

દેશવિર્રાત આદિ લેવા રોકવાનું છે જ નહિ, કારણ એ જ કે પૂર્વની મહાન્ શુભ-કમાણીના યોગે આત્માને તુરત જ ચારિત્ર મળે છે. **મોક્ષ પામેલા આત્માઓનો અસંખ્યાતમો ભાગ માર્ગાનુસારીને તો શું ? પણ દેશવિર્રાતને પણ સ્પર્શેલો જ નથી.**

પ્રશ્ન ૧૦૬—તીર્થંકરો, ગણધરો અને અવધિજ્ઞાનીઓ દેશવિરતિ લીધા સિવાય ચારિત્ર લે છે ખરા ?

સમાધાન—તે મહાપુરૂષો દેશવિરતિ પામ્યા (લીધા) વિના જ ચારિત્ર લે છે; વળી બીજા પણ કેઇ આત્માઓ સમ્યક્ત્વની સાથે જ ચારિત્ર પામે છે. અને તેટલા જ માટે તો શાસ્ત્રકાર મહારાજાઓએ **'जुगवं पुव्विं व सम्मत्तं'** એમ કહેતાં ચારિત્ર અને સમ્યક્ત્વનો સહભાવ પણ છે, એમ સ્પષ્ટ ફરમાવ્યું છે.

અવધિજ્ઞાનવાળા આત્માઓ નવેસરથી કદિ પણ **દેશવિરતિ લેવાવાળા હોય જ નહિ. તેથી** (એ વાતથી) **પણ એ નિયત છે કે-શ્રી તીર્થંકર મહારાજાથી માંડી અવધિજ્ઞાનવાળા કોઈ પણ મહાત્માઓ ચારિત્ર અંગીકાર કરે તો દેશવિર્રાત લીધા વિના જ સર્વવિરતિ લે છે.**

પ્રશ્ન ૧૦૭—ઉત્કૃષ્ટગુણી એવા અરિહંતાદિક આરાધ્યનું આરાધન-ગુણીદ્વારાએ બને કે ગુણોદ્વારાએ ?

સમાધાન—જેમ શિક્ષકથી શિક્ષણ કદીએ જુદુ રહી શકતું જ નથી, તેમ દર્શનાદિ જે ગુણો તે ગુણરૂપ એવા અરિહંતાદિકને છોડીને જુદા રહી શકતા જ નથી.

સેવા કરનારાઓ જેમ શિક્ષકોની સેવા શિક્ષણને માટે જ કરે છે, તેમ સમ્યગ્દર્શનાદિકની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિની પરાકાષ્ઠાની પ્રાપ્તિ માટે જ અરિહંતાદિક ગુણીની પૂજા, સેવા, બહુમાન ઇત્યાદિ કરાય છે.

અને તે રૂપ આત્મશિક્ષણ પણ તે ભગવન્તોમાં ગુણપણે રહેલાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપદ્વારા જ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન ૧૦૮—ગુણ એ તો આત્મીય વિષય છે, એટલે કે ચૈતન્યવંત છે; છતાં પણ જડ એવા અશોકવૃક્ષ, ચામર સિંહાસનાદિને અરિહંત ભગવાનના આઠ ગુણોમાં કેમ ગણ્યા ?

સમાધાન—પ્રથમ તો તીર્થંકર મહારાજાઓ જ અરિહંતપદ ધારી તરીકે ગણાય છે એ ખ્યાલમાં રાખો. અને તે તીર્થંકરમહારાજાને પણ જેમ ઘાતિકર્મનો ક્ષય થયા પછી જ દેવતાઓ અશોકવૃક્ષાદિ આઠ ગુણો પ્રગટ કરે છે. તેમ ચારે ઘાતિકર્મનો ક્ષય થયા પછી જ અપાય–અપગમાદિ ચાર ગુણો પ્રગટ થાય છે. કર્મના ક્ષયે ઉત્પન્ન થયેલા અપાયાપગમાદિ ચારે છે. તે જેમ ગુણો કહેવાય અને તે પરમ પ્રભુને કેવલજ્ઞાન થયા પછી નિર્વાણ સુધી સાથે જ રહે છે તેમ અશોકવૃક્ષાદિ પ્રાતિહાર્યો પણ કેવલજ્ઞાન પછી જ ઉત્પન્ન થયેલા અને નિર્વાણ સુધી સતત સાથે જ રહેતા હોવાથી એને પણ અરિહંતભગવાનના ગુણો જ મનાય છે. અર્થાત્ અશોકાદિ પ્રાતિહાર્ય લક્ષ્મી દેખીને કેઈક જીવો સમ્યક્ત્વાદિ પામે છે.

પ્રશ્ન ૧૦૯—પ્રભુને નમસ્કાર માટે **कम्महंताणं, अरिकम्महंताणं** અને **कम्मारिहंताणं** એ ત્રણમાંથી એક પદ ન મૂક્યું અને ફક્ત '**अरिहंताणं**' એ પદ કેમ મુક્યું ?

સમાધાન—કારણ એ જ છે કે '**જૈનશાસનમાં કર્મ સિવાય અન્ય કોઈને પણ શત્રુ માન્યો જ નથી**' **अरि**' તરીકેનો વ્યવહાર સીધો કર્મને આશ્રીને જ ગણ્યો છે. એટલે કે--'કર્મ એ જ શત્રુ અને શત્રુ એ જ કર્મ' હોવાથી **कम्म, अरिकम्म,** અને **कम्मारि** સાથે રાખ્યા નથી. કર્મશત્રુને હણનાર તે અરિહંત કહેવાય છે. આ અર્થ પણ નિરૂક્ત અર્થની અપેક્ષાએ જ છે; વ્યુત્પત્તિ અર્થની અપેક્ષાએ તો આઠ પ્રાતિહાર્યરૂપ લક્ષ્મી અને તે રૂપ પૂજાને જેઓ લાયક બન્યા છે તેઓ જ અરિહંત કહેવાય છે.

અરિહંત સિવાયના સિદ્ધભગવન્તો અને દરેક સામાન્ય કેવલીઓ પણ સકલ કર્મરહિત કે ઘાતિકર્મરહિત જ હોવા છતાં પણ **સિદ્ધચક્રજીમાં** અરિહંત ભગવાન એ પ્રથમપદે તેમજ મુખ્ય આરાધ્યપણે પણ તેથી જ ગણાયેલા છે.

પ્રશ્ન ૧૧૦—ઉપદેશની અસર ન થાય તેમાં ઉપદેશકોની કચાશ ખરી કે નહિ ?

સમાધાન—ના, બીલકુલ નહિ. જો એમ માનીએ તો ભગવાન મહાવીરની પ્રથમ દેશના ખાલી ગઈ તેને માટે તમો શું કહેવા માંગો છો ? ભાગ્યવાનોને ઉપદેશની અસર થવામાં તો શ્રોતાઓના અમુક ગુણો જ મુખ્યતાએ કારણભૂત છે. (જો કે તેમાં ઉપદેશકના પણ ગુણો તો કારણભૂત હોય છે) અને તેથી શ્રોતાઓ સન્માર્ગે ન આવે તો તેમાં ઉપદેશકની ખામી કહેવાય નહિ.

પ્રશ્ન ૧૧૧—નવકારમંત્રમાં દર્શનાદિ ચાર પદ કેમ નથી ?

સમાધાન—સમ્યગ્દર્શનાદિપદો ગુણરૂપ છે. એ સમ્યગ્ગુણો પૂજ્યોની પૂજ્યતામાં હેતુરૂપ છે. એટલે કે પૂજકોની પૂજાનાં સાધ્યબિન્દુરૂપ છે. આથી **અરિહંતાદિ પાંચ ગુણીના નમસ્કારથી સમ્યગ્દર્શનાદિ ગુણોને તો નમસ્કાર સ્વતઃ થયેલો જ છે**. કારણ કે ગુણ અને ગુણી અભેદરૂપ જ છે. વળી અરિહંતાદિક જે ગુણી એવા પાંચે પદો તે પરસ્પર ભિન્નરૂપે અને સ્વતંત્રપણે પણ આરાધવા યોગ્ય છે. પણ સમ્યગ્દર્શનાદિ જે ગુણરૂપ ચારપદો તે પરસ્પર ભિન્નપણે અને સ્વતંત્ર આરાધ્ય ગણેલાં જ નથી; તેથી પણ અરિહંતાદિકની માફક તે પદોને નવકારમાં ન ગણ્યા હોય એ પણ બનવા યોગ્ય છે.

પ્રશ્ન ૧૧૨—શ્રી સિદ્ધાચલ ઉપર કાર્તિક સુદ ૧૫ પહેલાં શ્રાવકાદિથી ચઢી શકાય કે નહિ ?

સમાધાન—તીર્થયાત્રા ઘણા આડંબરથી જ થવી જોઇએ. શક્તિસંપન્ન કૃષ્ણમહારાજ અને કુમારપાળના તીર્થયાત્રામાંના મહાન્ આડંબરોના દેવવંદન અને નિયમોના આધારે તેવા આડંબરો ચોમાસામાં ન કરી શકાય તેથી તથા ચોમાસામાં પર્વતમાં જીવોત્પત્તિ પણ વિશેષ હોવાથી ઉપર ન ચઢી શકાય. તીર્થંકર ભગવાનોનું સમવસરણ પણ ચોમાસામાં મુખ્યતાએ થતું નથી.

પ્રશ્ન ૧૧૩—વિદ્વાન્ વ્યાખ્યાનકારોનો વિવેક (સમ્યક્ત્વ) ટકે ક્યારે ?

સમાધાન—આગમરૂપ અરિસાનું અવલોકન કરીને શાસ્ત્રની પ્રરૂપણા કરે ત્યારે, અને અનુપયોગ કે અણસમજથી થયેલી પ્રરૂપણા શાસ્ત્રથી વિરૂદ્ધ માલમ પડે તો તે ફેરવવામાં એક ક્ષણ પણ વિલંબ કરે નહિ ત્યારે.

પ્રશ્ન ૧૧૪—મૂર્ત એવા શરીરના રોગાદિક વિકારો જાણી શકાતા નથી. તો પછી અમૂર્ત એવા અધર્મરૂપ વિકારો કેવી રીતે જાણી કે જોઈ શકાય ?

સમાધાન—શારીરિક પરીક્ષામાં પાસ થયેલ ડૉકટરો પોતાના અભ્યસ્તગ્રન્થાદિના આધારે દરદીના દરદ અને વિકારો જાણી શકે છે. તેવી રીતે સર્વજ્ઞકથિત વચનોને જાણનાર મહાપુરૂષો અમૂર્ત એવા આત્માની સ્વભાવ-વિભાવદશા, આત્મવિકાર-તે આત્માને કર્મજન્યરોગ વગેરે બધું સર્વજ્ઞશાસ્ત્રોના આધારે પારખી શકે છે.

પ્રશ્ન ૧૧૫—અંધભક્ત કોણ કહેવાય ?

સમાધાન—જેમ કૃષ્ણને માનનારા કૃષ્ણની મૂર્તિઓને નમે અને નાટકમાં તથા રામલીલામાં આવેલ કૃષ્ણને પણ નમે તે. કારણ કે તેઓ મૂર્તિ અને નાટકીયામાં ભેદ સમજતા નથી. તેવી રીતે જેઓ હેતુ યુક્તિ અને સ્વરૂપને ન સમજે અને હેતુ-આદર્શસિદ્ધ થતા પદાર્થથી વિરૂદ્ધ પદાર્થને કદાગ્રહથી માને તે અંધભક્ત ગણાય.

પ્રશ્ન ૧૧૬—સાચા ભક્તની ઓળખાણ શી ?

સમાધાન—આગમ અનુસાર ગુણી અને ગુણને પીછાણી કેવલ ગુણાનુરાગી બન્યો હોય, બલ્કે તદનુસાર વર્તન કરવા અંતઃકરણથી ચાહતો હોય. જેમ કે–મહારાજા શ્રેણીક.

પ્રશ્ન ૧૧૭—શરીર એ એન્જીન અને આત્મા એ ડ્રાઈવર છે તે શી રીતે ?

સમાધાન—એન્જીનમાં કોલસા નાંખેલા હોય છતાં ડ્રાઈવર વગર એન્જીન ગતિ કરી શકતું નથી. તેવી રીતે શરીરરૂપી એન્જીનમાં આહારરૂપ કોલસા ભરેલા હોય પણ ગતિ કરાવનાર ડ્રાઈવરરૂપ જીવની પ્રેરણા વગર તે શરીર એક કદમ પણ ગતિ કરી શકતું નથી. જેમ એન્જીનની સઘળી વ્યવસ્થા ડ્રાઇવરને આધીન છે તેવી જ રીતે શરીરની સર્વ વ્યવસ્થા આત્માને આધીન છે.

પ્રશ્ન ૧૧૮—શાસ્ત્રના બોધપાઠોને માને પણ એકાદ શ્લોક અગર પદ ન માને તો તેનું સમ્યગ્દર્શન રહે ?

સમાધાન—ના, કારણકે પ્રભુશાસનમાં ચ્હાય આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ હોય તે બધાએ પંચાંગી પુરસ્સર જ વચન બોલવું અને માનવું રહે છે. અને તેમને આગમવચન વાંચવા વિચારવા અને વ્યાખ્યાનદ્વારાએ પ્રકાશવા માટે વ્યાકરણાદિ સાથે જૈન–પરિભાષાનું પણ જ્ઞાન મેળવી આગમનું સાચું જ્ઞાન ધારવું જોઈએ. નહિ તો સહેજમાં અનર્થ થઇ જવાનો સંભવ હોવાથી ઉત્તરોત્તર ઉત્સૂત્રકથક અગર ઉત્સૂત્રભાષકપણું પ્રાપ્ત કરી મનુષ્યભવ હારી જવાય.

પ્રશ્ન ૧૧૯—જ્ઞાન ભાડે મળી શકે છે. પણ ક્રિયા ભાડે મળતી નથી એટલે શું ?

સમાધાન—શાસ્ત્રોમાં ગીતાર્થ અને ગીતાર્થની નિશ્રાવાળા અગીતાર્થના પણ સંયમોને સંયમ તરીકે જ કથન કરેલાં છે. અર્થાત્

જ્ઞાની અને જ્ઞાનીની નિશ્રાથી પણ ચારિત્રની પાલના થઈ શકે છે. એટલે શાસ્ત્રના જ્ઞાન વગર જ્ઞાનીની નિશ્રાએ પણ ચારિત્ર પાળી શકાય છે. પણ અવિરત રહેલો હોય અને વીતરાગની પણ નિશ્રા લે તો પણ એ ચારિત્રવાળો ગણાય નહિ.

પ્રશ્ન ૧૨૦–શું અહિંસાદિક પાંચે મહાવ્રતો બધા દર્શનકારો માને છે?

સમાધાન—શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ અષ્ટકજીમાં '**अहिंसा सत्यमस्तेयं**' ઇત્યાદિ શ્લોકથી સર્વ દર્શનકારો સામાન્યતઃ અહિંસાદિક પાંચે મહાવ્રત માને છે એમ જણાવે છે. અને તેથી જ ધર્મબિન્દુમાં તેને સાધારણ ગુણો કહ્યા છે. કોઈ પણ દર્શનકારને તે અહિંસાદિ સંબંધમાં વિરોધ નથી.

પ્રશ્ન ૧૨૧–શું પાંચ આશ્રવના ત્યાગમાત્રથીજ સાધુપણું કહી શકાય ?

સમાધાન—પાંચ આશ્રવના ત્યાગમાત્રથી સાધુપણું જૈનદર્શનકાર સ્વીકારતા નથી. મહાવ્રતોની સાથે અષ્ટપ્રવચનમાતાનું પાલન, ગુરુકુલવાસ, ઇચ્છાકારાદિ સમાચારીનું પાલન હોય તો જ સાધુપણું ગણાય છે. આથી તો કંઈ તિર્યંચો ને અનશન કરનારા મનુષ્યો જે સર્વ પાપસ્થાનોના પચ્ચક્ખાણ કરે છે, છતાં ત્યાં ચારિત્ર તો મનાતું જ નથી.

પ્રશ્ન ૧૨૨—તિર્યંચો વધારેમાં વધારે વિરતિમાં કેટલી હદે પહોંચી શકે અને કયા દેવલોક સુધી જઈ શકે ?

સમાધાન—જાતિસ્મરણ પામેલા કે જ્ઞાનીઓથી બોધ પામેલા તિર્યંચો પાંચ મહાવ્રત ઉચ્ચરવા સુધી વિરતિ પામી જાય છે. અને પ્રભુમાર્ગની આરાધના કરીને ઉત્કૃષ્ટથી આઠમા દેવલોક સુધી જઈ શકે છે.

પ્રશ્ન ૧૨૩—સમ્યગ્દષ્ટિ ગુણઠાણામાં રહેલ અવિરતશ્રાવક કાલધર્મ પામી ક્યાં જાય ?

સમાધાન—જેવી રીતે દેશવિરતિવાળો શ્રાવક ઉત્કૃષ્ટપણે બારમે દેવલોકે જાય તેવી રીતે એકલી સમ્યગ્દૃષ્ટિ ધારણ કરનાર શ્રાવક પણ ઉત્કૃષ્ટથી બારમા દેવલોકે જઈ શકે છે.

પ્રશ્ન ૧૨૪—સમ્યગ્દર્શન વગર અભવ્યો નવ ગ્રૈવેયક સુધી કેમ જઇ શકે છે?

સમાધાન—દ્રવ્યચારિત્રના પાલનમાં આ સમર્થ દૃષ્ટાન્ત છે. કારણ કે મોક્ષની સાધ્યતારૂપ ભાવવગરની અને કેવલ પૌદ્ગલિક ઇચ્છાએ કરેલી ચારિત્રક્રિયા પણ આવો સાંસારિક ઉચ્ચ લાભ આપે છે. આશ્ચર્ય છે કે દ્રવ્યક્રિયાનો પણ કેવો અચિન્ત્ય પ્રભાવ! કે એને ધારણ કરનાર શ્રાવક ઉત્કૃષ્ટથી બારમા દેવલોકે પણ જઇ શકે છે.

પ્રશ્ન ૧૨૫—જેમ ગૃહસ્થો માટે અષ્ટપ્રકારીપૂજાનું શાસ્ત્રમાં વિધાન કર્યું તેવી રીતે સાધુને પણ અષ્ટપ્રકારીપૂજાનું વિધાન ખરૂં કે નહિ?

સમાધાન—જેવી રીતે ગહસ્થોને માટે દ્રવ્યથી અષ્ટપ્રકારની પૂજા કરવાનું શાસ્ત્રમાં છે તેવું વિધાન સાધુઓને માટે કોઇપણ શાસ્ત્રમાં નથી. સાધુને માટે જે અષ્ટપ્રકારીપૂજા શ્રી હરિભદ્રસૂરિજીએ પૂજાઅષ્ટકમાં કહી છે તે પૂજા તો ચોવીસે કલાક યાવજ્જીવનપર્યંત સાધુઓ કરે જ છે. તે સંબંધી વિધાનદર્શક ગાથા–

'अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यमसङ्गता ।
गुरुभक्तिस्तपो ज्ञानं सत्पुष्पाणि प्रचक्षते ॥ १ ॥

પાંચ આશ્રવોને મન વચન કાયાથી છોડી દઈને પંચ મહાવ્રતનું પાલનરૂપ પાંચ પૂજા, યથાશક્તિ વિનય, વૈયાવચ્ચ આદિરૂપ છઠ્ઠી ગુરુપૂજા, સાતમી કર્મરૂપી કચરાને ધોઈ નાંખવા માટે પ્રબલ સાધનભૂત તપપૂજા, અર્થાત્ ચાર જ્ઞાનવાળા (જે કેવલજ્ઞાન પામવાનું જેને માટે નિશ્ચિત છે છતાં પણ) શ્રી જિનેશ્વરો પણ જેનું આલંબન લે છે, એવી ઉત્કૃષ્ટી બાર પ્રકારની તપશ્ચર્યાનું આલંબન લેનાર સાધુ સાતમી પૂજામાં સમ્યક્-

પૂજન કરે છે. અને આઠમી સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ કરવા માટે રાત્રિ દિવસ ઉદ્યમ, એ રૂપ અષ્ટપૂજાનું વિધાન સાધુઓ માટે છે. એ અષ્ટપુષ્પી-પૂજાને પ્રાપ્ત કરવાના મુદ્દાએ જ શાસ્ત્રકારોએ ગૃહસ્થોને માટે અષ્ટ-પ્રકારી દ્રવ્યપૂજા ફરમાવેલી છે. તે દ્રવ્યપૂજા, દ્રવ્યપૂજાના પ્રશ્નોત્તરમાં પૂર્વે જણાવી ગયા છીએ.

પ્રશ્ન ૧૨૬—સાધુઓ દ્રવ્યપૂજાનો ઉપદેશ કરે તો તેમને શું દ્રવ્યપૂજાનું અનુમોદન ન થાય? અને થાય તો તેથી હિંસાનું અનુમોદન શું નહિ લાગે?

સમાધાન—મુખ્યતાએ તો સાધુઓ સર્વવિરતિનો જ ઉપદેશ કરે છે; પછી ગૃહસ્થ પોતાની તે બાબતમાં અશક્તિ જણાવે ત્યારે દેશવિરતિ એટલે શ્રાવકધર્મ બતાવે, તેમાં પણ આનાકાની કરે ત્યારે સમકિત બતાવે, તે વખતે સમ્યકૃત્વની શુદ્ધિ અને વૃદ્ધિ માટે 'સમ્યગ્દૃષ્ટિઓએ હંમેશાં શ્રી જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજા કરવી જ જોઈએ' એ જે ઉપદેશ કરાય છે તે સર્વવિરતિના (સર્વત્યાગના) મુદ્દાએ જ કરાતો હોવાથી સાધુને તેમાં જરાએ અનુમોદનનો દોષ લાગતો નથી. બલ્કે તે ઉપદેશ તો એકાંત નિર્જરાનું કારણ બને છે. જેમ નદી ઉતરવાનું વિધાન સાધુઓને બતલાવાય તેવી રીતે મોક્ષ અને સર્વવિરતિના ધ્યેયથી પૂજાનું કરણ કારણ જે અનુમોદન કરાય તેમાં ઉપદેશક સાધુને તેની હિંસાનું અનુમોદન છે જ નહિ.

પ્રશ્ન ૧૨૭—તીર્થંકરનું બધું વર્તન અનુકરણીય ખરું કે કેમ?

સમાધાન—તીર્થંકરોએ જે વર્તન કર્મના ઉદયથી કરેલું હોય તે અનુકરણીય છે જ નહિ. પણ અનુકરણીય તે જ વર્તન છે કે જે કર્મના ક્ષયોપશમ અગર ક્ષયથી થયું હોય.

પ્રશ્ન ૧૨૮—જે કેટલાકો કહે છે કે જેટલું તીર્થંકરોએ કહ્યું તેટલું કરવાનું પણ તીર્થંકરોએ કર્યું એ કરવાનું નહિ એ શાસ્ત્રદૃષ્ટિએ સાચું છે?

સમાધાન—જે તીર્થંકરોએ કરવા માટે કહ્યું એ કરવા લાયક છે એ કબુલ છે, પણ તીર્થંકરોએ કર્યું એ કરવા લાયક નહિ એમ કહેનારાઓએ ખરેખર શાસ્ત્રને વાંચ્યા નથી. બલ્કે વાંચ્યા હશે તો તેનો ભાવ પામ્યા નથી. કારણ કે આવી રીતે કહેનારાઓને પૂછીએ કે તીર્થંકરોએ સવસ્ત્ર ધર્મ પ્રરૂપવા માટે વસ્ત્ર રાખ્યું તો તમે તે રાખો છો કે કેમ? તીર્થંકરોએ સપાત્ર ધર્મ પ્રરૂપવા માટે પ્હેલે પારણે પાત્રમાં આહાર કર્યો હતો તો તમે પણ પાત્રમાં આહાર કરો છો કે કેમ? તીર્થંકરો બારે પ્રકારની તપશ્ચર્યામાં જે સાધુની ચર્યામાં તત્પર રહ્યા તો તમે પણ તેમાં તત્પર રહો છો કે કેમ? પણ એ સાધારણ બોધમાત્રથી ફાવે તેમ બોલી નાખનારાઓએ એ તીર્થંકરોએ કર્યું તે ન કરવાનું કહેવા દિશા ફેરવવી જ રહે છે.

પ્રશ્ન ૧૨૯—શાસ્ત્રદષ્ટિએ પાપી સાધુ કોણ કહેવાય?

સમાધાન—જેમ કોઇક અણસમજુ પણ ભરોસો રાખનાર મનુષ્ય નાણાં લઇને કોહીનૂર ખરીદવા વિશ્વાસને યોગ્ય એવા વેપારી મનુષ્ય પાસે આવ્યો હોય અને તે વેપારી તેને બદલે નકલી (બનાવટી) કોહીનૂર આપીને તે ગ્રાહકને રવાના કરે તે વેપારી જેમ લુચ્ચો અને બેવકુફ ગણાય તેમ વીર્યોલ્લાસરૂપી નાણું લઇને ચારિત્ર (સર્વવિરતિ) રૂપી અદ્વિતીય કોહીનૂર લેવા જે ભવિક આવ્યા હોય તેને ગૃહસ્થધર્મરૂપી નકલી કોહીનૂર આપીને વહેતો કરે તે શાસ્ત્રદષ્ટિએ મહાપાપી છે. બલ્કે આગળ વધીએ તો દયાના પરિણામ વગરનો ચૌદ રાજલોકના જીવોના ઘાતની અનુમોદના કરનાર છે.

પ્રશ્ન ૧૩૦—મહાન્ યોગી કોણ કહેવાય?

સમાધાન—મહાન્ યોગી તે જ કહેવાય કે જેને માટે શાસ્ત્રકાર મહારાજા શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી જણાવે છે કે—

श्रुत्वाऽऽक्रोशान् यो मुदा पूरितः स्यात्
लोष्टाद्यैर्यश्चाहतो रोमहर्षी ।

યઃ પ્રાણાન્તેऽप्यन्यदोषं न पश्य–त्येव श्रेयो द्राक् लभेतैव योगी ॥ १ ॥ આક્રોશાદિક વચનના પ્રહાર સાંભળીને હર્ષથી વ્યાપ્ત થાય, પત્થર આદિકથી કોઈ ઘા કરે તો કર્મ ખપાવવાનો પ્રસંગ સમજી રોમાંચ ખડા થાય, બાહ્યપ્રાણનો નાશ થવાનો વખત આવે તો પણ બીજાના દોષ ન દેખે અર્થાત્ બોલે નહિ આ યોગી કહેવડાવનારે આટલા ગુણો તો કેળવવા જ જોઈએ !

પ્રશ્ન ૧૩૧—સમતાનું સ્વરૂપ શું છે ? કયા લક્ષણોથી સમતા આવી છે એમ જાણી શકીએ ?

સમાધાન—કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રપ્રભુ, સમતાનું સ્વરૂપ બતાવતાં લખે છે કે–

चेतनाचेतनैर्भावैरिष्टानिष्टतया स्थितैः ।

न मुह्यन्ति मनो यस्य तस्य साम्यं प्रचक्षते ॥ १ ॥ જે ઘરમાં ચૈતન્યવાળા પદાર્થો જે સ્ત્રીઆદિ, અચેતન (પૌદ્ગલિક જડ) વસ્તુઓ જે ધન આદિ છે કે જેઓ ઈષ્ટ–અનિષ્ટપણાની સ્થિતિવાળા છે. તેની અંદર જેનું મન મોહ પામે નહિ એટલે કે ઈષ્ટમાં રાગ ન થાય, અનિષ્ટમાં ઈતરાજી ન થાય તે અમુંઝવણ રૂપ સ્થિતિ તેનું જ નામ સમતા કહેવાય. ન્યાયાચાર્ય ભગવાન્ યશોવિજયજી મહારાજ સમનું લક્ષણ જણાવતાં ચોક્ખા શબ્દોથી સ્વકૃત જ્ઞાનસારમાં જણાવી રહ્યા છે કેઃ–

विकल्पविषयोत्तीर्णः स्वभावाऽऽलम्बनं सदा ।

ज्ञानस्य परिपाको यः स समः परिकीर्तितः ॥ १ ॥

સંકલ્પવિકલ્પરૂપી સમુદ્રમાંથી જે તરી ગયો હોય અર્થાત્ સંકલ્પ-વિકલ્પ રહિત હોય; હંમેશા આત્મસ્વરૂપનાજ આલંબનવાળો હોય અને મદ વિષય–કષાય આદિક વગરની જે મેળવેલી જ્ઞાનની પરિપક્વ સ્થિતિ-વાળો તેને જ સમના લક્ષણવાળો પૂર્વના ઋષિઓએ જણાવ્યો છે.

પ્રશ્ન ૧૩૨—મહાવિદેહ ક્ષેત્રમાં સદાને માટે ચોથો આરોજ વર્તે છે. એમ કહેવાય છે એ શાસ્ત્રસમ્મત છે ?

સમાધાન—મહાવિદેહમાં પહેલો, બીજો, ત્રીજો, ચોથો વિગેરે આરાઓની વ્યવસ્થા છે જ નહિ તો પછી ચોથો આરો જ વર્તે છે. એવું જેઓ કહે છે તે તદ્દન ખોટું છે. પણ તત્ર અનાદિ અનન્તકાલને માટે મોક્ષમાર્ગ અપ્રતિબદ્ધ રહે છે, માટે આ ભરતક્ષેત્રાદિકમાં જેમ સમગ્ર ચોથા આરામાં મોક્ષમાર્ગ ચાલુ રહે છે, એ અપેક્ષાએ એમ કહી શકીએ કે મહાવિદેહક્ષેત્રમાં સદાને માટે આ **ભરતક્ષેત્રના ચોથા આરાના ભાવ વર્તે છે.** ને તેથી ત્યાં દુષમ-સુષમા પ્રતિભાગ નામનો કાલ હમેશાં છે એમ શાસ્ત્રો કહે છે.

પ્રશ્ન ૧૩૩—જૈનશાસનમાં ઋષભદેવભગવાન્, મહાવીરપ્રભુ આદિ, તીર્થંકરો વ્યક્તિ તરીકે પૂજાય છે કે જાતિ તરીકે? ને એક તીર્થંકરની પૂજાથી સમગ્ર તીર્થંકરો પૂજાય છે કે કેમ? તેમજ અવજ્ઞા અને આશાતનાદિક દોષો એક વ્યક્તિના કરીએ તો પણ સમગ્રના લાગે છે કે કેમ?

સમાધાન—જૈનશાસનમાં શ્રી ઋષભાદિક તીર્થંકરોની ગુણદ્વારાએ પૂજા કરવાથી જાતિ તરીકે જ તેઓ પૂજાય છે. પણ વ્યક્તિ તરીકે પૂજાતા જ નથી. તેથી એક તીર્થંકરની અવજ્ઞા કે આશાતના કરવામાં આવે તો અનંતા તીર્થંકરોની અવજ્ઞા તથા આશાતનાનો દોષ લાગે, અને તેથી જ એક તીર્થંકરની પૂજા અને આજ્ઞાનું પ્રતિપાલન કરે તો અનંતા તીર્થંકરોની પૂજા અને આજ્ઞાપાલનનો લાભ મળી શકે છે.

પ્રશ્ન ૧૩૪—પરમાધામીથી, પરસ્પરથી અને ક્ષેત્રથી થતું દુઃખ મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ નારકીઓને એક સરખુ હોય કે ન્યૂનાધિક?

સમાધાન—મિથ્યાદષ્ટિ નારકી કરતાં સમ્યગ્દષ્ટિ ઓછા ઉત્પાતવાળો હોવાથી તેને પરમાધામીકૃત, અને અન્યોન્યકૃત દુઃખ ઓછું હોય છે અને ક્ષેત્રથી તો બંનેને સરખું જ હોય છે.

પ્રશ્ન ૧૩૫—યુગલીઆ મનુષ્યોને વૃદ્ધાવસ્થા હોય કે નહિ? યુગલિકો આર્ય છે કે અનાર્ય?

સમાધાન—યુગલિક મનુષ્યોને વૃદ્ધાવસ્થા હોય જ નહિ, યુગલિકો અનાર્ય છે અને તે દેશ પણ અનાર્ય છે. તેટલા માટે શાસ્ત્રકારોએ અનાર્યનું લક્ષણ બાંધતાં જણાવ્યું કે– '**यत्र क्षेत्रे स्वप्नेऽपि धर्म इत्यक्षराणि न श्रूयन्ते तत् अनार्यं**' જે ક્ષેત્રમાં સ્વપ્નમાં પણ 'ધર્મ' એવા અક્ષરો સાંભળવામાં ન આવે તે અનાર્ય છે.

પ્રશ્ન ૧૩૬—યુગલિકો અનાર્ય છે તો પછી દેવલોકે કેમ જઈ શકે? કારણ કે 'ધર્મ' એવા અક્ષરોનું પણ શ્રવણ તો એઓને છે જ નહિ?

સમાધાન—અનાર્ય એવા યુગલિકો અગર બીજા કોઈ પણ અનાર્યો દેવલોકે જાય એમાં અનાર્યપણું અથવા ધર્મરહિતપણું એ કારણરૂપ નથી ત્યાં તો કષાયની મંદતા જ કારણરૂપ છે, તે માટે જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે—'**निःशीलव्रतत्वं च सर्वेषाम्**' ઈત્યાદિ શીલ તથા આચારવાળો ન હોય તો પણ કષાયની મંદતાથી દેવલોકમાં જઈ શકે છે.

પ્રશ્ન ૧૩૭—કૃષ્ણમહારાજ પોતાની પુત્રીઓને આવો પ્રશ્ન શા માટે પૂછેછે કે–'**स्वामिन्यः किमु दास्यो वा वशा युयं भविष्यथ**' અર્થાત્ તમારે રાણી થવું છે કે દાસી? કારણ કે લોકપ્રસિદ્ધ રાણીપણું જ તમામને ઈષ્ટ છે, તો પછી આ પ્રશ્ન કરવાનું કારણ શું?

સમાધાન—કૃષ્ણ મહારાજાએ પોતાની પુત્રીઓને 'રાણી થવું છે કે દાસી?' એમ પૂછ્યું હતું. એનું કારણ એક તો એ કે જો કોઇ રાજાની સાથે પરણવું એમ કહે તો તે મારી બત્રીશ હજાર રાણીઓની તો દાસીજ થાય છે. બીજી વાત એ કે જો ચારિત્ર લે તો મારી બત્રીશ હજાર રાણીઓને પણ પૂજ્ય થાય. અને મહારાણીથી પણ શ્રેષ્ઠ બને; માટે દુનિયાદારીથી કોઇ પણ વિરુદ્ધ ન પડે અને ધર્મથી પણ અવિરુદ્ધ એવો તેણીઓને (પુત્રીઓને) અત્યંત હિતકારી પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. તત્ત્વ એટલું જ કે મહારાણી થવું હોય તો સાધ્વીપણું (સંયમ) અંગીકૃત કરો.

પ્રશ્ન ૧૩૮—સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ બંને પ્રકારના નારકીઓને દુઃખ એક સરખું છે કે ન્યૂનાધિક છે ?

સમાધાન— મિથ્યાદૃષ્ટિ કરતાં સમ્યગ્દૃષ્ટિ નારકીઓ પૂર્વભવમાં હારી ગયેલ જિંદગીના બળાપાથી વધારે દુઃખ વેદે છે.

પ્રશ્ન ૧૩૯—દેવતાઓએ મોક્ષમાર્ગ ગીરવી મૂક્યો છે, એમ કહેવાય છે તે શી રીતે ? કારણ કે મોક્ષમાર્ગ ગીરવી મૂકવાની ઇચ્છા તો કોઇ પણ ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિની હોય જ નહિ તો પછી મોક્ષમાર્ગનું ગીરવી-ખત શી રીતે કહેવાય ?

સમાધાન—દેવતાઓએ મોક્ષને ગીરવી મૂક્યો છે, એમ એટલા જ માટે કહેવાય છે કે દેવતા પોતાના ઉત્કૃષ્ટ આયુષ્યના ૩૩ સાગરોપમ તેઓ ગમે તેવી મહેનત કરે તો પણ મોક્ષ મેળવે જ નહિ; કેમ કે જેમ એક વસ્તુ ગીરવી મૂકી હોય પછી તે વસ્તુની મુદ્દત પૂરી થાય ત્યારે જ તે મલે. તેમ દેવતાએ પણ દેવાયુષ્ય પૂરૂં કરે ત્યારે જ મોક્ષના રસ્તે વધવાનું સાધન મેળવી શકે છે; તેથી તેઓએ મોક્ષ ગીરવે મૂક્યો એમ કહેવાય છે, એટલે મોક્ષ ગીરવે મૂકવાની ઇચ્છા નથી પણ કાર્યવાહી સરાગપણા પુરસ્સરની એવી થાય છે કે જેથી દેવલોકમાં જવું જ પડે. અને મોક્ષનો વિલંબ સહન કરવો જ પડે. જેમ દુનિયામાં કોઇપણ મનુષ્ય ઉમ્મરલાયક થાય અને બીનઇચ્છાએ પણ દશ હજારના દસ્તાવેજ ઉપર સહી કરે તો વખત આવે તેણે દશ હજાર આપવા જ પડે, તેવી રીતે સરાગપણા પુરસ્સર કરેલી પ્રવૃત્તિ મોક્ષની ઇચ્છા હોવા છતાં મોક્ષ આઘો કરી દેવલોકને પ્રાપ્ત કરાવે છે અને ત્યાં તેઓ તેત્રીસ સાગરોપમે પણ દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમ-શ્રેણી કે ક્ષપક-શ્રેણીને પામી શકતા જ નથી. મનુષ્યો તો તે દેશવિરતિ આદિને સમ્યક્ત્વની સાથે જ કે અંતર્મુહૂર્તને આંતરે પણ પામી શકે છે.

પ્રશ્ન ૧૪૦—બદ્ધ આગમ અને અબદ્ધ આગમમાં ફેર શ્યો ?

સમાધાન—શ્રી તીર્થંકર મહારાજાએ જે વખતે ત્રિપદી પ્રરૂપી અર્થાત્ **'उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा'** એ ત્રિપદી દ્વારા ગણધર દેવોને ઉપદેશ આપ્યો તે વખતે તેમાંથી ગણધર મહારાજાઓએ જે દ્વાદશાંગી અને ચૌદ પૂર્વોમાં ગુંથ્યું (જે અત્યારે અંગોપાંગમાં જણાય છે) તે તમામ બદ્ધાગમ કહેવાય. અને તે સિવાયનું જે કંઇ ઉપલબ્ધ થાય તે તમામ અબદ્ધાગમ કહેવાય : જેમ વક્તા જેટલું બોલે તેટલું બધુંયે રિપોર્ટર લખી લે એવો નિયમ નથી. તેમ **શ્રી તીર્થંકર મહારાજ જેટલું અર્થથી કહે તે બધુંએ ગણધરદેવો શાસ્ત્રમાં રચે એવો નિયમ નથી.**

પ્રશ્ન ૧૪૧—દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર, ભક્ષણ કરનારની ઉપેક્ષા કરનાર, જિનદ્રવ્યનો મૂલથી નાશ કરનાર, મુનિનો ઘાત કરનાર, અને સાધ્વીના ચોથા મહાવ્રતનું ખંડન કરનાર કયા ગુણોનો નાશ કરે ?

સમાધાન—ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે આ બધાએ પોતાના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી મહાન્ ગુણોનો નાશ કરે છે. ભવિષ્યમાં ધર્મરૂપી કલ્પવૃક્ષની પ્રાપ્તિના મૂળમાં અગ્નિ મૂકે છે, મહામોહનીય બાંધે છે તથા દુર્લભબોધિ થાય છે.

પ્રશ્ન ૧૪૨—શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર પાને ૩૪ મામાં લખ્યું છે કે યક્ષાદિનું આરાધન અયુક્ત છે અને તેને અંગે રાવણ કૃષ્ણાદિનું આલંબન ગ્રહણ કરવું ઉચિત નથી. આ સંબંધમાં આપ શું ફરમાવો છો ?

સમાધાન—શ્રીકૃષ્ણ અને રાવણાદિકે આ લોકના ફલ માટે મિથ્યાત્વી એવા યક્ષાદિ દેવતાનું આરાધન કર્યું હતું તે મિથ્યાત્વ નહોતું, પણ આ કાળમાં જો કોઈ પણ સમકિતી જીવ આ લોકને માટે પણ યક્ષાદિની આરાધના કરે તો મિથ્યાત્વની વૃદ્ધિ તથા તેની સ્થિરતા કરનાર થાય છે; અને તેથી તે જીવને ભવાંતરમાં પણ સમકિતની પ્રાપ્તિ

દુર્લભ થાય છે. એમ આચાર્ય મહારાજશ્રી રત્નશેખરસૂરિજી પોતાની અર્થદીપીકા નામની શ્રાદ્ધપ્રતિક્રમણની ટીકામાં જણાવે છે. આવી રીતે કાળભેદે ફલ જણાવી તેનું કારણ પણ તેઓશ્રી સ્પષ્ટ કરે છે કે-તે કાળે સર્વ ધર્મો કરતાં ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજે જગતના હિતને માટે નિરૂપણ કરેલ ધર્મની મહત્તા ઘણી જ મોટી હતી, તેથી એકાદ કાર્ય અન્યમતીય યક્ષાદિથી કદાચ થઈ પણ જાય, તો પણ તેથી જિનેશ્વર-મહારાજના ધર્મની છાયાને પ્રતિઘાત થતો નહોતો અને તે કારણથી શ્રીકૃષ્ણાદિકના સમયે તેવા આરાધનથી મિથ્યાત્વવૃદ્ધિ આદિ થતાં નહોતાં પણ વર્તમાનકાલે તેવા અતિશયરહિત હોવાથી શ્રીકૃષ્ણાદિએ કરેલી મિથ્યાત્વી યક્ષાદિની આરાધના જો આજે કરાય તો મિથ્યાત્વની વૃદ્ધિ તથા સ્થિરતા થાય માટે શ્રીકૃષ્ણાદિકે કરેલી યક્ષાદિની આરાધનાનું આલંબન લેવાની આચાર્ય મહારાજે સ્પષ્ટ ના કહી છે.

પ્રશ્ન ૧૪૩—વાસુદેવાદિના પચ્ચખ્ખાણ તે શું દ્રવ્ય-પચ્ચખ્ખાણ છે?

સમાધાન—હા, અષ્ટકજીમાં-

अपेक्षा चाविधिश्चैवाऽपरिणामस्तथैव च।

प्रत्याख्यानस्य विघ्नास्तु वीर्याभावस्तथाऽपरः ॥

આ શ્લોકની વ્યાખ્યામાં ચોથા અને પાંચમા ગુણઠાણાવાળા તથા વાસુદેવાદિકોને પણ પ્રતિબંધકનો ક્ષયોપશમ ન હોવાથી, તેમજ અપેક્ષાદિ કારણથી થયેલાં પચ્ચખ્ખાણને દ્રવ્ય-પચ્ચખ્ખાણ કહેલાં છે, તેથી જ સમકિતવાળાએ પણ આ લોકના ફલની અપેક્ષાએ કરેલાં પચ્ચખ્ખાણ યોગ્ય અને ઉત્તમ નહિ છતાં પણ સમ્યક્ત્વનો ઘાત કરનાર જ છે. એમ તો ન મનાય.

પ્રશ્ન ૪૪—આગમ એટલે શું?

સમાધાન— તરણતારણ શ્રી તીર્થંકરોની દેશના અને શ્રી ગણધર મહારાજાઓએ ઝીલી ગુંથેલો તેનો (દેશનાનો) રિપોર્ટ.

પ્રશ્ન ૧૪૫—શ્રી તીર્થંકરો અપ્કાયના જીવોની દયા માટે તરસ્યા સાધુઓના પ્રાણની પણ લેશભર દરકાર ન કરે અને પોતાની પૂજા માટે છ કાય જીવોની હિંસા કરવાનું વિધાન કરે એનું કારણ શું ?

સમાધાન—પૂજાના વિધાનમાં પોતાની પૂજા કરાવવી એ ધ્યેય નથી, સર્વવિરતિની પ્રાપ્તિ માટે તેના ઉમેદવારે સર્વવિરતિધર તથા સર્વવિરતિનાં પ્રરૂપકોની ભક્તિ, પૂજા, બહુમાન, સત્કાર–સન્માનાદિ કરવાં જોઇએ. તે કરવાથી સમકિતી જીવોને આ ભવે કે ભવાંતરે અનુક્રમે સર્વવિરતિ જરૂર પ્રાપ્ત થાય છે. તે ઉદ્દેશથી શ્રી તીર્થંકર ભગવાને તીર્થંકરની પૂજાનું વિધાન ઉપાય રૂપે કર્યું છે, એટલે કે પૂજામાં ધ્યેય સર્વવિરતિની પ્રાપ્તિનું છે, અને સાધુઓ પોતાના સર્વવિરતિ ગુણના રક્ષણ માટે પ્રાણની આહુતિ આપે તેમાં સર્વવિરતિની રક્ષાનું જ ધ્યેય છે, માટે એક જ ધ્યેય હોવાથી એ બેય બાબતમાં કોઇ પણ પ્રકારે વિરોધ નથી.

પ્રશ્ન ૧૪૬—વર્તમાનકાળનાં સૂત્રો એ સર્વજ્ઞનાં (સર્વજ્ઞપ્રણીત) સૂત્રો છે એ વાત સાચી છે ?

સમાધાન—હા, એ સૂત્રો સર્વજ્ઞના કથનને અનુસરતાં છે તેથી એને સર્વજ્ઞનાં સૂત્રો કહી શકાય છે.

પ્રશ્ન ૧૪૭—ભગવાનના અનંતગુણ કેટલામે અનંતમે છે ?

સમાધાન—આઠમે અનંતમે છે.

પ્રશ્ન ૧૪૮—ચાર વર્ણાશ્રમમાં કેટલા વર્ણાશ્રમવાળા જૈન હોય ?

સમાધાન—શુદ્ધદેવાદિની શ્રદ્ધાવાળા જૈનો ચારે વર્ણમાં હોઇ શકે છે.

પ્રશ્ન ૧૪૯—કોઇ અંત્યજ જૈનધર્મ પાળવા ઇચ્છે તો તમે કઇ રીતે મદદ કરી શકો ?

સમાધાન—શાસ્ત્ર અને વ્યવહારના બાધે તેને ભેળવીએ નહિ પણ તેઓના માટે અલગ મંદિર વગેરેની વ્યવસ્થા કરી શકાય.

પ્રશ્ન **૧૫૦**—યુરોપીયન, મુસલમાન વિગેરે દેહરામાં આવે છે તે યોગ્ય છે કે કેમ ?

સમાધાન—અંત્યજોની માફક તેઓનું પણ ઉચ્ચવર્ણવાળા માટે બનેલ જૈનમંદિરમાં આવવું ઇષ્ટ નથી, પણ રાજ્યસત્તાદિ કારણે આપણે તત્સંબંધી વધારે પ્રતિબંધ કરી શકતા નથી.

પ્રશ્ન **૧૫૧**—લૌકિક અને લોકોત્તર દષ્ટિમાં ભેદ શ્યો ?

સમાધાન—આ લોક કે પર લોક સંબંધી સુખની ઇચ્છા કે કુદેવ, કુગુરુ કે કુધર્મથી કે તેવામાંથી કલ્યાણની ઇચ્છાથી જે કાર્ય તે બધું લૌકિક ગણાય અને આત્મકલ્યાણની ઇચ્છા કે સુદેવ, સુગુરૂ ને સુધર્મની સાચી માન્યતાથી થતાં કાર્યો તે લોકોત્તર દષ્ટિમાં ગણાય.

પ્રશ્ન **૧૫૨**—પ્રભુમાર્ગની આરાધનાને મોક્ષ દેનાર માનવા છતાં તે આરાધના લૌકિક ઇચ્છાએ કરે તે લોકોત્તર મિથ્યાત્વ ખરું કે નહિ ?

સમાધાન—ભગવાન્ શ્રી નેમિનાથે ફરમાવેલ દ્વારકાના દાહની ભાવી આગાહીને અંગે તે ઉપસર્ગ ટાળવા ક્ષાયિક સમ્યક્ત્વવાળા શ્રી કૃષ્ણમહારાજે તપસ્યાદિ કરવા ફરમાવ્યું હતું, ને એ તપ વગેરે આફતથી બચવા માટે જ હતો. ત્યાં તેનો મિથ્યાત્વ ગણ્યું નથી, માટે સુદેવાદિની શ્રદ્ધાવાળાને તે કાર્યમાં મિથ્યાત્વ કહી શકાતું નથી.

પ્રશ્ન **૧૫૩**—રાવણ વિગેરેએ દેવદેવીઓની આરાધના કરી તે મિથ્યાત્વમાં ગણાય કે નહિ ? અને ચાલુ દેશીય પ્રવૃત્તિમાં ઉપવાસ વિગેરે કરે તો મિથ્યાત્વ ગણાય કે કેમ ?

સમાધાન—તે વખતમાં તે મિથ્યાત્વ નહોતું, કારણ કે તેઓ શ્રદ્ધાવાળા હતા ને જૈનશાસનની જાહોજલાલીવાળી તેમ જ સત્ય

વસ્તુસ્થિતિ સમજી શકનારા પુષ્કલ હતા. અને તેથી તેઓને મિથ્યાત્વ નહોતું. પણ આ વખતમાં ગાંધીની પ્રવૃત્તિને અંગે ઉપવાસાદિ ઘણા ભાગે લોકોત્તરની શ્રદ્ધા વિના જ કરે છે તો તેમાં મિથ્યાત્વ લાગે તો આશ્ચર્ય શું ? પોદ્‌ગલિક ઇચ્છા કરવા માત્રથી મિથ્યાત્વ લાગે તેમ નથી, પણ યથાર્થ તત્ત્વની માન્યતાનો અભાવ હોય તો મિથ્યાત્વ છે.

પ્રશ્ન ૧૫૪—શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર પાને ૩૪ મે લખે છે કે–'રાવણ તથા શ્રીકૃષ્ણ વિગેરેએ અપવાદ રૂપે કંઈક આરાધનાદિ કરેલ છે તેનું આલંબન લેવું ઉચિત નથી' આને અંગે આપ શું કહો છો ?

સમાધાન—તે આરાધના આ લોકના ફલની ઇચ્છાએ અને મિથ્યાત્વી દેવની કરેલી છે, પણ તેઓને (રાવણ વિગેરેને) જૈનશાસનની શ્રદ્ધા શુદ્ધ હોવાથી મિથ્યાત્વની વૃદ્ધિ આદિ દોષો માન્યા નથી, પણ આથી મિથ્યાત્વ ન લાગવાનું માની બીજાઓએ મિથ્યાત્વી દેવોની આ લોકના ફલની અપેક્ષાએ આરાધના કરવી નહિ, કેમકે તે વખતે આર્હતધર્મની અતીવ ઉત્કૃષ્ટતા હતી. તેથી તેવી આરાધના કરતાં છતાં મિથ્યાત્વની વૃદ્ધિ આદિ થયાં નહોતાં, પણ આ કાળમાં તો તેવો પ્રભાવ વિદ્યમાન ન હોવાથી જો મિથ્યાત્વી દેવની આરાધના કરવામાં આવે તો મિથ્યાત્વની વૃદ્ધિ આદિનો પ્રસંગ હોવાથી તેઓનું આલંબન લઈ મિથ્યાત્વી દેવની આરાધના આ લોકના ફલ માટે પણ કરવી નહિ.

પ્રશ્ન ૧૫૫—ઉપધાન વગર શ્રાવકોને નમસ્કારાદિક મહામંત્રના પાઠથી શું અનંતો સંસાર થાય છે ?

સમાધાન—નિયમ નહિ, સેનપ્રશ્ન-ત્રીજો ઉલ્લાસ, પાને ૪૪મે તેનો ખુલાસો છે. પણ નમસ્કારાદિક ભણનારે શક્તિ થાય ત્યારે જરૂર ઉપધાન વહેવા જોઇએ.

પ્રશ્ન ૧૫૬—ઉપધાન કરનાર જો રોહિણીનો તપ કરતો હોય અને રોહિણીના દિવસે ઉપધાન ક્રિયાને અંગે નીવીનો તપ આવે તો શું

કરવું ? છઠ્ઠ કરાવવાથી પણ મેળ મળતો નથી. તે દિવસે ઉપધાન કરનાર નીવી કરે તો તેનો રોહિણી તપ રહે કે ચાલ્યો જાય ? અગર આવા કારણવશાત્ બાધ નહિ એમ ખરૂં ? અથવા સાત વર્ષે જ્યારે રોહિણી તપ પૂરો થાય ત્યારે એક ઉપવાસ વધારે કરે તો ચાલે કે કેમ ?

સમાધાન—તેવો મનુષ્ય તપ પૂર્ણ થાય કે એક ઉપવાસ વધારે કરે.

પ્રશ્ન ૧૫૭—ચરમ તીર્થંકરના શ્રાવકો કેટલા ? ને તે સંખ્યા કોની અપેક્ષાએ છે ?

સમાધાન—કલ્પસૂત્રમાં જે એક લાખ ને ઓગણસાઠ હજારની સંખ્યા જણાવી છે તે ફક્ત પોતાને હસ્તે થયેલ (પોતાના જ ઉપદેશથી થયેલા) સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરતિ શ્રાવકોની છે. પહેલાંના તીર્થના અને તેમના શિષ્યાદિકથી થયેલા શ્રાવકોની સંખ્યા તો જુદી સમજવી.

પ્રશ્ન ૧૫૮—પ્રથમ કલ્પસૂત્ર સાધુ સમક્ષ વંચાતું હતું તે પૂર્વાચાર્યે સભા સમક્ષ વાંચ્યું તો તેઓ આરાધક કે વિરાધક ?

સમાધાન—શ્રી કલ્પસૂત્રની સભા સમક્ષ વાચના પૂર્વધરના વખતમાં થયેલી છે ને તે બાબત ભગવાન્ ચૂર્ણિકાર મહારાજના પહેલાંની હોવાથી તેઓશ્રી તે બાબતમાં સંમત થયા છે માટે તે સભા સમક્ષ કલ્પસૂત્રની વાચના કરનાર આચાર્ય વિરાધક નથી, પ્રતિગ્રામ શ્રી કલ્પસૂત્રનું પ્રતિપર્યુષણમાં વાંચન ગ્રંથો અને આદર્શો ઉપરથી ઘણા સૈકાઓ પહેલાંનું હોય એમ જણાય છે તેથી તેમાં પણ વિરાધકપણું જણાતું નથી.

પ્રશ્ન ૧૫૯—નગરીઓ ઉજ્જડ કરનારા રાક્ષસો તે કોણ ? તેઓ મનુષ્યનું ભક્ષણ કરી જતા હતા, રાજકુમારાદિ વિગેરેને હણી ખાઇ જતા હતા એવાં વર્ણનો જોતાં એ પ્રશ્ન થાય છે કે—રાક્ષસો જો વ્યંતરદેવ હોય તો તે કવલાહાર કરે નહિ તો મનુષ્યનું ભક્ષણ કેવી રીતે કરે ? તથા નિરુપક્રમ આયુષ્યવાળાનો ઘાત શી રીતે થાય ?

સમાધાન—રાક્ષસદ્વીપના મનુષ્યોને રામાયણાદિમાં રાક્ષસ તરીકે ગણાવ્યા છે, તો તે અપેક્ષાએ મનુષ્યની હિંસા તથા તેનું ભક્ષણ વિગેરે અસંભવિત નથી. રાક્ષસ નામની વ્યંતરજાતિની અપેક્ષાએ તો કેવલ પૂર્વભવની મિથ્યાત્વ અને વૃદ્ધિ પામેલી આહાર સંજ્ઞા માત્ર કારણ તરીકે ગણાય છે, પણ તેઓને કવલાહાર કે માંસાહાર તો ન જ હોય. નિરુપક્રમ આયુષ્યવાળા હણાય જ નહિ.

પ્રશ્ન ૧૬૦—ભાવદયા કોને કહેવાય ?

સમાધાન—કર્મક્ષયની ઇચ્છાથી માર્ગમાં જોડવાની ભાવના તે ભાવદયા છે.

પ્રશ્ન ૧૬૧—સમ્યક્ત્વ ને દેશવિરતિધર્મની સફળતા ક્યારે ?

સમાધાન—સર્વવિરતિધર્મની ભાવના હોય તો જ સમ્યક્ત્વ અગર દેશવિરતિધર્મની સફળતા છે, સર્વવિરતિની ઇચ્છા વગર નથી સમકિત કે નથી દેશવિરતિ, વીસ લાખ રૂપિયા નફો મળે તેવું મોતી ઝવેરી દેવા આવે ત્યારે લેવા માટે તલપાપડ થાય કે નહિ ? લઈ ન શકે તો વાત જુદી છે, પણ તે ન મળવાથી જરૂર બળ્યા કરે.

પ્રશ્ન ૧૬૨—ભાવદયા સમકિતીની, દેશવિરતની કે સર્વવિરતની ? કોની ગણાવો છો ?

સમાધાન—તમામની. કોઈની પણ લ્યો.

પ્રશ્ન ૧૬૩—એક તરફ પાણી હોય ને એક તરફ વનસ્પતિ હોય તો સાધુ કઈ તરફ ચાલે ?

સમાધાન—પાણીના જીવો સંઘટ્ટનમાત્રથી ઘણો ભાગ નાશ પામે છે, જ્યારે વનસ્પતિ માટે તેમ નથી. વળી જલમાં વનસ્પતિ વગેરે '**जत्थ जलं तत्थ वणं**' કહીને માનેલા છે, માટે જલનું સ્થાન જરૂર વર્જવું.

પ્રશ્ન ૧૬૪—અંત્યજ-સ્પર્શની બાબતમાં જૈનદર્શનની શી માન્યતા છે? શ્રી મલયગિરિજી મહારાજકૃત નંદીની વૃત્તિમાં ૧૭૨મા પાને ઉલ્લેખ છે કે લોકોમાં જે સ્પર્શાસ્પર્શની વ્યવસ્થા છે તે કાલ્પનિક છે, પારમાર્થિક નથીઃ આની સામે કયા શાસ્ત્રીય પ્રબળ પુરાવા છે? કદાચ કહેવામાં આવશે કે આ ઉલ્લેખ નિશ્ચય કે દ્રવ્યાર્થિક દૃષ્ટિથી છે, પણ ત્યાં વ્યવહાર દૃષ્ટિથી માને તો એની સામે, અંત્યજસ્પર્શ ન થાય એ વાતની સાબિતીમાં પ્રબલ પુરાવા કયા છે?

સમાધાન—શ્રીનન્દીવૃત્તિમાં સ્પર્શની વ્યવસ્થા 'પારમાર્થિક નથી' એવા કથનનો અર્થ 'વ્યવહારથી' છે એવો છે, અને પાળી શકાય તેટલા પૂરતો જ. તેનો ભાવાર્થ-અંત્યજ ચાલે છે તે ભૂમિ પર ચાલ્યા વિના છૂટકો નથી. તેના મુખમાંથી નીકળેલા ભાષાવર્ગણાના પુદ્ગલો સંભળાવાના જ છે, જો તે માથે ટોપલો ઉપાડીને જતો હોય અને તેમાં ફૂલ હોય તો તેની ગંધ આવવાની જ વિગેરે જેમાં વ્યવહારનું પાલન અશક્ય છે તેટલા પૂરતું જ એ કથનનું તત્ત્વ છે. એથી તેવાની સાથે *સ્પર્શ કરવાની કે વ્યવહારની છૂટને પુષ્ટિ મળતી નથી.* અર્થદીપિકા તથા અષ્ટકજીમાં સ્પષ્ટ પ્રમાણો છે ને તે સર્વ વ્યવસ્થામાં શરીરને લોકની અપેક્ષામાં માન્ય છે. તેમાં ભક્ષ્યાભક્ષ્ય ને શુચિઅશુચિની વ્યવસ્થાનું નિરૂપણ છે. દીક્ષા જેવા મોક્ષમાર્ગમાં પણ અસ્પૃશ્યતાનો દોષ જણાવીને શાસ્ત્રે અંત્યજો માટે ચારિત્ર દેવાનો નિષેધ કર્યો છે, માટે અસ્પૃશ્યતાને જૈનશાસ્ત્ર માનતું નથી એમ કહેવું તે સત્યથી વેગળું જ છે. '**કમ્મુણા ખત્તિઓ હોઇ**' એ વિગેરે વાક્યો પણ જેઓએ જેવાં જેવાં કાર્યો કર્યાં તેવા તેવા કાર્યોથી તે તે જાતો થઇ એમ જણાવે છે. તેવા વાક્યોથી અધમ કાર્યો કરવાથી અધમ, યાવત્ અસ્પૃશ્ય ગણાયેલાઓ ઉત્તમ કે સ્પૃશ્ય થાય તેવું કોઈ શાસ્ત્ર કહેતું નથી. અધમતાની પરાકાષ્ઠાથી જ અસ્પૃશ્યતા જન્મી છે નીચ ગોત્ર ને નીચ કુળની પરાકાષ્ઠા જ અસ્પૃશ્યતા છે. આર્યક્ષેત્રમાં આવેલા ને પૂર્વભવના મદ કરનારા માટે અસ્પૃશ્યતાની વાત સ્પષ્ટપણે શાસ્ત્રકારોએ જણાવેલી છે.

પ્રશ્ન ૧૬૫—સાધુઓ સદૈવ હિંસા બંધ કરવાનો (તજવાનો) ઉપદેશ આપે છે; સર્વથા હિંસાનો ત્યાગ ન બને તો છેવટે અનાવશ્યક હિંસાનો જરૂર ત્યાગ કરવા ફરમાવે છે. તેવી રીતે જીન, મીલ વિગેરેમાં બનતા કાપડમાં વધારે હિંસા થતી હોવાથી તથા ખાદીમાં ઓછી હિંસા હોવાથી પરદેશી તથા મીલનું કાપડ બંધ કરવાનો ઉપદેશ સાધુ કેમ ન આપી શકે ?

સમાધાન—રેલ્વે, મોટર, સ્ટીમર, વોર લોન, લોન જેવી અઘોર હિંસામય ક્રિયાઓની મદદગારીનો નિષેધ કર્યા વગર માત્ર વિદેશી કાપડ વિગેરેના જ ત્યાગની વાત કરવી (ઉપદેશ કરવો) તે દ્વેષમૂલક છે, અને ચળવળની જુમ્મેદારી આવવાનો તેમાં પ્રસંગ છે. અને રાત્રિભોજનના ત્યાગ વિના દિવસ સંબંધી ભોજનના ત્યાગ માટે, તેમ અભક્ષ્યત્યાગના ઉપદેશ વિના અન્નફલ આદિના ત્યાગ માટે ઉપદેશ આપવા જેવું પણ તે ગણાય. દેશની દૃષ્ટિએ વિચાર કરે તે જુદી વાત છે.

પ્રશ્ન ૧૬૬—કોઈ મનુષ્ય રાજકીય કે દેશદૃષ્ટિએ શુદ્ધ ખાદી (જે ઓછી હિંસાથી ઉત્પન્ન થાય છે) તે સિવાય બીજું કાપડ વાપરવું નહિ તેવી પ્રતિજ્ઞા લે તે પ્રતિજ્ઞા આશ્રવની કે સંવરની ? સાધુથી તેવી પ્રતિજ્ઞા આપી શકાય કે નહિ ?

સમાધાન—વર્તમાનમાં આવી પ્રતિજ્ઞા દ્વેષપોષક તથા ધર્મને બાધા કરનારી છે : સ્થાવર હિંસાના પચ્ચખ્ખાણ ઉપર જોર દઈ ત્રસ હિંસાની ઉપેક્ષા કરવા જેવી તે પ્રતિજ્ઞા છે.

પ્રશ્ન ૧૬૭—નવ ગ્રહોમાં સમકિતી કયા તથા મિથ્યાત્વી કયા ? કયા શાસ્ત્રના આધારે તે માનવું ? કાલા ગોરા ક્ષેત્રપાલ સમકિતી છે કે મિથ્યાત્વી ?

સમાધાન—ગ્રહોના વિમાનોમાં શાશ્વત જિનચૈત્ય હોવાથી અને આશાતના તેઓ ટાળતા હોવાથી તથા દીક્ષા પંચાશકમાં અને પ્રતિષ્ઠા-

વિધિમાં ગ્રહોનાં આહ્‌વાન તથા નન્દીસ્તવમાં ધર્માનુષ્ઠાનમાં ગ્રહોની સાક્ષી ગણવાથી તે સમકિતી હોય તેમ સંભવે છે. કાલા ગોરા નામના ક્ષેત્રપાલ-ભૈરવનો કોઇ તેવા મુખ્ય ગ્રંથોમાં લેખ નથી.

પ્રશ્ન ૧૬૮—નવ ગ્રહોને માનવા કે નહિ?

સમાધાન—સાધર્મિક તરીકે માનવામાં અડચણ જણાતી નથી.

પ્રશ્ન ૧૬૯—દશ દિક્‌પાલમાં સમકિતી કયા? મિથ્યાત્વી કયા? કયા શાસ્ત્રના આધારે એ માનવું? એમને માનવા કે નહિ?

સમાધાન—નન્દીસ્તવ આદિને આધારે દશ દિક્‌પાલોને પણ સમકિતી માનવામાં અડચણ નથી.

પ્રશ્ન ૧૭૦—સોળ વિદ્યાદેવીઓમાં સમકિતી કઇ અને મિથ્યાત્વી કઇ? તથા એ દેવીઓને માનવી કે નહિ? માનવી તો કયા શાસ્ત્રના આધારે?

સમાધાન—વિદ્યાદેવીઓમાં સમકિતી કે મિથ્યાત્વીનો ઉલ્લેખ સ્પષ્ટપણે ખ્યાલમાં નથી. પણ શ્રી શોભનમુનિકૃત સ્તુતિઓમાં તે દેવી-ઓની સ્તુતિઓ હોવાથી સમ્યગ્‌દૃષ્ટિ હોય પણ તેથી લોકોમાં મનાતી દેવીઓને મનાય નહિ, કારણ કે–તેઓની ક્રિયા જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ છે.

પ્રશ્ન ૧૭૧—જંઘાચારણ તથા વિદ્યાચારણ મુનિરાજોને પાંચ જ્ઞાન-માંથી કેટલા જ્ઞાન પ્રાપ્ત થાય? તે શાસ્ત્રના નામ, પાઠ પુરાવા સાથે જણાવશો.

સમાધાન—જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓને ચાર જ્ઞાન હોઇ શકે; કેવલજ્ઞાન તો લબ્ધિ ઉત્સુકતાવાળાને હોય જ નહિ એમ ભગવતીસૂત્રમાં એમનો અધિકાર જોવાથી સ્પષ્ટ માલુમ પડશે.

પ્રશ્ન ૧૭૨—તત્ત્વાર્થમાં તેઉકાય અને વાઉકાયને ત્રસકાય કહ્યા (જણાવ્યા) છે તે કેવી રીતે?

સમાધાન—આચારાંગવૃત્તિ, જીવાભિગમ, અને તત્ત્વાર્થાદિ શાસ્ત્રોમાં જે તેઉકાય–વાયુકાયને ત્રસ તરીકે ગણાવ્યા છે તેનું કારણ એ છે કે જ્વાલા વિગેરે તેઉકાય અને પૂર્વ દિશાના વાયરા વિગેરે પ્રત્યક્ષ રીતે ચાલતા દેખાય છે. પણ તે ચલન તેમનું સ્વાભાવિક હોવાથી અને સુખની પ્રાપ્તિ માટે કે દુઃખ દૂર કરવા માટેની ઇચ્છાપૂર્વક ન હોવાથી તેમને બીજી જગોએ સ્થાવર ગણ્યા છે. ત્રસના બે પ્રકાર છે. એક લબ્ધિત્રસ અને બીજા ગતિત્રસ; તેમાં આ તેઉ અને વાઉ ચાલવા માત્રથી ગતિરૂપે ત્રસ ગણાય છે.

પ્રશ્ન ૧૭૩—તીર્થંકરભગવાનના શાસનના યક્ષ–યક્ષિણી કયા પ્રકારના દેવતા છે ?

સમાધાન—મુખ્યતાએ તેઓ વ્યંતરનિકાયના હોય છે.

પ્રશ્ન ૧૭૪—ખસખસ કાયમ અભક્ષ્ય છે કે કેમ ? ફાગણ ચોમાસા પછી, ચૂલે ચઢ્યા પછી ખસખસ નાંખેલી ચીજ સાધુને ખપે કે નહિ ?

સમાધાન—બારે માસ રાંધતી વખતે ચૂલા ઉપર જ નાંખેલી ખસખસવાળી વસ્તુ સચિત્ત પરિહારીને ખપી શકે છે. તલ વિગેરેની માફક અતિચારમાં અભક્ષ્ય ગણાય છે, તે બહુબીજ કે સૂક્ષ્મબીજની અપેક્ષાએ છે.

પ્રશ્ન ૧૭૫—વાસ્તવિક વિનયનું સ્વરૂપ શું છે ?

સમાધાન—ગુણવાનોને આવતા જોઈ ઉભા થવું, આસન આપવું આદિરૂપે જે ગુણો અને ગુણીઓનું બહુમાન કરાય તે વિનય કહેવાય, વિનયનો ભાવાર્થ તો શાસ્ત્રકારોએ તે જ કહ્યો છે કે–'**विनीयन्ते अनेन कर्माणि इति विनयः**' જેના વડે કરીને કર્મોને દૂર કરાય (એટલે જે ક્રિયા કર્મોનો નાશ કરે) તે વાસ્તવિક વિનય કહેવાય છેઃ કર્મક્ષયાદિની ભાવના વિના અભવ્યાદિએ કરેલ વિનય તે વાસ્તવિક વિનય નથી.

પ્રશ્ન ૧૭૬—મૃગઆદિ જીવહિંસાના પ્રસંગથી બચવા માટે, તેવા પ્રસંગે શાસ્ત્રકારોએ શી રીતે બોલવાની રજા આપી છે?

સમાધાન—સાધુએ મૃગ વિગેરેને જોયા છતાં પણ, શીકારી માણસ સાધુને પૂછે ત્યારે, જીવોના રક્ષણાર્થે, જીવહિંસાના પ્રસંગથી બચાવ અર્થે જોનાર સાધુ પહેલાં મૌન રહે. છતાં જો બોલવાનો વખત જ આવે તો શાસ્ત્રકારો સાફ સાફ (સ્પષ્ટતયા) ફરમાવે છે કે–**'जाणंतोऽवि 'नो जाणामि'त्ति वएज्जा'** એટલે જાણતો થકો પણ 'હું નથી જાણતો' એમ કહી દે. આ રીતે શાસ્ત્રકારો હિંસાથી બચવાનું મૃષાવાદના યોગે પણ આવશ્યક ગણે છે.

પ્રશ્ન ૧૭૭—'वा' શબ્દ ન મૂક્યો હોય તો પણ **वा** નો અર્થ લઈ શકાય ખરો?

સમાધાન—હા. 'वा' શબ્દ ન મૂક્યો હોય તો પણ **वा** નો અર્થ લઈ શકાય, કારણ કે 'वा' શબ્દ વ્યાકરણમાં चादि ગણનો છે, ને તે માટે હૈમવ્યાકરણમાં **'चादयोऽसत्त्वे' चादि** અવ્યયો અસત્વ-પણામાં હોય, તો અવ્યય કહ્યા છે અને તે બધાએ चादि અવ્યયો **स्वरादिनी** માફક વાચક નહિં પણ દ્યોતક ગણ્યા છે. શબ્દ ન હોય તો પણ અર્થ કહેનારા હોવાથી દ્યોતક ગણાય છે. જુઓ–**'स्वरादयो हि स्वार्थस्य वाचका न तु चादिवत् द्योतकाः'** સ્વરાદિ અવ્યયો વાચક એટલે શબ્દ હોય તો જ અર્થ કહે, પણ **च** આદિ અવ્યયોની માફક દ્યોતક એટલે શબ્દ વિના અર્થને કહેનાર નથી. માટે **चादि** ગણમાં જેટલા અવ્યયો છે તેનો શબ્દપ્રયોગ ન હોય તો પણ તેમનો અર્થ લઈ શકાય ને **वा** તો **चादि** ગણમાં જ છે. તેથી **'वा'** શબ્દ ન મૂક્યો હોય તો પણ તેનો અર્થ કરવામાં કોઇ પણ જાતનો વાંધો નથી.

પ્રશ્ન ૧૭૮—આગમ એ વાયરલેસ–ટેલીગ્રાફ અને ગુરૂ એ તેના માસ્તર કેવી રીતે ગણાય?

સમાધાન—જેમ ઈંગ્લાંડ વગેરેથી આવેલા વાયરલેસ-ટેલીગ્રાફનો સંદેશો માસ્તર આપણને જણાવે છે, (પહોંચાડે છે) તેવી જ રીતે તીર્થંકરદેવોએ પાઠવેલા શાસ્ત્રરૂપ સંદેશ પણ મુનિરૂપ માસ્તરો સંભળાવે છે.

પ્રશ્ન ૧૭૯—અભવ્ય પાંચ પરમેષ્ઠિને માને કે કેમ ?

સમાધાન—અભવ્યજીવ અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ આ ચાર પરમેષ્ઠિને પ્રત્યક્ષ છે માટે કદાચ માને, પણ સિદ્ધ (મોક્ષ) પદ પ્રત્યક્ષ નથી, તેથી સિદ્ધપદને તો માને જ નહીં, કોઈપણ છદ્મસ્થ એ સિદ્ધોનો સાક્ષાત્કાર કરી શકતો નથી, માટે અભવ્ય સિદ્ધને માને નહિં, અને સિદ્ધપણું નહિ માનવાથી જ તેને મોક્ષની ઈચ્છા થાય જ નહીં, ને તેથી જ અભવ્યને વધારેમાં વધારે આઠ તત્ત્વોની જ શ્રદ્ધા હોય.

પ્રશ્ન ૧૮૦—જૈનમતવાળાની જેમ અન્યમતવાળાઓ વિનયમૂળ ધર્મ માને છે કે નહિ ?

સમાધાન—જેમ જૈનમતવાળા વિનયમૂલ ધર્મ માને છે તેમ અન્યમતવાળા માનતા નથી, પણ તેઓ મુખ્યતાએ શૌચ (પવિત્રતા ચોખ્ખાઈ) મૂલધર્મ માને છેઃ અન્યમતવાલાઓ શૌચને ધર્મ માને છે, એ અધિકારને અંગે શ્રી કલ્પસૂત્રના ગણધરવાદમાં જણાવવામાં આવ્યું છે કે-'જે માણસના શબને વિષ્ઠા સહિત બાળવામાં આવે છે તે શિયાળીઓ થાય' માટે જ ન્હવરાવીને પવિત્ર કરીએ તો જ મરનારની ગતિ સારી થાય એમ તેઓ માને છે. બાહ્યશુચિ હોય કે ન હોય પણ શ્રી જૈનમત પ્રમાણે મરનારની ભાવના ઉપર જ ગતિનો આધાર રહે છે.

પ્રશ્ન ૮૧—તીર્થંકરપદવીમાં થતા સત્કાર-સન્માનની ઈચ્છાપૂર્વક જો કોઈ વીસસ્થાનક આરાધે તો તીર્થંકર થાય કે કેમ ?

સમાધાન—તીર્થંકરપદવીમાં થતા સત્કાર-સન્માનની ઈચ્છાએ વીસસ્થાનકને આરાધનાર જીવ તીર્થંકર થઈ શકતોજ નથી. પૂજાની ઇચ્છાએ વીસસ્થાનકની આરાધનાને શાસ્ત્રકારો નિયાણું ગણે છે તીર્થંકર તેજ વીસસ્થાનકને આરાધનાર થઈ શકે કે જે સમ્યગ્દર્શનયુક્ત હોય, તીર્થંકરપદવીમાં થતી દેવપૂજા આદિની ઈચ્છા વગરનો હોય, અને 'સવિ જીવ કરૂં શાસન (સંયમ) રસી' એ એકજ ધ્યેયબિન્દુ ધરાવનારો હોય; 'તમામ જીવોને સંયમમાર્ગે દોરૂં, મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયાણ કરનારને સહાય કરૂં' એ ભાવનાવાળો, એટલે મોક્ષ પ્રત્યેજ જેની સાધ્યદૃષ્ટિ હોય તેજ આરાધક તીર્થંકર થઈ શકે છે.

પ્રશ્ન ૧૮૨—ગણધરદેવોએ ગુંથેલી (રચેલી) દ્વાદશાંગી અને ચૌદપૂર્વ ઉપર તીર્થંકરમહારાજનો સિક્કો છે એમ શા ઉપરથી માનીએ?

સમાધાન—શ્રી જિનેશ્વરો સર્વ ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામીને જે વખતે ઉપદેશ આપે છે તે વખતે જે જીવો ગણધર થવાના હોય તે એકદમ ઉજમાળ થઈને ભગવાન્ પાસે ચારિત્ર લે છે અને તેજ વખતે શ્રી તીર્થંકરો ગણધરોને ત્રિપદી કહે છે, તે પામીને ગણધરનામકર્મના ઉદયથી તેઓને એવી રીતનો અદ્વિતીય ક્ષયોપશમ થાય છે કે જેથી તેઓ અંતર્મુહૂર્તમાં બાર અંગ અને ચૌદ પૂર્વોની રચના કરે છે, એ રીતે ચૌદપૂર્વ અને દ્વાદશાંગીની રચના થયા પછી તીર્થંકરો ઉભા થઈ હાથમાં વાસની મુઠી ભરીને અનુજ્ઞા કરે છે, અને તે અનુજ્ઞારૂપ ક્રિયાજ તીર્થંકરમહારાજનો સિક્કો છે. જો એમ ન હોય અને રચનામાં એક અક્ષર, માત્રા કે હ્રસ્વદીર્ઘની પણ ભૂલ રહી હોય તો, શ્રી જિનેશ્વરો કેવલજ્ઞાની છે, તેમનાથી કંઈ પણ છાનું રહેતું નથી માટે તેઓ તરત ભૂલ સુધારવાનું કહી દે. સદંતર ભૂલ વગરની રચના હોય તોજ અનુજ્ઞારૂપી સિક્કો તેઓ મારે.

પ્રશ્નો ૧૮૩—પરમાધામી દેવતાઓ ભવ્ય છે કે અભવ્ય? અને તેઓ ચ્યવીને કઈ ગતિએ જાય?

સમાધાન—પરમાધામીઓ ભવ્ય છે. તેઓ મરીને અણ્ડગોલિક નામના મનુષ્યો થાય છે. ત્યાં પરમાધામીનો અધિકાર લોકપ્રકાશ આદિ ગ્રંથોથી જાણી લેવો.

પ્રશ્ન ૧૮૪—શ્રી મલ્લીકુમારી શ્રી મલ્લીનાથ નામે તીર્થંકર થયા તેમની વૈયાવચ્ચ આદિ સાધુ કરે કે સાધ્વી ? અને સાધુસાધ્વીઓ વંદન કેવી રીતે કરે ?

સમાધાન—શ્રી મલ્લીનાથ મહારાજની સેવા શુશ્રૂષા સાધ્વીઓ કરે, સાધ્વી નજીકમાં રહીને વંદન કરે' પણ સાધુઓ તો યોગ્ય અવગ્રહમાં (દૂર) રહીને જ વંદન કરે.

પ્રશ્ન ૧૮૫—શ્રી મલ્લીનાથ મહારાજની પર્ષદાની બેઠક બધા તીર્થંકરોની જેમજ હોય કે ફેરફાર ખરો ?

સમાધાન—શ્રી મલ્લીનાથજીની પર્ષદાની બેઠક પણ બધા તીર્થંકરોની જેમજ હોય, એમાં ફેરફાર હોય નહિ.

પ્રશ્ન ૧૮૬—પહેલી પોરિસીએ શ્રી તીર્થંકર મહારાજ દેશના આપે અને બીજી પોરિસીએ શ્રી તીર્થંકર મહારાજના પાદપીઠ ઉપર બેસીને ગણધર મહારાજ દેશના દે. શ્રી મલ્લીનાથ તીર્થંકર સ્ત્રીવેદે હોવાથી ગણધર મહારાજ પાદપીઠ ઉપર બેસે તો '**निसीज्जा**' નામની ત્રીજી વાડ (સ્ત્રી જે આસને બેઠી હોય તે આસને બ્રહ્મચર્ય ધારણ કરનાર પુરૂષ બે ઘડી પછી બેસે અર્થાત્ બે ઘડી પહેલાં ન બેસે એ ત્રીજી વાડ) સચવાય નહિ માટે ગણધર મહારાજ પાદપીઠ ઉપર બેસીને દેશના દે કે કેમ ?

સમાધાન—શ્રી તીર્થંકરોનો અને ગણધરોનો તથાપ્રકારનો કલ્પ હોવાથી તીર્થંકરના પાદપીઠ ઉપર બેસીને ગણધર મહારાજ બીજી પોરિસીએ દેશના દે એમાં ત્રીજી નિષદ્યા (આસન) નામની વાડને બાધ આવતો નથી, એક વાત. બીજી વાત એકે–પાદપીઠ (પગસ્થાપન કરવાનો

બાજોઠ) એ નિષદ્યા કહેવાય નહિ કારણ કે જ્યાં પલાંઠી વાળીને બેસે અથવા પૂંઠ આદિ નીચેનો ભાગ ભૂમિને અડે (સ્પર્શે) તેવી રીતે બેસે તો તે નિષદ્યા ગણાય અને તેવા આસન ઉપર બ્રહ્મચર્યને ધારણ કરનાર બેસી શકે નહિ, આ અપેક્ષાએ પણ આવી રીતની નિષદ્યાનો અભાવ હોવાથી ત્રીજી વાડને કોઈપણ જાતનો વાંધો આવતો નથી, તેમજ ભગવાનને મોહનીય–કર્મ ક્ષય કરેલ હોવાથી શરીરનો કોઈપણ અવયવ કોઈપણ આસનને સ્પર્શે છતાં તે આસનપર બ્રહ્મચારી બેસે તો વાંધો આવેજ નહિ.

પ્રશ્ન ૧૮૭—શૈવ, વૈષ્ણવ, અને જૈન એ શબ્દોનો અર્થ શો ?

સમાધાન—'**शिवो देवता अस्य इति शैव:**' '**विष्णुर्देवता अस्य इति वैष्णव:**' તેવીજ રીતે '**जिनो देवता अस्य इति जैन:**' આવી રીતે શિવ, વિષ્ણુ અને જિન (તીર્થંકર) દેવતા (દેવ)ને માનનારા જે કોઇપણ હોય તે અનુક્રમે શૈવમતવાળા, વૈષ્ણવમતવાળા અને જૈન-મતવાળા કહેવાય છે. શૈવાદિક શબ્દો તદ્ધિત પ્રકરણના, દેવતાના અર્થમાં આવતા સૂત્રમાં સૂચિત **अण्** પ્રત્યયથી બનેલા છે.

પ્રશ્ન ૧૮૮—અવિનીતનું ચારિત્રપાલન એને ફાયદો આપે કે નહિ ?

સમાધાન—જેનામાં વિનયરૂપી, ધર્મનો મૂલગુણ આવ્યો ન હોય તે ભલે પછી અહિંસા, સત્ય આદિ પંચમહાવ્રતોને પાલતો હોય તો પણ મૂલ વગરના વૃક્ષની જેમ તે નકામું છે, છતાંયે દ્રવ્યક્રિયાથી સંસારિક સુખો મળે પણ મોક્ષપ્રાપ્તિ ન થતી હોવાથી તે દૃષ્ટિએ તેનું ચારિત્ર નકામું છે.

પ્રશ્ન ૧૮૯—અભવ્ય તો બરાબર વિનય કરે છે છતાં એને મોક્ષ કેમ મળતો નથી ?

સમાધાન—અભવ્યનો વિનય બહારથી તો એવો દેખાય કે ઉચ્ચ ચારિત્રવાળા ભવ્યોને પણ ચક્કરમાં નાંખે, પણ પોતે અંદરમાં કોરો

ધાકાર હોય છે. આ અભવ્યનો વિનય વાસ્તવિક નથી માટે જ તેને મોક્ષ મળતો નથી.

પ્રશ્ન ૧૯૦– સાધુના પરિચયના અભાવે આત્મા સમ્યક્ત્વાદિથી ભ્રષ્ટ થાય એમ કહેવાય છે તો ભ્રષ્ટ થયાના કોઈ દાખલા છે ?

સમાધાન—નંદન મણીઆર પરમ શ્રાવક હતો, સખ્ત ઉન્હાલામાં પણ ચૌવિહાર અઠ્ઠમ કરી તે ત્રણે દિવસ પૌષધ કરતો હતો, આવો શ્રાવક પણ સાધુપરિચયના અભાવે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વ પામી અને મરીને દેડકા તરીકે અવતર્યો. આવી રીતે સાધુપરિચયના અભાવે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયાના ઘણા દાખલા છે. માટે ભાગ્યશાળીઓએ પોતાના સમ્યક્ત્વાદિ ગુણો ટકાવવા માટે જ્યાં મુનિમહારાજાનું વ્યાખ્યાન સમાગમ વિગેરે થતો હોય ત્યાં જ રહેવું વ્યાજબી છે.

પ્રશ્ન ૧૯૧—કેવી પ્રવૃત્તિને દ્રવ્ય-ચારિત્ર કહેવાય ?

સમાધાન—શ્રી જિનેશ્વરમહારાજના કથન મુજબનાં સાધ્ય મોક્ષપ્રાપ્તિ, કેવલજ્ઞાનની ઉત્પત્તિ, આત્મકલ્યાણ વગર જે પ્રવૃત્તિ થાય તે દ્રવ્ય-ચારિત્ર કહેવાય.

પ્રશ્ન ૧૯૨—અશુદ્ધિવાળી ક્રિયા દ્રવ્ય-ક્રિયા કહેવાય કે નહિ ?

સમાધાન—સૂત્રકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજીએ કરેલી ધર્મસંગ્રહણીની ટીકામાં શ્રી મલયગિરીજી મહારાજ લખે છે કે-બુદ્ધિની ઓછાશથી, સમજણની ખામીથી, તેવા પ્રકારના સંયોગની અનુકૂળતા આદિકના અભાવે થતી અશુદ્ધિવાળી ક્રિયા દ્રવ્ય-ક્રિયા કહેવાય નહીં. પણ ક્રિયા કરનાર જો શુદ્ધિ તરફ બેદરકાર હોય, શુદ્ધ-ક્રિયા કરનાર પ્રત્યે અરૂચિભાવને ધારણ કરનારો હોય તો તેની અશુદ્ધ-ક્રિયા તે દ્રવ્યધર્મરૂપ હોઈ દ્રવ્ય-ક્રિયા કહી શકાય.

પ્રશ્ન ૧૯૩—આ પંચમકાલમાં ક્ષાયિક-સમકિત પામી શકાય કે કેમ ?

સમાધાન—ક્ષાયિક-સમ્યક્‌ત્વ સર્વજ્ઞદેવોના સમયમાં જ થતું હોવાથી આ કાલમાં પામી શકાય જ નહિ.

પ્રશ્ન ૧૯૪—રાઇતું કરવામાં દહીંને કેટલું ગરમ (હાથ દાઝે તેટલું કે ફાટી જાય તેટલું) કરવું કે જેથી કઠોળ મળવાથી દ્વિદલ ન થાય ?

સમાધાન—શીતપણું સ્પષ્ટ ન રહે. અર્થાત્ ઉષ્ણ સ્પર્શવાળું થાય.

પ્રશ્ન ૧૯૫—ઉપધાનનાં પોસહ પડિલેહણ આદિના આદેશો આપ્યા પછી અનુષ્ઠાનની ક્રિયા જ્યારે શરૂ કરીએ ત્યારે ઇરિયાવહીયાની જરૂર ખરી કે પ્રથમની ઇરિયાવહીથી ચાલે ?

સમાધાન—ક્રિયાભેદની અપેક્ષાએ જરૂર ખરી. સાધુઓ પડિલેહણ આદિ કરીને પવેયણા માટે ઇરિયાવહી કરે છે.

પ્રશ્ન ૧૯૬—મુટ્ઠીસહીઅં પચ્ચખ્ખાણ પારવામાં 'ફાસિયં પાલિયં' વિગેરે આદેશો બોલીને મુઠ્ઠસી પચ્ચખ્ખાણ પારવું કે માત્ર નવકારથી ચાલે ?

સમાધાન—આદેશો બોલીને પરાય તો સારું, નવકારથી પણ ચાલે.

પ્રશ્ન ૧૯૭—મુઠ્ઠસી પચ્ચખ્ખાણ પાર્યા પછી પૌષધવાળો જ્યારે જ્યારે પાણી વાપરે ત્યારે ત્યારે નવકારની જરૂર ખરી કે કેમ ?

સમાધાન—સ્મરણ માટે ભલે નવકાર ગણે, છુટો હોવાથી પચ્ચક્ખાણને પારવા માટે કે તેને અંગે જરૂર નથી.

પ્રશ્ન ૧૯૮—નલિનીગુલ્મ-વિમાન કયા દેવલોકમાં આવ્યું ? ને ત્યાં સાધુપણાથી જ જવાય એમ કેમ ?

સમાધાન—પ્રાયે સેનપ્રશ્નના કથન પ્રમાણે સૌધર્મ-દેવલોકમાં નલિનીગુલ્મ-વિમાન છે. આર્યસુહસ્તિસૂરિજીએ અવન્તીસુકુમાલને નલિનીગુલ્મમાં જવા માટે સાધુપણું કારણ તરીકે જણાવ્યું, તેનું કારણ એમ

સમજાય છે કે બારે દેવલોકે સમકિતી ને દેશવિરતિવાળા જઈ શકે છે. છતાં અવન્તીસુકુમાલનુ જીવન તે વખતે એક દિવસનું બાકી હતું, ને તેટલા કાલમાં તે સ્થિતિ મેળવવા માટે-'**एगदिवसंपि० अवस्स वेमाणिओ होइ**' એ ઉપદેશમાલાની ગાથા પ્રમાણે સાધુપણું જ જરૂરી હોય ને તેથી તેમ કહ્યું હોય.

પ્રશ્ન ૯૯—સાધુને ખાવામાં નિર્જરા છે કે કેમ ? '**जयं चरे जयं चिट्ठे**' એ ગાથાથી શું સમજવું ?

સમાધાન—ખાવામાં આશ્રવ છે. તેરમાં ગુણસ્થાનક સુધી આશ્રવ છે. પણ ખાતાં સ્વ-પરના વિવેકપૂર્વક કર્મબંધથી ડરતો રહે તો નિર્જરા વધે. જેમ વેપારીને દુકાન વિગેરેનું ખર્ચ ચાલુ છે, પણ જેસ-ભેર આવકમાં ખર્ચ ખર્ચરૂપે ગણાતું નથી, અર્થાત્ આવકરૂપ નિર્જરામાં આશ્રવરૂપ ખર્ચ તે ખર્ચરૂપ નથી, એટલે આશ્રવ ને નિર્જરા બન્ને થાય ખરા, પણ સંયમનિર્વાહ, અલોલુપતા, કર્મભય આદિથી થતી નિર્જરા વધી જાય, દશવૈકાલિકની '**जयं चरे जयं चिट्ठे**' એ ગાથા તો કટુવિપાકરૂપ કર્મબંધનના નિષેધ માટે છે.

પ્રશ્ન ૨૦૦—પાંચ સ્થાપનાનું કારણ શું ?

સમાધાન—પ્રતિક્રમણની ક્રિયામાં દેવવંદનાદિની વખતે પંચપરમેષ્ઠિ ગણાય ને બાકીના ટાઈમે પાંચ આચારો અથવા ગણધરો પૈકી પાંચમા શ્રી સુધર્માસ્વામિજીની મુખ્યતા લેવાય.

પ્રશ્ન ૨૦૧—તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી તેનો અબાધાકાલ તો અંતર્મુહૂર્તનો છે, જ્યારે જિનેશ્વરોને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી તેનો ઉદય તો તેરમે ગુણઠાણે આવે છે. તે કેવી રીતે ? કારણ કે તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી વચમાં ઘણો કાલ વીતી જાય છે ?

સમાધાન—બાંધ્યા પછી અંતર્મુહૂર્તે ઉદય થાય, એટલે તે પછી જે જે ભવમાં જાય ત્યાં ઉત્તમતા વેદે. એટલે તેના ઉદયમાં **પ્રદેશની મુખ્યતા**

અને રસની ગૌણતા. શ્રી પ્રશ્નચિંતામણી આદિ ગ્રંથમાં જણાવે છે કે– અપ્કાયમાં તે જીવ જાય તો ઉત્તમતીર્થના પાણીમાં જાય, તેમજ તેઉમાં હોય તો પ્રભુમંદિરમાં દીપકાદિ રૂપે, અને વાઉ આદિમાં હોય તો પ્રભુના અંગે સ્પર્શે, અને વનસ્પતિમાં જાય તો કલ્પવૃક્ષાદિમાં જાય, પણ જગત્‌ના ઉદ્ધારની ભાવનાએ બાંધેલ હોવાથી તે તો શક્તિ અને પ્રવૃત્તિ તેરમે ગુણઠાણે છે, ને ત્યાં જ ફલ રૂપે પ્રાપ્તિ છે, ત્યાં **રસ ને પ્રદેશ બન્નેની મુખ્યતા છે.**

પ્રશ્ન ૨૦૨—અભવી તે અભવ્ય તથા ભવ્યની પ્રરૂપણા કરે કે નહિં ?

સમાધાન—તે ભવ્ય, અભવ્ય, મોક્ષ આદિ સર્વ વિષયોની પ્રરૂપણા કરે, પણ તે હૃદયગત માને નહિં. શાહુકાર બની બેઠેલ ચોર જેમ શાહુકારી ને ચોરીનું વર્ણન કરે. તે પ્રમાણે અભવી પણ સર્વવિષયોની પ્રરૂપણા કરે.

પ્રશ્ન ૨૦૩—સમ્યક્ત્વ એટલે શું ?

સમાધાન—તત્ત્વાર્થની સદ્દહણા તત્ત્વની શ્રદ્ધા તે સામાન્યે સમ્યક્ત્વ છે. પણ **તત્ત્વને સંગત અર્થ અને તેના રહસ્યમાં તદ્રૂપ વર્તવાના મનોરથ તે સંવરાદિરૂપે સમ્યક્ત્વ.** સ્વ (રત્નત્રયી) ની રૂચિ ને પરની અરૂચી હોવીજ જોઇએ.

પ્રશ્ન ૨૦૪—જેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું અને સંયોગવશાત્ વિખરાઇ ગયું તો તે ફરીથી બાંધે ?

સમાધાન—હા, બાંધે.

પ્રશ્ન ૨૦૫—બારે દેવલોક, ભવનપતિ, (વ્યંતર) અને જ્યોતિષમાં પ્રતિમાઓનાં માન સરખાં છે કે ન્યૂનાધિક ?

સમાધાન—ત્યાં જઘન્યમાં સાત હાથ, અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય, પ્રમાણવાળી મૂર્તિઓ હોય છે.

પ્રશ્ન ૨૦૬—દિગમ્બરની માન્યતા શી છે? અર્થાત્ મુખ્યતયા ભેદ શો છે?

સમાધાન—દિગમ્બરોની મુખ્ય માન્યતા એ છે કે-સ્ત્રીને સ્ત્રીલિંગ પણામાં સિદ્ધિ નથી, કેવલી આહાર કરે નહિં, દેશનાને ધ્વનિ માત્ર માને છે, શાસ્ત્રોમાં વર્તમાન તીર્થંકર કે ગણધરનું કાંઇ નથી, એમ માને છે. ઉપકરણ માનતા નથી, અર્થાત્ ઉપકરણને અધિકરણ માને છે.

પ્રશ્ન ૨૦૭— સમ્યક્ત્વ પછી નવકારમંત્ર ગણે તો કેટલા સાગરોપમ તૂટે. અને સમ્યક્ત્વ વગર ગણે તો કેટલા સાગરોપમ તૂટે?

સમાધાન--સ્પષ્ટ ઉલ્લેખ શાસ્ત્રોમાં નથી.

પ્રશ્ન ૨૦૮—મોક્ષના ધ્યેયથી થતું ચારિત્ર ભાવ–ચારિત્રજ છે. પણ પૌદ્ગલિક ઇચ્છા આવી જાય તો શું ભાવ–ચારિત્ર નથી?

સમાધાન—આત્મકલ્યાણનું ધ્યેય ચૂકીને જો પોદ્ગલિક ઇચ્છા થાય તો તે દ્રવ્ય–ચારિત્ર કહેવાય, મોક્ષમાર્ગના ધ્યેયથી આહાર, ઉપાશ્રય, ઉપધિ, વિગેરેની ઇચ્છાએ અગર તપસ્યાદિકે કરીને શરીર-સંઘ આદિના રક્ષણ માટે કરાય તે દ્રવ્ય–ચારિત્ર કહેવાય નહિ.

પ્રશ્ન ૨૦૯—શું પુણ્ય એ વસ્તુતઃ વળાવારૂપ છે, અને જો વળાવારૂપ હોય તો ઝંખના કરવી તે સ્થાને છે?

સમાધાન—મોક્ષના ધ્યેયવાળો સંવર–નિર્જરા માટે નિરંતર ઉદ્યમી હોય, તેને યોગ્ય પુણ્યપ્રકૃતિ આપોઆપ આવે છે, રાજાનો સંઘ નીકળ્યો એમ સાંભળીને જેમ લોકો ગામેગામ સગવડ કરે અને સર્વસંરક્ષણ વગર માગે મળે.

મોક્ષના ધ્યેય વગરના તથા મોક્ષની લાયકાત વગરના ભવ (દેવતા, નારકી વિગેરે)માં રહેલા જીવોને મનુષ્યપણાદિકના કારણભૂત પુણ્ય-પ્રકૃતિની ઝંખના જરૂરી છે. જેમ નજીવા માણસના સંઘમાં વળાવા,

તેમજ બીજી સગવડોની પહેલેથી જ ગોઠવણની જરૂર પડે છે. તેવી રીતે સંવર, નિર્જરાના ધ્યેય વગરના લોકો પુણ્યરૂપ વળાવાની ઝંખના કરે છે.

પ્રશ્ન ૨૧૦—અજ્ઞાનતાથી લીધેલી દીક્ષામાં લાભ શો ?

સમાધાન—અજ્ઞાનતાથી ગોળ ખાય તો પણ ગળ્યો લાગે, અણસમજથી ઝેરને તિલાંજલી આપે તો જીવે, તેવી રીતે અજ્ઞાનતાથી પણ કલ્યાણકારી દીક્ષા જરૂર ફાયદો કરે છે.

પ્રશ્ન ૨૧૧—દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય અને તેનું નિરૂપણ કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન—પુત્ર, પતિ આદિના મરણથી, કે તેવા અનિષ્ટ સંયોગથી, વિખવાદપૂર્ણ, આત્મહત્યાદિ કરાવનાર, કર્મક્ષયની બુદ્ધિ વિનાનો વૈરાગ્ય તે દુઃખગર્ભિત કહેવાય. ને તેનું સ્વરૂપ શ્રી હરિભદ્રસૂરિજીના અષ્ટકમાં તથા શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત શ્રી અધ્યાત્મસાર ગ્રંથમાં દંભત્યાગના અધિકારમાં વર્ણન છે.

પ્રશ્ન ૨૧૨—અઢી દ્વીપમાં જ્યારે માણસો સંખ્યાતા છે, ત્યારે અસંખ્યાતા મોક્ષે ગયેલાની ગણત્રી કઈ રીતે ?

સમાધાન—પેઢીની પરંપરાએ ગણવાથી. અર્થાત્ આદ્યધર્મ-પ્રવર્તક ભગવાન્ ઋષભદેવથી માંડીને અત્યાર સુધી થયેલા માણસોની પેઢી પરંપરાથી ગણત્રી કરીએ તો તે પેઢીઓ ને મનુષ્યો અસંખ્યાતા થઈ જાય છે.

પ્રશ્ન ૨૧૩—જાવજ્જીવ શેરડી ત્યાગ હોય તો તે વરસીતપનાં પારણે શેરડીનો રસ વાપરે કે નહિ ? અગર શું વાપરે ?

સમાધાન—સાકરનું પાણી વાપરે, શેરડીનો રસ ન વાપરે.

પ્રશ્ન ૨૧૪—એકને નુકશાન થાય, પણ સોને ફાયદો થાય તે કરાય ? કે એકને ફાયદો થાય અને સોને નુકશાન થાય તે કરાય ?

સમાધાન—બન્ને કરાય. વ્યક્તિ-પ્રસંગાદિ લાભ-હાનિ જોઇ વિચારી કરવા લાયક હોય તેમ કરાય. એક કોહીનુર છે, અને બીજી તરફ એક લાખ પાઇ છે. સંખ્યા ચ્હાય જેટલી ન્હાની છે, પરંતુ હીરાના ભોગે લાખ પાઇનું રક્ષણ ન કરાય. પણ રક્ષણ એક હીરાનું જ કરાય. તેવી રીતે એક સ્ત્રી અબ્રહ્મની યાચના કરે ને મારી ઇચ્છા નહીં પૂરી કરો તો હું જીભ કરડીને મરી જઇશ એમ કહે છતાં ત્યાં તેની વિષય-ઇચ્છાના ભોગે નવ લાખ આદિ જીવોને બચાવાય પણ તે સ્ત્રીની ઇચ્છાને આધીન થઈ શકાય જ નહિં.

પ્રશ્ન ૨૧૫—નવદીક્ષિત સાધુ સંસારી કાર્યવાહી તરફ નજર કરે, ધ્યાન આપે, તો શી સ્થિતિ થાય ? અને તે સંબંધમાં શાસ્ત્રસંમત દૃષ્ટાંત આપશો.

સમાધાન—જ્ઞાતાસૂત્રમાં જિનરક્ષિત, ને જિનપાલિત, બન્ને ભાઇઓનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. બન્ને ભાઇઓ ફરવા નીકળ્યા. જંગલમાં આવી પહોંચ્યા અને ભૂલા પડ્યા. એક દેવી મળી અને હાવભાવથી ભોળવી બેયને આવાસમાં લઇ ગઇ. ત્યાં તેમની સાથે વિષયક્રીડા કરે છે. ત્રણ દિશામાં રહેલા ત્રણ બગીચામાં ફરવાની દેવીએ તે બન્નેને છુટ આપી છે, ચોથી દિશામાં જવાની મનાઈ કરી છે. બલ્કે આગળ વધીને તે દેવીએ કહ્યું છે કે **'જો એ દિશામાં જશો તો મારી નાંખીશ.'** એવી ધમકી આપી છે. કેટલાક વખત પછી તેઓ મનાઇ કરેલા માર્ગે ગયા, ત્યાં મનુષ્યોનાં શબ (મડદાં) જોયાં, ભય લાગ્યો, આગળ જતાં પુણ્યોદયે બચાવનાર યક્ષ મળ્યો, તેણે દેવીનું ઘાતકી સ્વરૂપ કહ્યું, બે ભાઈઓએ બચવા માટે વિનંતી કરી, તે યક્ષ એમને પીઠ પર બેસાડી લઈ જાય છે. સૂચના આપી છે કે દેવી આવશે, પણ તેના સામું જોશો નહિ, જોશો તો ત્રિશૂલથી મારી નાખશે. દેવી આવે છે, ભેદનીતિથી (કાલાવાલા, રૂદન વિગેરેથી) કરગરે છે, જિનરક્ષિત દૃઢ રહે છે, જિનપાલિત મોહ પામી પાછું જુએ છે, જિનપાલિતનું મૃત્યુ

થાય છે, જિનરક્ષિત સહીસલામત ઇષ્ટ સ્થળે પહોંચે છે; તેવી રીતે **નવદીક્ષિત સંસારીઓના કાલાવાલા તરફ નજર કરે અને ધ્યાન આપે તો પરિણામથી ચલિત થઇ જિનપાલિતની માફક ચારિત્રથી ચૂકે અને ભાવમરણને શરણ થઈ ચતુર્ગતિરૂપ સંસારમાં ડૂબે.**

પ્રશ્ન ૨૧૬—દીક્ષા લેવા આવનાર અનેક રીતે (સર્વથા) તૈયાર હોય છતાં સાધુ દીક્ષા ન આપે ને તે સાધુ ઉમેદવારને જેટલા સમય સંસારમાં રોકાવાનું કહે તેટલા સમયનું પાપ લાગે કે નહિ ?

સમાધાન—લાગે છે.

પ્રશ્ન ૨૧૭—પોતાની દીક્ષા આપવાની તેવી શક્તિ ન હોય તો ?

સમાધાન—આશ્રવનો નિષેધ નહિં કરવા રૂપ અનુમોદન પાપ લાગે છે, શક્તિ કેળવવી જોઇએ.

પ્રશ્ન ૨૧૮—શક્તિ ન કેળવી હોય અને ન આપે તો ?

સમાધાન—ન આપનાર અત્યંત બળાપો કરે ત્યાં સુધી સમ્યક્ત્વ રહે અને બળાપો કરનારને ન દીક્ષા લેનાર તરફની સંસારની પાપપ્રવૃત્તિની અનુમોદના લાગે, પણ જેઓ બળાપા કરતા નથી, કરનારની નિંદા કરે છે તેઓ સમ્યક્ત્વથી પણ પતિત થઇ જાય છે.

પ્રશ્ન ૨૧૯—યથાશક્તિ શબ્દ કયા પ્રસંગે જોડાય ?

સમાધાન—નિર્જરાના સાધનમાં શક્તિ વિચારાય, પણ પાંચમહાવ્રતને અનુસરતી દીક્ષાના સંબંધમાં શક્તિના વિચારની જરૂર ન હોય, અર્થાત્ યથાશક્તિ શબ્દનો પ્રયોગ કરાય તે ચાલે નહિ

પ્રશ્ન ૨૨૦—વૈરાગ્ય ક્ષાયોપશમિક કે ક્ષાયિક જોઇએ (દીક્ષા લેનારમાં) દીક્ષા લેવા આવનાર પક્કો હોવો જોઇએ કે નહિ ?

સમાધાન—તેરમા ગુણુઠાણા વગર બધે વૈરાગ્ય ક્ષાયોપશમિક હોય છે, અને તેથી દીક્ષા લેવા આવનારા કાચાજ હોય; સત્સંગથી પરિણામવૃદ્ધિએજ પાકા થાય.

પ્રશ્ન ૨૨૧—૧૮ દોષ સિવાય સંસારની પૂર્વસ્થિતિ ખરાબ હોય તેવા માટે થોભવાનું ખરૂં કે નહિ?

સમાધાન—ના, જરાયે નહિ. પડવાના નિશ્ચિત ભયવાળા નંદિષેણુ, મરિચી, આર્દ્રકુમાર વિગેરેને ભગવાને પોતે દીક્ષા આપી તો અમારાથી તો હરેક સમયે કોઈને પણ આપી શકાય એમાં વાંધો શો?

પ્રશ્ન ૨૨૨—બાધા શું કામ કરે?

સમાધાન—રાજ્યના સામાન્ય સિપાઈ સિવાય બેલીફ અને સ્ટાંપ વગર નિર્માલ્ય લ્હેણું વસુલ ન થાય તો પછી અક્ષય ખજાનાની પ્રાપ્તિ માટે નિયમ-બાધા વિગેરેની બરોબર તૈયારી કેમ ન જોઈએ?

પ્રશ્ન ૨૨૩—અન્યકોમનો મનુષ્ય જૈનધર્મ અંગીકાર કરે તેને જાતિભેદ તરીકે સાધર્મિક-વાત્સલ્યમાં ન જમાડાય તે યોગ્ય છે?

સમાધાન—ધાર્મિક દૃષ્ટિએ એ યોગ્ય નથી. એ મનુષ્ય નવા ધર્મમાં જવાથી પોતાની કોમથી હડધૂત થાય અને અત્રે પુરતું આશ્વાસન ન મળે એ અનુચિત છે, તેવી ગોઠવણની ખાસ જરૂર છે, પણ વ્યવહાર થઈ શકે તેવી જાતિ સાથે તે વખતે જાતિસંબંધ જોડાય તેમાં હરકત નથી.

પ્રશ્ન ૨૨૪—ઉપદેશ અને આદેશમાં ફેર શું?

સમાધાન—સાધુ ઉપદેશ સુધી અધિકારી છે. આદેશનો પ્રસંગ થાય ત્યાં મન, વચન, કાયાથી કરવા, કરાવવા, અનુમોદવાથી અટકે, ન અટકે તો વિરાધનામાં ઉતરવું પડે, 'કરવા લાયક છે' એમ કહેવું તે ઉપદેશ અને 'કર' એમ કહેવું તે આદેશ.

પ્રશ્ન ૨૨૫–છ છીંડીથી સમ્યકૃત્વ રહે તો પછી તેવા કાર્યમાં દોષ શેનો ?

સમાધાન—પ્રતિજ્ઞાભંગ ન થાય. દોષ તો લાગે, કારણ કે અન્નત્થણાભોગેણું આગાર રાખેલ હોવાથી તે રીતે પચ્ચખ્ખાણ છે, છતાં પચ્ચખ્ખાણવાળો ઉપયોગ વગર વસ્તુ મોંમાં નાંખે તો આલોયણ અપાય છે, તેવી રીતે છીંડીવાળાઓ ઉપયોગ રાખે તો પણ શુદ્ધિની જરૂર છે.

પ્રશ્ન ૨૨૬—પંચાંગી સહિત સૂત્ર માનવાં એ શેમાં છે ?

સમાધાન—શ્રી ભગવતીજી સૂત્ર ૨૫મું શતક ૩ જો ઉદ્દેશ, શ્રીઠાણાંગજી, શ્રીઅનુયોગદ્વાર, શ્રીપ્રતિમાશતક વગેરેમાં પંચાંગી માનવાનું સ્પષ્ટ કહેલ છે.

પ્રશ્ન ૨૨૭—વ્યાકરણ, કાવ્ય અને કોષનું પઠન કર્યા વગર શાસ્ત્રોના અર્થો કરવાથી શું મૃષાવાદ દોષ લાગે ?

સમાધાન—હા, વ્યાકરણ, કાવ્ય અને કોષ વિગેરે ગ્રંથનું પઠન (અભ્યાસ) ન કર્યું હોય, કંથચિત્ કરેલ હોય પણ તેના નિયમો ઉપસ્થિત ન હોય અને શાસ્ત્રના અર્થો અથવા તેની ચર્ચા કરે તો મૃષાવાદ દોષ લાગે, સાચો અર્થ પણ જો વ્યાકરણ, કાવ્ય, કોષ, પરિભાષા, કવિઓની રૂઢીઓ ધ્યાનમાં રાખીને કરે તો જ મૃષાવાદથી બચે, માટે મૃષાવાદવિરમણ મહાવ્રતના ખપીએ ઉપરની હકીકત ખાસ ધ્યાનમાં લેવા લાયક છે.

પ્રશ્ન ૨૨૮—સ્વદર્શનીઓ ને પરદર્શનીઓ તરફથી થતા ઉપદ્રવો સહન કરવાથી ન્યૂનાધિક નિર્જરા થાય છે એ બીના કયા ગ્રંથમાં છે ?

સમાધાન—શ્રી જ્ઞાતાજીસૂત્રના મૂલમાં આરાધક અને વિરાધકની ચૌભંગી નીચે પ્રમાણે કહી છે, તે ઉપરથી નિર્જરાની ન્યૂનાધિકતા જણાશે.

૧ જે સાધુ અથવા સાધ્વી સ્વદર્શની (જૈનધર્મી) તરફથી થતા તમામ ઉપસર્ગો સહન કરે અને પરદર્શની (અન્યદર્શનવાલા માત્ર)ના ઉપદ્રવો સહન ન કરે તે વધુ **આરાધક અને અંશે વિરાધક થાય.**

૨ જે સાધુ અથવા સાધ્વી સ્વદર્શનીથી થતા ઉપદ્રવો સહન કરે નહિ અને પરદર્શની તરફથી થતા સમગ્ર ઉપદ્રવો સહન કરે તે ઘણે ભાગે વિરાધક અને અંશે આરાધક થાય.

૩. સ્વદર્શની તથા પરદર્શની બન્ને તરફથી થતા ઉપદ્રવોને જે સાધુ-સાધ્વી સહન કરે તે સર્વ આરાધક થાય, અંશે પણ વિરાધક થતા નથી.

૪. જે સાધુ-સાધ્વી એક પણ દર્શનીના-(સ્વ-પર) તરફથી થતા ઉપદ્રવોને સહન કરે નહિ તે સર્વથા વિરાધક થાય.

ઉપર કહેલી ચૌભંગી બરાબર વિચારીને આરાધક થવાની ઈચ્છાવાલાએ સહનશીલતા કેળવવામાં ઉજમાલ થવું.

પ્રશ્ન ૨૨૯—દેવતાઓ ચ્યવીને તેઉકાય અને વાયુકાયમાં જાય નહિ, અને વનસ્પતિકાય,-અપ્કાય (પાણી), તથા પૃથ્વીકાયમાં જાય એનું કારણ શું ?

સમાધાન—વાયુકાય અને તેઉકાય એ બેની ઉપર દેવતાઓને આસક્તિ થવાનો સંભવ જ નથી, કારણ કે એ બે વસ્તુઓ તિહાં સુખના વ્યવહારમાં છે નહિં માટે એ બેમાં જાય નહિ: પણ ઉત્પલાદિમાં, વાવડીઓના પાણીમાં, અને રત્ન આભૂષણાદિ પૃથ્વીકાયમાં, ચ્યવતી વખતે મમતા રહે તો ચ્યવીને ત્યાં જાય, એમાં **જવાનું કારણ મુખ્યતાએ મમતા છે.**

પ્રશ્ન ૨૩૦—ક્ષાયિકસમકિતી શ્રીકૃષ્ણવાસુદેવ કેટલે ભવે મોક્ષે જવાના ?

સમાધાન—કૃષ્ણ ક્ષાયિકસમકિતી હતા પણ તેમના ભવ શ્રી વસુદેવહિંડી નામના ગ્રંથમાં પાંચ કહેલા છે અને શ્રી હેમચંદ્રમહારાજે કરેલા શ્રીનેમિચરિત્રમાં ત્રણ ભવ કહ્યા છે તેથી એમાં ખરૂં તત્ત્વ

કેવલીગમ્ય છે. શ્રી વીરવિજયજી પ્રશ્નોત્તરમાં તેને મળક્ષય ક્ષાયિક-સમ્યક્ત્વ કહે છે અને શુદ્ધ ક્ષાયિક નહોતું એમ કહે છે. ત્રણ ભવનો નિયમ શુદ્ધક્ષાયિકસમ્યક્ત્વવાળાને માને છે.

પ્રશ્ન ૨૩૧—દેવતાઓ ચ્યવીને કઈ ગતિઓમાં જાય?

સમાધાન—દેવતાઓ ચ્યવીને મનુષ્ય અને તિર્યંચ એ બે ગતિમાં જ જાય.

પ્રશ્ન ૨૩૨—દેવલોકમાં ઘોડા, હાથી, પાડા આદિક તિર્યંચો ખરા કે નહિં?

સમાધાન—ન હોય, દેવલોકમાં ઘોડા, હાથી વિગેરે તિર્યંચોનું શાસ્ત્રોમાં જે વર્ણન આવે છે ત્યાં સમજવાનું કે-દેવતાઓ કાર્ય પ્રસંગે તેવાં રૂપ બનાવે છે, પણ તિર્ચ્છાલોકની માફક દેવલોકમાં સ્વાભાવિક તિર્યંચ પંચેન્દ્રિયો હોયજ નહિ.

પ્રશ્ન ૨૩૩—'જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કરે કર્મનો ખેહ' એ પદમાં જ્ઞાની કયો લેવો?

સમાધાન—એકલા પઠન માત્ર રૂપ જ્ઞાનથીજ (જ્ઞાનમાત્રથીજ) જ્ઞાની કર્મનો નાશ કરી લે એમ સમજશો જ નહિ કારણકે ધર્મશાસ્ત્રકારો તો જ્ઞાની તેને જ કહે છે કે જે-

ज्ञानी क्रियापरः शान्तो, भाविताऽऽत्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः, परांस्तारयितुं क्षमः ॥ १ ॥

"ક્રિયામાં તત્પર, શાન્ત, ઉત્તમ ભાવનાઓથી જેણે આત્માને વાસિત બનાવ્યો હોય, તથા જીતેન્દ્રિય (ઇંદ્રિયોને જીતનાર) તેજ જ્ઞાની કહેવાય છે ને તે પોતે સંસાર સમુદ્રથી તરેલ છે અને અન્ય ભવ્યાત્માઓને તારવા સમર્થ છે." એને સ્વરૂપદર્શક માનીએ તો "**तत् ज्ञानमेव न भवति**" અથવા સત્ય **શ્રદ્ધાવાળો, ચારિત્રની તીવ્ર અભિરૂચિ-**

વાળો' કથંચિત્ ક્રિયાને નહિ પામેલા છતાં આરિસાભુવનમાં રહેલા ભરતમહારાજા જેવો, જ્ઞાની તે જગો પર લઈ શકાય પણ ક્રિયાની જરૂર નથી, અથવા ક્રિયા કરનાર નકામો છે, તેમજ થઈ શકે તેવી ક્રિયા પ્રત્યે દુર્લક્ષ્યવાળા છે જે, તે તો પાઠવ્યસની કહેવાય, અને કર્મની નિર્જરા કરાવવાવાળા તે જ્ઞાની કહેવાય નહીં.

પ્રશ્ન ૨૩૪—દીક્ષાને અક્ષમ એવા વૃદ્ધો માટે જેમ કેટલાક ૭૦ વર્ષ પછીની ઉંમર કહે છે. અને કેટલાકો ૬૦ વર્ષથી પછીની ઉંમર કહે છે એમ બે મત છે અને તે ખંડિત કરેલા નથી તેમ બાલ નામના દોષમાં જન્મથી આઠ વર્ષની અંદર જ બાલકદોષ કે તેમાં પણ કોઇ અખંડિત મતાન્તર છે?

સમાધાન—જેમ વૃદ્ધાવસ્થા માટે ૬૦ અને ૭૦ વર્ષ પછી વૃદ્ધ ગણવાના અખંડિત બે મત છે. તેવી રીતે બાલકદોષમાં પણ અખંડિત એવા ત્રણ મતો છે. એકમતથી જન્મથી આઠ વર્ષ પૂરાં ન થયાં હોય તેને બાલક કહે છે. બીજામતથી જન્મથી આઠમું બેસે નહિં એટલે જન્મથી સાત પૂરાં ન થાય, ત્યાં સુધી બાલદોષ માને છે. તેમજ ત્રીજામતથી ગર્ભમાં આવ્યો ત્યારથી સાત વર્ષ પૂરાં થઇ આઠમું બેસે નહિં એટલે જન્મથી સવા છ વર્ષ થાય નહિં ત્યાં સુધી બાલદોષ માને છે. આ ત્રણે મતો શ્રી નિશીથચૂર્ણમાં અખંડિતપણે જણાવેલ છે. શ્રી નિશીથભાષ્ય અને પંચકલ્પભાષ્યમાં પણ '**अट्ठमादिदिक्ख पडिवत्ती**' એમ ત્રણે મતો સૂચવનાર પાઠ છે. પ્રવચનસારોદ્ધાર વૃત્તિ, પ્રવચનસારોદ્ધાર ટીપ્પન અને ધર્મસંગ્રહ વિગેરેમાં જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમ એ બે પક્ષ લીધા છે.

પ્રશ્ન ૨૩૫—ભગવાન મહાવીર મહારાજાના શાસનમાં કોઇપણ આચાર્યે ચોમાસામાં કોઇને દીક્ષા આપી છે?

સમાધાન—હા, શાસનપ્રભાવક યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય મહારાજે બલભાનુને ચોમાસામાં દીક્ષા આપી છે. (**आचारप्रकल्प**)

પ્રશ્ન ૨૩૬—આજની દુનીયાને યુક્તિપુરસ્સર ચાલુ દૃષ્ટાંતથી વૈરાગ્યનું ફલદાયકપણું શા માટે સમજાવાય છે ?

સમાધાન—જુના અપ્રસિદ્ધ દૃષ્ટાન્તો કરતાં વર્તમાન પ્રસિદ્ધ દૃષ્ટાન્તો અસરકારક નીવડે છે, માટે ચાલુ દૃષ્ટાન્તોથી વૈરાગ્યનું ફલ ને સ્વરૂપ સમજવામાં ફાયદો છે. જેમ કહેવાય કે હાલની સ્વદેશી ચળવળનું જરા અવલોકન કરો. પરદેશી ચીજનો બોયકોટ શા માટે છે ? એ વિચારો. આનું ઉંડું રહસ્ય સમજશો તો માલમ પડશે કે પરદેશી માલ દેખીતો સારો, આંખને આનંદજનક, મનને મોહક અને દરેક ઈંદ્રિયને પ્રિયંકર હોવા છતાં પણ પરિણામે બંધનની બેડીરૂપ તથા દેશને દારિદ્રરૂપી દાવાનળમાં હોમી દેનાર હોવાથી તેનો લોકો ત્યાગ કરે છે, તેવી રીતે વિષય, કષાય દેખીતા આનંદજનક લાગે પણ પરિણામે ગાઢ બંધનરૂપ છે. અને તેમાં ફસાયલો આત્મા અનાદિકાળથી તેનો ગુલામ બનેલો છે, જો એ વસ્તુસ્થિતિ સમજાય તો વિષયાદિ પરિણામે દારૂણ હોવાથી ત્યાજ્ય લાગે અને મોક્ષ (સ્વસ્થાન) તરફ આત્મા સ્હેજે આકર્ષાય, દારૂણ પરિણામ દાયક પદાર્થો તરફ વૈરાગ્ય હોવો જોઇએ તે થાય એમાં આશ્ચર્ય શું !

પ્રશ્ન ૨૩૭—આજના જમાનામાં "મુંબઇ સમાચાર" આદિ વર્તમાન પત્રો વાંચવાથી સાધુઓને શો લાભ ?

સમાધાન—સમ્યગ્દૃષ્ટિ આત્મા મિથ્યાત્વીના રચેલા કે લખેલા પુસ્તક, લેખ વિગેરેને વાંચી વિચારીને સમ્યગ્રૂપે પરિણમાવે છે. ઈ. સ. ૧૯૧૪ની લડાઈની સંધી કરી જર્મન સરકારે જણાવ્યું કે—અમારાં ક્રોડો શસ્ત્રો તમારે હાથ આવશે. કુનેહથી તમામ કિલ્લાઓ કબજે કરશો, અમારૂં સર્વ લશ્કર તમે નાશ કરશો, ધન, માલ,

મિલ્કત, ખજાનો વિગેરે લુંટી લેશો, પણ જેના બદનમાં જર્મન દેશનું લોહી વહી રહ્યું છે, તેના એકેએક (બચ્ચાંથી માંડીને મોટાં સુધીના) જર્મન પાસે એક શસ્ત્ર હજી સુધી અખંડિત છે અને રહેશે. તે હાંથયારને કોઈ લઈ શક્યું નથી અને લઈ શકશે પણ નહિં. તે શસ્ત્ર કયું **'દુશ્મન પ્રત્યે ધિક્કારની નજર.'** આ ઉપરથી અમે તમને એ કહેવા માગીએ છીએ કે જે નિર્માલ્ય છે, નાશવંત છે, જન્મતાં સાથે લાવેલ નથી, મરતાં સાથે લઇ જવાય તેમ નથી, અને વચલા કાલમાં (જન્મ–મરણનાં મધ્યકાલમાં) પણ નિયમિત રહેશે તેવો વિશ્વાસ પણ નથી. એવા આ વિનશ્વર અને કટુ પરિણામી પદાર્થો માટે, શૌર્ય કેળવી ધિક્કાર રાખવો શક્ય શું નથી? તેમજ જે દુષ્ટ **કર્મ–રાજાએ** ભવ્યોની અનંત અવ્યાહત મીલકતની બરબાદી કરી તે **(કર્મ)તરફ ધિક્કારની નજર કેમ ન રાખીએ?** સંસારરસિક જીવોને આ રીતે દુન્યવી તાજાં દૃષ્ટાન્તોથી, ધાર્મિક પ્રસંગોની ઘટના સમજાવાય તો જલ્દી અસર કરે તે હેતુથી વર્તમાનપત્રાદિનાં વાંચનો થાય તો ક્ષંતવ્ય છે.

પ્રશ્ન ૨૩૮—ધર્મી અને ધર્મનાં સાધન માટે આટલા બધા બંદોબસ્ત શા માટે? એના માટે જીવનાં જોખમ સુધીનાં તોફાન શા માટે?

સમાધાન—દુનીયામાં પણ કિંમતિ ચીજો અને તેના માલીકોની રક્ષા માટે જ જબરજસ્ત તીજોરીઓ અને પુરતો ચોકી પહેરો રખાય છે. ધૂળ, ઢેફાં, પથરા માટે કે કંગાલો માટે કશુંયે હોતું નથી. શું ધર્મી તથા ધર્મના સાધનો ઓછાં કિંમતિ છે?

પ્રશ્ન ૨૩૯—આ જીવે મોક્ષના ધ્યેય વિનાનાં અનંતા દ્રવ્ય–ચારિત્ર કર્યાં તે ભાવ–ચારિત્રનું કારણ કેવી રીતે ગણાય? કેમકે અભવ્યને અનંતાં તેવાં ચારિત્રો છતાં ભાવ–ચારિત્ર થતું નથી!

સમાધાન—ભવ્યમાં યોગ્યતા હોવાથી, તેવાં દ્રવ્ય–ચારિત્રો પણ ભાવ–ચારિત્રનું કારણ ગણાય, એમ શ્રી પંચવસ્તુમાં સ્પષ્ટ જણાવેલ છે.

પ્રશ્ન ૨૪૦—જેમ પ્રભુની પૂજા કરતાં શ્રાવક સર્વવિરતિનું ધ્યેય રાખે તે વાસ્તવિક દ્રવ્ય–પૂજા કહેવાય. તેમ જે ચારિત્રમાં ઉપયોગ રહિત ક્રિયા સંવરની થાય તે ભાવ–ચારિત્રને લાવી આપનારી હોવાથી દ્રવ્ય–ચારિત્ર ગણી શકાય કે નહિ ? અર્થાત્ તે ભાવ–ચારિત્રના કારણ સિવાયનાં ચારિત્ર તો અભવીની પેઠે અપ્રધાન દ્રવ્ય ગણાય કે નહિ ?

સમાધાન—સ્વરૂપે અપ્રધાન છતાં યોગ્યતા હોવાથી તે ચારિત્રો ભાવ–ચારિત્રનું કારણ બને. રેતને મળેલી ઘાણી આદિની સામગ્રી તેલ ન નીપજાવે તો પણ તેજ સામગ્રી તલને મળે તો તેલ ન નીપજાવે તેમ નહિં અર્થાત્ ભવ્યજીવન તેવા ચારિત્રમાં દ્રવ્યશબ્દ કારણને કહેનાર ગણાય. અને અભવ્યમાં તે દ્રવ્યશબ્દ માત્ર અપ્રધાન અર્થવાળો ગણાય.

પ્રશ્ન ૨૪૧—અભવીના ધ્યેય જેવું ધ્યેય રાખી ચારિત્ર પાળે તે ભવિને દ્રવ્ય–ચારિત્ર (ભાવનું કારણ થનાર) ગણાય કે જેમાં કર્મક્ષયનો મુદ્દો આવે તેજ દ્રવ્ય–ચારિત્ર ગણાય ?

સમાધાન—મોક્ષના મુદ્દાવાળું તો ભાવ–ચારિત્ર કહેવાય, પણ પૌદ્‌ગલિક ઇચ્છાદિના ધ્યેયવાળું તે દ્રવ્ય–ચારિત્ર અને તેવું ચારિત્ર પણ ભવ્યને ભાવ–ચારિત્ર લાવી આપનાર થાય.

પ્રશ્ન ૨૪૨—શું દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ તથા ધર્મકથાનુયોગ, એ ત્રણ અનુયોગો ચરણકરણાનુયોગ માટે છે ?

સમાધાન—હા, આ કથન આચારાંગના પ્રથમ ભાગમાં છે, અને એ ગાથા ઓઘ-નિર્યુક્તિમાં પણ છે. વાસ્તવિકરીતિએ એ બીના માનવામાં બીજો કંઈ વિરોધ નથી.

પ્રશ્ન ૨૪૩—દ્રવ્યાનુયોગ માટે કયા ગ્રંથો વાંચવા જોઇએ ? રીત-સરનો અભ્યાસ કરનારે કયા ક્રમે તેના ગ્રંથોનો અભ્યાસ કરવો જોઇએ ?

સમાધાન—જીવને કર્મો આદિની અપેક્ષાએ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ ને પદાર્થસિદ્ધિની અપેક્ષાએ રત્નાકરાવતારિકા, અનેકાંતજય-પતાકા, સંમતિતર્ક વિગેરે.

પ્રશ્ન ૨૪૪—ખરતરગચ્છની માન્યતામાં કયો મતભેદ છે કે જેથી તેમની તપાગચ્છવાલા ને બીજા ગચ્છવાળા તેમની સાથે ભિન્નતા ગણે છે ?

સમાધાન—ગર્ભાપહારને કલ્યાણક માનવું, માસકલ્પનો વિચ્છેદ માનવો, શ્રાવક પ્રતિમાનો વિચ્છેદ માનવો, ષષ્ઠાદિ પચ્ચક્ખાણનો અભાવ માનવો, શ્રાવિકા પ્રભુની અંગ પૂજા ન કરે, આદિ ઘણી માન્યતાઓ જુદી છે ને તેથી ભિન્નતા છે.

પ્રશ્ન ૨૪૫—જૈનદર્શનની શૈલી મુજબ તે દ્રવ્યાનુયોગને અનુસારે ષડ્ દ્રવ્યાદિ બરાબર માને તો તો સમ્યગ્દષ્ટિ કહી શકાય કે નહિ ? આચરણાની ભિન્નતા તો ગચ્છે ગચ્છે દૃષ્ટિગોચર થાય છે ?

સમાધાન—એક અક્ષર કે પદ પણ (સિદ્ધાન્તાનુસાર) ન માનવું તે મિથ્યાત્વ ગણાય. માન્યતા અને આચરણા સાથે અત્રે સંબંધ નથી.

પ્રશ્ન ૨૪૬—ગચ્છો તો ઘણા સંભલાય છે. કયા આરાધક ? કયા વિરાધક ?

સમાધાન—આજ્ઞા સાપેક્ષ આચાર ને સત્યપ્રરૂપણા હોય ત્યાં આરાધકપણું છે.

પ્રશ્ન ૨૪૭—શ્રી વીરપ્રભુ તો પરણેલા છે, છતાં એમના માટે કુમારાવસ્થા કેમ જણાવી છે ?

સમાધાન—રાજ્ય પામ્યા સિવાયની અવસ્થાને રાજ્ય રહિત કુમારાવસ્થા (પ્રથમવય) કહેવાય છે. અર્થાત્ જે વિવાહિત તીર્થંકરોમાં કુમાર અવસ્થા વર્ણવેલી છે. તે આ પ્રમાણે માની શકાય છે.

પ્રશ્ન ૨૪૮—દ્રવ્યાનુયોગ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનુ સચોટ સાધન કયા કારણે ?

સમાધાન—જીવાજીવાદિ તત્ત્વોની યથાસ્થિત-શ્રદ્ધા એ અનુયોગદ્વારા થતા જ્ઞાનથી થાય છે, માટે દ્રવ્યાનુયોગના જ્ઞાનને સમ્યગ્દર્શનનું સચોટ સાધન માની શકાય.

પ્રશ્ન ૨૪૯—દ્રવ્યગુણપર્યાય નામના રાસના રચનાર કોણુ ?

સમાધાન—ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજજી.

પ્રશ્ન ૨૫૦—રજા વગરની દીક્ષા સાધુ આપે તો મોટી ઉમરના માટે નિષ્ફેટિકા દોષ નથી, પણુ તેને સંસાર છોડવામાં પડતી મુશ્કેલીઓમાં સાધુ આદેશાદિ આપી બધી પંચાતોમાં પડે તો તેમાં દોષ લાગે કે નહિ ?

સમાધાન—દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, સુચ્છિન્ને અને સુહડે એ બે પદોની વ્યાખ્યાથી તથા મૃષાવાદનો કલ્પ જોવાથી પણ જણાશે કે પંચાત વગર ન બને તેવી દીક્ષાના પ્રસંગે સાધુને અલિપ્તપણે તેમાં પ્રવર્તવું પડે તો કલ્પાચરણ ગણાય પણ દોષ ન ગણાય.

પ્રશ્ન ૨૫૧—દેરાસર જેવી બાબતોમાં પણ માત્ર ઉપદેશ અપાય કે આદેશ અપાય ખરો ?

સમાધાન—કારણસર તેમાં પણ કરવું કરાવવું પડે છે અને અનુમોદવું તો હમેશાં છે. પણ વગર કારણે તો મુખ્ય માર્ગ કરવાનો હોય ને તે મુખ્ય માર્ગ તો ઉપદેશમાં જ છે.

પ્રશ્ન ૨૫૨—સ્વદયા સિવાય પરદયા કરવાની જૈનદર્શનમાં મનાઈ છે. તો બીજાને છ કાયના કુટામાંથી છોડવવાના બ્હાને પોતાના વ્રતમાં ખામી લાગે તો સ્વદયા ચૂકાય કે નહિ ?

સમાધાન—ચારિત્રમાં મદદગાર થનાર સ્વદયાથી ચૂકે નહિ, અપવાદરૂપ દીક્ષાથી પણ કાંઈ પોતાના વ્રતમાં ખામી લાગતી નથી, કર્મ-બંધનથી નિરપેક્ષપણું હોય ત્યાં સ્વદયાનો લોપ થાય છે.

પ્રશ્ન ૨૫૩—સાધુ તો શાસ્ત્રની આજ્ઞા મુજબ માત્ર ઉપદેશને જ વળગી રહે ને ?

સમાધાન—સમજુ શ્રાવકો હોય ત્યાં એમ જ બને, અણસમજુ શ્રાવકોને માર્ગે લાવવા માટે પણ અનેક વિધાનો છે.

પ્રશ્ન ૨૫૪—દેરાસર જીર્ણોદ્ધાર, ઉપધાન, સર્વવિરતિ આદિ માટે આદેશની પ્રવૃત્તિમાં પડનાર સાધુને બંધ થોડો અને નિર્જરા વધારે કે કેમ ?

સમાધાન—કથંચિત્ પ્રમાદ આદિથી દોષ લાગે તો દોષ માનવો. થોડો બંધ અને ઘણી નિર્જરા એ પક્ષ જ તત્ત્વથી નકામો છે. નહિં તો નદી ઉતરવાની આજ્ઞા કરનારનું શું થાય ? હિંસાથી સકષાયીને થયેલું કર્મ તત્કાલ પણ શુભ-ભાવનાથી નિર્જરિત થાય છે.

પ્રશ્ન ૨૫૫—નલિનીગુલ્મ-વિમાન કયા દેવલોકમાં છે ?

સમાધાન—પ્રાયઃ સૌધર્મ-દેવલોકમાં છે, સેનપ્રશ્નમાં જોવાથી માલુમ પડશે.

પ્રશ્ન ૨૫૬—વિહારમાં પાણી તથા વનસ્પતિવાળા બે માર્ગ આવે તેમાં સાધુ કયા માર્ગે વિહરે ?

સમાધાન—વનસ્પતિ કરતાં પાણીમાં વધારે વિરાધના છે, એમ ધારી પાણીવાળે માર્ગે ન જાય.

પ્રશ્ન ૨૫૭—તત્ત્વાર્થસૂત્ર અધ્યાય બીજાના ચૌદમાં સૂત્રમાં તે-ઉકાય તથા વાયુકાયને સ્થાવર ન ગણતાં ત્રસ કેમ ગણ્યા ?

સમાધાન—તેઉ ને વાયુ એ બે ચાલવા રૂપ ગતિની અપેક્ષાએ ગતિત્રસ કહેવાય અને શક્તિરૂપ લબ્ધિની અપેક્ષાએ લબ્ધિત્રસ પણ ગણાય. તેથી શ્રી આચારાંગવૃત્તિ ને તત્ત્વાર્થમાં વિરોધ નહિં આવે.

પ્રશ્ન ૨૫૮—શું મિથ્યાદૃષ્ટિ નારકીઓ કરતાં સમ્યગ્દષ્ટિ નારકીઓને વધુ વેદના હોઈ શકે?

સમાધાન—હા, **શ્રી ભગવતીજી સૂત્રના પ્રથમ શતકના બીજા ઉદ્દેશમાં—'तत्थ णं जे ते सन्निभूया ते णं महावेअणा, तत्थ णं जे ते असन्निभूया ते णं अप्पवेअणतरागा'** નરકમાં જે નારકીઓ સમ્યગ્દર્શનવાળા છે, તેઓ વસ્તુસ્વરૂપની સાચી સમજણથી ગયો ભવ હારી ગયા તેના પશ્ચાતાપવાળા હોઈ મહાવેદનાવાળા છે અને જેઓ સમ્યગ્દર્શન રહિત મિથ્યાત્વી છે, તેઓ તો અણુસમજવાળા હોવાથી માત્ર કાયિક અલ્પ વેદનાવાળા છે.

પ્રશ્ન ૨૫૯—દેશ ભૂખે કેમ મરે છે?

સમાધાન—એમાં એમ કહેવાય કે-ધર્મની અપેક્ષાએ પૂછો છો કે દેશની અપેક્ષાએ? દેશની અપેક્ષાએ પૂછાતું હોય તો આળસથી ભૂખે મરે છે, કારણ કે ઉદ્યમનો અભાવ છે; ધર્મની અપેક્ષાએ તપાદિ ધર્મમાં તેની ગણત્રી છે, પણ ખાવાની ઈચ્છા છતાં ભૂખે મરવાનું તો પાપના ઉદયથી છે.

પ્રશ્ન ૨૬૦—ઉદ્યમ કરવા છતાં ધારવા પ્રમાણે ઉદ્યોગ ક્યાં મળે છે?

સમાધાન—કેટલાકો કહે છે કે ઉદ્યોગની ખામી નથી, પણ ઉદ્યમની ખામી છે. જરા ગણિતનો અભ્યાસ કરો. પ્રથમના કાલમાં મજુરને રોજ રૂા.——મળતી ત્યારે આજના મજુરોને રોજ રૂા.——મળે છે. ખામી શાની છે?

પ્રશ્ન ૨૬૧—જૈનોમાં ચોવીસ તીર્થંકર, વૈષ્ણવાદિમાં ચોવીસ અવતાર, બૌદ્ધમાં ચૌવીસ બોધિસત્વો આનો હેતુ શો ?

સમાધાન—ઉત્સર્પિણી કે અવસર્પિણીમાં શ્રી જીનેશ્વર મહારાજ જેવા ત્રણુ લોકના નાથને જન્મવા લાયકનો સાત ગ્રહ ઉંચાવાળો સમય ચોવીસ જ વખત હોય. ને તેથી જ દરેક ઉત્સર્પિણી ને અવસર્પિણીમાં ચોવીસ ચોવીસ જ તીર્થંકર થાય. જૈનોને ચોવીસ તીર્થંકરોને માનતા દેખીને બીજાઓએ તેનું અનુકરણ કર્યું હોય તે સંભવે છે. કારણ કે તેઓએ તેવાઓના જન્મમાં તેવા ગ્રહોની ઉચ્ચતા વિગેરે કારણો માન્યા નથી; વળી વૈષ્ણવાદિઓએ (શ્રી ઋષભદેવ) જીનેશ્વરના અવતાર માન્યો છે, માટે પણ તેઓની તે માન્યતા જૈનોને અનુસરીને છે. ખરી રીતે તો અનુયોગના મુદ્દા પ્રમાણે શ્રીકૃષ્ણજી વિગેરે ઐતિહાસિક પુરુષો હતા ને પાછળથી અવતારી પુરૂષ તરીકે મનાયા છે. એમ હોવાથી તે પછી ચોવીસ અવતારોની કલ્પના કેવલ અનુકરણવાળી જ છે એમ માનવું પડે, ને બૌદ્ધો તો શ્રી પાર્શ્વનાથજીના તીર્થમાંથી જુદા પડ્યા છે તેથી ચોવીસી માને તેમાં શી નવાઈ ?

પ્રશ્ન ૨૬૨—સૌ કોઈ પોતાના મતમાં જ સત્યધર્મ જણાવે છે, તો સત્યધર્મ ક્યાં માનવો ?

સમાધાન—દુનીયામાં કિંમતી ચીજની જ નકલો થાય છે, સુવર્ણના સ્થળે પીંચગોલ્ડાદિ થયા, પણ પિત્તળની નકલ થઈ ? જવાબમાં-ના કહેવી પડશે. ઈમીટેશન પત્થરને ખરો હીરો મનાવવા પ્રયત્નો થયો, પણ પત્થરની નકલનો પ્રયત્ન કોઈ કરશે નહિ. સાચા હીરાની કિંમત તો સાચા ઝવેરીઓજ કરશે અને તેમની કદર પણ ઝવેરી બજારમાં જ થશે, રખડતાઓ કાંઈ સાચા માલ કે સાચા માલધણીને પીછાણી શકશે નહિ. **સાચો ધર્મ પાળવા માટે શુદ્ધપુરુષને સંયમધર ગુરૂની સેવના કરો.**

પ્રશ્ન ૨૬૩—ધર્મ પર સામાન્ય આક્ષેપ થતાં જ બખાળા શા માટે ? ત્યાંયે ધીરજ કેમ નહિ ?

સમાધાન—ધીરજ ધીરજનાં સ્થાને હોયઃ પાઇના પદાર્થમાં, રૂપીઆના માલમાં, હજારના હવેલી બંગલામાં, ક્રોડોની કીર્તિના નાશ પ્રસંગમાં, અને કુટુંબ, ભાઈ, ભાંડુ, માબાપ અને **શરીર** પરત્વે, લાભ પ્રત્યે, પ્રેમાળ રહેનારા તેના નાશના પ્રસંગમાં ધીરજ રાખનારા જવલ્લે જ મળશે; આવા નાશવંત પદાર્થોને અંગે પણ જો ધીરજ ન રાખી શકાય તો અવિનશ્વર એવા ધર્મ પર આક્ષેપ થાય ત્યારે ધીરજ રાખવા કહેવું યોગ્ય છે? ધર્મને ધર્મસ્વરૂપમાં અને અધર્મીપર આક્રમણ વગર અધર્મને અધર્મ સ્વરૂપમાં, પ્રકાશ કરવો તે વસ્તુતઃ આક્ષેપ જ નથી.

પ્રશ્ન ૨૬૪—યથાપ્રવૃત્તિનો વાસ્તવિક અર્થ શો? ને તેવી પ્રવૃત્તિવાળા કે અજ્ઞાન જીવોનું મિથ્યાત્વ શી રીતે વૃદ્ધિ પામ્યા કરે છે?

સમાધાન—અનાભોગ આચાર, અનેક ઉપયોગ પ્રવર્તન, શૂન્ય પ્રવૃત્તિવાળી વસ્તુતઃ **શાસ્ત્રવિહિત ધ્યેય વગરની, કર્મક્ષયવાળી પ્રવૃત્તિ તે જ યથાપ્રવૃત્તિ.** અસંખ્યાતપ્રદેશી આત્માને સ્વપ્નમાં પણ રસોળી ગડગુમડને પોષવાની લગીરે ઇચ્છા નથી તેને પોષવા સંબંધી વચન પણ ઉચ્ચારતો નથી. અને તેના પોષણ માટે કાંઇ પોતાની કાયાની પ્રવૃત્તિ નથી, છતાં જેમ શરીરની તુષ્ટિ, પુષ્ટિ માટે લેવાતા ખોરાકથી બનતા રસમાંથી રસોળીનું પોષણ થયાં કરે છે, તેમ મિથ્યાત્વ એ પણ આત્માનો વિકાર છે, એને વધારવામાં વિચાર, વચન અને વર્તન ન હોવા છતાંયે તે તે વખતે વધ્યા જ કરે છે.

પ્રશ્ન ૨૬૫—કોઇ મનુષ્ય મોક્ષના ધ્યેય વગર સર્વજ્ઞભાષિત કંઈ અનુષ્ઠાન કરે તો કેટલું કર્મ તૂટે?

સમાધાન—સર્વજ્ઞભાષિત અનુષ્ઠાન લાલચથી, અજ્ઞાતાવસ્થામાં અગર ગમે તે ઈરાદે કરે પણ કરવાના પ્રથમ સમયમાં ઓગણોસિત્તેર કોડાકોડ જેટલી મોહનીય કર્મની પ્રકૃતિ ખપ્યા વિના તેવું આચરણ પણ થતું નથી. પાંચ રૂપીઆની લાલચવાળો હરકોઇ નવકારનું પદ

બોલે તો તે વખતે એની પણ તેટલી કર્મની સ્થિતિ ખપેલી છે. એમ શાસ્ત્ર ને અનુભવથી સમજી શકાય તેમ છે.

પ્રશ્ન ૨૬૬—રાષ્ટ્રહિત અને સમાજહિતને સાચવીને ખરો ધર્મ જળવાય તો આજનો બધો કંકાશ શમી જાય ખરો કે નહિ ?

સમાધાન—ના. શમે નહિ. પરંતુ વાસ્તવિક ક્લેશ-દાવાનળનો દાહ વધારે વધે. રાષ્ટ્રહિત માટે આજે ધર્મને જ તિલાંજલિ અપાઇ છે, સમાજ કે રાષ્ટ્રહિત માટે ધર્મને ધક્કો મારવો એ મનુષ્યની મૂર્ખાઈ છે. રાષ્ટ્ર અને સમાજ કર્મબંધનોના કારણો છે, જ્યારે શુદ્ધ-ધર્મ સંવર ને નિર્જરા રૂપ હોય છે. હેય ને ઉપાદેય તરીકે વિભાગ કરવો જ પડશે.

પ્રશ્ન ૨૬૭—'**पौरजनस्य शान्तिर्भवतु** એવો પાઠ મ્હોટી-શાંતિમાં છે તો તમે ધર્મને આગળ કેમ કરો છે ?

સમાધાન—મહાનુભાવ ! પ્રથમનું પદ '**श्रमणसङ्घस्य शान्तिर्भवतु**'એ કેમ વિસરી ગયા ? જો લક્ષ્યમાં લેશો તો સમજાશે કે તે ઉદ્દેશથી જ બીજી શાંતિઓ જણાવી છે.

પ્રશ્ન ૨૬૮—તમારે રોટલાની ચિંતા ખરી કે નહિ ?

સમાધાન—રાજાને રોટલા કે રહેઠાણ વિગેરેની ચિંતા ખરી ? નહિ જ. તે પુણ્યવાનને બધી અનુકૂળતા તેની પ્રજા ને સેવકો સેવાધર્મ સમજી પુરી પાડે છે. તેવી રીતે સાધુ મહાત્માઓના પ્રબલ પુણ્ય પ્રભાવે શ્રાવકોનાં હૃદયો ઉપાસનામાં 'તત્પર રહે છે.

પ્રશ્ન ૨૬૯—સાધુજીવનથી પતિત થનારની કઈ ગતિ ? અને તે ક્યાં જણાવેલ છે ?

સમાધાન—પતિત કંડરીક સાતમી નરકે ગયા. જુઓ ઉત્તરાધ્યયન અ૦ ૧૦; પા૦ ૩૩૧ તથા દશવૈકાલિકની ચૂલિકામાં પણ પતિતની નરકગતિ જણાવેલી છે.

પ્રશ્ન ૨૭૦—સમાધિયોગથી ભ્રષ્ટ થયેલ સાધુઓની શી દશા ?

સમાધાન—તેવાઓ હલકી જાતના દેવલોકમાં જાય, ઘણો જ સંસાર ભમે, અને તેવા બહુલકર્મીઓને ફરીથી ધર્મની પ્રાપ્તિ દુર્લભ થઇ જાય. (ઉ૦ અ૦ ૮, પા૦ ૨૯૫-૨૯૬, ગા૦ ૧૪-૧૫)

પ્રશ્ન ૨૭૧—**પોસહવ્રતધારી ગૃહસ્થની** સરખામણી સાધુ સાથે થઈ શકે કે કેમ ?

સમાધાન—ના, કારણ કે અનુમોદનાનો અંશથી થતો આશ્રવ એ પણ નાનો સુનો નથી. રાસભની તુલના ગજરાજ સાથે ન જ કરાય, તેવા મહિને મહિને દશ લાખ ગાયોનું દાન દેનાર હોય તેનાથી પણ સાધુનું સંયમ શ્રેષ્ઠ છે. (ઉ૦ અ૦ ૯. પા૦ ૩૦૬ થી ૩૧૪ ગા૦ ૪૦.

પ્રશ્ન ૨૭૨—સર્વવિરતિમાર્ગ અને તેની મુખ્યતાવાળા જૈનદર્શનને નિર્ગ્રંથ-પ્રવચન તરીકે કયા સૂત્રમાં ગણાવ્યા છે ?

સમાધાન—શ્રમણસૂત્ર તથા સૂત્રકૃતાંગસૂત્રના બીજા સ્કંધના ક્રિયાસ્થાન અધ્યયનમાં તેનો ઉલ્લેખ છે. **'इणमेव निग्गंथे पावयणे' इत्यादि** શ્રી ઉપાશકદશાંગમાં આનંદશ્રાવકના અધિકારમા પણ તે જ કહ્યું છે.

પ્રશ્ન ૨૭૩—વિરતિ વિગેરેથી ત્યાગ કરીને ફેર પુત્ર, પિતા, બંધુ, સ્ત્રી પ્રત્યે પ્રેમથી, અને ધન વિગેરે તરફ લલચાઇને તે નાશવંત પદાર્થો લેવા જાય તેને વાંતાશી તરીકે દોષિત કહ્યા છે તે કથન કયા શાસ્ત્રમાં છે ?

સમાધાન—સ્ત્રી ધનાદિ તજીને તેને ફેર લેવા જનારાને તો વધેલું ખાવાને તૈયાર થનારા કુતરા જેવા શાસ્ત્રકારોએ કથન કરેલા છે. ઉતરાધ્યયન અ૦ ૧૦, પા૦ ૩૩૯, ગા૦ ૩૦.

પ્રશ્ન ૨૭૪—નરકની વેદનાઓ ભય માટે દર્શાવાય છે કે શાસ્ત્રમાં તેનું વાસ્તવિક કથન છે ?

સમાધાન—નરકની અસહ્ય વેદનાઓને બતાવાય તેવા દુઃખદ પ્રસંગો સંસારમાં જડતા નથી જેથી અત્યંત ભયાનક બનાવો દર્શાવીને બતાવાય છે. ને તેથી તે સ્થાને છે. જુઓ ઉત્ત૦ અ૦ ૧૯, પા૦ ૪૫૮ ગા૦ ૪૪ થી ૭૪ સૂત્રકૃતાંગ અધ્ય૦ ૫ પહેલો ઉદ્દેશો ગાથા ૩. પા૦ ૧૪૦.

પ્રશ્ન ૨૭૫—વિરાધક સાધુની દશા અત્યંત ખરાબ છે એવું કયા શાસ્ત્રમાં છે?

સમાધાન—ઉત્તરાધ્યયન. અ૦ ૨૦. ગા૦ ૩૯–૫૦.

પ્રશ્ન ૨૭૬—વ્યાજ વટાવથી ધંધા કરનારાઓ રૂપૈયા બીજાને દે છે તે પણ લેવા માટે આપે છે, તેમ સાધુ મહારાજને અપાતું દાન પણ મેળવવા માટે એમ ખરૂં કે નહિ?

સમાધાન—અણાહારી પદ લેવા માટે તે દાન દેવાય છે તેમાં વાંધો નથી. અને તેથી જ ગૃહસ્થ રોટલીનો ટુકડો કે પાણીનું પવાલું સરખું સાધુને દે છે તે અણાહારી પદ માટે જ. અણાહારી પદના અપૂર્વ માલથી જે એનશીબ છે તે ગૃહસ્થ મુનિ મહાત્માઓ પાસે આવા દાન-દ્વારા તેવો માલ માગે છે. અને સાધુ મહારાજના ધ્યેયને અને તેઓને દાન દેવાથી તેમાં થતી મદદથી થતા તેના અનુમોદનથી તે ધ્યેય મળવાનું સમજનાર માણસો પછીથી તે મળે તેના સાટા તરીકે દાન આપી કબુ-લાત કરે છે, જેમ કરોડોના સોદા કરનારને બે પાંચ રૂપીઆ સાટામાં આપવા પડે છે, અને પછી મુદત પાકે બધો માલ મળે છે તેમ અહિં પણ સમજવું.

પ્રશ્ન ૨૭૭—હાલના ઝઘડાની જડ શી?

સમાધાન—પાશ્ચાત્ય કેલવણી લીધેલા કહેવાતા શિક્ષિતો પોતાના તે શિક્ષણ માત્રથી જૈનકોમમાં અગ્રણી ગણાવવા માગે છે. પણ જૈન-કોમ સમ અને ત્યાગ સાથેની સાચી શ્રદ્ધાવાળા જ જ્ઞાનને માનનારી

હોવાથી તે કહેવાતા શિક્ષિતોને તેમના ધાર્યા પ્રમાણે માન આપતી નથી, તેથી તે શિક્ષિતો સાધુઓની સંસ્થા અને ત્યાગના વિરોધી બને છે, ને તેથી ત્યાગ અને ભોગના વિરૂદ્ધપણાથી ઝઘડો જામ્યો છે, એમ ઘણાઓનું વક્તવ્ય છે.

પ્રશ્ન ૨૭૮—પ્રશસ્ત-કષાયોથી થતી પ્રવૃત્તિથી જે કર્મબંધ થાય તે પુણ્યનો કે કાંઇક પાપનો પણ ખરો ?

સમાધાન—શુદ્ધ લાગણીથી ગુણ અને ગુણી ઉપર રાગ તે પ્રશસ્તરાગ તથા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ ઉપર રોષ તે પ્રશસ્તદ્વેષ ગણવો અને તેની ન્યૂનાધિકતાએ ન્યૂનાધિક નિર્જરા સાથે સંબંધ છે. અવગુણી ઉપર દ્વેષનો નિર્જરા સાથે સંબંધ નથી. તેવામાં માધ્યસ્થ્યતાની જરૂર છે. યોગશાસ્ત્ર પ્રકાશ. ૪ શ્લોક.

क्रूरकर्मसु निश्शङ्कं देवता गुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥ १ ॥

જોકે ઉપમિતિ૦માં '**कुर्यन्ति सामाचारी विलोपेषु**' '**दृष्यन्ति प्रत्यनीकेषु**' આવા વાક્યો દેખીને પ્રત્યનિકો ઉપર કરાતા ક્રોધ અને રોષને સારાં કહેનારાઓએ સમજવું જોઇએ કે કોપ કરવાનું લેવું હોય તો '**क्रुद्द्रुहेर्ष्यासूयार्थैयं प्रति कोपः**' એ સૂત્રથી સંપ્રદાન સંજ્ઞા થઇને ચતુર્થી વિભક્ત થાય પણ સપ્તમી થાય નહિં તેથી પ્રીતિ છોડવારૂપ અને ઓલંભારૂપ ક્રોધ-રોષ લેવા યોગ્ય છે. ભગવાન મહાવીરે ગોશાલાના તેજોલેશ્યાના પ્રસંગે શ્રમણો સ્થવિરો ને અર્હંતોને અનન્તગુણી તેજોલેશ્યાવાળા છતાં તેનો પ્રયોગ ન કરવામાં ક્ષાન્તિક્ષમ એટલે ક્ષમા-સહન કરનાર ગણ્યા છે. સુમંગલસાધુએ ગોશાલા (વિમલવાહન) ને બાળ્યો ત્યાં પણ આલોચન પ્રતિક્રમણ જણાવ્યાં છે. દારૂપીનારી, ગોહત્યા કરાવી માંસ ખાનારી અને નાસ્તિકની લાઇને જઇ, સામાયિક-પૌષધને ભંગાવનાર સ્ત્રીને સાતમે દિવસે રોગથી મરીને નરકે જવાનું સાચેસાચું કહેનારને આલોચના પ્રાયશ્ચિત ભગવાને કરાવ્યાં છે.

પ્રશ્ન ૨૭૯—શ્રી જિનમૂર્તિ તોડવા તૈયાર થયેલ વ્યક્તિને સમજાવવા છતાં નહિ રોકાય અને ફક્ત મૂર્તિનો બચાવ કરવાનાજ ઉદ્દેશથી બળ વાપરતાં, મૂર્તિ તોડવા તૈયાર થયેલાનો પ્રાણ જાય તો તે પ્રવૃત્તિથી જે કાંઈ કર્મબંધન થાય તે પુણ્યનો કે પાપનો ?

સમાધાન—લાગણીથી બળ વપરાયા વિના ન રહી શકે પણ તેની પ્રબલતામાં નિર્જરાની પ્રબલતા મનાય નહિ.

પ્રશ્ન ૨૮૦—શ્રી જિનેશ્વરદેવની પૂજા કરતાં અપ્કાય વનસ્પતિકાયના જીવની હિંસા થાય છે. તો તેવી પ્રવૃત્તિથી જે કાંઈ કર્મબંધ થાય તે પુણ્યનો કે પાપનો ?

સમાધાન—તેની શુભ-ભાવનાથી તે આરંભજન્ય-કર્મનાશ પામવાનું શાસ્ત્રકાર કહે છે.

પ્રશ્ન ૨૮૧—પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કેવી પ્રવૃત્તિથી પડે ?

સમાધાન—જીવદયા. (૧) વૈરાગ્ય (૨) વિધિથી ગુરૂપૂજન (૩) અને શુદ્ધશીલથી (૪) પુણ્યાનુબંધી પુણ્યનો બંધ છે.

પ્રશ્ન ૨૮૨—જૈનધર્મ અનુસાર અહિંસા અને હિંસાની વ્યાખ્યા શું ? સાંસારીક કોઈપણ ઇચ્છા વિના ફક્ત સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના માટે જયણાપૂર્વક થતી ધાર્મિક-ક્રિયાઓમાં હિંસા જેવું સાધારણ દૃષ્ટિએ લાગતું હોય ત્યાં હિંસા છે કે અહિંસા ? જેમકે પ્રભુપૂજા, પ્રતિમારક્ષણ વિગેરે.

સમાધાન—ત્યાં સ્વરૂપ-હિંસા ગણાય છે, પણ તે પૂજાદિની પ્રવૃત્તિ સ્વર્ગાદિ આપે પણ વિરાધનાને સ્વર્ગનું કારણ માનતા નથી.

પ્રશ્ન ૨૮૩—બાલદીક્ષા માટેના ત્રણ મતોમાં જન્મથી આઠ વર્ષ પછીની દીક્ષાનો એકલો પક્ષ લેવાય તો નવ વર્ષે કેવલજ્ઞાન, મોક્ષ અને અનુત્તરવિમાનમાં (ઉત્પત્તિ) જઘન્ય વયના દીક્ષિતનો બાર માસના પર્યાય વિના

ન થતી હોવાથી વાંધો આવે. કારણ કે ગર્ભનું પોણું વર્ષ જન્મનાં આઠ અને દીક્ષાનું એક એમ પોણી દશ વર્ષ થાય. જન્માષ્ટમ લઈ ને જન્મથી સાત થયે દીક્ષા માનીએ તો બાર મહિને કેવલ આદિ થવામાં ગર્ભનું પોણું, જન્મથી સાત અને એક વર્ષનો પર્યાય ગણીએ એટલે પોણા નવે કેવલ થાય. તો નવ વર્ષે કેવળાદિ કહેવાય. ગર્ભથી આઠમા વર્ષવાળાને દીક્ષા આપવાના પાઠો નિશીથચૂર્ણિ, પ્રવચનસારોદ્ધારટીકા ને ટીપ્પણ ને ધર્મસંગ્રહાદિના જ છે કે તે ઉંમરે લીધેલ દીક્ષાવાળાને ગર્ભથી આયુષ્ય ગણાય છે. તેથી આઠના આયુષ્યે કોઇ સ્થાને કેવલજ્ઞાન થવાનું કહ્યું છે ?

સમાધાન—બૃહત્સંગ્રહણીની વૃત્તિ અને લોકપ્રકાશમાં કંઇક અધિક આઠ વર્ષે કેવલજ્ઞાન માનેલું છે, તે ગર્ભથી આઠમા વર્ષવાળાને એટલે જન્મથી સવા છવાળાને દીક્ષા માને અને એક વર્ષનો પર્યાય માને એટલે ગર્ભથી આઠ પૂરા થયા પછી કેવલજ્ઞાન થાય એમ સ્પષ્ટ છે, વળી શ્રી ગુણસ્થાનક્રમારોહમાં સ્પષ્ટ જણાવે છે કે—

उत्कृष्टतोऽष्टवर्षोनं, पूर्वकोटीप्रमाणकम् ।
कालं यावन्महीपीठे, केवली विहरत्यलम् ॥ १ ॥

એ શ્લોકથી પણ સાબીત થાય છે કે ગર્ભથી સાત થયે લીધેલ દીક્ષાવાળો બાર માસે કેવલજ્ઞાન પામે, એટલે કે આઠ વર્ષે કેવલજ્ઞાની બને એમાં નવાઈ નથી. ન થઈ શકે તો પણ ગર્ભાષ્ટમનો અર્થ જન્મથી સવાસાત એટલે ગર્ભાષ્ટ માનીએ તો નવ વર્ષ પછી જ કેવલજ્ઞાન થાય, અહિં જણાવેલ આઠ વર્ષનું કેવલજ્ઞાન તો ઘટે જ નહિં.

પ્રશ્ન ૨૮૪—અસર્વજ્ઞ એવા શ્રી ગૌતમસ્વામીજી વીરપ્રભુને સંશયમાત્ર જાણવાથી, સર્વજ્ઞ તરીકે કઇ રીતે કહી શક્યા ?

સમાધાન—સ્થાલીપુલાકન્યાયે જેમ હાંલ્લીમાં રહેલો એક દાણો તપાસવાથી હાંલ્લીમાં રહેલા દાણા પાકી ગયા છે એમ જણાય છે તેવી

રીતે અમૂર્ત એવા પરસ્પર વિરૂદ્ધ શ્રુતિજ્ઞાન સંબંધી જ્ઞાન અને તેનાથી થયેલ સંશયજ્ઞાન અને શંકાનું સમાધાન આપે તો સર્વજ્ઞ માનું એવા પ્રકારના નિર્ણયવાળા શ્રી ગૌતમસ્વામીએ ભગવાનના મુખથી સાંભળી શંકા દૂર કરી, અર્થાત્ સોનું-ચાંદી ખરીદનારા ચોકસી બન્યા પછી જ કંઈ સોનું ચાંદી ખરીદતા નથી. હીરા, પન્ના, માણેક આદિ અમૂલ્ય ઝવેરાત ખરીદનાર, પણ ઝવેરી બન્યા પછી જ તે ઝવેરાત ખરીદે છે એમ નથી પણ જગજાહેર ઝવેરાતપરીક્ષક ઝવેરીના વિશ્વાસ અનુસાર આજે લેવડદેવડનું કામકાજ ધમધોકાર કરે છે. તેવી રીતે અસર્વજ્ઞ છતાં સર્વજ્ઞપણાનો ડોળ કરનાર શ્રી ગૌતમસ્વામી સંશય નાશ પામ્યા પછી પોતાના અમૂર્ત સશંયજ્ઞાનથી શ્રી વીરને સર્વજ્ઞ તરીકે કબુલ કરે તેમાં નવાઈ જેવું નથી.

પ્રશ્ન ૨૮૫—તામલી તાપસે રસ (છ વિગય) વગરની કરેલી તપશ્ચર્યા આયંબીલમાં ગણાય કે નહિ ?

સમાધાન—ના, મહાનુભાવ ! ફક્ત વિગઈ વગરનો લુખ્ખો આહારમાત્ર તે આચામામ્લ નથી, પણ નિરસ આહારની સાથે જીવાદિકની વિરાધનાનો પણ અભાવ હોવો જોઇએ: જો એમ નહીં માનીએ તો લુખ્ખું અનાજ ખાવાપીવાવાળા જગતના કેઇ જીવોને આચામામ્લ તપસ્વીઓ ગણવા પડે ?

પ્રશ્ન ૨૮૬—શાસ્ત્રમાં લવસત્તમદેવને સાત લવ આયુષ્ય બાકી અને સાથે છઠ્ઠ તપ બાકી જણાવે છે એનું રહસ્ય શું ?

સમાધાન—જેવી રીતે તેવા પુરૂષને સાત લવ પ્રમાણ આયુષ્યનાં દળીયાં હોય અને જેટલાં કર્મ ખપાવે તેવી રીતે તેટલાં કર્મની નિર્જરા કરવા માટે છઠ્ઠ તપ જેટલું તપ બાકી રહે છે,-અર્થાત્ આયુષ્ય ઓછું હોવાથી તે શું કરે એમ એકલું નહિ પણ નિર્જરા કરાવી આપે તેવો છઠ્ઠનો સંયોગ હોય તો ઠીક, તેથી છઠ્ઠનુ વિધાન છે.

પ્રશ્ન ૨૮૭—બૌદ્ધદર્શનમાં ગોશાળાની વાત આવે છે, તેવી દિગંબરમાં સામાન્યત પણ નથી તેનું કારણ શું ?

સમાધાન—દિગંબરોએ ઉપકરણને અધિકરણ માનવાના આગ્રહમાં જઈ બધા આગમોનો વિચ્છેદ માની લીધો અને માત્ર અન્યાન્ય આચાર્યે કરેલા ગ્રંથો માની લીધા અને તેથી જે ગોશાળાની હકીકત જૈન શાસનની માફકજ ગોશાળાની અધમસ્થિતિને દેખાડનાર બૌદ્ધોમાં પણ સામાઞ્ઞફલસુત્ત આદિમાં હોવાથી સત્ય હોવા છતાં દિગંબરો અસલના સૂત્રોને ન માનનારા હોવાથી ન માને તેમાં આશ્ચર્ય શું ?

પ્રશ્ન ૨૮૮—સમવસરણ પ્રભુ માટે દેવો બનાવે છે તો એવી વિરાધનામાં બેસીને અનુમતિ કેમ આપે છે ?

સમાધાન—પ્રથમ સકષાયવાળાને અનુમતિ દોષ લાગે અને પાપ બંધાય તેમ શ્રી કેવલીને ક્ષીણકષાય હોવાથી દોષ કે પાપ લાગે કેમ ? ખરી રીતે તો લોકોને ધર્મના પ્રતિબોધ આદિને માટે ધર્મભૂમિરૂપ સમવસરણમાં દેવોદ્વારા થતી હિંસામાં ભગવાન્ કોઈપણ પ્રકારે દોષપાત્ર નથી, અને તેથી સુશ્રાવિક રેવતીએ કરેલ આધાકર્મી એવા પાકને લેવાની ના કહી શુદ્ધ પાક મંગાવનાર ભગવાને પણ સમવસરણનો નિષેધ ન કરતાં અનુસેવન કર્યું. આ ઉપરથી હિંસાના નામે શ્રી જિનપૂજાને છોડાવનારાઓએ વિચારીને સન્માર્ગ આદરવા જેવું છે.

પ્રશ્ન ૨૮૯—જાનુ પ્રમાણ ફૂલો ચારે બાજુ હોય તે પર થઈને ભગવાન તથા સાધુ શું સમવસરણમાં બેસતા હશે ?

સમાધાન—જેમ સંયમના રક્ષણ માટે વિહારમાં કે ગુરૂવંદનાદિ માટે જવામાં નદી આદિ ઉતરવાનું થાય છે તેમ સમવસરણમાં સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની અત્યંત વૃદ્ધિ હોવાથી અને આજાનુપુષ્પ સિવાયની કોઈ જગ્યા આખી સમવસરણ ભૂમિમાં ન હોવાથી ભગવાન્ જિનેશ્વરની દેશના સાંભળવા સાધુઓ બેસે તેમાં આશ્ચર્ય શું ?

પ્રશ્ન ૨૯૦—કેવલી ભગવન્તો સમવસરણમાં પ્રભુને વંદન કરતા નથી છતાં પ્રદક્ષિણા ફરે તેનું કારણ શું ?

સમાધાન—જેમ તીર્થંકર મહારાજા ધર્મપીઠને પ્રદક્ષિણા કરીને સિંહાસન ઉપર બેસે છે તેમ કેવલી ભગવંતો પણ માત્ર રીતિને માન આપવાને જ ભગવાન્ જેમાં બિરાજમાન છે તે ધર્મપીઠને પ્રદક્ષિણા કરીને સમવસરણમાં બેસે છે.

પ્રશ્ન ૨૯૧—તે કેવલિ ભગવંતો શું સાંભળવા આવે છે ?

સમાધાન—કેવલિ ભગવંતો સમવસરણમાં કંઈ સાંભળવા આવતા નથી, કારણ કે તે ભગવંતો પણ શ્રી જિનેશ્વર મહારાજની માફક જ્ઞાનપૂર્ણ અને અતીન્દ્રિય છે. માત્ર કલ્પ તરીકે તેઓનું સમવસરણમાં આવવું અને બેસવું વિગેરે થાય છે.

પ્રશ્ન ૨૯૨—સમવસરણની રચનાભૂમિથી કેટલેક દૂરથી સાધુઓ આવે અને આવે તે ફરજીઆત કે મરજીઆત ?

સમાધાન—શ્રી જીનેશ્વર મહારાજના વખતમાં સામાન્ય વિહાર-ક્રમ બાર યોજનનો ગણાતો હોવાથી સમવસરણભૂમિથી બાર યોજનની અંદર રહેલા સાધુઓને જો પહેલાં સમવસરણમાં ન આવ્યા હોય તો ફરજીઆત આવવાનું હોય છે; ને તેમ છતાં ન આવે તો પ્રાયશ્ચિત્ત જણાવેલ છે. પહેલાં આવેલા લોકો તો ઉમંગથી જ આવે. તેમાં પ્રાયશ્ચિત્તને સ્થાન ન હોય તેમાં નવાઈ નથી.

પ્રશ્ન ૨૯૩—ગર્ભાપહારની વાત દિગંબરો કેમ માનતા નથી ?

સમાધાન—દિગંબરો ચાલુ આગમોને જ માનતાં નથી તો એ એક ગર્ભાપહારની વાત ન માને તેમાં નવાઈ નથી.

પ્રશ્ન ૨૯૪—રિવાજ અગર રૂઢીની અયોગ્યતા એ શું વસ્તુના વાસ્તવિકસ્વરૂપને અયોગ્યતાના સ્વરૂપમાં સ્પર્શન કરતી નથી ?

સમાધાન—ના, રિવાજની અયોગ્યતાનું અવલોકન કરીને વસ્તુના વાસ્તવિકસ્વરૂપને નહિ પીછાણુનારા વસ્તુને અયોગ્ય કહેવામાં હિમાલય જેવી મહાન્ ગંભીર અને અનર્થકારી ભૂલ કરે છે. રિવાજ અને વસ્તુ એ બે તદ્દન અલગ છે. આ ભૂલ સુધારવા માટે સદ્‌ગુરુઓની શુશ્રૂષાદિ કરવા યોગ્ય છે. જેમ દેવદત્તના વેવિશાળ વિષ્ણુદત્તને ત્યાં થયા. લગ્ન થયા બાદ વિષ્ણુદત્તના ઘેરથી કન્યાને વળાવવા માટે જે રીત રીવાજ કરવા જોઇએ તે તે કન્યાના માબાપે કર્યા નહિ અને કન્યા ઊઠીને દેવદત્તને ત્યાં ચાલી ગઈ, અગર દેવદત્ત પોતાના સાસરેથી લગ્નને અનુસરતી રીતભાત થયા વગર તે સ્ત્રી લઈ આવ્યો, અને તે સ્ત્રી પોતાનું ઘર માંડીને રહી. આ દૃષ્ટાંતમાં લગ્નને અનુસરતી રીતભાત અયુક્ત કહી શકશો. પણ લગ્ન અયોગ્ય છે, એમ કહેવા કે તે રીતભાત બરોબર થઇ નથી માટે લગ્ન તોડી નાખો, અગર લગ્ન ગેરકાયદેસર છે, એમ કહેવાને જગતભરમાં કોઈ પણ સમજુ મનુષ્ય તૈયાર થશે નહિ. તેવી રીતે દીક્ષાદિ વસ્તુઓ અયોગ્ય નથી, તેની રીતિ કદાચ અયોગ્ય કહી શકો તો તે જુદી વાત છે. દૃષ્ટાંત તરીકે આર્યરક્ષિતસૂરીશ્વરજીની થયેલ દીક્ષામાં આચાર્યને શિષ્યનિષ્ફેટિકા દોષ કહ્યો પણ તે દીક્ષાને અયોગ્ય કહી નહિ. તેમજ તે આર્યરક્ષિતજીને સૂરિપુરંદર, પૂર્વધર ભગવાન્ તરીકે વંદન નમસ્કાર કર્યા નથી એમ નથી, પણ તે દીક્ષાથી પ્રભુશાસનની વૃદ્ધિ થઇ એમ માન્યું છે. અન્યથા તે આર્યરક્ષિતજીને મુનિ આચાર્ય કે યુગપ્રધાન તરીકે કોઈ માનત નહિં, તેવી જ રીતે તેમના પિતાશ્રીજીને વૃદ્ધાવસ્થાએ દીક્ષા આપી, દીક્ષાની વય ઉલ્લંઘન થઇ હતી માટે તેમાં પણ રીતિ અયોગ્ય કહેવાય, પણ તે દીક્ષા અયોગ્ય કહેવાય એમ નથી. પાંચસેં ચોરોને દીક્ષા આપવામાં આવી તે પણ રીતિ અયોગ્ય કદાચ કહેવાય, પણ દીક્ષા અયોગ્ય કહેવાય જ નહિ. આ ઉપરથી આજે દીક્ષા જેવી પરમપાવન વસ્તુને અયોગ્ય કહેતાં વિચારવાનું છે કે–રીતભાત અગર રિવાજ અયોગ્ય કહેવાય અને તે ક્ષમ્ય પણ કદાચ ગણાય; પણ **દીક્ષા અયોગ્ય છે એવું કથન કોઇપણ સ્થળે કર્યું**

નથી, માટે રીતિની અયોગ્યતા માત્રથી દીક્ષાને અયોગ્ય કહેનારા પોતાની ભૂલને સુધારી કલ્યાણ-માર્ગ પ્રત્યે આદરવાળા થાય તો જૈનજનતા કલ્યાણને રસ્તે જલદી આવે.

પ્રશ્ન ૨૯૫—શ્રદ્ધાનુસારિજીવો અને તર્કાનુસારીજીવોને સમજાવવાની રીતભાત એક સરખી રાખી શકાય કે નહિ ?

સમાધાન—એક સરખી રીતભાત રાખવામાં શાસ્ત્રકારોએ પરમાર્થથી એક સરખો લાભ દેખ્યો નથી, જેથી શ્રદ્ધાનુસારિજીવોના પ્રશ્નના સમાધાન શાસ્ત્રની રીતિ, નીતિ, દાખલા, દલીલ પુરસ્સર અપાય અને તર્કાનુસારી ઈતર દર્શનકાર બલ્કે શાસ્ત્ર પરત્વે અશ્રદ્ધાલુજીવોને તેના શાસ્ત્ર પ્રમાણે અગર તે સમજી શકે તેવી બહારની દલીલો, રીતિ, નીતિ વિગેરેથી સમજાવવામાં આવે.

પ્રશ્ન ૨૯૬—દીક્ષા લેનારને રોકવામાં અગર દીક્ષા લીધેલી હોય તેને દીક્ષા છોડાવવામાં બળાત્કાર વાપરનાર મહામોહનીય કર્મ બાંધે કે જે કર્મ ગણધરાદિ મહાપુરૂષોની હત્યા કરવા જેવું અધમ પરિણામવાળું થાય એમ સંભળાય છે. તો તત્ સંબંધી શાસ્ત્રકારો શું કહે છે ?

સમાધાન—શ્રીસમવાયાંગસૂત્ર પાનું ૫૩ પુંઠી બીજી લીટી ૨૫ થી શરૂ :—

'बहुजनस्य' पञ्चषादीनां लोकानां 'नेतारं' नायकं द्वीप इव द्वीपः संसारसागरगतानामाश्वासस्थानं अथवा दीप इव दीपोऽज्ञानान्धकारावृतबुद्धिदृष्टिप्रसराणां शरीरिणां हेयोपादेयवस्तुस्तोमप्रकाशकत्वात् तम्, अत एव त्राणम्-आपद्रक्षणं प्राणिनामेतादृशं यादृशा गणधरादयो भवन्ति, नवरं प्रावचनिकादि पुरुषं हत्वा महामोहं प्रकरोतीति सप्तदशम् । १७ ।

उपस्थितं प्रव्रज्यायां-प्रविव्रजिषुमित्यर्थः 'प्रतिविरतं' सावद्ययोगेभ्यो निवृत्तं-प्रव्रजितमेवेत्यर्थः 'संयतं' साधुं 'सुतपस्विनं'

तपांसि कृतवन्तं, शोभनं वा तपःश्रितम्–आश्रितं, क्वचित् 'जे भिक्खुं जगजीवणं' तिपाठः, तत्र जगन्ति–जंगमानि अहिंसकत्वेन जीवयतीति जगज्जीवनस्तं, विविधैः प्रकारैरुपक्रम्याक्रम्य व्यपक्रम्य बलादित्यर्थः धर्मात्–श्रुतचारित्रलक्षणाद्भ्रंशयति यः स महामोहं प्रकरोतीति अष्टादशम् ॥ १८ ॥

બહુજન એટલે ઘણા પાંચ છ આદિ લોકોના (સાધુના) નેતા=નાયક સંસાર સમુદ્રમાં પડેલાને આશ્વાસ સ્થાનરૂપ, દ્વીપની જેમ દ્વીપ જેવા, અથવા દીપકની જેમ એટલે જેમ દીપક, અજ્ઞાનરૂપ અંધકારથી અવરાઈ ગયેલ છે બુદ્ધિરૂપી દૃષ્ટિના પ્રસારો જેના એવા, શરીરધારીઓને હેય–ઉપાદેય વસ્તુના પ્રકાશ કરનાર હોવાથી 'तं'=તેમને, આ કારણથી જ 'त्राण' એટલે આપત્કાલમાં પ્રાણીઓનું આવું રક્ષણ કરનાર એવા જેમ ગણધરો આદિ છે. અર્થાત્ પ્રવચનના માલિકને હણીને મહામોહ બાંધે છે. ૧૭

એવી જ રીતે પ્રવજ્યા પામતો, અને પ્રવજ્યા પામવાની ઇચ્છાવાળો, 'प्रतिविरतं' એટલે સાવદ્યયોગોથી વિરામ પામેલો જે સાધુ 'सुतपस्विनं' તપ કરવાવાળો અથવા સારા તપનો આશ્રય કરવાવાળો, જે ભિક્ષુક જગતને અહિંસકપણાથી જીવાડે છે–અર્થાત્ જગતને જીવનરૂપ છે, તેને વિવિધ પ્રકારે બલાત્કારથી એટલે મારે કુટે અથવા ઉપકરણાદિનો નાશ કરીને કે કોઇપણ પ્રકારે 'धर्मात्' શ્રુતચારિત્રલક્ષણ ધર્મથી ભ્રષ્ટ કરે છે તે અઢારમું મહામોહસ્થાન બાંધે છે. ॥૧૮॥

ઉપર પ્રમાણે ચારિત્ર લેનારને કે ચારિત્ર લીધું હોય તેને બલાત્કારથી ચારિત્રથી ચૂકવે તેને મહામોહનીય કર્મ બંધાય અને તેથી વર્તમાનના સમ્યક્‌ત્વાદિ અને ભવિષ્યના સમ્યક્‌ત્વાદિના લાભનો નાશ થાય એમ સ્પષ્ટ જણાય છેઃ શ્રેણિકે અભયકુમારને અને ભરત મહારાજે સુંદરીને દીક્ષામાં રોક્યાં છે પણ ત્યાં બલાત્કાર કર્યો હોય એમ જણાયું નથી. સામાન્ય સ્વજન સ્નેહાદિનું ત્યાં કારણ હોય એમ જણાય છે.

પ્રશ્ન ૨૯૭—ઉપધાનમાં પ્રવેશ અને તેની સમાપ્તિ અવસરે માળમાં બોલાતા ઘીની ઉપજ જ્ઞાનખાતામાં નહિ લઈ જતાં દેવદ્રવ્યમાં કેમ લઈ જવાય છે ?

સમાધાન—ઉપધાન એ જ્ઞાનારાધન અનુષ્ઠાન છે અને તેથી જ્ઞાનખાતામાં જઇ શકે એમ માનતા હો પણ ઉપધાનમાં પ્રવેશથી માંડીને માળ પહેરવા સુધી બધી ક્રિયા સમવસરણરૂપ નંદિ આગળ થાય છે. **ક્રિયાઓ પ્રભુસન્મુખ થતી હોવાથી તે ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવી જોઈએ.**

પ્રશ્ન ૨૯૮—સ્વપ્નાની ઉપજ ને તેનું ઘી દેવદ્રવ્યખાતામાં લઈ જવાની શરૂઆત અમુક વખતથી થઈ છે તો ફેરફાર કેમ ન થઈ શકે ?

સમાધાન—અર્હંત્ પરમાત્માની માતાએ સ્વપ્ના દેખ્યાં હતાં એટલે વસ્તુતઃ તેની સર્વ ઉપજ દેવદ્રવ્યમાંજ જવી જોઇએ અર્થાત્–દેવાધિદેવને ઉદ્દેશીને જ આ ઉપજ છે. ધ્યાનમાં રાખવું કે ચ્યવન, જન્મ, દીક્ષા, એ કલ્યાણકો પણ શ્રી અરિહંત ભગવાનનાં જ છે. ઇંદ્રાદિકોએ શ્રી જીનેશ્વર ભગવાનની સ્તુતિ પણ ગર્ભાવતારથી જ કરી છે. ચૌદ સ્વપ્નનું દર્શન પણ અર્હંદ્‌ભગવન્ત કુખે આવે ત્યારે જ તેઓની માતાને થાય છે. ત્રણ જગત્માં અજવાળું પણ તે ત્રણેય કલ્યાણકોમાં થાય છે. માટે ધર્મિષ્ઠોએ ભગવાન્ ગર્ભાવસ્થાથી જ ગણવાના છે.

પ્રશ્ન ૨૯૯—કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજીએ રચેલા યોગશાસ્ત્રમાં–'जिनो देवो कृपा धर्मो गुरवो यत्र साधवः' ઈત્યાદિ કથનથી પાપસ્થાનકમાં પડેલા શ્રાવકની પ્રશંસા કરી છે. તો તે સાધુથી શું કરી શકાય ?

સમાધાન—યોગશાસ્ત્રમાં શ્રાવકની વાસ્તવિક ચર્યા દેવ ગુરૂ–શ્રદ્ધાને અંગે કરી છે. માટે કોઈપણ જાતનો દોષ ગુણની પ્રશંસા કરવામાં લાગતો જ નથી. ખુદ તીર્થંકર મહારાજે પણ સુલસા રેવતી આદિ

શ્રાવિકાઓ અને કામદેવાદિ શ્રાવકોના વ્રત નિયમાદિકમાં અતુલ ધૈર્યતા ૩૫ ગુણની પ્રશંસા બાર પર્ષદા વચ્ચે કરી છે. અર્થાત્ ગુણગ્રામ કરવાની ઇચ્છાવાળાઓએ તો જેનામાં નાનામાં નાનો અણુ જેટલો પણ જો ગુણ જાણતા હોય તો તેની પ્રશંસા કરવા ચૂકવું જ નહિં પણ ધ્યાનમાં રાખવું કે મિથ્યાદૃષ્ટિ તો કોઈ દિવસ પ્રશંસાપાત્ર બને નહિ.

પ્રશ્ન ૩૦૦—ચારિત્રની શ્રદ્ધા વગરના જીવને સમ્યક્ત્વ હોઈ શકે ખરૂં? જે વર્તમાન સાધુઓને ન માને તે પરમેષ્ઠિને માનનારો કહેવાય?

સમાધાન—ના. ચારિત્રની સમ્યક્ શ્રદ્ધા જેને ન હોય તેને સમ્યક્ત્વ સંભવેજ નહિં, ને ભગવાન્ મહાવીરે પાંચમાં આરામાં એકવીસ હજાર વર્ષ સુધી શાસને ચારિત્ર કહ્યાં છે, માટે વર્તમાન સાધુઓને ન માનનાર પરમેષ્ઠિને માનનાર ગણાય નહિ; સાધુ સંયમના અર્થી હોવા જ જોઈએ.

પ્રશ્ન ૩૦૧— તીર્થંકર નામકર્મ બંધાય ક્યારે અને નિકાચિત ક્યારે થાય? તે તીર્થંકર નામકર્મની સ્થિતિ કેટલી?

સમાધાન—તીર્થંકર નામકર્મ ઉત્કૃષ્ટથી અન્તઃકોટાકોટિ સાગરોપમ બંધાય, અને તીર્થંકર નામકર્મ નિકાચિત તો તીર્થંકરપણાથી પહેલાંના ત્રીજેજ ભવે થાય, તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટથી સ્થિતિ અન્તઃકોટાકોટીની (એક કોડાકોડી સાગરોપમથી કંઈક ન્યૂન) છે.

પ્રશ્ન ૩૦૨—તીર્થંકર નામકર્મ બંધાયા પછી એ જીવ તિર્યંચમાં જાય કે નહિં ? ને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય કે નહિ ?

સમાધાન—તીર્થંકરનામકર્મ બંધાયા પછી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઇ મિથ્યાત્વભાવને પણ પામે, તિર્યંચમાં પણ જાય પણ તીર્થંકરનામકર્મનો ઉદય તો વર્તતો જ હોય; તીર્થંકરનામકર્મ ઉદયવાળો જીવ અર્થાત્ ચારે ગતિમાં ઉભય સ્થાનોમાં વર્તતો હોય છે, પણ તે નિકા-

ચિત જો કર્યું હોય તો મનુષ્ય, નરક અને દેવગતિ સિવાય અન્યગતિમાં જાયજ નહિ.

પ્રશ્ન ૩૦૩—સાચા વૈરાગ્યનાં પણ દુઃખગર્ભિતને નામે આજે બણગાં ફૂંકાય છે માટે દુઃખગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ શું છે ?

સમાધાન—કોઇ બાઇનો ધણી મરી જાય ત્યારે તે ઘરેણાં પહેરે નહિં, શારીરિક શુશ્રૂષા કરે નહિં, ખાવાપીવાની સુંદરમાં સુંદર વસ્તુઓનો ભોગવટો કરે નહિ, વર્ષો સુધી ખુણામાં બેસી રહે, રાત-દિવસ દુઃખમાં ગુજારે; તેજ રીતે સ્ત્રી અગર તેના સંબંધી પાછળ પુરૂષ પણ પોતાને યોગ્ય સારી સારી વસ્તુઓનો ત્યાગ કરે, સદા ઉદ્વેગવાળો જ રહે, વેપાર ધંધો કરે નહિ, આ તમામ દુઃખગર્ભિત વૈરાગ્ય. સાંસારિક આવા વૈરાગ્યથી થતો ત્યાગ તે દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય કારણ કે નાશ પામેલા પદાર્થ પ્રત્યે હૃદયમાં પૂર્ણ પ્રેમ છે. '**विगतो रागोऽस्येति विरागः तस्य भावो वैराग्य**' સાંસારિક કંઇ કારણ બનવા માત્રથી જે ધર્મ સાધનારો વૈરાગ્ય થાય તેને જ સાચો વૈરાગ્ય નથી એમ ગણવામાં આવે તો '**विगतो रागो**' ઇત્યાદિ વૈરાગ્ય શબ્દની વ્યુત્પત્તિ ઘટેજ નહિ. અર્થાત્ દુઃખમૂલક અને દુઃખદાયક એવા સંસારથી કાંઇપણ નિમિત્ત પામીને થતા વૈરાગ્યથી લેવાતી પ્રવ્રજ્યામાં સંસાર પ્રત્યેની લાલસા ચારિત્રદ્વારાએ સફળ કરવાની હોતી નથી જેથી તે દુઃખગર્ભિત વૈરાગ્ય નથી પણ કર્મક્ષય કે મોક્ષપ્રાપ્તિની ભાવનાથી તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

પ્રશ્ન ૩૦૪—કયા મુદ્દાએ દુનિયાનો ત્યાગ કરે તો મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય ?

સમાધાન—દેવલોક, રાજા-મહારાજાપણું, ચક્રવર્તિ-વાસુદેવાદિપણું, આદિની ઇચ્છાએ જે સંસારનો ત્યાગ કરી પંચાગ્નિકષ્ટ કરનારા, જંગલમાં તાપસપણું સ્વીકારીને નાગરિક સંસર્ગ છોડી દેનારા, પૌદ્ગલિક ઇચ્છાવાળાઓનો વે તે મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય.

પ્રશ્ન ૩૦૫—પૂજારી વિગેરેને ફળ નૈવેદ્યાદિ અપાય તેમાં દેવ-દ્રવ્યનો દોષ લાગે કે નહિ ?

સમાધાન—પૂજારી, માલી વિગેરેને મહેનતની નોકરી તરીકે આપવામાં આવે તો દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે નહિ: પણ જો મંદિરમાં કામ કરતો ન હોય અને માત્ર લાજ શરમથી આપવામાં આવે તો પૂજારી વિગેરે અને આપનાર અગર વહીવટ કરનાર બન્નેને અનુક્રમે એકને દેવદ્રવ્યના ભક્ષણનો એકને દેવદ્રવ્યના વિનાશની ઉપેક્ષાનો દોષ લાગે છે.

પ્રશ્ન ૩૦૬—જેમ તીર્થંકરોને દીક્ષાની સાથે મનઃપર્યવજ્ઞાન થાય તેવી રીતે બીજાને દીક્ષાની સાથે મનઃપર્યવજ્ઞાન થાય ખરું ?

સમાધાન—તીર્થંકરોને દીક્ષાની સાથેજ ચોથું જ્ઞાન થાય એવો નિયમ છે, તેવી રીતે બીજાને દીક્ષાની સાથે અન્ય કોઇ જીવને મનઃપર્યવ થઇ જાય એવો નિયમ કોઇપણ ગ્રંથમાં નથી, પણ કોઇને થાય જ નહિ એમ કહેવાય નહિ. કારણ કે ચારિત્ર ને મનઃપર્યવને એકીકાલે પ્રાપ્તિ પણ આવશ્યકાદિમાં કહી છે.

પ્રશ્ન ૩૦૭—કષાય, હિંસા તથા મૃષાવાદને પ્રશસ્ત ક્યારે ગણી શકાય ?

સમધાન—જે કષાય ધર્મની ધગશથી દેવ, ગુરૂ અને ધર્મ (શાસન) ઉપર થતા આક્રમણોને અટકાવવા બલ્કે દેવાદિને બચાવવા થાય તે સારા પરિણામ-સંબંધવાળો હોવાથી ખુશીથી પ્રશસ્ત-કષાય ગણી શકાય, તેવીજ રીતે જિનપૂજા આદિકમાં પાણી આદિકના જીવોની જે હિંસા થાય છે તે પણ જિનેશ્વર મહારાજની પૂજા સર્વત્યાગ (ચારિત્ર) ના મુદ્દાએ કરાતી હોવાથી દેખીતી હિંસા છે, છતાં પણ પ્રશસ્ત-હિંસા ગણાય. મૃગઆદિકને બચાવવા માટે જે મૃષાવાદ બોલાય તે પ્રશસ્ત-મૃષાવાદ ગણાય, પણ ધ્યાન રાખવું કે જેમ લાગણીને નિર્જરા સાથે ન્યૂનાધિકપણે સંબંધ છે તેમ આ પ્રાસંગિક કષાય-હિંસા ને મૃષાવાદની સાથે ન્યૂનાધિકપણે નિર્જરા સાથે સંબંધ નથી.

પ્રશ્ન ૩૦૮—ક્ષાયિકસમ્યક્ત્વવાળોજ જઘન્યથી કેટલે ભવે મોક્ષ જાય ?

સમાધાન—'ગુણસ્થાનક્રમારોહ' ગ્રંથમાં પણ લખે છે કે જઘન્યથી ક્ષાયિકસમ્યક્ત્વવાળો તે ભવે મોક્ષે જાય ને ઉત્કૃષ્ટથી જુગલિયામાં જાય તો ચોથે ભવે, ને દેવગતી કે નરકમાં જાય તો ત્રીજે ભવે મોક્ષમાં જાય.

પ્રશ્ન ૩૦૯—અખિલ વિશ્વના લોકો મરણથી ડરે છે એ કહેવત સાચી છે ?

સમાધાન—દુનીઆના તમામ લોકો મરણથી ડરેજ છે એ વાત પ્રાયઃ સાચી છે, અને પાયા વગરની પણ છે. કારણ કે એક મરણથી બચવા માટે મરણનો ડર ચાલુ છે. અને અનેક પ્રકારનાં આરંભ, સમારંભ સાચાં, જુઠાં, ચોરી વિગેરે બધા પાપોથી અનંત મરણ કરવાં પડે છે. તેવાં કારણો કમર કસીને કર્યે જાય છે. તેથી મરણનો ડર નામમાત્ર છે. એ મરણ વધુ કરવાની વાતની ખબર જ નહિ હોય. પણ જો કોઈ સમજાવે તો પણ કાન આડા હાથ દે અને સમજેલાઓ મરણની પરંપરા વધે તેવી કાર્યવાહી ધપાવ્યે જ જાય છે, તેથી એક મરણને માટે અનન્તા મરણને એકઠા કરનારા દુનિયાના લોકો મરણથી ડરે છે. એ કહેવત નામમાત્રથી અંગીકૃત કરેલી છે. તત્ત્વથી વર્તમાન ભવનાજ મરણથી ડરે છે.

પ્રશ્ન ૩૧૦—જગતના જીવોએ મરણની બાબતમાં "ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લા" મૂક્યા છે તે કેવી રીતે ?

સમાધાન—એ કથન પણ અહિંજ લાગુ થાય છે. એક ભવના મરણથી બચવા માટે અનેક પ્રકારનાં સાધનો અને તૈયારીઓ લોકોથી રખાય, જ્યારે ભાવિનાં અનન્ત મરણોથી બચવા માટે શું કરવું એનો સ્વપ્નમાંયે વિચાર સરખો પણ ન થાય, તો ત્યાં 'ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લા' જેવું નહિ તો બીજું શું ?

પ્રશ્ન ૩૧૧—ધર્મ કરવા માટે મળેલી સામગ્રીનો ઉપયોગ નહિ કરતાં, 'આવતા ભવમાં ધર્મ કરીશું' એવી ઇચ્છા રાખવી એ બીના ધર્મશાસ્ત્ર અને નીતિથી સંગત છે કે વિરૂદ્ધ ?

સમાધાન—પ્રાપ્ત થયેલી ઉત્તમ સામગ્રીનો ઉપયોગ કરવા ઉજમાલ થાય નહિ અને ધર્મ કરવાની ઇચ્છા આવતા ભવમાં ધરાવે એ ઇચ્છા જ નીતિ અને ધર્મથી વિરૂદ્ધ છે, કારણ કે નીતિકારો પણ કહે છે કે-

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥

જે નિશ્ચિત વસ્તુ (ધર્મ) ચાલુ ભવમાં સ્થિર એવાને છોડી દઈને અનિશ્ચિત વસ્તુઓને સેવે છે, અર્થાત્ ભવિષ્યમાં ધર્મ કરીશું એ *ઇચ્છાથી નાશ પામનારી પૌદ્ગલિક અસ્થિર વસ્તુઓમાં રાચ્યો માચ્યો* રહે છે, તે ખરેખર આ ભવમાં કરવાના ધર્મથી અને ભવિષ્યમાં આરાધના વિના ધર્મ મળશે કે નહિ એનો નિશ્ચય ન હોવાથી બન્નેથી ભ્રષ્ટ થાય.

પ્રશ્ન ૩૧૨—જિન કેટલા પ્રકારના છે ?

સમાધાન—જિન ચાર પ્રકારના છે. ૧. પ્રથમ શ્રુતજિન તે-દશ પૂર્વધરથી ચૌદ પૂર્વધર સુધીના મુનિઓ, ૨ દ્વિતીય અવધિજિન-તે અવધિજ્ઞાનવાળા મુનીશ્વરો વિગેરે, ૩. તૃતીય મનઃપર્યવજિન-તે વિપુલ-ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનના ધારક વિશુદ્ધ ચારિત્રધર શ્રમણનિર્ગ્રંથો, ૪. ચતુર્થ કેવલીજિન-તે સામાન્ય કેવલીઓ કહેવાય.

પ્રશ્ન ૩૧૩—તીર્થંકરો જિનેશ્વર શા માટે કહેવાય છે ?

સમાધાન—'**जिनानां जिनेषु वा ईश्वरः इति जिनेश्वरः**' ચાર પ્રકારના જિનોમાં ચોત્રીશ અતિશય ને પાંત્રીશ ગુણયુક્ત વાણીવાળા હોવાથી ઇશ્વર તે જિનેશ્વર કહેવાય.

પ્રશ્ન ૩૧૪—સાધુએ સાધર્મિકવાત્સલ્યમાં વહોરવા જવું કે નહિ? સંખડી દોષ ક્યારે લાગે?

સમાધાન—સાધુને સાધર્મિકવાત્સલ્યમાં વહોરવા જવું કલ્પે નહિ, કારણ કે શ્રીસેનપ્રશ્નમાં લખે છે કે-સાધર્મિકવાત્સલ્યમાં વહોરવા જવાથી સંખડી દોષ લાગે; તેમાં ખુલાસો પણ છે કે જ્યાં ૩૦-૪૦ માણસ જમતા હોય ને સાધર્મિકવાત્સલ્ય હોય કે જમણવાર હોય ત્યાં વહોરવા જવું સાધુને કલ્પે નહિં. તીર્થમાં સંઘાદિમાં પણ અન્ય સ્થાને વહોરાય છે.

પ્રશ્ન ૩૧૫—આત્માના શુભ અને શુદ્ધ પરિણામમાં તફાવત શો?

સમાધાન—આત્માના જે અધ્યવસાયથી પુણ્યબંધ થાય તે શુભ પરિણામ, અને જે અધ્યવસાયથી આત્મીયગુણોની વિશુદ્ધિ થાય, આત્મા નિર્મલ થતો જાય તે શુદ્ધ પરિણામ.

શુભ પરિણામ પુણ્યબંધ કરે છે ત્યારે શુદ્ધ પરિણામ ગુણોનો આવિર્ભાવ કરે છે. એટલો જ તફાવત છે; શુભપરિણામે નિર્જરા થવાનો નિયમ નહિ, પણ શુદ્ધ (શુભ) પરિણામે પુણ્યબંધ તો થાય જ.

પ્રશ્ન ૩૧૬—હિંસા, જુઠ, અદત્ત, મૈથુન અને પરિગ્રહ એ પાંચે આશ્રવોની નિન્દા કરેલ પાપોનું સ્મરણ કરીને થાય કે નહિ?

સમાધાન—શાસ્ત્રકારો કહે કે પહેલાં આચરેલ હિંસા, જુઠ, ચોરી અને પરિગ્રહ એ ચાર આશ્રવોના સ્મરણ કરીને પણ જરૂર નિન્દા કરવી કહી, પણ મૈથુન (ચોથા આશ્રવની) નું સ્મરણ કરીને નિન્દા કરવાની સાફ સાફ (સ્પષ્ટતયા) મનાઇ કરી છે. પહેલાંની રતિક્રિયા સ્મરણ કરીને જો મૈથુનની નિન્દા કરે તો સંયમથી ભ્રષ્ટ થાય, વિષયરૂપ વિષના સ્મરણ માત્રથી આત્માના જ્ઞાનાદિ પ્રાણોનો તત્કાલ નાશ થાય છે. એથી તો શાસ્ત્રકારોને કહેવું પડે છે કે-'**प्राग रतिस्मृतिवर्जन**'

બ્રહ્મચર્યની ગુપ્તિવાળાએ પૂર્વ આચરેલ વિષયોની નિન્દા કરવા માટે પણ પહેલાંની રતિક્રિયાના સ્મરણને વર્જવું.

પ્રશ્ન ૩૧૭—તીર્થંકરને વંદના કરવાનું કોઈ છદ્મસ્થ કેવલીને કહે એ દૂષણ કે ભૂષણ? તે માટે કોઈ દાખલો છે?

સમાધાન—કોઈપણ છદ્મસ્થ, તીર્થંકરને વંદના કરવા માટે સામાન્ય-કેવલીને કહે તો પ્રાયશ્ચિત્તનો ભાગી થાય તો પછી ભૂષણ તો હોયજ શાનું? શ્રી ગૌતમસ્વામીજીએ કેવલી થયેલા તાપસોને શ્રી મહાવીર ભગવાનને વંદના કરવાનું કહ્યું તે વખતે ભગવાને કહ્યું કે—હે ગૌતમ! કેવલીની આશાતના ન કર. આશાતના થયાનું સાંભળી ગૌતમસ્વામીજીએ મિથ્યાદુષ્કૃત દીધો એ પ્રસિદ્ધ છે.

પ્રશ્ન ૩૧૮—ક્ષાયિકભાવનો ધર્મ આવ્યા પછી ક્ષાયોપશમિક-ભાવના ધર્મનું શું થાય?

સમાધાન—ક્ષાયિકભાવનો ધર્મ આવ્યા પછી ક્ષાયોપશમિકભાવના ધર્મને છોડીજ દેવા પડે, તે માટે શાસ્ત્રમાં પણ કહેલું છે કે—

धर्मास्त्याज्याः सुसङ्गोत्था, क्षायोपशमिका अपि ।
प्राप्य चन्दनगन्धाभं, धर्मसंन्यासमुत्तमम् ॥ १ ॥

અર્થ—ક્ષાયોપશમિક એવા સારા સંગથી થયેલા ધર્મો પણ ઉત્તમ ચંદનની ગંધ જેવા ઉત્તમ (ક્ષાયિક) ધર્મસંન્યાસને પામીને છોડવા લાયક થાય છે.

પ્રશ્ન ૩૧૯—વિનય વિના પાળેલી અહિંસા અને કથન કરેલ સત્ય મોક્ષ આપી શકે કે નહીં?

સમાધાન—ના, વિનયરહિતપણે કરેલી અહિંસા તથા કથન કરેલું સત્ય, કોઈપણ દિવસ મોક્ષ તો આપેજ નહિ પણ માત્ર પૌદ્ગલિક સુખોને આપે છે. અરિહંતાદિકના કથનની સત્યતા અને તેની મોક્ષહેતુતા માની વિનયવાન્ બને તેજ મોક્ષ પામે.

પ્રશ્ન ૩૨૦—તીર્થંકર નામકર્મ શી રીતે વેદાય? ને જો દેશના દેવાથી તીર્થંકરનામકર્મ ખપે છે તો તીર્થંકરની દેશના પરના ઉપકાર કરનારી છે એમ કહેવાય છે શા માટે?

સમાધાન—"**अगिलाई धम्मदेसणाइहिं**" તીર્થંકરનામકર્મ અગ્લાનિએ ધર્મદેશના દેવા આદિથી વેદાય, તીર્થંકરની દેશના પોતાના આત્માના એકપણ ગુણમાં લગીર પણ વધારો કરતી નહિ હોવાથી તીર્થંકરની દેશના પરની ઉપર ઉપકારિણી કહેવાય છે.

પ્રશ્ન ૩૨૧—કર્મની ૧૫૮ પ્રકૃતિઓમાં બંધમાં અને ઉદયમાં શુભ કઈ?

સમાધાન—કર્મની ૧૫૮ પ્રકૃતિઓમાં તીર્થંકર નામકર્મ ૧ આહારક શરીર ૨ ને આહારક અંગોપાંગ ૩ એ ત્રણ પ્રકૃતિઓ બંધમાં અને ઉદયમાં શુભ છે; બીજી બધી પ્રકૃતિઓ ઉદયમાં કેટલીક શુભ અને અશુભ છે, પણ બંધ વખતે તે બધી ઔદાયિક ભાવથી બંધાય છે અને જિનનામ તથા આહારકદ્વિક તો સમ્યક્ત્વ ને સંયમથી બંધાય છે અને પરોપકારે વેદાય છે.

પ્રશ્ન ૩૨૨—જગતમાં એવું કોઇ સ્થાન છે કે જ્યાં એક પણ વખત આ જીવે જન્મ-મરણ ન કરેલ હોય?

સમાધાન—ત્રણે જગતમાં વાલના અગ્રભાગ જેટલું પણ કોઈ સ્થાન નથી કે જ્યાં આ જીવે અનન્તી વખત જન્મ મરણ કરેલ ન હોય.

પ્રશ્ન ૩૨૩—દ્રવ્ય-ચારિત્ર આવ્યા વગર ભાવ-ચારિત્રની પ્રાપ્તિ સીધી થાય છે કે નહિ? ભાવ-ચારિત્રની પ્રાપ્તિનું કારણ કયું?

સમાધાન—સંવેગશિરોમણી શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી શ્રી પંચ-વસ્તુ નામના ગ્રંથમાં જણાવે છે કે-અનન્તી વખત દ્રવ્ય-ચારિત્ર આવે ત્યારે ભાવ-ચારિત્ર આવે છે. દુનિયામાં છોકરો ઉભો થતાં શીખે ક્યારે? સો

વખત ગબડે, પડે, ટીચાય, ઢીંચણે લોહી નીકળે, ત્યારે જ. તેમજ નિશાળે મોકલેલો રમતીયાલ છોકરો સાચો એકડો ક્યારે શીખે ? કેટલીએ વખત એકડાની જગ્યાએ ખોટા લીટા કરે ત્યારે સાચો એકડો કરે. જેમ બાલકોને ઉભુ રહેતા શીખવાડવામાં ભોંય પડવું, ટીચાવું, વિગેરે થાય તો પણ તેવું વર્તન કારણ છે, જેમ સાચો એકડો શીખવામાં ખોટા લીટા કારણ છે. તેવી જ રીતે એક વખતના ભાવ–ચારિત્રનું કારણ પણ અનન્તી વખતનાં દ્રવ્ય–ચારિત્રો છે. દ્રવ્ય–ચારિત્ર પહેલાં કોઈ પણ વખત લીધું ન હોય અને ભાવ–ચારિત્ર આવી જાય તે તો મરૂદેવા આદિકની માફક આશ્ચર્યરૂપ છે. એ વાત પહેલાંના પ્રશ્નોત્તરોમાં કહેવાઈ ગયેલ છે.

પ્રશ્ન ૩૨૪—અવધિજ્ઞાનનું લક્ષણ શું ?

સમાધાન—બાહ્યપદાર્થો દૂર પ્રદેશમાં રહેલા હોય છતાં જે એકલા જ્ઞાન દ્વારાએ જાણી શકીએ તે જ અવધિજ્ઞાન, અવધિજ્ઞાન એ આત્માના ક્ષયોપશમથી થાય છે, ઈંદ્રિયને અગોચર છે, માટે તેનું બાહ્ય-ચિહ્ન હોય નહિં.

પ્રશ્ન ૩૨૫—અનન્ત વખતની કરેલી દ્રવ્ય–ક્રિયા આત્મગુણોત્પત્તિની અપેક્ષાએ સાર્થક કોની ? અને નિરર્થક કોની ?

સમાધાન—અભવ્યો એ કરેલી અનન્તીએ વખતની દ્રવ્ય–ક્રિયા નિરર્થક છે, પણ ભવ્યાત્માએ કરેલી અનન્તી વખતની ચારિત્રની ક્રિયા, અનેક વખત કરતાં કરતાં કોઈ અશુભ કર્મના ઉદયથી તૂટી જાય તો પણ ભાવપ્રત્યાખ્યાન (ભાવથી ચારિત્ર)નું કારણ બન્યા વિના રહેતી જ નથી. કારણ કે શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં લખે છે કે—

'बाध्यमानं भवेद् भाव-प्रत्याख्यानस्य कारणम्' ।

પ્રશ્ન ૩૨૬—અવંતીસુકુમાલે નલીનીગુલ્મવિમાને જવાની ઇચ્છાએ પ્રવજ્યા લીધી તે વખતે સમ્યક્ત્વ ખરું ?

સમાધાન—તે વખતે સમકિત હતું જ નહિ એમ તો કહી શકાય નહિ, કારણ કે જૈનશાસનમાં આશંસામાત્રથી સમ્યક્ત્વનો પ્રતિષેધ (નિષેધ) કોઈ પણ જગો પર છે જ નહિ. પ્રવ્રજ્યાને મોક્ષનું કારણ માને છે કે નહિ તે જોવું.

પ્રશ્ન ૩૨૭—આશંસા એટલે શું અને નિયાણું એટલે શું ?

સમાધાન—**ધર્મની ક્રિયા કરતાં પહેલાં જે પૌદ્‌ગલિક સુખ** (દેવતાનું, ચક્રવર્તિપણાનું, રાજાપણાનું સુખ)ની ઇચ્છા **થાય અને તે ઇચ્છાથી** જ **ધર્માનુષ્ઠાન કરાય તે આશંસા કહેવાય. ધર્માનુષ્ઠાન કર્યા પછી ફલ તરીકે** જે **પૌદ્‌ગલિક વસ્તુઓ** ઇચ્છાય (અર્થાત્ ધર્માનુષ્ઠાન વેચીને સાંસારીક સુખોની ઇચ્છા) તે નિયાણું કહેવાય.

પ્રશ્ન ૩૨૮—સમ્યગ્‌દષ્ટિ જીવ નિયાણું કરે કે નહિ ? નિયાણું કરે તો સમકિત રહે કે નહિ ?

સમાધાન—જીવ જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે સંસારમાં થતી આત્માની દુર્દશા લક્ષ-સમક્ષ ખડી થાય છે એટલે દુનિયાના (દેવ તથા મનુષ્યના) ઉત્કૃષ્ટાં સુખોમાં પણ તે રતિ વગરનો હોય છે, અર્થાત્ વૈરાગ્યવાન્ હોય છે તો પછી અનુપમ મોક્ષને આપનારી એવી ધર્મક્રિયાને વેચીને સાંસારિક સુખો ઇચ્છે એ બનવું જ અશક્ય છે છતાં પણ કોઈક નિયાણું કરે તેથી તે સમ્યક્ત્વ વગરનો છે એમ કોઈ પણ શાસ્ત્રના તેવા પુરાવા વગર કહી શકાય જ નહિ; કારણ કે નિયાણું કરનારમાં સમકિત નથી આ વાત તો કોઈ પણ શાસ્ત્રમાં ખાસ લખાણ તરીકે છે નહિ. નવ જાતનાં નિયાણામાં પણ બધામાં સમ્યક્ત્વનો અભાવ જણાવ્યો નથી, તેમજ સંલેખનામાં નિયાણાને વ્રતના ભંગાભંગરૂપ અતિચાર ગણ્યો છે. નિયાણું મોક્ષમાર્ગના તો વિઘ્નરૂપ છે.

પ્રશ્ન ૩૨૯—તમામ જીવો ચારિત્ર લઈને નવ ગ્રૈવેયકમાં કેટલી વખત ગયા છે ? ને એ પાઠ કયા **શાસ્ત્રમાં** છે ?

સમાધાન—'आणोहेऽणंता' વિગેરે પાઠો અષ્ટકવૃત્તિ ને શ્રી ભગવતીજી સૂત્ર, પંચાશક આદિમાં તે વિષયના સ્પષ્ટ પાઠો છે, પણ તે પાઠો વ્યવહારરાશિમાં આવ્યા પછી જેઓને અનંતો કાલ થઈ ગયો હોય તેવા જીવોને આશ્રયી સમજવા.

પ્રશ્ન ૩૩૦—પંચમકાલના ભવ્યાત્માઓ માટે મોક્ષના દ્વાર શું બંધ છે?

સમાધાન—આ પંચમકાલને માટે તો શું પણ કોઈપણ કાલને માટે મોક્ષનાં દ્વાર ભવ્યાત્માઓ માટે કોઈએ બંધ કરેલાં નથી. પણ પંચમકાલમાં (પાંચમા આરામાં) કોઈ પણ જીવમાં કેવલજ્ઞાન, કેવલદર્શન, વીતરાગતા અને અનન્તવીર્ય પ્રાપ્ત કરી શકે તેવી યોગ્યતા છે નહિ. તેથી મોક્ષે જાય (જઈ શકે) નહિ, એ અપેક્ષાએ પાંચમાં આરામાં મોક્ષનાં દ્વાર બંધ છે એમ કહેવાય છે.

પ્રશ્ન ૩૩૧—કેટલાકો એમ કહે છે કે–વારંવાર આગમો વાંચવાથી ફાયદો શો?

સમાધાન—વારંવાર આગમો વાંચવાથી શું ફાયદો? એમ કહેવું ઘણું જ ભૂલ ભરેલું છે. કારણ કે એકની એક વસ્તુ બીજી વખત, વાંચવામાં આવે તો ઉંડું ઉંડું રહસ્ય નીકળે. જેમ મોતીનો વેપારી દરરોજ ગંઠેવારો (મોતીની પોટલી) ખોલીને બેસે અને મોતીને તપાસે તેમાં કીંમતી મોતી પારખે અને લાભ ગણે. તાત્પર્ય સારો લાભ મેળવે. એ બધું પરિણામ શાનું? ફક્ત ગંઠેવારો ખોલવાનું જ છે. તેમ શાસ્ત્રને વારંવાર ઉથલાવીને વાંચનાર મનન કરનાર અપૂર્વજ્ઞાન મેળવી શકે છે માટે હંમેશાં શાસ્ત્રાભ્યાસમાં ને શાસ્ત્રાર્થવિચારણામાં આગળ વધવું એ જ યોગ્ય છે.

પ્રશ્ન ૩૩૨—સ્વાધ્યાયથી આત્માને કયા કયા લાભ થાય?

સમાધાન—શ્રી જીનેશ્વર મહારાજના શાસનમાં અસંખ્ય યોગોમાં સ્વાધ્યાય એ પરમ તપ છે. સ્વાધ્યાય કરવાથી આત્માની પરિણતિ ઘણી સુંદર રહે છે. પ્રશસ્ત ધ્યાનમાં અને વૈરાગ્યભાવની પુષ્ટિમાં સ્વાધ્યાય પરમ કારણ છે.

પ્રશ્ન ૩૩૩—શ્રુતકેવલી, અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની પરમાણું દેખી શકે કે નહિ?

સમાધાન—શ્રુત તથા મનઃપર્યવ જ્ઞાનવાળા પરમાણું જોઈ શકે નહિ. પણ કેવલી જોઈ શકે. અથવા પરમાવધિજ્ઞાન કે જેના ઉત્પન્ન થયા પછી કાચી બે ઘડીમાં કેવલજ્ઞાન થાય છે **તેથી પણ પરમાણુંને** જાણી શકાય છે.

પ્રશ્ન ૩૩૪—શાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં અજીર્ણ કહ્યાં છે તે કયાં?

સમાધાન—જ્ઞાનનું અજીર્ણ અહંકાર, (સ્થૂલભદ્રજીની પેઠે) તપનું અજીર્ણ ક્રોધ, (અગ્નિશર્માની પેઠે) ક્રિયાનું અજીર્ણ ઇર્ષ્યા (કુસુમપુરમાં રહેલ સંવેગી મુનિની પેઠે)

પ્રશ્ન ૩૩૫—આ અવસર્પિણીમાં દશ આશ્ચર્યો થયાં તેવું કલ્પસૂત્રાદિમાં કહેવાય છે. અને બીજાં પણ મરૂદેવીના મોક્ષ જેવા આશ્ચર્યરૂપે જણાતા કેટલાએક દાખલા બન્યા છે. પણ એવું કોઇ કાળે થાય ખરું કે સર્વજ્ઞ થયા વગર કોઈ મોક્ષે જાય?

સમાધાન—કેટલીક બાબતો આશ્ચર્યરૂપે અનન્તકાલે કોઈ વખત બને પણ એવો બનાવ તો અનન્તી ઉત્સર્પિણિના ભૂતકાલમાં બન્યો નથી, વર્તમાનમાં બનતો નથી, અને ભવિષ્યકાલમાં બનશે પણ નહિ કે સર્વજ્ઞ થયા વગર કોઈ મોક્ષે જાય.

પ્રશ્ન ૩૩૬—ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ વધારેમાં વધારે કેટલા ભવે મોક્ષે જાય?

સમાધાન—જો દેવ અથવા નરકમાં જાય તો ક્ષાયિક સમ્યકૃત્વ-વાળાને ત્રણ ભવ અને અસંખ્ય આયુષ્યવાળા જુગલીયામાં જાય તો ચાર ભવ થાય. શ્રીકૃષ્ણ-મહારાજને પાંચ ભવ છે.

પ્રશ્ન ૩૩૭—'જેમ તે ભૂલ્યો રે મૃગ કસ્તૂરીઓ, લેવા મૃગમદ ગંધ' ઇત્યાદી ગાથામાં કહે છે કે કસ્તૂરીઓ મૃગ પોતે કસ્તૂરીની સુગંધ મેલવવા માટે ચારે બાજુ દોડે છે. કસ્તૂરી તો પોતાની ડુંટીમાં જ રહેલી છે તો ભટકવાનું કારણ શું ?

સમાધાન—જે વખતે કસ્તૂરીઓ મૃગ શ્વાસ લે તે વખતે શ્વાસ દ્વારાએ ડુંટીમાંથી ગંધ નીકળે તે બહાર નીકળીને પાછી પવનદ્વારાએ નાકમાં પેસે છે. એ સુગંધને બહારથી આવતી ધારીને કસ્તૂરીઓ મૃગ કસ્તૂરીની ગંધ લેવા દોડાદોડ કરે છે. તે માત્ર ભટકવા સંબંધમાં ઘટના છે.

પ્રશ્ન ૩૩૮—જેમ પરમેશ્વર પુણ્યના કાર્યોમાં કારણભૂત છે તેમ પાપમય કાર્યોમાં કારણભૂત ખરો કે નહિ ?

સમાધાન—ના. પરમેશ્વર શુભ કાર્યોમાં કારણભૂત છે. પણ અશુભ કાર્યોમાં કિંચિત્ પણ કારણભૂત છે જ નહિ. જેમ સૂર્યનું અજવાળું કાંટા કાંકરાથી બચાવે અને ચોકખો માર્ગ બતાવે તેમાં સૂર્યનું અજ-વાળું કારણરૂપ છે. પણ કોઇક બેવકુફ માણસ જાણી જોઇને આંખો મીંચીને ચાલે અથવા અંધ હોય કે અંધારામાં ચાલે અને તેથી કાંટા ખાડા કે ટેકરાથી નુકશાન થાય, એમાં કાંઇ સૂર્ય એ નુકશાનનું કારણ નથી. તેવી જ રીતે પરમેશ્વર પણ સૂર્યની માફક જ સર્વ વસ્તુ પ્રકાશક હોવાથી પુણ્યના કાર્યોમાં કારણ બને છે. અને પાપના કાર્યોમાં લગીર પણ કારણરૂપ બનતા નથી.

પ્રશ્ન ૩૩૯—એક માણુસ અગ્નિને સળગાવે (પ્રગટાવે) અને બીજો સળગતા અગ્નિને ઓલવી નાખે, એ બેમાં વિશેષ કર્મ કોણ બાંધે ?

સમાધાન—શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં અગ્નિકાયનો અધિકાર ચાલ્યો છે, ત્યાં શ્રી ગૌતમસ્વામી મહારાજે શ્રી વીરભગવાનને પૂછેલા આવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં પ્રભુએ ફરમાવ્યું છે કે–અગ્નિ સળગાવનાર કર્મ વધારે બાંધે, કારણ શું? અગ્નિ બુઝાવનાર તે તો તે વખતે જ પૃથ્વ્યાદિકની હિંસા કરે છે. માટે કર્મ ઓછું બાંધે છે પણ અગ્નિ સળગાવનારને તો સળગાવવાના વખતથી માંડીને યાવત્ અગ્નિનું શમન ન થાય ત્યાં સુધી છએ કાયની હિંસા થતી હોવાથી તે ઘણું પાપ બાંધે છે.

પ્રશ્ન ૩૪૦— નિર્જરાના પ્રકાર કેટલા અને તે નિર્જરા આત્માને કર્મોથી શી રીતે અલગ કરે?

સમાધાન—નિર્જરા બે પ્રકારની છે. એક સકામ નિર્જરા બીજી અકામનિર્જરા–"**ज्ञेया सकामा यतीनाम् अकामा त्वन्यदेहीनाम्**" ચારિત્રધર મુનિઓને સકામનિર્જરા હોય છે. જ્યારે બીજા પ્રાણીઓને તે–"**कर्मणां फलवत् पाको यदुपायात् स्वतोऽपि च**" કર્મોની પરિપક્વતા થવાથી અથવા તો એવા ઉપાયોદ્વારાએ થવાવાલી નિર્જરા છે તે અકામનિર્જરા છે.

सदोषमपि दीप्तेन सुवर्णं वह्निना यथा।
तपोऽग्निना तप्यमाना-स्तथा जीवो विशुध्यति ॥ १ ॥

જેમ માટીથી લિપ્ત એવું પણ સોનું દેદિપ્યમાન અગ્નિના સંસર્ગથી શુદ્ધ સુવર્ણ થાય છે. તેમ કર્મોથી લિપ્ત એવો આત્મા તપશ્ચર્યારૂપી અગ્નિના તાપથી કર્મો અલગ કરીને સુવર્ણની માફક શુદ્ધ સ્વરૂપમય થાય છે.

પ્રશ્ન ૩૪૧—'संवरात् मोक्षाय यतितव्य' એમ શાસ્ત્રકાર કહે છે પણ સંવર એટલે શું?

સમાધાન—મુખ્યતાએ તો આશ્રવનો રોધ તે સંવર કહેવાય. તે સંવરના ભેદો બે છે. એકતો દ્રવ્ય-સંવર અને બીજો ભાવ-સંવર

"यः कर्मपुद्गलादान-च्छेदः स द्रव्यसंवरः ।
भवहेतुक्रियात्यागः स पुनर्भावसंवरः ॥ १ ॥

જે કર્મપુદ્ગલોનું અગ્રહણ (નહિ ગ્રહણ કરવું) તે દ્રવ્ય-સંવર અને સંસારમાં રખડાવી મારનાર પાપમય પ્રવૃત્તિઓને મન વચન કાયાથી (ત્રિકરણ યોગે) ત્યજી દેવી (છોડી દેવી) તે ભાવસંવર છે.

પ્રશ્ન ૩૪૨—આશ્રવો કોને કહેવાય ? મન વચન કાયાની કઈ પ્રવૃત્તિથી શુભ આશ્રવ આવે અને કઇ પ્રવૃત્તિથી અશુભ આશ્રવ આવે ?

સમાધાન—मनोवाक्कायकर्माणि योगाः कर्म शुभाशुभम् ।
यदाऽऽश्रवन्ति जन्तूना-माश्रवास्तेन कीर्तिता ॥१।

મન વચન અને કાયા દ્વારાએ જે શુભ અથવા તો અશુભ કર્મોને જે પ્રાણીઓ એકઠા કરે છે તે આશ્રવ છે.

मैत्र्यादिवासितं चेतः कर्म सूते शुभात्मकम् ।
कषाय-विषयाक्रान्तं वितनोत्यशुभं पुनः ॥ १ ॥

મૈત્રી પ્રમોદ કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાયુક્ત ચિત્તવાળો પ્રાણી કરે તો શુભ આશ્રવનો સંગ્રહ કરે અને ચાર કષાયો અને પાંચ ઇંદ્રિયોની અંદર તલ્લાલીન ચિત્તવાળો અશુભકર્મો ને વિસ્તારે છે.

शुभार्जनाय निर्मिथ्यं श्रुतज्ञानाश्रितं वचः ।
विपरीतं पुनर्ज्ञेय-मशुभार्जनहेतवे ॥ १ ॥

સાચું વચન અને શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રને અનુસરતું પણ પરસ્પર વિરૂદ્ધ અને અસંબદ્ધ નહિ, એવું વચન બોલવાથી શુભ આશ્રવ અને એનાથી વિપરીત એટલે જેમ તેમ જુઠું બોલવું શાસ્ત્રના યથાર્થ અભ્યાસ વિના યદ્વા તદ્વા પ્રજલ્પવાદ કરવો એ બધું અશુભ આશ્રવના હેતુભૂત છે.

शरीरेण सुगुप्तेन शरीरी चिनुते शुभम् ।
सततारम्भि जन्तुघातकेनाऽशुभं पुनः ॥ १ ॥

શરીરથી સુગુપ્ત પ્રાણી શુભ કર્મોને એકઠાં કરે છે અને તેનાથી વિરૂદ્ધ એટલે નિરંતર સતત (અહર્નિશ) આરંભમાંજ મન વચન કાયાના યોગને પ્રવર્તાવનારો અનેક જીવોના ઘાતમાં જ ઉદ્યત પ્રાણી અશુભકર્મના આશ્રવને ઉપાર્જન કરે છે.

પ્રશ્ન ૩૪૩—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય કર્મોના આશ્રવ શી રીતે આવે છે?

સમાધાન—આ કર્મોના શુભાશુભ આશ્રવોના વિભાગ નીચે પ્રમાણે છે.

૧. જ્ઞાન ભણતાને વિઘ્ન કરવું, શાસ્ત્રીય પદાર્થોને ઓળવી રાખવા, જ્ઞાન અને જ્ઞાનીઓની આશાતના કરવી, ઉપઘાત કરવો અને જ્ઞાની મહાત્મા ઉપર માત્સર્ય રાખવું. આ તમામ જ્ઞાનાવરણીયના આશ્રવો અશુભ જ હોય.

૨. દર્શનાવરણીયના આશ્રવો નિદ્રાઆદિકપ્રમાદોનું આસેવન કરવાથી થાય છે. તે સર્વ અશુભ આશ્રવ જ છે.

૩. દેવપૂજા, ગુરૂસેવા, સુપાત્રદાન, જીવોની દયા, ક્રોધાભાવરૂપ ક્ષમા, સરાગસંયમ, દેશવિરતિસંયમ, અકામનિર્જરા (અજ્ઞાની જીવોને થતી), શૌચ (પવિત્રતા), બાલતપ (વગર સમજે કરાતી તપશ્ચર્યા), આ વેદનીય કર્મનાં શુભ આશ્રવો છે.

દુઃખ, શોક, પ્રાણીઓની હિંસા, રૂદન, રમત વિગેરે પોતે કરે અથવા બીજાને કરે તથા કરાવે વેદનીયકર્મના અશુભ આશ્રવો છે.

૪. કેવલજ્ઞાની, શાસ્ત્ર, ચતુર્વિધસંઘ, તથા ધર્મના અવર્ણવાદ બોલવાથી, ઉપદ્રવ વિગેરે કરવાથી મોહનીયકર્મના આશ્રવો આવે છે અને તે અશુભ છે.

પ્રશ્ન ૩૪૪—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મોના શુભ આશ્રવો હોય કે નહિ ?

સમાધાન—ન હોય. કારણુ કે જ્ઞાન વિગેરે તો આત્માનાં મૂલગુણો છે. જ્યારે આશ્રવો તો પૌદ્‌ગલિક છે; જ્ઞાનાવરણીય વિગેરે તો પોતે જ આશ્રવરૂપ છે. આત્માના મૂલગુણનો ઘાત કરનાર છે. એ ચારે ઘાતીકર્મોનો નાશ થવાથી તો અનંતજ્ઞાન, અનંતદર્શન, વીતરાગતા, અને અનંતવીર્યરૂપ આત્મીયગુણોનો આવિર્ભાવ થાય છે માટે આ ચાર કર્મોના શુભ આશ્રવ હોય જ નહિ.

પ્રશ્ન ૩૪૫—પુંડરીક રાજાએ કંડરીકને ગૃહસ્થવેષ આપી પોતે સાધુપણું સ્વીકાર્યું, એમને સાધુપણું તોડાવવાનો દોષ લાગ્યો કે નહિ ?

સમાધાન—રાજ્યની ઇચ્છાવાળા કંડરીક મુનિ જ્યારે જ્યારે આવ્યા છે ત્યારે ત્યારે પહેલાં તો બે ત્રણ વખત પુંડરીકે એમને સ્થિર કર્યા છે, છેલ્લી વખતે કંડરીક આવી ગામ બહાર ઉતર્યાના સમાચાર જાણી પુંડરીક રાજા ત્યાં આવ્યા તો કંડરીકને લીલોતરી ઉપર બેઠેલા અર્થાત્ સાધુત્વથી ખસી ગયેલા (ચ્યુત થયેલા) જોયા અને હવે એ સ્થિર થાય એવું જ નથી એમ ધારી પોતે રાજધુરાને છોડી કંડરીકના સાધુવેષને સ્વીકારી લીધોઃ અત્ર પુંડરીકને કંડરીકને સાધુપણાથી ખસેડવાનો દોષ બીલકુલ નથી કારણુ કે કંડરીકના આચાર વિચારથી, બોલવા ચાલવાથી તે સાધુપણામાં હવે ટકે તેમ નથી સાધુપણું છોડવાનો જ છે એમ નિશ્ચય થવાથી પોતે સાધુવેષ સ્વીકાર્યો છે અને કંડરીકને (તેની પોતાની તે ઇચ્છા હોવાથી) રાજ્ય આપ્યું છે. માટે સાધુપણાથી ખસેડવાનો લેશ પણુ દોષ પુંડરીકને છે જ નહિ.

પ્રશ્ન ૩૪૬—દેશના દેવાને અધિકારી કોણુ ?

સમાધાન—ધર્મોપદેશ દેવાનો અધિકાર શાસ્ત્રકારોએ સર્વથા ત્રિવિધ ત્રિવિધ વોસીરાવ્યો છે સંસાર જેમણે એવા મુનિઓને જ સમ-

ર્યો છે. મુનિ પણ યોગ્ય સ્થાને દેશના આપે તો જ–સ્વ–પર ઉપકારી થાય કેમકે

“यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना परस्थाने ।

उन्मार्गनयनमेतद् भवगहने दारुणविपाकम्” ॥૧॥ બાલબુદ્ધિ મધ્યમબુદ્ધિ અને તીક્ષ્ણબુદ્ધિ જીવોને તપાસ્યા વગર જો બાલબુદ્ધિવાળાને લાયક દેશના તીક્ષ્ણબુદ્ધિવાળાને આપવામાં આવે, તીક્ષ્ણબુદ્ધિવાળાને લાયક દેશના મધ્યમબુદ્ધિવાળાને આપવામાં આવે તો પરસ્પર યોગ્યસ્થાનના અભાવે તે દેશના છે છતાં પણ તે દેશનાને શાસ્ત્રકારોએ પાપમય દેશના અને અને ભવાટવીમાં ભયંકર વિપાક (દુઃખ)ને આપનારી દેશના કહી છે. તત્ત્વ એ છે કે–સંસારથી ઉદ્ધાર કરનારની દેશના પણ અસ્થાને દેવામાં આવે તો સંસારમાં ડૂબાડનારી થાય છે.

પ્રશ્ન ૩૪૭—કેટલાકો કહે છે કે નવકારમંત્ર ગણવા કરતાં એ ટુંક અક્ષરોમાં જો **‘ॐ नमः पार्श्वनाथाय’** ઇત્યાદિ જો ગણવામાં આવે–જાપ કરવામાં આવે તો આ ભવમાં ને પર ભવમાં મહાઋદ્ધિ સિદ્ધિને આપનારો થાય આવુ કહેવું એ શું મંત્રાધિરાજ નવકારમંત્રની તથા શાસ્ત્રની અવગણના નથી ?

સમાધાન—શાસ્ત્રકારોએ જગો જગો પર નવકારમંત્ર ગણવાનું કહ્યું છે એનું કારણ એવું છે કે–નવકાર મંત્રનો જો સારો સંસ્કાર આત્મામાં પડી જાય તો શ્રી જિનેશ્વરદેવના ધર્મની પ્રાપ્તિ થાય એના કાંઇક દાખલા નવકારમંત્રના છંદ વિગેરેથી મૌજુદ છે. પણ ‘ॐ’ ગણો એમ કહેનારા ખરેખર શાસ્ત્રની અને ચૌદપૂર્વના સારભૂત એવા નવકાર મહામંત્રની અવગણના કરનાર હોવાથી મહામિથ્યાદૃષ્ટિ છે. કારણ કે–શ્રી સિદ્ધસેનદીવાકર જેવા મહાસમર્થ આચાર્યે પણ નવકારમંત્ર સંસ્કૃત ભાષામાં ટુંકારૂપે અને પ્રાકૃત બનાવવાનો વિચારમાત્ર થયો તેથી તેમને પારાંચિત નામનું પ્રાયશ્ચિત્ત આવ્યું તો પછી મહામંગલમય નવકાર મંત્રને ઉત્થાપીને તેને ઠેકાણે ‘ॐ नमः’ ગણવાનો ઉપદેશ કરનારાને કેટલું પ્રાયશ્ચિત્ત છે તે સ્વયં સમજાય તેવું છે.

પ્રશ્ન ૩૪૮—ત્યારે હેમચંદ્રસૂરીશ્વરજીએ યોગશાસ્ત્રમાં ૐકાર જપવાનું કેમ કહ્યું છે?

સમાધાન—કલિકાલ સર્વજ્ઞભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજીએ યોગશાસ્ત્રમાં ૐકારપૂર્વક નવકાર જપવાનું તેઓને કહ્યું છે કે જેઓને ઐહિકસુખની ઈચ્છા હોય પણ જેમને મોક્ષની જ ઈચ્છા હોય તેમને માટે ૐકારની જરૂર છે નહિં:

मन्त्रप्रणवपूर्वोऽयं फलमैहिकमिच्छुभिः ॥
ध्येयः प्रणवहीनस्तु निर्वाणपदकाङ्क्षिभिः ॥१॥

પ્રણવ એટલે ૐકારપૂર્વક આ લોકના સુખની ઇચ્છાવાળાએ નવકારાદિકનો જાપ કરવો, પણ નિર્વાણ (મોક્ષ) સુખની ઈચ્છાવાળાએ તો ૐકારપૂર્વક ગણવાની જરૂર છે જ નહિં.

પ્રશ્ન ૩૪૯—જ્ઞાનદાન કોનું નામ?

સમાધાન—અજ્ઞાન જીવોને જીવ, અજીવનું સ્વરૂપ, આશ્રવ તથા સંવરનાં કારણો, બંધ તથા નિર્જરાના સાધનો તથા મોક્ષનાં ઉપાયોનું જ્ઞાન આપવામાં આવે તેને જ્ઞાનદાન કહેવાય. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી લખે છે કે-'**ज्ञानं धर्मानभिज्ञेभ्यः**' ધર્મને નહિં સમજનારાઓને જે જ્ઞાન આપવામાં આવે તે જ્ઞાનદાન કહેવાય: તે સિવાયનું સોલીસીટર અથવા બારીસ્ટર સુધીની અથવા તેવી જ સ્થિતિ સુધીનું વ્યવહારી જ્ઞાન દેવાય તેને જ્ઞાનદાન તો કહી શકાય જ નહિં. કારણ કે વ્યવહારીક જ્ઞાન વસ્તુતઃ સાચું જ્ઞાન નહિ હોવાથી ખરેખર અજ્ઞાનદાન જ કહેવાય છે, કારણ કે તે સંસારમાં ડૂબાડવાનું પરમ કારણ છે.

પ્રશ્ન ૩૫૦—આ જીવ સુખમાં રાજી અને દુઃખમાં નારાજ કેમ થાય છે?

સમાધાન—આ જીવ સુખના અને દુઃખના કારણોમાં જતો નથી માટે જ એની એ દશા છે. સુખ ભોગવવામાં જીવ પોતાની કર્મની શુભ-

પ્રકૃતિમાં પણ નુકશાન કરે છે. જીવ જ્યારે દુઃખ ભોગવવાને તૈયાર થાય ત્યારે કર્મની અશુભ પ્રકૃતિઓ તોડે છે. તેથી દિન પ્રતિદિન તે હલકો થાય.

પ્રશ્ન ૩૫૧—દીવસ કેટલી ઘડી ચઢ્યો અથવા કેટલી ઘડી બાકી રહ્યો એવું જૈનશાસ્ત્રમાં ક્યાંઈ વિધાન છે?

સમાધાન—યતિદિનચર્યા નામના ગ્રન્થમાં સાધુઓએ પોરિસિ ક્યારે ભણાવવી વિગેરે અધિકાર જ્યાં ચાલ્યો છે ત્યાં જણાવ્યું છે કે પોતાના શરીરની છાયા પગલાંથી માપવી તે જેટલાં પગલાં થાય તેમાં સાતની સંખ્યા ઉમેરવી, આવેલા સરવાળાની સંખ્યા વડે ૨૮૯ ને ભાગવા, આવેલા ભાગાકારમાંથી બે બાદ કરી, તે બાદબાકીના અર્ધા કરવા તે જે સંખ્યા આવે તેટલી ઘડી દીવસ ચઢ્યો અને બપોર પછી તેટલી ઘડી દીવસ બાકી રહ્યો એમ સમજવું.

ઉદાહરણ—છાયાના માપના ૧૦+૭=૧૭, ૨૮૯ ÷ ૧૭=૧૭–૨=૧૫=અર્ધ-૭॥ માટે ૭॥ ઘડી એટલે ત્રણ કલાક ભાગાકારમાં વધેલી શેષ તે પળો સમજવી. એક મીનીટની પળો ૨॥ (અઢી) થાય છે.

પ્રશ્ન ૩૫૨—પદાર્થની ઉત્તમતા હોય તો પછી દ્દષ્ટાન્તની આવશ્યકતા શી?

સમાધાન—દ્દષ્ટાન્ત દ્વારાએ ઉત્તમ પદાર્થોની જે અસર થાય છે તે અસર પદાર્થની ગમે તેટલી ઉત્તમતા છતાં યે થતી નથી માટે દ્દષ્ટાન્તની પૂરેપૂરી જરૂરીઆત છે.

પ્રશ્ન ૩૫૩—પુરૂષને ધર્મપ્રાપ્તિ થાય, વિષયથી તે વિરક્ત બનીને વિરાગી થાય અને તેથી તે પુરૂષ સ્ત્રીના વિષયની પિપાસા પૂરી ન પાડે તે કારણથી સ્ત્રી ઉન્માર્ગે જાય, વ્યભિચારીણી થાય તો તે પાપ તે પુરૂષને લાગે કે નહિં?

સમાધાન—આવા પુરૂષને આ દોષનો લેશ પણ લાગે નહિં, પ્રદેશી રાજાને ઝેર આપનારી સૂર્યકાન્તા રાણીનો દાખલો શાસ્ત્રસુપ્રસિદ્ધ છે. આજ કારણે રાજાને ઝેર આપનારી તે રાણી મરીને નરકે ગઈ અને પ્રથમ અવસ્થામાં જે મહાપાપી, અને પાછળથી ધર્મ પાળવાથી પુણ્યવાન્ બનેલો પ્રથમનો નાસ્તકશિરોમણિ, પછીથી બનેલો સુદૃઢ આસ્તિક પ્રદેશી રાજા સમાધિથી કાલ કરી સૂર્યાભદેવ થયો.

પ્રશ્ન ૩૫૪—મિથ્યાત્વ "ગુણસ્થાનક" એમ કેમ કહેવાય ? કારણ કે જેને ગુણસ્થાન કહીએ ત્યાં મિથ્યાત્વ શી રીતે હોય ? મિથ્યાત્વ જે સ્થાને હોય તે સ્થાનને ગુણસ્થાનક કહેવામાં શું કોઈ પણ જાતનો વાંધો નહિં ?

સમાધાન—વ્યક્ત મિથ્યાત્વભાવની પ્રાપ્તિ હોય તે ગુણસ્થાનક કહેવાય. મોક્ષદાતાની બુદ્ધિએ કુદેવ, કુગુરૂ, અને કુધર્મને માને તેને અહિં ગુણસ્થાન કહેવામાં કોઈપણ જાતનો વાંધો નહિં.

પ્રશ્ન ૩૫૫—અભવ્યને મિથ્યાત્વ ગુણસ્થાનક કહેવું કે નહિં ?

સમાધાન—લૌકિકબુદ્ધિએ ઉપદ્રવાદિ ટાળવાની બુદ્ધિએ જે દેવ-ગુરૂ-ધર્મનું આરાધન કરાય તે અથવા સ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોનું જે જ્ઞાન થાય તે જ્ઞાન થવાથી ચૈતન્યશક્તિ અભવ્યમાં રહેલી હોવાથી ગુણસ્થાનક કહેવાય.

પ્રશ્ન ૩૫૬—મોક્ષની બુદ્ધિએ અનુષ્ઠાન કરનારનો સંસાર કેટલો હોય ?

સમાધાન—ઉત્કૃષ્ટથી એક પુદ્‌ગલપરાવર્ત કાલમાં જરૂર તેનો મોક્ષ થાય.

પ્રશ્ન ૩૫૭—મહાવ્રત ઉચ્ચર્યા વિના અને સાધુ વેષ પહેર્યા વિના ગૃહસ્થપણામાં રહી સાધુપણામાં ક્રિયા કરનાર સાધુ ગણાય કે નહિં ?

સમાધાન—વ્રતોચ્ચારણ કર્યા વગર કરાતું સાધુપણાનું અનુષ્ઠાન સાધુપણામાં ગણાય નહિં કેમકે શ્રી વીરભગવાન બે વર્ષ ઘરમાં રહ્યા તે દરમ્યાન શરીરશુશ્રૂષાનો સર્વથા ત્યાગ કર્યો હતો. બ્રહ્મચર્યપાલન તો હોય જ–એમાં પુછવાનું શું ? આહાર પાણી પણ બેંતાલીસ દોષ રહિત લેતા હતા; આટલું છતાં તેમની ક્રિયા સાધુવેષ વગર સાધુપણામાં ગણાઇ નથી અને તેથી જ એમને મનઃપર્યવજ્ઞાન થયું નહિ; અને ગૃહસ્થાવાસ ૨૮ વર્ષનો નહીં પણ ત્રીસ વર્ષનો ગણ્યો છે.

પ્રશ્ન ૩૫૮—દ્રવ્ય-સાધુપણા વગર જેઓને કેવલજ્ઞાન થયું હોય એવા ગૃહસ્થો વંદન કરવા લાયક છે કે નહિં ?

સમાધાન—ભાવનામાં આરૂઢ થવાથી ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન થયા છતાં જ્યાં સુધી તે દ્રવ્ય–સાધુપણું ન અંગીકાર કરે ત્યાં સુધી વંદના કરવા લાયક નહિં. શ્રી ભરત મહારાજને કેવલજ્ઞાન થયું પણ આવેલા સૌધર્મેન્દ્રે વિનંતિ કરીને એ જ કહ્યું કે–"આ વેષ અંગીકાર કરો, પછી હું વંદના કરૂં"

પ્રશ્ન ૩૫૯—કયા કયા દેવતાઓમાંથી ચ્યવીને વાસુદેવો થઇ શકે ?

સમાધાન—અનુત્તરદેવલોક સિવાયના દેવલોકમાંથી ચ્યવેલા વાસુદેવો થઇ શકે.

પ્રશ્ન ૩૬૦—અસ્પૃશ્ય–જાતિવાળા ભાવિક હોય તો ધર્મકાર્યમાં કેવી રીતે વર્તે ?

સમાધાન— ધર્મભાવિક હોય તે ધર્મના કાનુનને માન આપે એમાં નવાઇ શી ? ઉપદેશ–તરંગિણીમાં લખે છે કે કોઇક ભાવિક ઢેડજ-નોનો શ્રી સિદ્ધાચલજી જવા માટે સંઘ નીકળ્યો પણ અસ્પૃશ્ય દોષના કારણે ડુંગરના પગથીએ પણ નથી ચઢ્યો, પણ ડુંગરને પ્રદક્ષિણા કરીને પાછો ફર્યો છે.

પ્રશ્ન ૩૬૧—મુખ્યરીતિએ મનુષ્યપણું પામવાનાં કારણો કયા ?

સમાધાન—શાસ્ત્રકારો કહે છે કે '**पयइ तणुकसाओ**'-સ્વાભાવિક પાતળા કષાયો, '**दाणरुई**' દાન દેવાની રૂચિ અર્થાત્ જેટલું દેવાય તેટલું ઓછું એવી માન્યતા દાનને અંગે હોવી, '**मज्झिमगुणो**' દયા-દાક્ષિણ્યાદિક મધ્યમગુણો. આ કારણો મનુષ્યભવનાં છે.

પ્રશ્ન ૩૬૨—સાધુના પરિચયથી કોઈ હલુકર્મી જીવ વિરાગી થાય ત્યારે દુનિઆદારીના લોકો કહે છે કે-સાધુએ ભૂરકી નાંખી, એ ભૂરકી એટલે શું ?

સમાધાન—સાધુમાં રહેલા ત્યાગની છાયા સામા આત્મા પર પડવાથી તે વિરાગી થાય છે. તે ત્યાગની છાયાને જે લોકો કહે છે તે ભૂરકી સમજવી. તે સિવાય કામણ-ટુમણાદિ કરે નહિં.

પ્રશ્ન ૩૬૩—પૌદ્ગલિક ઇચ્છાએ ધર્મ કરવાનું કહે તો સાધુનાં મહાવ્રત રહે કે નહિં ?

સમાધાન—મહાવ્રતધારીઓએ હિંસાદિક પાંચે આશ્રવો ત્રિવિધ-ત્રિવિધ વોસિરાવવાં લાયક છે જ્યારે ધન, પુત્ર, સ્ત્રી આદિ મેલવવા માટે પણ ધર્મ કરવાનું કહે તો દુનિઆદારીની બધી અનુમોદના લાગે તો પછી મહાવ્રત રહે કેવી રીતે ? ન જ રહે.

પ્રશ્ન ૩૬૪—'**धर्मः स्वर्गापवर्गदः**' એવું કહેનાર શાસ્ત્રકારનાં મહાવ્રત રહે કે તૂટે ?

સમાધાન—ધર્મ સ્વર્ગ અને મોક્ષને આપનારો છે માટે ધર્મ જરૂર કરવો જ જોઈએ એમ કહેવાથી શાસ્ત્રકારનું મોક્ષ તરફ દુર્લક્ષ્ય ન હોવાથી મહાવ્રત તૂટે નહિ.

પ્રશ્ન ૩૬૫—આર્યક્ષેત્ર કોને કહેવાય ?

સમાધાન—શ્રી તીર્થંકરદેવ તથા ચક્રવર્તી આદિ ઉત્તમ પુરુષોનો જન્મ જે ભૂમિમાં થાય તે ભૂમિમાં જન્મેલ જીવો તે આર્યક્ષેત્ર કહેવાય

છે, એટલું જ નહિં પણ જ્યાં ધર્મ એવા શબ્દ સંભળાય છે તે પણ આર્યક્ષેત્ર કહેવાય છે.

પ્રશ્ન ૩૬૬—આવશ્યક કેટલા પ્રકારનાં છે ?

સમાધાન—અનુયોગદ્વાર-સૂત્રમાં આવશ્યક ત્રણ પ્રકારનાં કહ્યાં છે. ૧. લોકોત્તર આવશ્યક, ૨. લૌકિક આવશ્યક, અને ૩. મિથ્યાત્વ આવશ્યક.

૧ સામાયિક, પ્રતિક્રમણ કાર્યોત્સર્ગાદિ જે કરાય તે લોકોત્તર આવશ્યક કહેવાય.

૨ ભારત, રામાયણાદિક ગ્રન્થો જ્યારે ઐતિહાસિક હતા ત્યારે તે લૌકિક આવશ્યક.

૩ અને તે (ભારત રામાયણાદિ) ગ્રન્થોમાં કહેલા રામ વિગેરે ને અવતારી પુરૂષો તરીકેની માન્યતા તે મિથ્યાત્વ આવશ્યક.

પ્રશ્ન ૩૬૭—ભરત મહારાજાના રસોડામાં જમનારા શ્રાવકો કઈ શરતો પાળતા હતા ?

સમાધાન—૧ બનતાં સુધી સર્વથા બ્રહ્મચર્ય પાળવું.

૨ યદિ ન પાળે તો પોતાના પુત્ર-પુત્રીઓને સાધુ-સાધ્વીને સોંપવા.

૩ પોતાના બાલબચ્ચાં દીક્ષા લે તે માટે મહેનત કરવી.

૪ દીક્ષા ન લે તો સમ્યક્ત્વ મૂલ બારવ્રતો પાળવાં.

(ખાસ કરીને આ ચાર નિયમો હતા.)

પ્રશ્ન ૩૬૮—સમ્યક્ત્વ પામતી વખતે જીવ કેટલી નિર્જરા કરે ?

સમાધાન—સર્વવિરતિમાં રહેલ સાધુ જે નિર્જરા કરે તેના કરતાં અસંખ્યાત ગુણી નિર્જરા કરે.

પ્રશ્ન ૩૬૯—ગોશાલો તીર્થંકરને માનતો હતો કે કેમ ?

સમાધાન—માનતો હતો, તીર્થંકરથી જ શાસન પ્રવર્તે છે એમ માનતો હોવાથી જ પોતાને ચોવીસમો તીર્થંકર જણાવતો હતો.

પ્રશ્ન ૩૭૦—ધર્મ જોવામાં બારીકબુદ્ધિ જોઈએ એ કથનનું રહસ્ય શું ?

સમાધાન—શ્રી તીર્થંકરઆદિની હયાતિમાં ઢંક જેવા શ્રાવકો પણ ધર્મને બારીકબુદ્ધિથી સમજનાર હતા તેથી જ સુદર્શના (જમાલીની સ્ત્રી-જે સાધ્વી થઈ હતી) ને ઠેકાણે લાવી શક્યા તો પછી આ પંચમકાલે તિર્થંકર, કેવલી, પૂર્વધર વિગેરેનો વિરહ છે. તેમાં જો બારીકબુદ્ધિ ન વપરાય તો બુરીદશા જ થાય માટે જ શ્રી હરિભદ્રસૂરિજી તો લખે છે કે—સૂક્ષ્મબુદ્ધિ જો ન હોય તો કરાતી ધર્મક્રિયા તે ધર્મનો નાશ કરનારી જ બને માટે બારીકબુદ્ધિની જરૂર છે.

પ્રશ્ન ૩૭૧—અંતર્મુહૂર્ત કરેલ ધર્મ કેટલું સુખ આપે ?

સમાધાન—અંતર્મુહૂર્ત કરેલ ધર્માનુષ્ઠાન જો ઉત્કૃષ્ટ પરિણામે કર્યો હોય તો અનંતજ્ઞાન, અનંતદર્શન, વીતરાગતા તથા અનંતવીર્યાદિ આપે એટલે બાધા રહિત અનંતચતુષ્ટયરૂપ સમૃદ્ધિ એ અનંતકાલનું સુખ આપે છે.

પ્રશ્ન ૩૭૨—ચારિત્રરહિત (ગૃહસ્થ) શ્રુતજ્ઞાની, પરમગુરૂ તરીકે માનવા લાયક ખરો કે નહિ ?

સમાધાન—શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી દશવૈકાલિકની ટીકામાં લખે છે કેઃ—

'चारित्रेण विहीनः श्रुतवानपि नोपजीव्यते सद्भिः ।
शीतलजलपरिपूर्णः कुलजैश्चण्डालकूप इव' ॥ १ ॥

અર્થ—જો ચારિત્રવિહીન શ્રુતવાળો હોય તો પણ તે ઉત્તમ પુરૂષોએ સેવા કરવા લાયક નથી. જેમ ઠંડા પાણીએ કાંઠા સુધી ભરેલો ચંડાલનો

કુવો ઉત્તમકુલમાં ઉપજેલ પુરૂષો માટે ગમે તેવી તૃષા લાગી હોય છતાં પણ વર્જ્ય છે.

ત્રિદંડીના વેષમાં રહેલ અને સાધુપણાનો ઉપદેશ કરી, પ્રતિબોધી સાધુઓને શિષ્યો સોંપનાર મરીચિ અને દરરોજ દશ દશ માણસોને પ્રતિબોધ કરનાર, વેશ્યાને ઘેર રહેલ નંદીષેણજીની માફક ભલે ગૃહસ્થ શ્રુતજ્ઞાનવળો હોય છતાં ગુરૂ તરીકે સ્વીકાર્ય નથી.

પ્રશ્ન ૩૭૩—ઋજુવાલુકા નદી જ્યાં વીરભગવાનને કેવલજ્ઞાન થયું ત્યાંથી પાવાપુરી કેટલે દૂર થાય ?

સમાધાન—ઋજુવાલુકા નદીથી પાવાપુરી બાર જોજન થાય છે.

પ્રશ્ન ૩૭૪—સામાન્ય-કેવલીને પણ કેવલજ્ઞાન તો છે, છતાં તીર્થંકર કેમ ન કહેવાય ?

સમાધાન—સામાન્ય-કેવલી લોકાલોકના ભાવને જાણે છે પણ કેવલજ્ઞાન થયા પછી તીર્થંકરના ઉપદેશથી-'**उप्पन्नेइ वा धुवेइ वा विगमेइ वा**' ત્રણ પદો સાંભળવા માત્રથી બીજબુદ્ધિના સ્વામી શ્રી ગણધરદેવો ચૌદ પૂર્વ અને બાર અંગ રચે છે. તે બધો પ્રભાવ શ્રી તીર્થંકર નામકર્મનોજ છે. આવા નામકર્મનો ઉદય સામાન્ય-કેવલીને નથી માટે તે તીર્થંકર કહેવાય નહિ.

પ્રશ્ન ૩૭૫—'**उप्पन्नेइ वा धुवेइ वा विगमेइ वा**' એ ત્રિપદી સામાન્ય-કેવલી બોલે તો ગણધરો ચૌદપૂર્વ અને બાર અંગ રચી શકે કે નહિં ?

સમાધાન—ના. સામાન્ય-કેવલીએ કહેલી ત્રિપદીથી ગણધરોને તેવા પ્રકારનો ક્ષયોપશમજ ન થાય તેથી તેવી રચના થઈ શકે નહિ.

પ્રશ્ન ૩૭૬—શ્રી તીર્થંકરની દેશનામાં ક્રોડો જીવોની શંકાનાં સમાધાનો એકી સાથે કેવી રીતે થતાં હશે ?

સમાધાન—દેવાધિદેવ શ્રી તીર્થંકરદેવનો પ્રભાવજ અચિંતનીય છે. શ્રી તીર્થંકરદેવનું જેવું વચન દેશનામાં નીકળવાનું હોય તેવીજ શંકાઓ ક્રોડો શ્રોતાઓને થાય. અને તે શંકાઓનો ખુલાસો દેશનામાં વ્યક્ત થતી વાણીથી આપોઆપ થઈ જ જાય. સામાન્ય-કેવલીની દેશનામાં તે તાકાત છે જ નહિ.

પ્રશ્ન ૩૭૭—સૌધર્મ દેવલોક મનુષ્યલોકથી કેટલે છેટે છે?

સમાધાન—અસંખ્યાત ક્રોડાક્રોડ યોજન.

પ્રશ્ન ૩૭૮—અભિગમ-શ્રાવકો પોતાનાં છોકરાંઓને સાધુ-સાધ્વીને સોંપતા હતા આ અધિકાર શેમાં છે?

સમાધાન—શ્રી આવશ્યકચૂર્ણિંમાં.

પ્રશ્ન ૩૭૯—જઘન્યથી કેટલી ઉંમરવાળા અનુત્તર-વિમાનમાં જાય?

સમાધાન—જઘન્યથકી ગર્ભથી નવ વર્ષની વયવાળો જીવ અનુત્તર-વિમાનમાં જાય.

પ્રશ્ન ૩૮૦—શાસ્ત્રમાં ચિંતા કેટલા પ્રકારની કહી છે.

સમાધાન—**उत्तमा हि आत्मचिंता, मोहचिंता च मध्यमा ।**
अधमा कामचिंता च, परचिंताऽधमाधमा ॥१॥

ચિંતા ચાર પ્રકારની કહેલી છે. પહેલી આત્મચિંતા તે ઉત્તમ છે. બીજી મોહચિંતા તે મધ્યમ છે. ત્રીજી કામચિંતા તે અધમ છે અને ચોથી પારકી ચિંતા એ અધમાધમ છે.

પ્રશ્ન ૩૮૧—દેવતા ક્યારે આહાર કરે?

સમાધાન—'**मनोभक्षिणो देवाः**' દેવતાઓ મનોભક્ષી છે. આહારની ઇચ્છા થવા માત્રથી તેઓ ધરાઈ જાય છે.

પ્રશ્ન ૩૮૨—બાદર-હિંસાનો ત્યાગ કર્યા વિના સૂક્ષ્મ-હિંસાનો ત્યાગ કરી શકાય ?

સમાધાન—ના, ત્રસની હિંસાથી વિરમ્યા વિના સ્થાવરની હિંસાથી વિરમવાની વાતો કરવી એ દુનિયાને છેતરવાનો જ ધંધો છે; જેમ કોઈ માણસ કહે કે 'મારે દીવસે ન ખાવું' (એટલે કે રાત્રે ખાવું) તેવા પચ્ચખ્ખાણ આપો. અગર કોઈ મુસલમાન અનાજ ન ખાવું અને માંસ ખાવું તેવા પચ્ચખ્ખાણ માગે તો તેવા પચ્ચખ્ખાણ અપાય જ નહિં, કારણ કે રાત્રિભોજનનો ત્યાગ કર્યા વિના દિવસે ખાવાના પચ્ચખ્ખાણ અને માંસનો ત્યાગ કર્યા વિના અનાજ ખાવાનાં કરેલાં પચ્ચખ્ખાણ તે પચ્ચખ્ખાણ નથી પણ ધર્મનો ઉચ્છેદ કરનારાં જ પચ્ચખ્ખાણ છે. તેવી રીતે ત્રસની હિંસા છોડ્યા વગર સ્થાવર-સૂક્ષ્મનો ત્યાગ પણ તેવો જ સમજવો.

પ્રશ્ન ૩૮૩—દુઃખી જીવોને દેખીને જેને દયા ન આવે તેનામાં સમ્યક્ત્વ હોય ખરું ?

સમાધાન—ના, દુઃખથી રીબાતા પ્રાણીઓને દેખી જેને દયા ન આવે તેનામાં સમ્યક્ત્વ હોય જ નહિં.

પ્રશ્ન ૩૮૪—શ્રી તીર્થંકરનો જીવ અવધિ તથા મનઃપર્યવજ્ઞાન વગરનો હોય ખરો ?

સમાધાન—ના, શ્રી તીર્થંકરનો જીવ દીક્ષા લીધા પહેલાં અવધિ-જ્ઞાનવાળો જ હોય અને દીક્ષા લીધા પછી મનઃપર્યવજ્ઞાનવાળો જ હોય.

પ્રશ્ન ૩૮૫—સંયમના ભોગે અહિંસા કરવા લાયક ખરી કે નહિ ?

સમાધાન—સંયમના ભોગે અહિંસા કરવા લાયક છે જ નહિ; જો તેમ હોય તો નદી આદિકમાં સાધુઓથી ઉતરી શકાય જ નહિ: ગ્લાનાદિકને માટે વરસતા વર્ષાદમાં ગોચરી લાવી શકાય જ નહિ.

પ્રશ્ન ૩૮૬—ભાવદયા વિના આવેલો સંસારનો કંટાળો તે નિર્વેદ કહેવાય કે નહિ ?

સમાધાન—ભાવદયા વગરનો આવેલો સંસારનો કંટાળો તે નિર્વેદ કહેવાય નહિ, પણ રાજા, ચક્રવર્તી વાસુદેવ, પ્રતિવાસુદેવપણાનાં તથા દેવતાઈ સુખ વિગેરે, સંસારમાં ઉચ્ચમાં ઉચ્ચ સુખનાં સ્થાન મળે તો પણ જેને ઉદ્વેગ જ રહ્યા કરે, આધિ વ્યાધિ ઉપાધિ જેને ડગલને પગલે કાંટાની માફક સાલ્યા કરે અને દુઃખની ખાણરૂપ સંસારથી ક્યારે છૂટાય આવી ભાવદયા આવે ત્યારે જ નિર્વેદ કહેવાય ?

પ્રશ્ન ૩૮૭—કયા ગુણો ફરસે ત્યારે સમ્યગ્દૃષ્ટિ મનાય ?

સમાધાન—પંચાશક-સૂત્રમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે **'शुश्रूषादिगुणस्पर्शाः'** સાંભળવાની ઈચ્છા આદિ ગુણોને ફરસનારો જે આત્મા તે સમ્યગ્દૃષ્ટિ છે.

પ્રશ્ન ૩૮૮—કઈ કરણીથી શ્રાવક કહેવાય ?

સમાધાન—**'संपत्तदंसणाइ'** ઈત્યાદિ સમ્યગ્દર્શનાદિ પામ્યો હોય, ઉત્કૃષ્ટ આચાર વિગેરેને સાંભળે અને કેવલ વિરતિ એ જ ધર્મ એમ માને તે શ્રાવક કહેવાય.

પ્રશ્ન ૩૮૯—મોક્ષની બુદ્ધિએ ભાવ-સાધુપણું આવ્યું એમ જણાવવાની નિશાની કંઈ છે ?

સમાધાન—હા, છે. આ સર્વોત્કૃષ્ટ જૈનશાસન એજ અર્થ છે એટલું જ નહિ પણ એ શાસનજ પરમાર્થ (પરમોત્કૃષ્ટ અર્થ) છે આવી માન્યતા થયા પછી બાકીની બધી દુનિયાદારીની વસ્તુઓને અનર્થકર, આત્માને ડુબાવનાર માને-આ ત્રણ (અર્થ, પરમાર્થ અને અનર્થરૂપ) પ્રકારની બુદ્ધિ મુખ્ય હોય અને સાધુપણું પળાતું હોય તો તેજ ભાવ-સાધુપણાની નિશાની છે.

પ્રશ્ન ૩૯૦—પહેલાં પ્રીતિ થાય કે પ્રતીતી ?

સમાધાન—પહેલાં પ્રીતિ થાય અને પછી પ્રતીતી થાય છે.

પ્રશ્ન ૩૯૧—શ્રદ્ધામાં શક્તિની ખામી ચાલી શકે ?

સમાધાન—બીલકુલ નહિ. હજી આચરણમાં શક્તિની ખામી નભી શકે છે; પણ દેવ, ગુરુ અને ધર્મ-તત્ત્વની શ્રદ્ધામાં શક્તિની ખામી લેશ પણ ચાલી શકેજ નહિ.

પ્રશ્ન ૩૯૨—શાસ્ત્રમાં અનાર્યનું લક્ષણ કંઇ છે ?

સમાધાન—હા, જેને સ્વપ્નમાં 'ધર્મ' આવા શબ્દો સાંભળવામાં ન આવે તે અનાર્ય છે એમ શાસ્ત્રકાર કહે છે.

પ્રશ્ન ૩૯૩—ધર્મની કિંમત સમજાણી ક્યારે કહેવાય ?

સમાધાન—જ્યારે પોતાની ભૂલને મોટું રૂપ અપાય ત્યારેજ ધર્મની કિંમત સમજાણી છે એમ કહી શકાય.

પ્રશ્ન ૩૯૪—શ્રી જિનેશ્વરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો, પ્રતિવાસુદેવોના જીવો મનુષ્ય-ગતિ તથા તિર્યંચ-ગતિમાંથી આવીને તે તે પદવીધર થઇ શકે કે નહિ ?

સમાધાન—ના. તે જીવો દેવલોક અગર નરક-ગતિમાંથી જ આવેલા હોય છે.

પ્રશ્ન ૩૯૫—કઇ નરકથી નીકળીને ચક્રવર્તી થાય છે ?

સમાધાન—પ્રથમ નરકથીજ નીકળીને ચક્રી થાય છે.

પ્રશ્ન ૩૯૬—વાસુદેવ, બલદેવ, અને તીર્થંકરો કઇ નરકમાંથી નીકળીને થાય ?

સમાધાન—'द्वाभ्यामेव हरि-बलास्त्रिभ्य एव च तीर्थपाः' ॥ પહેલાંની બે નરકોમાંથી નીકળીને વાસુદેવ અને બલદેવ થાય અને પહેલાંની ત્રણ નરકમાંથી નીકળીને તીર્થંકર થાય.

પ્રશ્ન ૩૯૭—બલદેવ અને ચક્રવર્તિ કયા દેવતા થઈ શકે ?

સમાધાન—'चतुर्विधा सुराश्च्युत्वा भवन्ति बलचक्रिणः' ॥ ચારે પ્રકારના દેવતાઓ બલદેવ અને ચક્રવર્તી થઇ શકે.

પ્રશ્ન ૩૯૮—કયા દેવતાઓ તીર્થંકર થઈ શકે ?

સમાધાન—'जिना वैमानिकादेव' દેવતાઓમાંથી વૈમાનિક દવતાજ તીર્થંકર થઇ શકે.

પ્રશ્ન ૩૯૯—દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનનું સમવસરણ જ્યાં પહેલાં થયું હોય ત્યાં ફરી સમવસરણ થાય કે નહિ ?

સમાધાન—પહેલાં જ્યાં સમવસરણ થયું હોય ત્યાં થાયજ એવો નિયમ નથી, પણ જ્યાં પહેલાં સમવસરણ ન થયું હોય ત્યાં તો થાય જ એવો નિયમ છે.

પ્રશ્ન ૪૦૦—શ્રી તીર્થંકરદેવ કેટલા જોજનમાં હોય તો સાધુ-સાધ્વીએ વાંદવા જવું જ પડે ?

સમાધાન—આવશ્યકસૂત્રની ટીકામાં લખે છે કે–બાર યોજન છેટે રહેલા તીર્થંકર–દેવનાં દર્શન જો પોતે ન કર્યાં હોય તો તે સાધુ-સાધ્વીએ સમવસરણમાં જરૂર જવું જોઈએ. ન જાય તો પ્રાયશ્ચિત્ત આવે.

પ્રશ્ન ૪૦૧—રોચક-સમ્યકૃત્વ ક્યારે કહેવાય ?

સમાધાન—જ્યારે જિનેશ્વર-કથિત તત્ત્વોમાં વાસ્તવિક રૂચી હોય ત્યારે તેને રોચક-સમકિત કહેવાય છે.

પ્રશ્ન ૪૦૨—કારક-સમ્યકૃત્વનું લક્ષણ શું ?

સમાધાન—શાસ્ત્રમાં કહેલા સદ્દનુષ્ઠાનોની જેવી રૂચી તેવી જ ક્રિયા તેનું નામ કારક–સમ્યક્ત્વ અને તે અપ્રમત્ત–ગુણસ્થાનકે હોય છે.

પ્રશ્ન ૪૦૩—દીપક–સમ્યક્ત્વ શું કામ કરે અને એ કોને હોય ?

સમાધાન—દીપક–સમ્યક્ત્વ દીવાનું કામ કરે એટલે દીવો જેમ જેવી વસ્તુ હોય તેવી રીતે બીજાને બતાવી દે, પણ પોતે તો દેખે નહિ. દીપક સમકિતવાળો શાસ્ત્રમાં જેવી રીતની વસ્તુ–સ્થિતિ વિગેરે હોય તે કહે અને બીજાઓને શ્રદ્ધાવાળા કરે પણ પોતાના આત્મામાં વસ્તુ–તત્ત્વની શ્રદ્ધાનું શૂન્યપણું હોવાથી અંધારૂં હોય અને એ દીપક–સમકિત અભવ્ય–મિથ્યાદૃષ્ટિને હોય છે.

પ્રશ્ન ૪૦૪—શું દીપક–સમ્યક્ત્વનું પણ દેવાળું હોઈ શકે ખરૂં ?

સમાધાન—હા. કમલપ્રભ નામના આચાર્ય (જે પાછળથી સાવદ્યાચાર્ય કહેવાણા) કે જેઓ ચૈત્યવાસીઓને માન્ય હતા, ને તે માટે તેઓએ તેઓને પ્રસંગોપાત નિર્ણય માટે બોલાવ્યા:, બધા ચૈત્યવાસી વગેરે સ્હામા ગયા ત્યાં ચૈત્યવાસિની (યતિની) નો સંઘટ્ટો થયો; પછી સભામાં બધાએ પૂછ્યું કે–'ચૈત્યપૂજા વધે કે સાધુપણું ?' એ આચાર્યે જણાવ્યું કે–'સાધુપણા કરતાં ચૈત્યપૂજા કોઇ દીવસ પણ વધી શકે જ નહિ.' આ રીતે ચોખ્ખો નિડરપણે શાસ્ત્રસિદ્ધ જવાબ દીધો. વળી તેઓશ્રીને માટે એક ચૈત્ય કરવાની વિનંતિના ઉત્તરમાં જણાવ્યું કે તમે કરવા ધારેલ દરેક જિન–ચૈત્ય છે છતાં સાવદ્ય એટલે પાપનું સ્થાનક છે. આવા મોટા મુશ્કેલીના પ્રસંગમાં આટલો શાસ્ત્રસિદ્ધ જવાબ આપવાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું; પછી ચૈત્યવાસીઓએ પૂછ્યું–પહેલાં જે સાધ્વી પગે પડી હતી અને જે સંઘટ્ટો થયો હતો તેનું કેમ ? આમ ચૈત્યવાસી-ઓએ પુછ્યું ત્યારે પોતાની ખામીને છુપાવવા માટે કહ્યું–'ભાઈ! આ જૈન–દર્શનમાં સ્યાદ્વાદ છે; સંઘટ્ટો થાય પણ ખરો ને ન પણ થાય. આટલું શાસ્ત્ર–વિરૂદ્ધ કહેવાથી તીર્થંકર નામકર્મનાં દળીયાં વિખરાઇ

ગયાં અને કેઈ ચોવીસીઓ સુધી સંસારમાં રખડવું પડ્યું એટલે કે દીપક-સમકિતવાળા મિથ્યાત્વિપણામાં રહ્યા છતાં સાચી પ્રરૂપણા કરે, પણ પ્રસંગ પડે પલટાઈ જનારા આવા સૂત્ર-વિરૂદ્ધ ભાષણ કરનારા તો તે સૂત્ર-વિરૂદ્ધ ભાષણ વખતે જ એલફેલ બોલી નાંખે છે; કારણ કે દીપક-સમ્યક્ત્વમાં પણ દેવાળું હોય છે.

પ્રશ્ન ૪૦૫—ચૈત્યવાસી સાધુઓ જે દહેરામાં પૂજા વગેરે કરતા હોય તે દહેરાં શું સાવદ્ય ગણાય ?

સમાધાન—હા, તેવાં દહેરાં સાવદ્ય કહેવાય, જે માટે શ્રી મહા-નિશીથસૂત્રમાં કથન છે.

પ્રશ્ન ૪૦૬—ધર્મની દેવલોક જેટલી કિંમત કરે તેને મિથ્યાત્વ લાગે ?

સમાધાન—હા.

પ્રશ્ન ૪૦૭—મનકમુનિને દીક્ષા આપનાર ચૌદપૂર્વી છે. અને તેથી તેઓએ જ્ઞાનનો ઉપયોગ દઈને દીક્ષા આપી હશે પણ તમે આજે મનકમુનિના નામે તેવી બાલદીક્ષાઓ આપવા તૈયાર થાઓ છો તેનું શું ?

સમાધાન—ભાગ્યવાન્ ! જ્ઞાનનો ઉપયોગ દીક્ષા આપતાં પહેલાં મૂક્યો જ નથી, 'છ માસનું આયુષ્ય છે માટે તે પણ પામી જાય' એમ વિચારી પૂર્વમાંથી ઉધ્ધૃત કરી દશવૈકાલિક તેના (મનકના) ઉદ્ધાર માટે રચ્યુ. શાસ્ત્રમાં આ બીના અને પ્રસંગ વિવેકપુરસ્સર વાંચવાથી માલમ પડે તેમ છે કે, દીક્ષા આપતા પહેલાં ચૌદપૂર્વધર શય્યંભવસૂરીશ્વરજીએ જ્ઞાનનો ઉપયોગ મૂક્યોજ નથી.

પ્રશ્ન ૪૦૮—તમારામાં અને અમારામાં ફક્ત કપડાનો જ ફેર છે ખરો કે નહિ ?

સમાધાન—વેષનો ફેર છે પણ તે બીનાને અલગ કરવા માત્રથી તમારા પર સાધુપણાનો આરોપ થઈ શકતો નથી. વસ્તુતઃ વિષયની

ગહન ગુલામી તમે મૂંગે મોઢે ઊપાડી લીધી છે અને અમે વિષયને હસ્તે મોઢે હાંકી કાઢ્યા છે. જો આ તફાવત નીકળી જાય તો તમારામાં અને અમારામાં ફેરજ નથી.

પ્રશ્ન ૪૦૯—દશવૈકાલિકના **પ્રથમ** અધ્યયનમાં ધર્મનું ફલ જણાવતાં 'देवावि तं नमंसंति' ભાવાર્થ-'દેવો પણ તેને પૂજે છે' આ શબ્દો લખવા માત્રથી ધર્મની કિંમત ઘટાડી છે એમ શું નથી લાગતું ?

સમાધાન—ના, કારણકે દશવૈકાલિકની રચના શા હેતુએ થયેલી છે એ વાત ધ્યાનમાં લેશો તો પ્રશ્ન ઊઠશે જ નહિ, અર્થાત્ તે શબ્દોથી આઠ વર્ષના બાલકને દેવોના આગમન, પૂજન, સત્કાર આદિ લાભ દેખાડવા દ્વારાએ ધર્મમાં સ્થિર કરે છે આ ઉપરથી દેવોનું આગમન તે કાલમાં હતું એમ સાબીત થાય છે.

પ્રશ્ન ૪૧૦—આજે પાશ્ચિમાત્ય સંસ્કારમાં અમે કેમ તણાઈ જઈએ છીએ ? અને તેનું કારણ શું ?

સમાધાન—પ્રાચીનકાલમાં જીવાદિનવતત્વ-દેવ ગુરુ અને ધર્મનું સ્વરૂપ, દર્શન, પૂજન, આદિ ક્રિયાથી વાસિત થયા બાદ આર્થિક આદિ શિક્ષણ અપાતાં એટલે મોટા પ્રમાણમાં ધાર્મિક જ્ઞાન અને ઘરમાં રાત્રે વડેરાઓ ગુરુસમાગમથી મળેલા જ્ઞાનની ગોષ્ઠી સમસ્ત કુટુંબ આગલ કરતા હતા, અને તેથી આખું ઘર ધર્મ-રંગથી રંગાયેલું રહેતું હતું, અને પછી સંસારકાર્યમાં પડે તો પણ કુમળી વયમાં જામેલા સંસ્કારથી કંઈ પણ આત્મિક ગેરલાભ થતોજ નહોતો.

આજે આપણે ત્યાં એ પ્રણાલિકા પ્રાયઃ ઘસાઇ ગઈ છે અને મુસલમાન કોમમાં એ પ્રણાલિકા પગભર છે તેથી પ્રાયઃ કોઈ મુસલમાન માજીસ્ટ્રેટ થયેલો હોય છતાં ચાલુ કોર્ટે નિમાજ પઢ્યા વગર રહેશે નહિ એટલે બચપણમાં કુરાન ભણ્યા વગરનો કોઈપણ મુસલમાન હશે જ નહિ. આ દૃષ્ટાંતથી એટલો ધડો લેવાનો છે કે વર્ત-

માનમાં નાનાં બચ્ચાંને ધર્મના વાસ્તવિકજ્ઞાનથી રંગી નાંખવા જોઇએ, અને જો બાલપણમાં ધાર્મિક-સંસ્કાર આપવાનું કાર્ય માબાપ ઊપાડી લે તો આજે જૈન સમાજમાં ઉગતી વયના બાલકો ભાવિમાં સાધુ-સંસ્થાના પ્રાણભૂત તેમજ શ્રાવક સમાજમાં પણ પરમ શ્રાવક બની જૈનધર્મને દીપાવી શકે. બચપણમાં સંસ્કાર બીલકુલ બગડવા જ ન જોઇએ તે માટે સંપૂર્ણ કાળજી રાખવાની જરૂર છે.

પ્રશ્ન ૪૧૧—શાસ્ત્રકારોએ ચારિત્રઅવસ્થાની ગણત્રી ક્યારથી ગણી છે ?

સમાધાન—ઘર-કુટુંબ છોડીને સર્વ સાવદ્યના ત્યાગ અને દર્શનાદિ રત્નત્રયીની આરાધના રૂપ પ્રતિજ્ઞા અંગીકાર કરે ત્યારથી; અન્યથા એ વાત ન સ્વીકારીએ તો પરિણામ ચારિત્રના વર્તે તેને ચારિત્ર આવી ગયું છે એમ માનવું પડે: જેમ ગૃહસ્થાવાસમાં રહેલા પ્રભુ મહાવીર સાધુ-વેષ વગર ઉત્તમ સાધુચર્યાને યોગ્ય આચારને પાળતા હતા તે વખત ચારિત્ર માનવું પડશે, અને તેમ માનીએ તો તેજ વખતે મનઃ-પર્યવજ્ઞાન આવવું જોઇએ પણ મનઃપર્યવજ્ઞાન તો તે વખતે આવ્યું નથી. આ ઉપરથી ઉત્કૃષ્ટકોટિના અધ્યવસાયથી વિભૂષિત થયેલા આત્માઓના ચારિત્રપર્યાય પણ પ્રભુમાર્ગની પ્રણાલિકાને સ્વીકાર્યા વગર સિદ્ધાંતકાર મંજુર રાખતા નથી.

પ્રશ્ન ૪૧૨—પુરુષાર્થ એટલે શું ?

સમાધાન—'**પુરુષાણાં અર્થઃ**'-પુરુષની ઇચ્છા તેનું નામ પુરુષાર્થ એટલે જગતના તમામ જીવોનું ચાર પ્રકારે વર્ગીકરણ થઈ શકે છે અને તે ચાર પ્રકાર-ધર્મ અર્થ કામ અને મોક્ષ, અર્થાત્ કેટલાક જીવો ધર્મની ઇચ્છાવાળા, કેટલાક જીવો અર્થની ઇચ્છાવાળા, કેટલાક જીવો કામની ઇચ્છાવાળા અને કેટલાક જીવો મોક્ષની ઇચ્છાવાળા. આથી જગત્માં આ ચાર પ્રકારની ઇચ્છાવાળા જીવો દૃષ્ટિગોચર થશે. અને વર્ગીકરણની અપેક્ષાએ આ ચાર પુરુષાર્થ છે.

પ્રશ્ન ૪૧૩—પુરુષાર્થ માત્ર સેવનીય ખરો કે નહિ?

સમાધાન—નહિં, કારણકે ઇચ્છામાત્ર સેવન કરવી અથવા ઇચ્છાને આધીન થવુંજ જોઇએ તેવો સિદ્ધાંત કોઈ પણ મતાનુયાયી સ્વીકારી શકતો નથી અર્થાત્ વર્ગીકરણ કરેલ વસ્તુઓ વિધાનરૂપ નથી. જેમ કષાયની અપેક્ષાએ વર્ગીકરણમાં ચાર પ્રકારના જીવો. જગત્માં ચાર કષાયવાળા જીવો છે. વિગેરે.

પ્રશ્ન ૪૧૪—પુરુષાર્થ પૈકી બેને સેવવાં અને બેને તજવા અર્થાત્ મનગમતા લેવાં અને અણગમતાંને ધકેલવા એ શું તમારો સિદ્ધાંત છે?

સમાધાન—ના, દરેકે દરેક પુરુષાર્થમાં કેટલો લાભ અને કેટલી હાનિ છે, તે વિવેકપુરસ્સર તપાસવા. બુદ્ધિપૂર્વક વિચારશો તો માલમ પડશે કે બેને સેવવાં તે ઇષ્ટ છે અને બેનાં તો સ્વપ્નાં પણ ન સેવવાં તે જ હિતાવહ છે.

પ્રશ્ન ૪૧૫—ચારમાં સેવવા લાયક કયાં?

સમાધાન—ધર્મ અને મોક્ષ.

પ્રશ્ન ૪૧૬—એ ચારે પુરુષાર્થનું વાસ્તવિક સ્વરૂપ શું?

સમાધાન—બાહ્યસુખના સાધન તેનું નામ અર્થ, બાહ્યસુખનો ભોગવટો તેનું નામ કામ, વાસ્તવિક-સુખનાં સાધન તેનું નામ ધર્મ અને વાસ્તવિક-સુખનો ભોગવટો તેનું નામ મોક્ષ. ઉપરના ચારે વર્ગને અનુસરતી ઇચ્છા તેનું નામ પુરુષાર્થ જેમકે-અર્થ પુરુષાર્થ વિગેરે.

પ્રશ્ન ૪૧૭—"નહિ સેવવા લાયકનાં સ્વપ્નાં પણ સેવવાં નહિ." એ જે તમે વારંવાર કહો છો તો શું તે સંબંધીના સ્વપ્ન સેવવામાં અને ઇચ્છા કરવામાં પણ કર્મબંધ થાય છે?

સમાધાન—હા. નહિ સેવવા લાયક એવા અર્થ-અને કામ એ પુરુષાર્થ એવાં છે કે સાધન અને સાધન દ્વારાએ થતો ઉપયોગ બાજુએ રાખીએ તો પણ સાધન મેળવવાની ઇચ્છા પણ એવી જબરજસ્ત છે કે આત્માને ડૂબાડનાર છે. જેને માટે બ્રહ્મદત્ત ચક્રવર્તીના પૂર્વભવની ચર્યાનું અવલોકન કરશો તો માલમ પડશે કે તે ભવમાં તેણે માસક્ષપણની તપસ્યા કરેલી છે, ચક્રવર્તીની સ્ત્રી વંદન કરવા આવેલી છે, એ તપસ્યા વેચીને સ્ત્રી-રત્ન મેળવવાની મનઃકામના નિયાણું કરાવી સાતમી નરકની સામગ્રી ભેગી કરાવી આપે છેઃ નથી તો તે ભવમાં સ્ત્રી-રત્ન મળ્યું, કે નથી તો તે ભવમાં સ્ત્રી-રત્નનો ભોગવટો કર્યો. ખરેખર ! અર્થ-કામની સાંકળમાં સંકડાયલોજ સડે છે, એટલું જ નહિ પણ તે સાંકળમાં માની લીધેલા સુખની ઇચ્છા કરવી તે પણ આત્માર્થીઓ માટે અત્યુત્કટ ભયંકર છે.

પ્રશ્ન ૪૧૮—મોક્ષનું સ્વરૂપ એક સરખું છે છતાં સિદ્ધના પંદર ભેદ કેમ ?

સમાધાન—મોક્ષ પામવાની તૈયારી અગર પામતી વખતની દશામાં આ જીવ કઇ સ્થિતિમાં હતો તેની ઝાંખી માટે પંદર ભેદનું વિધાન છે. વસ્તુત: તે પંદર ભેદ પૈકી એક જ ભેદમાં એટલી બધી વિશિષ્ટતા દર્શાવી છે કે જેમાં સમગ્ર જૈન-શાસનની પારમાર્થિકતા સમજાઇ જાય છે. પંદર ભેદમાં એક સ્વલિંગ ભેદ છે. સ્વ એટલે શું ? સ્વ એટલે પોતાનું અર્થાત્ આત્માનું વાસ્તવિક-લિંગ પ્રભુમાર્ગમાં યથા-સ્થિત વર્ણવેલી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી તે.

પ્રશ્ન ૪૧૯—પ્રભુ-પૂજનમાં પ્રક્ષાલન માટે કાચું પાણી વપરાય છે. તેને બદલે ઉકાળેલું પાણી કેમ ન વપરાય ?

સમાધાન—શ્રી તીર્થંકર મહારાજના જન્માભિષેક વખતે યોજનો પ્રમાણના કરોડો કલશોથી કરેલો અભિષેક સચિત્ત પાણીનો હતો અને

દીક્ષા અભિષેક વખતે પણ તેવોજ અભિષેક હતો માટે શ્રી જિનપૂજામાં અચિત્ત જલ વપરાતું નથી. તેમજ અચિત્ત જલનો અભિષેક કરવાથી સમગ્રની વિરાધના થાય અને સચિત્ત જલથી અભિષેક કરતાં કેટલાકની વિરાધના ન પણ થાય. જેઓને સચિત્તને અડવાનો નિયમ હોય તેને સચિત્તથી અભિષેક કરવાનો હોતો નથી.

પ્રશ્ન ૪૨૦—હરકોઈવસ્તુસંબંધી અભિપ્રાય આપવાનો હક કોને હોય ?

સમાધાન—વસ્તુસ્વરૂપના જ્ઞાનવગર અભિપ્રાય આપવો તે અભિપ્રાય નથી પણ લવારો છે. હમણા થોડા વખત પરની તમને ખબર હશે કે ઇંગ્લીશ ભાષાના અણજાણ એવા જુરરે હા ભણવા માત્રથી કેટલું નુકશાન વેઠ્યું હતું.

પ્રશ્ન ૪૨૧—છ માસની પરીક્ષા શાસ્ત્રમાં છે એ વાત ખરી છે ?

સમાધાન—હા, પણ એ પરીક્ષા હરેક આત્માને માટે નથી.

પ્રશ્ન ૪૨૨—સાધુની પરીક્ષા કરવાનું કામ શ્રાવકો કરે કે નહિ ?

સમાધાન—બાલવર્ગનો વિદ્યાર્થી સાતમી ચોપડીવાળાની પરીક્ષા કરી શકતો નથી.

પ્રશ્ન ૪૨૩—પૂર્વકાલમાં સાધુઓ જંગલમાં રહેતા હતા એ વાત સાચી છે ?

સમાધાન—જગદ્‌વંદ્ય તીર્થંકરો જંગલમાં રહેતાજ નહોતા, તેમજ તે દેવાધિદેવો વસ્તીમાં રહ્યા છે તેની સાક્ષી અનેક સ્થળોએ આગમમાં છે જેમ જયંતિ–શ્રાવિકા શય્યાતરી હતી.

પ્રશ્ન ૪૨૪—સ્વરૂપ સમજ્યા વગર હા ભણે તો વાંધો શો ?

સમાધાન—સ્વરૂપનો અજાણ સોનાને પિત્તળ કહે પિત્તળને સોનું કહે તો વાંધો શો ? અર્થાત વાંધો છે.

પ્રશ્ન ૪૨૫—સ્વરૂપ સમજ્યા વગર જ્ઞાની ઉપર વિશ્વાસ રાખવો શું ઉચિત નથી ?

સમાધાન—જે જ્ઞાની ઉપર વિશ્વાસ રાખીએ તે સ્વરૂપ સમજે છે એવો નિર્ધાર હોવાથી તે જ્ઞાની ઉપર વિશ્વાસ રાખવામાં લવલેશ વાંધો નથી. જેમ જગમશહુર ચાર્ટર્ડ-બેંક સો ટચના સોના ઉપર જ પોતાની છાપ મારે છે.

પ્રશ્ન ૪૨૬—દેવવંદનમાળામાં ચૈત્રીના દેવવંદનમાં શ્રી જ્ઞાનવિમલ-સૂરિજી 'દશ વીસ ત્રીસ ચાલીસ પચાસ' આ પ્રમાણે પાંચ જોડામાં પાંચ વાર ચડતા ચડતા લાવ્યા છે, તો તે કોઇ શાસ્ત્રમાં છે કે પોતાની ઇચ્છાનુસાર છે ?

સમાધાન—તે બીના શ્રી શત્રુંજયકલ્પમાં છે.

પ્રશ્ન ૪૨૭—કૃષ્ણ મહારાજા ક્ષાયિક-સમ્યક્ત્વના માલીક હોવા છતાં બલભદ્રને અહીં મોકલી મિથ્યાત્વની વૃદ્ધિ કેમ કરાવી ? ક્ષાયિક-સમકીતી મિથ્યાત્વની વૃદ્ધિ કરાવે ખરા ?

સમાધાન—દેખાવ માટે એટલે નરક સંબંધી પીડા વગેરે દેખીને શત્રુઓ રાજી થતા હતા તેથી શત્રુઓને અંગે બલભદ્ર પાસે મિથ્યાત્વની વૃદ્ધિ કરાવી હતી.

પ્રશ્ન ૪૨૮—વાંદણાં દેતાં બીજીવાર 'આવસ્સીઆએ' નહિ બોલવું તેનું કારણ શું ? 'આવસ્સીઆએ' એનો અર્થ તો વંદારૂ-વૃત્તિમાં અવશ્યકાર્ય વિ. જે ક્રિયા તે હેતુવડે આસેવના ઇત્યાદિક છે તો તે બીજીવાર વાંદણામાં 'આવસ્સીઆએ' કહેવામાં શી હરકત છે ?

સમાધાન—કારણ-પુરસ્સર નીકળવાનું હોવાથી, અને બીજી વખત અવગ્રહમાં રહેવાનું હોવાથી 'આવસ્સીઆએ' પદ ન કહેવાનું ફરમાન ઉચિત જ છે.

પ્રશ્ન ૪૨૯—'ચોલપટ્ટાગારેણં' એમ જે બતાવ્યું છે તો ગૃહસ્થ આવે તો ચોલપટ્ટો ઉભો થઈને પણ લે તો પચ્ચખ્ખાણ ન ભાંગે, એ અર્થ પ્રમાણે મુનિઓ આહાર કરતાં નગ્ન રહેતા હશે કે કેમ ? અથવા 'ચોલપટ્ટ-આગાર' કયા ઉપયોગમાં લેવો ?

સમાધાન—અપ્રાવરણના અભિગ્રહવાળા માટે આ 'ચોલપટ્ટ-આગાર ઉપયોગમાં લેવાનો છે.

પ્રશ્ન ૪૩૦—ઉપવાસના પચ્ચખ્ખાણમાં 'સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં' અને એકાસણાદિમાં 'ઉગ્ગએ સૂરે' એ બેમાં ફેર શો ?

સમાધાન—સૂર્ય ઉદય પહેલાં જે પચ્ચખ્ખાણ ધારી શકાય તેમાં 'ઉગ્ગએ સૂરે' અને સૂર્ય ઉદય પછી પણ ધારી શકાય તેમાં 'સૂરે ઉગ્ગએ' કહેવાય છે.

પ્રશ્ન ૪૩૧—દિવસના પૌષધમાં ઓછામાં ઓછું પચ્ચખ્ખાણ એકાસણું કરવાની પ્રવૃત્તિ છે છતાં કદાચ કોઈ બેસણું કરે તો તેનાથી પૌષધ થાય કે નહિ ?

સમાધાન—તેને (તપસ્યાને) લીધે જો પૌષધ રોકાય તો જ કરાવાય છે ?

પ્રશ્ન ૪૩૨—સાંજે પૌષધ કરનારને ઓછામાં ઓછું એકાસણું જોઈએ કે બેસણું, અગર છૂટો હોય અને પૌષધ કરે તો પણ ચાલે ? શાસ્ત્રમર્યાદા શી છે.

સમાધાન—છૂટો ન હોવો જોઈએ એવી શાસ્ત્રમર્યાદા છે.

પ્રશ્ન ૪૩૩—સામાયિક લીધા પછી બે ઘડી બેસવું પડે છે પરંતુ કદાચ કોઈને બે કલાક બેસવું હોય ને એક જ સામાયિકથી જ ચલાવવું હોય તો ચાલી શકે કે નહિ ?

સમાધાન—ચાલી શકે અને કરેમિભંતેમાં 'જાવ સાહુ'નો પાઠ અંગીકાર કરે.

પ્રશ્ન ૪૩૪—ધારણા વગર ત્રણ કલાક બેસી રહે તો ચાલી શકે ?

સમાધાન—ના; પાપમયકાર્ય પરિહરવાની અને રત્નત્રયી આરાધવાની પ્રતિજ્ઞા તો થવી જ જોઈએ.

પ્રશ્ન ૪૩૫—પોસહ લીધા પછી સામાયિક શા માટે ઉચ્ચરાવાય છે ?

સમાધાન—સામાયિકના લાભથી વંચિત ન રહે તે માટે.

પ્રશ્ન ૪૩૬—પોસહમાં તમામ પાપકાર્ય બંધ થાય છે છતાં સામાયિક ઉચ્ચરવાની જરૂર શી ?

સમાધાન—એક જ અનુષ્ઠાનમાં બે વ્રતની સાથે આરાધના કરવાની જોગવાઈ શાસ્ત્રકારે રાખી છે.

પ્રશ્ન ૪૩૭—દ્વારિકાનો દાહ કરનાર, દ્વિપાયન ઋષિ ઓગણીસમો તીર્થંકર સમજવો કે કેમ ? તીર્થંકર થવાના હોય તે પણ શુ આવું પાપ કરે કે કેમ ?

સમાધાન—તીર્થંકર થવાના છે તે ઉપર્યુક્ત દ્વિપાયન નહિ પણ બીજા દ્વિપાયન છે, પ્રાયઃ તીર્થંકરો તેવા પાપ કરવાવાળા હોતા નથી.

પ્રશ્ન ૪૩૮—આવતી ચોવીસીમાં શ્રી આણંદ શ્રાવકનો જીવ આઠમા પેઢાલ તીર્થંકર થશે એવું જે લખ્યું છે તે આણંદાદિ દશ શ્રાવકો તો દેવલોકમાં ચાર પલ્યોપમનું આયુષ્ય પૂરૂં કરી મહાવિદેહમાં અવતરી દીક્ષા લઈ મોક્ષે જશે એમ જણાવ્યું છે તો પછી તીર્થંકર થશે તે આણંદ કયા ?

સમાધાન—દશ શ્રાવક પૈકીના આણંદ શ્રાવક તીર્થંકર થવાના નથી.

પ્રશ્ન ૪૩૯—દેવતા મનુષ્યની સ્ત્રી સાથ સંજોગ કરી ઔદારિક પુદ્દગલો પરિણમાવી ગર્ભ ઉત્પન્ન કરી શકે કે કેમ ?

સમાધાન—ઔદારિક પુદ્ગલો લઈ તે કાર્ય કરવાની તાકાત તે દેવોમાં છે.

પ્રશ્ન ૪૪૦—વાસુદેવ બ્હોંતેર હજાર સ્ત્રીઓનો અને સુબાહુકુમાર (૫૦૦) પાંચસો સ્ત્રીઓનો ભોગવટો કરનાર. તે પુરુષો તમામ વૈક્રિય-લબ્ધીવાળા પ્રાયઃ નહોતા તો પછી તમામ સ્ત્રીઓ પાસે કેવી રીતે જઈ શકે? વાસુદેવ માટે તો ભારે આશ્ચર્ય છે! તેનું કેમ?

સમાધાન—ઉપરની બીનામાં વાસુદેવ નહિં પણ વસુદેવ છે; તપથી જેમ લબ્ધિ થાય છે તેમ તપથી શક્તિ થાય તો આશ્ચર્ય શું!

પ્રશ્ન ૪૪૧—તીર્થંકરનું ફેરવ્યું ફરે છે કે નહિ?

સમાધાન—ના, ફરતું જ નથી. જો ફેરવ્યું ફરતું હોય તો અધર્મ રહે જ નહિ, કારણકે ધર્મના સ્વરૂપમાં તીર્થંકરોથી પણ પલટો થઈ શકતોજ નથી. ધર્મને અધર્મ બનાવવાની અને અધર્મને ધર્મ બનાવવાની તાકાત તીર્થંકરોમાં પણ નથી.

પ્રશ્ન ૪૪૨—'**आसवा ते परिसवा**' અને **परिसवा ते आसवा**' અર્થાત્ 'નિર્જરાના કારણ તે બંધના કારણ' અને 'બંધના કારણ તે નિર્જરાના કારણ બને છે' તો પછી ધર્મ અધર્મ રૂપ કેમ ન થાય?

સમાધાન—મહાનુભાવ! "બંધના કારણ તે જ નિર્જરાના કારણ" એજ શબ્દો પકડી લઇએ તો જગતમાં બંધ પદાર્થ નહિ રહે, અને તે નહિં રહે એટલે બંધના કારણો પણ શી રીતે બોલી શકાય? અને તેજ પ્રમાણે નિર્જરા-પદાર્થ પણ નહિં રહે અને નિર્જરાતત્ત્વ ન માનીએ તો નિર્જરાના કારણ એ પણ કેમ કહેવાય! ત્યારે '**आसवा ते परिसवा**' ઇત્યાદિનો પરમાર્થ ખોટો છે, એમ તમારા દીલમાં થશે પણ તેનો પરમાર્થ જુદો છે. એ સૂત્ર કહેવાની મતલબ એ છે કે જેમ એક વૈદ્યને ઘેર ભીલ આવ્યો, અને તે બોલ્યો અરે! ભુંડા વૈદ્ય, તારૂં નખ્ખોદ જાય કે મારી આંખો જાય છે જલ્દી દવા

બતાવ ને. વૈદ્ય કોઇ બીજા કાર્યમાં ગુંથાએલ હોવાથી તેમજ તે વૈદ્ય કામમાં અકળાયેલ હોવાથી અને ભીલની ગાળો સાંભળીને ગુસ્સે થયેલો હોવાથી કહી દીધું કે જા! જા! થોરીયાનું દુધ આંખે લગાવ. જાડી બુદ્ધિના ધણી ભીલે થોરીઓ કાપીને દુધ આંખે લગાડ્યું. આંખો મટી ગઈ અને આંખો સાજી થઈ અને તેના બદલામાં ભેટ માટે કેરીનો ટોપલો ભરી વૈદ્યને ઘેર ગયો. કેરીઓ આપી અને બનેલી હકીકત પણ કહી. વૈદ્ય વિચારમાં પડ્યો કે થોરીયાનું દુધ અને તે દુધથી આંખ સાજી બને શી રીતે? તેથી તે નિર્ણય કરીને તે ભીલ સાથે કાપી લાવેલા થોરીઆના સ્થાનને જોવા ગયો. થોરીયો ઘીની બરણીમાં ઉગેલો હોવાથી વિચાર્યું કે થોરીઆની ગરમી ઘીએ હરી લીધી, આ ઉપરથી આંખની દવા થોરીયાનું દુધ જ છે એમ કહેવાય નહિં. મુખ્ય સ્વભાવે થોરીયાનું દુધ અંધાપો જ કરે પણ ઘીનો સંજોગ મળે તો દવારૂપ પણ થાય, તેવી રીતે મુખ્યતાએ કર્મબંધના કારણ કર્મબંધ કરે પણ બંધના કારણોની સાથે પરિણતિની શુદ્ધિ મળે તો જરૂર નિર્જરા થાય.

નિર્જરાના કારણ જોડે બંધની પરિણતિ ભળી હોય તો બંધ સજ્જડ કરાવે અને બંધના કારણ જોડે નિર્જરાની પરિણતિ ભળી હોય તો સજ્જડ નિર્જરા કરાવે.

પ્રશ્ન ૪૪૩— સયોગી-કેવલી મોક્ષે જાય?

સમાધાન—ના, ત્રણે કાળમાં સયોગી કેવલી મોક્ષે જતા નથી, ગયા નથી, અને જશે પણ નહિ. આંખની પાંપણ હાલે ત્યાં સુધી એકવિધ બંધક, છ, સાત કે અષ્ટવિધ બંધક હોય છે; અર્થાત્ આંખની પાંપણ હાલે ત્યાંસુધી કર્મની આવક ચાલુ છે.

પ્રશ્ન ૪૪૪—સમકિતી, ભવ્યો, દેશવિરત, સર્વવિરત મોક્ષે જાય?

સમાધાન—હા. જાય, શું ત્યારે સમકિતી અને ભવ્યો, દેશવિરત અને સર્વવિરત સયોગી-કેવલીઓ કરતાં વધારે ઉચ્ચ-

કોટીના છે ? એ બીના તમારા મનમાં આવશે તો તેમ નથી પણ સમકિતી, ભવ્ય, દેશવિરત, અને સર્વવિરત માટે જે નિયમ બાંધીએ છીએ તે તેની અંતિમ અવસ્થાને ધ્યાનમાં લઇને મોક્ષનો ઉપચાર કરીએ છીએ, અને સયોગી અવસ્થામાં ના કહીએ છીએ તે તેમની વર્તમાન અવસ્થા ધ્યાનમાં લઇને વિચારણા કરીએ છીએ.

પ્રશ્ન ૪૪૫—ચોથા ગુણઠાણાવાળો મોક્ષે જાય ?

સમાધાન—ના, ચોથા ગુણઠાણે રહ્યા છતાં મોક્ષે જાય નહિં.

પ્રશ્ન ૪૪૬—સયોગી અવસ્થામાં બંધ છે તો અયોગી થવાનો વખત શી રીતે આવે ?

સમાધાન—તે ગુણઠાણામાં તો યોગથી બંધ છે તે અલ્પ છે પણ નિર્જરાનો નિર્મળ ઝરો વહે છે, તેથી શુદ્ધિ બહુ જોરશોરથી થાય છે. તેરમા ગુણઠાણામાં એવો એક પણ સમય નથી કે જે નિર્જરા અને બંધ વગરનો હોય. નિર્જરાના પૂર-પ્રવાહથી સયોગી અવસ્થામાંથી ખસી અયોગી થઇ શકે તે માનવામાં લેશ પણ અડચણ નથી.

પ્રશ્ન ૪૪૭—ચૌદમા ગુણઠાણામાં બંધ નહિ અને નિર્જરા ઘણી એ વાત ખરી છે ?

સમાધાન—હા, તે ગુણઠાણું નિર્જરાથી ભરપૂર છે. અને અંતમાં (પાંચ હ્રસ્વાક્ષરમાં) મોક્ષ.

પ્રશ્ન ૪૪૮—ઉપસર્ગ એ બંધનું કારણ અને નિર્જરાનું કારણ શી રીતે ?

સમાધાન—ઉપસંગ એ નિર્જરાનું કારણ શ્રીવીરદેવને થયું અને તે જ ઉપસર્ગ સંગમને બંધના કારણરૂપ થયો. જે કરણી સમકિતીને નિર્જરારૂપ થાય તે જ કરણી પ્રત્યે રોષવાળા મિથ્યાત્વીને બંધનું કારણ થાય-અર્થાત્ ઉપસર્ગ જેવી ચીજ બંધ અને નિર્જરાનું કારણરૂપે પરિણામે છે તે પવિત્ર, અપવિત્ર પરિણામને આધીન છે.

પ્રશ્ન ૪૪૯—બંધનું કારણ તે નિર્જરાનું કારણ થાય અને નિર્જરાનું કારણ તે બંધનું કારણ થાય તે શી રીતે ?

સમાધાન—કર્મબંધ કરવાના પરિણામરૂપ પરિણતિની અપેક્ષાએ નિર્જરાના કારણો તે બંધરૂપ થઈ જાય, અને નિર્જરાની પરિણતિની અપેક્ષાએ બંધના કારણો નિર્જરારૂપ થઈ જાય.

પ્રશ્ન ૪૫૦--અણુસણ અને જિનકલ્પાદિ હાલ છે કે નહિં ?

સમાધાન—નથી; ના કહેવામાં નકારના બે પ્રકાર છે ૧ કરવાની શક્તિ હોય, કરો છતાં થાય નહિં, ૨ શક્તિ ન હોય અને તેથી ન થાય તે શક્તિ નથી તેથી થાય નહિ. પણ શક્તિ હોય અને કરે તો શાસ્ત્રકારને અડચણ આવે છે એમ નથી અર્થાત્-અણસણ, જિન-કલ્પ, કેવલજ્ઞાન આદિ કરવાની શક્તિ આત્મામાં છે. ચક્રવર્તી નથી એટલે ચક્રવર્તીના ભાગ્યવાળો હાલ કોઈ નથી તેથી ચક્રવર્તી નથી, જેમ મોક્ષ નથી, કેવલજ્ઞાન નથી અને તે પામવા બેસો, મોક્ષ પામવા માટે પ્રયત્ન કરો તો શાસ્ત્રકાર હાથ રોકતા નથી.

પ્રશ્ન ૪૫૧—દિગંબરો જિનકલ્પી ખરા કે નહિં ?

સમાધાન—ના, સ્થંડિલની શંકા થઈ શુદ્ધ જગ્યા ન મલે તો પાછા આવે, બીજે દિવસે શુદ્ધ જગ્યા ન મલે તો પાછા આવે એવી રીતે છ માસ સુધી શુદ્ધ જગ્યા ન મલે તો સ્થંડિલ કર્યા વગર જિન-કલ્પીઓ પાછા આવે એવી રીતે હાલ તે દિગંબરો રહી શકતા નથી.

ચોથો પહોર બેસી ગયો હોય તો ચોથે પહોરે કાંટા પર પગ આવે તે વખતે કાંટા પર પગ મૂકી કાઉસ્સગ્ગધ્યાનમાં બીજા દિવસના બપોરના બાર વાગ્યા સુધી તે જિનકલ્પીઓ સ્થિર રહે છે. અને ખરી રીતે જ્યાં દિગંબર સાધુઓ નાગા ફરે છે, જ્યાં તે રહ્યા હોય ત્યાં દિગં-બર શ્રાવકો આજુબાજુ લાકડાં સળગાવે છે; લાકડાં સળગાવતાં પગ પણ દાઝી જાય છે એવી વાતો પણ પ્રથમે સાંભળવામાં આવી છે. અર્થાત્–

સ્થવિર–કલ્પીના સામાન્ય આચાર પણ પાળી શકવાને શક્તિહીન એવાઓને જિનકલ્પી કહી દેવા તે કેવલ મૂર્ખાઈ છે.

પ્રશ્ન ૪૫૨—જમાના પ્રમાણે વર્તવું કે જમાનાની સામે વર્તવું?

સમાધાન—તમારા હિસાબે પણ જમાનાની સામે વર્તવું, કારણ કે-શિયાળાના જમાનાએ ટાઢ મોકલી છતાં પટારામાંથી શાલ, દુશાલા કેમ કાઢો છો? ઉનાળાએ ગરમી મોકલી છતાં બુટ–છત્રી કેમ વાપરો છો? તમે તમારી શારીરિક–સ્થિતિના બચાવ માટે જમાનાની સામે ધસો છો એ તમારી કરણી જમાના સામે ધસવાની કબુલાત કરે છે, શિયાળા અને ચોમાસામાં ગરમ કપડાં શા માટે પહેરો છો? તમો જમાનાની સામે ધસો છો, કે જમાનાને અનુકૂળ વર્તો છો? એ તમારા વર્તનને પૂછી જુઓ. શરીર–રક્ષણના ધ્યેયને અનુસરીને જમાનાની સામે ધસો છો. જો આ નિયમ તમારે કબુલ છે તો પછી **ધર્મના સંરક્ષણ માટ અધર્મની સામે ધસતાં કેમ કંપો છો?**

પ્રશ્ન ૪૫૩—આ તો તમે ઋતુકાલની વાત કરી!

સમાધાન—ઋતુ એ કાલવાચક છે કે બીજી કોઈ ચીજ છે? જમાનો એટલે તમારે કાલ કહેવું છે, કે બીજુ કંઈ? અને જમાનો એટલે જો મગજનો પવન કહેવો હોય તો તમારી વાત તમે જાણો.

પ્રશ્ન ૪૫૪—પોતાની સગવડ ખાતર મિથ્યાત્વીઓ વનસ્પતિકાયમાં જીવ છે પણ તે જીવોને વસ્તુતઃ સુખદુઃખ નથી એમ માને છે તો એ બીના ખરી છે?

સમાધાન—ન્યાયની અદાલતમાં ધનવાન કે નિર્ધન, મૂર્ખ કે બુદ્ધિમાન, બાલ કે વૃદ્ધ, કુટુંબવાળો છે કે વગર કુટુંબવાળો, રોગી છે કે નિરોગી, એવો પ્રકાર તે ન્યાય જોઈ શકતો નથી, તેવી રીતે ધર્મના સ્વરૂપને, પુણ્યના સ્વરૂપને, પાપના સ્વરૂપને વાસ્તવિક રીતે ન્યાયની તુલનાથી તોલો, અર્થાત્ પરિણતિરૂપ તુલનાથી તોલો તો માલમ પડશે

કે તમારો આત્મા સુખદુ:ખ અનુભવે છે તેમ તે વનસ્પતિના જીવો પણ અનુભવે છે.

ચક્રવર્તીપણું	હોવાથી	પાપ	માફ	થતું	નથી,
ગરીબપણું	,,	,,	,,	,,	,,
બુદ્ધિમાનપણું	,,	,,	,,	,,	,,
ચોથો આરો	,,	,,	,,	,,	,,
પાંચમો આરો	,,	,,	,,	,,	,,
પંચેંદ્રિયપણું	,,	,,	,,	,,	,,
ચૌરેંદ્રિયપણું	,,	,,	,,	,,	,,
તેઇંદ્રિયપણું	,,	,,	,,	,,	,,
બેઇંદ્રિયપણું	,,	,,	,,	,,	,,
એકેંદ્રિયપણું	,,	,,	,,	,,	,,

અર્થાત્—ન્યાયાસને બેઠેલો ન્યાયાધીશ ઈતર સંજોગો પર ધ્યાન આપતા નથી. સગવડ ખાતર વનસ્પતિકાયમાં જીવ છે પણ સુખદુ:ખની લાગણી નથી એવું કહેવું તે તદ્દન ગેરવ્યાજબી છે.

પ્રશ્ન ૪૫૫—ધર્મ કહેલો કે કરેલો ?

સમાધાન—કરેલો નથી, અર્થાત્ નવો બનાવ્યો નથી. વસ્તુત: ઉપદેશદ્વારાએ ધર્મ કથન કરેલો છે.

૧ દેશભેદે ધર્મ તે અધર્મરૂપ થઈ જતો નથી,

૨ કાલભેદે ધર્મ તે અધર્મરૂપ થઈ જતો નથી,

૩ કલ્પ (દ્રવ્ય) ભેદે ધર્મ તે અધર્મરૂપ થઇ જતો નથી,

આથી અનાદિકાલથી એક સરખી પ્રરૂપણારૂપે ધર્મ ચાલ્યો આવેલો છે. તેથી જ '**जिणपण्णत्त**' એટલે જિનેશ્વરે પ્રરૂપેલો ધર્મ છે પણ નવીન કરેલો નથી.

પ્રશ્ન ૪૫૬—નિત્યતામાં તમે બે સ્થાન કહો છો અને સર્વસ્થાન અશાશ્વત કહો છો તે શી રીતે ?

સમાધાન—મહાનુભાવ ! મધ્યસ્થાનો અશાશ્વત છે તે અપેક્ષાએ સર્વસ્થાન અશાશ્વત છે; બાકી અનાદિનું એકેન્દ્રિય સ્થાન નિત્ય છે અને સિદ્ધનું સ્થાન પણ નિત્ય છે.

(ના૦ વડોદરા સરકારની ધારાસભામાં સરકારે પ્રેરેલો આર્યભાવનાવિનાશક દીક્ષાસંહારક કાયદો ધારાસભામાં અને જનતામાં ચર્ચાઇ રહેલો હતો, એવા કઠીન સમયમાં પૂ. આચાર્ય આનંદસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબે દીક્ષા સંબંધીનો જૈનાજૈન જનતાનો ભ્રમ ભાંગવાના ઉદ્દેશથી દીક્ષા સંબંધી શંકાઓ પૂછવાનું જાહેર પ્રજાને જણાવેલું હતું. જનતા તરફથી એ સંબંધીના પ્રશ્નો જાહેર રીતે પૂછાયા હતા અને આચાર્યદેવે પોતાની અમોઘ સુધાવર્ષિણી શૈલીમાં તે પ્રશ્નોના સરળ અને સુંદર ઉત્તરો આપ્યા હતા. આચાર્યદેવના એ ઉત્તરો સાંભળ્યા પછી કેટલાય કટ્ટરમાં કટ્ટર દીક્ષા-વિરોધીઓ પણ પોતાનો દીક્ષા-વિરોધ મૂકી દઈ આચાર્યદેવશ્રીના વિચારો જોડે સહમત થયા હતા. એ પ્રશ્નોત્તરો અત્યંત ઉપકારક હોઈ તે અત્રે આપવામાં આવે છે અને તેનું પુરેપુરૂં મનન કરવાની (સિદ્ધચક્રના) તંત્રી વાંચકોને વિનંતી કરે છે.)

પ્રશ્ન ૪૫૭—થોડા દિવસ પૂર્વે વડોદરા શહેરમાં જાહેર હસ્ત-પત્રિકાઓ વહેંચવામાં આવી છે. અને તેમાં જણાવવામાં આવ્યું છે કે બીજા જૈન-આચાર્યો અને આપની વચ્ચે દીક્ષાની વયના સંબંધમાં ભારેમાં ભારે મતભેદ છે. તો પછી એ સ્થિતિમાં આપને સાચા ગણવા કે બીજાને ?

સમાધાન—તમારી શંકાનો ઉત્તર એ છે કે—આ હેંડબીલો જે તમો વડોદરામાં વહેંચાએલા જણાવો છો તે હેંડબીલો તો જૈન–સાધુઓ અને જૈનોને માંહોમાંહે લઢાવી મારી તેનો જગતને તમાશો બતાવવાનો એક પ્રયત્ન છે. કોઇપણ આચાર્યે એવું જાહેર કર્યું હોય તો તે મને બતાવો કેઃ 'કોઈપણ સંજોગોમાં, કોઈપણ સ્થળે, કોઇપણ કારણ છતાં આઠ વર્ષથી ઓછી વયવાળા બાળકને દીક્ષા ન જ આપી શકાય' અર્થાત્ જૈનાચાર્યોમાં માંહોમાંહે મતભેદ છે એ વાત અંદર અંદર મતભેદ પડાવવાની બાજી છે. પંચાંગી શાસ્ત્રો બધાના એકજ છે. માટે આવી ચાલબાજીનો કોઇએ ભોગ થવું નહિ. બન્ને પક્ષ જન્માષ્ટ અને ગર્ભાષ્ટમ એ બંને વાતને કબુલ કરે છે. તેમજ અષ્ટ અને અષ્ટમનો ભેદ સમજે છે. કોઇએ પણ કોઈપણ વાતને ખંડિત કરેલી જ નથી.

પ્રશ્ન ૪૫૮—શ્રી કૂર્માપુત્રને કેવલજ્ઞાન થયું હતું તે છતાં તેઓ સંસારમાં રહ્યા હતા તેનું કારણ શું ?

સમાધાન—શ્રી કૂર્માપુત્રને કેવલજ્ઞાન થયું હતું તે છતાં તેઓ સંસારમાં રહ્યા હતા, તેનું કારણ એક હતું કે તેઓ માતાપિતાની દીક્ષા થવાના હિતની ખાતર–માતાપિતાને પ્રતિબોધવા માટે સંસારમાં રહ્યા હતા. અર્થાત્-એ તેમનું વ્યક્તિગત અને વિશેષ સંજોગો વચ્ચેનું કાર્ય હતુ. આ રીતે એક વ્યક્તિનુ વ્યક્તિગત અને વિશેષ સંજોગો વચ્ચેનું કાર્ય તે કાંઈ આખા જગતને માટે અનુસરવાનું ઉદાહરણ છે એમ ન જ કહી શકાય, મેલેરીયાના તાવથી પીડાતા દરદીને કૂવચિત્ ડોકટર ઇન્જેન્કસન કે કોઇ રીતે સોમલ આપે તો શું એમ સિદ્ધાન્ત બાંધી શકાય ખરો કે તાવ આવે તો સોમલ ખાવું ? તે જ પ્રમાણે આ ઉદાહરણ પણ સમજવાનું છે. કેવલજ્ઞાન એટલે જગતના સર્વ ભાવો જાણવાનું જ્ઞાન કેવલી તો પોતે જે પ્રમાણે ફલ દેખે તે પ્રમાણે જ કરે.

શ્રી સીમંધરસ્વામીને પૂછવામાં આવે છે કે—કોઈ ભરતક્ષેત્રમાં તીર્થંકર, કેવલી છે કે નહિં ?

જવાબ મલે છે કે–'ના. પણ ગૃહસ્થાશ્રમમાં કૂર્માપુત્ર છે' આ 'ના,' કહેવાનું કારણ વિચારો. આ ઉત્તર ઉપરથી શ્રી સીમંધરસ્વામી પણ ગૃહસ્થાશ્રમમાં હોવાને લીધે વ્યાવહારિક રીતે કૂર્માપુત્રની કેવલિતાની ના પાડે છે. માબાપને ખાતર કેવલીએ ફાયદો દેખી સંસારમાં રહેવાનું રાખ્યું છે તે કાંઇ આદર્શ ગણી શકાય નહિ. એવો જ બીજો દાખલો લ્યો. તિર્યંચને પ્રતિબોધવા માટે શ્રી મુનિસુવ્રતસ્વામી સાઠ યોજન વિહાર કરીને આવે છે. તે દૃષ્ટાન્તને આદર્શ માની અમે રોજ ૬૦ જોજન વિહાર કરી શકીએ ? કહેવું પડશે, નહિ જ, ને રાતે વિહાર કરીયે ? નહિ જ. અમોને ૬ માસ લાગે ને દિવસે જ વિહાર કરાય, કૂર્માપુત્ર માત-પિતાને દીક્ષા આપવાને માટે જ ઘરમાં રોકાય છે, તો પછી કીંમત કોની ઘરમાં રહ્યા તેની કે દીક્ષાની ?

પ્રશ્ન ૪૫૯—ઘરમાં રહ્યા તો ખરા જ ને; એટલે રહ્યા તે સારૂં ને?

સમાધાન—અલબત્ત ! તેઓ કેવલી હોવાથી નિશ્ચિંતપણે એમ જાણતા હતા કે તેમના માતાપિતાને તેમણે પ્રતિબોધવાના ને દીક્ષા આપવાની છે. એટલા જ કારણથી તેઓ રહ્યા હતા. આ રહેવામાં પણ મહત્તા તો દીક્ષાની જ છે.

પ્રશ્ન ૪૬૦—નાગીલાના પતિને દીક્ષા આપી તેમાં આપનો શો અભિપ્રાય છે ? એ દીક્ષા તો ખરાબ કહેવાય જ કે નહિ ?

સમાધાન—અમારો પોતાનો અભિપ્રાય કોઇપણ શાસ્ત્રીય બાબતમાં કામ ન જ આવે. શાસ્ત્રનો અભિપ્રાય તે જ પ્રમાણ. ભવદેવને વૈરાગ્ય ન હતો. તેને તે છતાં દીક્ષા આપી હતી. જે દીક્ષા માટે શ્રી અવધિજ્ઞાની સાગરચંદ્રજીએ કહ્યું છે કે–હિતૈષી એવા તમારા ભાઇએ (મેં) તમને પહેલા ભવમાં દીક્ષા અપાવી હતી.' આવી બીના પરિશિષ્ટપર્વમાં સ્પષ્ટપણે છે.

જ્યાં સાગરચંદ્ર જેવા અવધિજ્ઞાની પણ કહે છે કે-તને મેં પરાણે દીક્ષા આપી હતી તે પણ તારા પરલોકની હિતબુદ્ધિએ જ આપી હતી. ભવદેવની સ્ત્રી પણ એજ કહે છે કે તમારા ભાઇએ તમારૂં હિત કર્યું છે.

આ દીક્ષાને પણ અયોગ્ય કહે તે ભવદેવની સ્ત્રી નાગીલા કરતાં પણ હલકા જ હોઇ શકે.

પ્રશ્ન ૪૬૧—શાસ્ત્રો લખાયા ક્યારે ?

સમાધાન—પાંચમાં આરામાં ભગવાન્ શ્રી મહાવીરદેવ પછી હજાર વર્ષે.

પ્રશ્ન ૪૬૨—આજ્ઞા કયા આરામાં હતી ?

સમાધાન—ચોથા આરામાં આજ્ઞાઓ પરંપરાએ મોઢે ચાલતી હતી. તે ઉપર જણાવેલા કાલમાં લખવામાં આવી. આ સઘળી સ્થિતિમાં તત્ત્વ વિષે કાંઈ પણ ભેદ ન હતો. જો તત્ત્વમાં ભેદ હોત તો આપણે નિષ્કંટક ન રહ્યા હોત. કારણ કે જૈનદર્શન સામે અન્યદર્શનીઓનો વિરોધ મજબુત હતો.

પ્રશ્ન ૪૬૩—તત્ત્વમાં ફેરફાર ન કરતાં સમયોચિત ફેરફાર કરવા એમાં ખોટું શું છે ?

સમાધાન—તત્ત્વને કાયમ રાખીને ફેરફારો જરૂર થઈ શકે છે. પણ તે ફેરફારો એવા જ હોવા જોઇએ કે-જે તત્ત્વના પોષક હોય; તત્ત્વનો નાશ કરનારા નહિ જ.

પ્રશ્ન ૪૬૪—ચોથો આરો અને પાંચમો આરો એમાં ફેર તો ખરો જ ને ?

સમાધાન—ફેર તો ખરો જ, પણ તે માત્ર કાળનો, પાપ, પુણ્ય આદિ તત્ત્વો અને તેના કારણોમાં ફેર ખચીત નહિં.

પ્રશ્ન ૪૬૫—કાળને દ્રવ્ય ગણ્યું છે તો તે કથનાનુસાર દ્રવ્યની અસર થાય ને?

સમાધાન—કાળની ક્રિયા જીવ-અજીવ ઉપર થાય છે, પણ તે કઈ ક્રિયા? વર્તના, પર્યાય, પરિવર્તન, વિગેરે કાર્યવાહી થાય, પણ ધર્મને પોષક વસ્તુઓનો નાશ કરવાનો કે પલટાવવાનો સ્વભાવ કાળનો છે એ નિયમ છે જ નહિં.

પ્રશ્ન ૪૬૬—તીર્થંકરો અમુક જ સમયમાં થાય છે તેનું કારણ શું?

સમાધાન—મધ્યકાળમાં અગ્નિ આદિથી સંયમસાધક પ્રાસુક પદાર્થો હોય છે. અત્યારે પણ જ્યારે ઘી જેવા એકાંત સ્નિગ્ધ પદાર્થો હોય છે. તેમાં અગ્નિ સળગતો નથી. રૂ જેવા લુખ્ખા પદાર્થના સહકારથી સળગે છે. એટલે પહેલો, બીજો અને ત્રીજો આરો એ અત્યંત એકાન્ત સ્નિગ્ધ પદાર્થોનો યુગ છે. તેથી એ સમયમાં અગ્નિ સળગી શકે નહિ. અગ્નિ સળગવાના સમય પર જ પ્રાસુક અન્નાદિની પ્રાપ્તિ સંભવિત થાય છે. તેથી જ તે જ વખતે સંયમની યોગ્યતા અને તેને લીધે જ તેવા ચોથા આરા જેવા કાળમાં જ તીર્થંકરો હોય એ વ્યાજબી જ છે.

પ્રશ્ન ૪૬૭—પાંચમા આરાનો કાલ એ બીજા ચાર આરાઓના કાલ કરતાં મુકાબલે ખરાબ કાલ છે એ કાલમાં જીવન કનિષ્ટ થશે અને તેથી સાધુપણું આવતાં વાર લાગશે એમ કહે છે તે સાચું છે?

સમાધાન—નહિં જ. શાસ્ત્રકારોએ તો દરેક કાલમાં દીક્ષા માટેનો સમય એક જ સરખો જન્માષ્ટ કે ગર્ભાષ્ટમથી રાખેલો છે.

પ્રશ્ન ૪૬૮—દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ અને કાલની દૃષ્ટિએ વિચારવાનું ખરૂં કે નહિં. ?

સમાધાન—અલબત્ત! એ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે જ છે.

પ્રશ્ન ૪૬૯—દીક્ષાનો કાલ દરેક આરામાં જુદો જુદો હોય ખરો ને?

સમાધાન—ક્રોડપૂર્વનું આયુષ્ય છે, તેમાં દીક્ષાનો કાલ છેવટનો જન્મ આઠ ને ગર્ભાષ્ટમ વર્ષનો રાખેલો છે; તો હવે એ હિસાબે મનુષ્યનું જીવન જ્યારે સો વર્ષનું છે ત્યારે તો તમારી ગણત્રીએ દીક્ષાનો કાલ પુરા એક દિવસનો પણ થાય નહિં.

પ્રશ્ન ૪૭૦—દ્રવ્ય, ક્ષેત્ર, અને કાલની દૃષ્ટિએ જોવાનું જૈન શાસ્ત્રમાં કહ્યું છે?

સમાધાન—હા, પણ ધર્મને દ્રવ્ય, ક્ષેત્ર, કે કાલની અસર પહોંચી શકતી જ નથી, એ કોઇપણ ચીજ ધર્મને બાધ નહિ કરી શકે. અને કોઈપણ રીતે જો ધર્મને કોઇપણ વસ્તુની હાની થવાનો સંભવ હોય તો એ સંકટ સાધુએ સહન કરી લઇ ધર્મને બચાવી લેવો જોઇએ. દ્રવ્યાદિને બ્હાને પણ ધર્મનો ત્યાગ કરવો જોઇએ નહિં.

પ્રશ્ન ૪૭૧—વ્યવહાર-ધર્મમાં અમુક વ્યવહાર અમુક સમયે જ કરવાનો હોય છે, તો તે પ્રમાણે દીક્ષાને પણ કેમ લાગુ ન પડે?

સમાધાન—શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે કે તીર્થ જ્યાં સુધી પ્રવર્તે છે ત્યાં સુધી જન્મથી આઠ વર્ષે અને ગર્ભાષ્ટમે પણ દીક્ષા આપી શકાય છે. શાસ્ત્રના બીજા નિયમોના પાલનપૂર્વક દીક્ષા આપી શકાય. તે પણ વયનો નિયમ જાતિસ્મરણ-અવધિજ્ઞાન કે કુલ સંસ્કારથી તેવી સમજણ ન મળી હોય તેવાને માટે છે.

પ્રશ્ન ૪૭૨—કયા સૂત્રમાં આપ જણાવો છો તેવું વિધાન છે?

સમાધાન—નિશીથચૂર્ણી ખંડ બીજો, પત્ર ૨૮.

પ્રશ્ન ૪૭૩—તીર્થંકરદેવોનું જીવન ઘડાલાયક એટલે કે તે બીજા માણસોને માટે અનુકરણ કરવા લાયક ખરૂં કે નહિ?

સમાધાન—તીર્થંકરદેવોનું જીવન બીજા જીવોને માટે જરૂર અનુકરણ કરવા લાયક છે જ, એમાં જરા પણ શંકા નથી. પરંતુ અહીં એ વાત યાદ રાખવાની ખાસ જરૂર છે કે—એમનું સઘળું જીવન એટલે કે જીવનની સઘળી અવસ્થાઓ અનુકરણ કરવા લાયક નથી જ. તીર્થંકરો જે ઉપદેશ, આજ્ઞા વગેરે આપે છે તે સંયમ લઈને કેવળીદશાને પામ્યા પછી જ આપે છે. ગૃહસ્થાશ્રમનેજ તેમણે ઉત્તમ માન્યો હોત તો પછી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંયમ શા માટે લેત ? એના ઉપરથી જ માલમ પડી આવે છે કે—તીર્થંકરોએ પણ સંસાર કરતાં સંયમજ સારો માન્યો છે. આથી સાબીત થાય છે કે—તીર્થંકરદેવોનું ગૃહસ્થાશ્રમનું જીવન અનુકરણ કરવા યોગ્ય છે એમ માની લેવાનું નથી. તેમણે પણ ઘર એ સાવદ્ય માન્યું છે અને તેથી જ તે છોડી દીધું છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પણ બાવીસ તીર્થંકરના ઘરવાસને રાગમય જણાવી સજ્ઝાયમાં હેય તરીકે જણાવેલ છે.

પ્રશ્ન ૪૭૪—તીર્થંકરદેવોએ ગૃહસ્થાશ્રમમાં અને સંયમ લીધા પછી જુદી જુદી આચરણાઓ કરી છે; તે બન્ને આચરણાઓ આચરવા લાયક તો ખરી જ ને ? ગૃહસ્થાશ્રમ પણ ખોટો તો નથી જ ને ?

સમાધાન—ગૃહસ્થાશ્રમ એ સાવદ્ય હોવાથી ખોટો છે એ સિદ્ધાંત છે; એટલે ગૃહસ્થાશ્રમનું અનુકરણ મોક્ષ માટે તો નહિ જ. મોક્ષ મેળવવાને માટે ગૃહસ્થાશ્રમ જરૂરી છે એમ કહી શકાય નહિ.

પ્રશ્ન ૪૭૫—ગૃહસ્થ એટલે સંસારી માણસ મોક્ષ મેળવી શકે છે, ને જો ગૃહસ્થ પણ મોક્ષ મેળવી શકે છે તો પછી સંયમની શી જરૂર છે ?

સમાધાન—ગૃહસ્થપણાનો ત્યાગ જરૂરી છે એવું ન માનનારને મોક્ષ નથી એમ બેશક કહી શકાય છે, જે આરંભ–સમારંભનો ત્યાગ કરે છે તેને જ મોક્ષ મળે છે; અને ગૃહસ્થ આરંભ–સમારંભનો ત્યાગ,

તે કરવા, તપાસવા ધારે; કિન્તુ કરતો ને કરવા ધારતો જ નથી તેને મોક્ષ નહી મળી શકે એમ કહેવાને વાંધો નથી.

પ્રશ્ન ૪૭૬—બહારથી ત્યાગ કર્યા વિના ત્યાગી જેવો થાય એટલે કે સંસારમાં રહે ખરો, પણ રાગ-દ્વેષાદિને જીતી લે, તે (રાગ-દ્વેષ) વિનાનો થાય અને મન જીતે તો તેને મોક્ષ મળે ખરો કે નહિ ?

સમાધાન—એ રીતે મોક્ષ નહિ મળી શકે. સંસારમાં રહીને મન જીતી શકે એ બનવું સહેલું નથી. વળી જે સંસારમાં છે તે આરંભ-સમારંભના કાર્યોને છોડી શકેજ નહિ અને જ્યાં સુધી આરંભ-સમારંભના કાર્યો ન છોડે ત્યાં સુધી મોક્ષ કદી પણ મળી શકે જ નહિ. એ શાસ્ત્રીય મુખ્ય પ્રરૂપણા છે.

પ્રશ્ન ૪૭૭—જેને ત્યાગ શું ? તેનો વાસ્તવિક ખ્યાલ નથી, તેવો બાલક સંસાર છોડે એમ કહેવું શું અયોગ્ય નથી ? વાસ્તવિક ત્યાગ આવે ત્યારે જ દીક્ષા લઈ શકાય ને ?

સમાધાન—એ સઘળી વાતો સંસ્કાર પરત્વે છે. આપણામાંથી ઘણા પચાસ વર્ષના થશે તો પણ તરી શકવાના નથી, જ્યારે બારવાનો પાંચ વર્ષનો છોકરો પણ તરતાં જાણે છે તેનું શું ? જૈનકુલમાં સંસ્કારજ એવા હોય છે કે તે બાલક હોય તો પણ એમ સમજી શકે છે કે- 'મારાથી દીક્ષા લીધા પછી માતા-પિતા પાસે નહિ જવાય, નાટક સીનેમાં નહિ જોવાય, કાચા પાણીને નહિ અડાય;' આ વસ્તુ સઘળા બાળકો જાણે છે અને એ જાણીને જેઓ તેને ત્યાગે છે તેનામાં વાસ્તવિક ત્યાગ નથી એમ કેમ કહેવાય ?

પ્રશ્ન ૪૭૮—આ બધો જે ત્યાગ છે તે હાર્દિક ત્યાગ તો નથી જ ને ? તે માત્ર ગાડરીયા-પ્રવાહ જેવો છે. એમ શું નથી લાગતું ?

સમાધાન—આ સઘળો ત્યાગ બાલક સમજે છે, એટલે તે હાર્દિક ત્યાગ જરૂર હોઈ શકે. સમજપૂર્વકના ત્યાગને તે હાર્દિક નથી એમ કહેવાનું કાંઈ કારણજ નથી.

પ્રશ્ન ૪૭૯—બાલકને મા-બાપ દીક્ષા લેવાની રજા આપે, બાલક દીક્ષા લેવાની હા કહે આટલા ઉપરથી શું તે બાલકને દીક્ષા આપી દેવી અને તે હાર્દિક ત્યાગ માનવો એ શું યોગ્ય છે?

સમાધાન—પાંચસો છોકરાને ભેગા કરો અને પછી તેમાંથી સઘળાને પૂછો કે તમારે દીક્ષા લેવી છે? ઘણા મોટા ભાગના છોકરાઓનો જવાબ એ મળશે કે-'ના' ત્યાગમાં છોકરાઓ સમજતા ન હોય તો પછી મોટા ભાગના છોકરા ના શાથી કહે છે વારૂ? જો તેમનામાં સમજપણું ન હોય તો તેઓ ના ન કહે. જે ના કહેનારા મોટા ભાગના છોકરાઓનું ના કહેવાપણું કબુલ હોય તો એનો અર્થ એ છે કે એવા છોકરાઓને પણ સમજણ છે. તો પછી તેમાંથી બે ચાર છોકરા સમજણપૂર્વક ત્યાગ લેવાને તૈયાર થાય તેને એમ શી રીતે કહી શકાય કે તેનામાં સમજણ નથી? એટલે ઉપર જણાવ્યા પ્રમાણેની દીક્ષા તે શાસ્ત્રોક્ત દીક્ષા છે.

પ્રશ્ન ૪૮૦—પણ બાલક-છોકરો લાલચ ખાતર હા પાડી દે તો શું?

સમાધાન—જો લાલચ હોય તો પેલા પાંચસોએ પાંચસો સઘળા શા માટે હા ન પાડે? અને સાધુપણામાં તો લાલચ નથી, તેમાં તો તમારા હિસાબે સંકટ છે, આચાર-વિચારો પાળવાના છે, એ વાત એકે એક જૈન બાળક જાણે છે.

પ્રશ્ન ૪૮૧—બાલક બધું હા કહેશે, પણ પંચમહાવ્રતની પ્રતિજ્ઞા લે તે સમયનું શું? સ્ત્રી શું છે? સંસારીઓને માટે સ્ત્રીનું સુખ એ શી વસ્તુ છે? એ જાણ્યા વિના બાલક તે સંબંધીનું વ્રત ઉચ્ચરે એ યોગ્ય છે?

સમાધાન—એ તો ઉલટું વિશેષ સારૂં છે. બાલક જે બાબત સમજતો જ નથી, તે બાબતનો ત્યાગ એ તો તેને આનંદ છે. તેથી તો ઉલટું તે ચારિત્ર વધારે સારી રીતે પાળી શકશે. ત્યાજ્ય વસ્તુઓનો અનુભવ કરવો જ જોઈએ એવો નિયમ છે જ નહિ.

પ્રશ્ન ૪૮૨—૭ વર્ષનો નાનો બાલક જે સ્ત્રી-પુરુષના વ્યવહાર સમજતો નથી, તેને પરસ્ત્રીના ત્યાગની બાધા આપી શકાય?

સમાધાન—સાંભળીને કે કોઈ હેતુથી બાલકો સાત વ્યસનોનો ત્યાગ કરે તે યોગ્ય છે ને તેવું શાસ્ત્રકારોએ ચોકૂખું કહ્યું પણ છે આ પ્રશ્નનું સમાધાન ઘણી વખત અપાયેલ છે. વધુ ખુલાસા માટે પ્રવચન-સારોદ્ધાર નિશીથચૂર્ણી વગેરેમાં તે પ્રમાણ સાફ છે. વચને જોવી.

પ્રશ્ન ૪૮૩—દીક્ષાની યોગ્યતા તરીકે દીક્ષા માટે વિવેકબુદ્ધિ હોવી જોઇએ, એ ખરૂં છે?

સમાધાન—પાપનું કાર્ય ન કરવું એવી પાપના ત્યાગની વિવેકબુદ્ધિ હોવી જોઇએ.

પ્રશ્ન ૪૮૪—આવી વિવેકબુદ્ધિ બાલકોમાં હોય છે?

સમાધાન—અનુભવથી જાણી શકાય છે કે બાલકોમાં આવી વિવેકબુદ્ધિ હોઈ શકે છે. એ અસંભવિત તો નથી જ.

પ્રશ્ન ૪૮૫—દીક્ષાનો અને તેની વયનો પ્રશ્ન અત્યારે ભારે ચર્ચા-સ્પદ બન્યો છે. એ સંજોગોમાં જો આપનો પક્ષ સાચો છે, તો પછી આપ જાહેર રીતે તેની ચર્ચા કેમ કરતા નથી? અને મધ્યસ્થ નીમીત્તે આ બાબત શા માટે પતાવાતી નથી?

સમાધાન—જાહેર રીતે ચર્ચા કરવાને માટે જ અમે જાહેરને સૂચના કરી છે કે 'અમુક દિવસોમાં આ વિષયમાં શંકા ધરાવનારો ગમે તે માણસ આવે અને પોતાની શંકા પૂછી તેનો ખુલાસો મેળવે.' દીક્ષા

સંબંધમાં અમે અમારો નિર્ણય બહાર પાડ્યો છે. હવે જે પક્ષ કે સમુદાયને અમારો નિર્ણય માન્ય નહિ હોય તેમણે પોતાના તરફથી શંકા સમાધાનનો ક્રમ બહાર પાડવો જોઈએ. પછી ભલે તટસ્થ નીમી ખુલાસો થાય. અમે જાહેર કર્યું છે કે ૮ થી ૧૬ વર્ષના બાલકને તેની ઇચ્છા અને તેના વાલીઓની સંમતિથી દીક્ષા આપી શકાય, અને સોળ કરતાં વધારે ઉંમર થઈ એટલે દીક્ષાર્થીની ઇચ્છા હોય તો તેને દીક્ષા આપી શકાય, પછી ભલે તેના કુટુંબીઓનો વિરોધ હોય, અમારે આ વાત શાસ્ત્રદ્વારાએ સાબીત કરવાની છે અને તેમ કરવા અમે તૈયાર છીએ. તે જ પ્રમાણે આ સિદ્ધાંતના વિરોધીઓ પોતે જે વાત રજુ કરે તે તેમણે શાસ્ત્રદ્વારાએ સાબીત કરવાની છે.

આ બાબતમાં એવી પ્રતિજ્ઞા જાહેર રીતે થવી જોઈએ કે જો અમે અમારી વાત એટલે અમોએ જણાવેલો સિદ્ધાંત શાસ્ત્રથી સાબીત ન કરી શકીએ, તો અમારે અમારો મત ફેરવવો; અને પ્રતિપક્ષીઓ જો તેમની વાત સાબીત ન કરી શકે અથવા અમારી શાસ્ત્રસંગત વાત તોડી ન શકે તો તેમણે પોતાનો મત ફેરવવો, આવી પ્રથમ પ્રતિજ્ઞા થવી જોઇએ. પછી તટસ્થ નીમીને જ્યાં જ્યાં વિરોધ જણાય તેવા તત્ત્વોનું નિરાકરણ કરવા અનેક વખત આગળ પણ આહ્વાનો થયા છે અને હજી પણ આહ્વાન કરીએ છીએ. શાસ્ત્રોના અમે જે અર્થ કરેલા છે તે યોગ્ય નથી એમ કોઇ કહેતું હોય, તો ત્યાં તટસ્થની જરૂર; જ્યાં શાસ્ત્રના સંખ્યાબંધ પુરાવા હોય, ત્યાં તટસ્થની જરૂર શી ? છતાં ય અમોએ અમારૂં મંતવ્ય જાહેર રીતે જણાવેલું છે જેમને એ ખોટું લાગતું હોય તેમણે રૂબરૂ આવીને જણાવવું જોઇએ કે આ વાત શાસ્ત્રાધારે ખોટી છે.

પ્રશ્ન ૪૮૬—પ્રવચનસારોદ્ધારમાં બાલને દીક્ષા ન આપી શકાય તેમ જણાવેલ છે, તો અહીં બાલનો અર્થ શો ?

સમાધાન—પ્રવચનસારોદ્ધાર મૂલની અંદર અઢાર દોષો જણાવ્યા છે તેમાં ટીકાકારે બાલની વ્યાખ્યા કરતાં દોષ માટે બાલ કોણ કહી શકાય? વ્યાકરણમાં નિષ્ણાત હોય, પણ ન્યાયની એક લીટી પણ ભણ્યો ન હોય, તે ન્યાયશાસ્ત્રને માટે બાલક છે. ભાષાનો ધુરંધર પંડિત હોય, પણ જૈનશાસ્ત્રો જાણતો ન હોય. તો તે જૈનશાસ્ત્રોના અધ્યયન માટે બાલક છે. તે જ પ્રમાણે પ્રવચન-સારોદ્ધારમાં દીક્ષા માટે આઠ વર્ષથી ઓછી ઉંમર હોય તેમજ ગર્ભથી સાત પુરાં ન થયાં હોય ત્યાં સુધી બાલક ગણી અયોગ્ય ગણેલો છે.

પ્રશ્ન ૪૮૭—એ આઠ વર્ષ તે ગર્ભથી કે જન્મથી?

સમાધાન—અહીં આઠ વર્ષ જન્મથી કહેલ છે, કેમકે તેની નીચે સર્વવિરતિ કે દેશવિરતિની પ્રાપ્તિ પ્રાયઃ હોતી નથી. સાથે જ જણાવ્યું છે કે ગર્ભથી સાત પુરાં થઇને આઠમું શરૂ થાય નહિ ત્યાં સુધી તેને દીક્ષાને અયોગ્ય ગણાય, તેથી જન્મથી આઠ વર્ષે ગર્ભથી આઠમું શરૂ થાય ત્યારે તે બાલ દોષમાં ગણાય નહિ.

પ્રશ્ન ૪૮૮—**'जाव साहु पज्जुवासामि'** એવો પાઠ શ્રાવક સામાયિક કરતાં સર્વસ્થાને બોલી શકે કે કોઈ નિયતસ્થાને બોલી શકે?

સમાધાન—ઉપાશ્રયે કે કોઇ પણ સ્થાને જ્યાં સાધુ મહારાજની વિદ્યમાનતા હોય ત્યાં વ્યાખ્યાનાદિમાં તે પાઠ બોલવાનું શાસ્ત્રીય વિધાન છે?

પ્રશ્ન ૪૮૯—શ્રાવકને સ્નાનનું વિધાન કયા શાસ્ત્રમાં છે?

સમાધાન—શ્રાદ્ધદિનકૃત્યમાં છે. તે આ પ્રમાણે-

'फासुयणं तु नीरेणं इयरेण गलियेण य' સ્નાન માટે પ્રાસુક એવા પાણીથી અગર તે ન મળતાં ગળેલા પાણીથી સ્થાન કરવાનો વિધિ જણાવે છે. ગૃહસ્થ પોતાના સ્નાનમાં જેમ બને તેમ ઓછું જળ વાપરવાવાળો હોવાથી ત્યાં આગળ પ્રાસુકતાના અન્વેષણને સ્થાન છે, પણ

અભિષેકમાં જળની અલ્પતા ઉપર ખ્યાલ નહીં રાખવાનો હોવાથી પ્રાસુકતાના અન્વેષણને સ્થાન નથી.

પ્રશ્ન ૪૯૦—અપ્રાવરણના અભિગ્રહથી શું સમજવું ?

સમાધાન—વસ્ત્ર કે કામળી કંઈપણ ઓઢવા પહેરવાને ન રાખતાં, તે ન રાખવાનો કે તે ન વાપરવાનો અભિગ્રહ કરે; તેનું નામ અપ્રાવરણ અભિગ્રહ કહેવાય છે

પ્રશ્ન ૪૯૧—દીક્ષા માટે બાલક અયોગ્ય છે અને મનુષ્ય સોલ વર્ષ સુધી બાલક છે, એવું શાસ્ત્રમાં જણાવેલું કહેવાય છે; તો પછી તમે શા માટે એ શાસ્ત્રને માન આપતા નથી ?

સમાધાન—જેઓ એમ કહેતા હોય કે શાસ્ત્રોમાં સોલ વર્ષ સુધીનાને બાલક ગણેલો છે, તેઓ કાં તો શાસ્ત્રો જાણતા નથી અને જો શાસ્ત્રો જાણતા હોય તો જાણીને જુઠું બોલે છે. કોઇ પણ જૈનશાસ્ત્રમાં 'સોલ વર્ષ સુધીનો મનુષ્ય બાલક છે અને તેથી તે દીક્ષાને માટે નાલાયક છે' એમ કહ્યું હોય તો તેવો પાઠ જાહેર કરવાની હું ચેલેંજ આપું છું. પ્રવચનસારોદ્ધાર, નિશીથચૂર્ણિ–ભાષ્ય આચાર–દિનકર, ગુરૂતત્ત્વ–વિનિશ્ચય, પંચવસ્તુ અને બીજી અનેક જગા ઉપર સ્પષ્ટ રીતે જણાવેલું છે કે–દીક્ષા માટે આઠ વર્ષની અંદરનો બાલક તે જ બાલક છે અને તેમાંજ બાલદોષ જણાવાયો છે. સીત્તેર વર્ષનો ડોસો પોતાના પચાસ વર્ષના છોકરાને બાલક કહે, તેથી કાંઇ પચાસ વર્ષનો પુરૂષ બાલક ગણાતો નથી. શાસ્ત્રની મર્યાદા પ્રમાણે શ્રુત ભણેલો હોય પણ સોલ વર્ષનો નહિ હોય, તો તેને શાસ્ત્રે સ્વતંત્રપણે સમુદાય લઈને વિહાર કરવાની આજ્ઞા આપી નથી. એટલે સોલ વર્ષ અને આચાર–પ્રકલ્પ ભણેલા માટે વિહારની વિધિ રાખી છે. અર્થાત્ તેથી સોલ વર્ષનો બાલક કહેવાય તેવું કોઈ પણ જગો પર નથી.

પ્રશ્ન ૪૯૨—કયા શાસ્ત્રમાં આ પ્રમાણે છે તેનું પ્રમાણ આપી શકો ખરા કે ?

સમાધાન—શા માટે નહિ ? આચારાંગસૂત્ર પૃષ્ટ ૨૧૩ (અહીં આચાર્ય મહારાજે પુસ્તકનો પાઠ કાઢી અર્થ સમજાવ્યો હતો) આ પ્રમાણે તો જે (ધાર્મિક ઠરાવેલા સાહિત્યો) ભણેલો હોય અને સોલ વર્ષનો હોય તેને સમુદાય લઈને સ્વતંત્રપણે વિહાર કરવાની આજ્ઞા આપી છે, તો પછી તેવાઓની દીક્ષા ક્યારે થાય, તેનો તમે જ વિચાર કરો.

પ્રશ્ન ૪૯૩—વ્યવહારિક કાર્યોમાં પણ સોલ વર્ષ સુધીનાને તો બાલક જ ગણવામાં આવેલો છે, તો પછી દીક્ષા જેવા મહાન્ કાર્યમાં પણ સોલ વર્ષનો બાલક તે બાલક નહિ ગણાય ?

સમાધાન—દીક્ષા શા માટે છે ? તેનો વિચાર કરો. દીક્ષા એ સંસારમાં અથવા પાપમાં પડવા માટે છે કે તેનાથી પાછા હઠવા માટે છે ?

દુનીયા તો પાપમાં ટેવાએલી છે. એટલે તેને પાપ છોડવું એ અઘરૂં લાગે, પણ તે જ સ્થિતિ જૈનોના બાળકોની નથી. જૈનનો નાનો બાળક હોય તે પણ આયંબીલ ઉપવાસાદિ કરી શકે છે. જ્યારે અન્ય જાતિના વૃદ્ધોને જૈનપદ્ધતિનો એક ઉપવાસ કરવો પણ ભારે પડે છે. તે જ રીતે જૈનના બાલકને પાપનો ત્યાગ કરવો એમાં કઠણ શું છે ? વળી વ્યાવહારિકકાર્યોમાં પણ સોલ વર્ષ સુધીનાને બાલક ગણવામાં આવ્યો છે, તે છતાં મા-બાપની સંમતિથી એ વ્યવહાર કરી શકે છે ને ! દુનિયાદારીમાં પણ સ્વતંત્રપણે વ્યવહારને માટે અધિકારી ગણ્યો નથી પણ મા-બાપની સંમતિથી ગણેલો છે. વેદાંતીઓમાં પણ જુઓ: મા-બાપની ઈચ્છા છોકરાને વેદપારગામી બનાવવાની હોય તો તે ઈચ્છા છોકરાની પણ ગણી લેવામાં આવે છે અને તેથી તો જનોઈ માટે ગર્ભપંચમ રાખવામાં આવ્યું છે. છોકરા-છોકરીના વિવાહ-લગ્નો થાય છે, તેમાં પણ મા-બાપની ઈચ્છાથી જ થાય છે. દત્તક અપાય છે તે પણ મા-બાપની

ઇચ્છાથી જ અપાય છે. તો પછી આઠથી સોળ વર્ષના બાલકને પણ શા માટે માબાપની સંમતિથી દીક્ષા ન આપી શકાય? દત્તકમાં તો આખી જીંદગીની જોખમદારી છે, અરે જીંદગીનો વીમો છે, તે છતાં તે મા–બાપની મંજુરીથી જ થાય છે ને?

પ્રશ્ન ૪૯૪—પણ હવે તો તેમાંએ ફેરફાર થાય છે ને આ સુધારાના કાળમાં શું સુધારો નહિ થાય?

સમાધાન—તમેજ બતાવો કે સુધારો ક્યાં થયો છે? આજ વડોદરાની વાત લ્યો. મહારાજા સયાજીરાવને શ્રીમતી યમુનાબાઇ, એમણે દત્તક લીધા. તે ના૦. સયાજીરાવે અને બ્રિટીશ સત્તાએ પણ કબુલ રાખ્યું જ ને! વિવાહની વાત લ્યો. મા–બાપ વિવાહ કરે તે શું સરકાર માન્ય નથી રાખતી? મતલબ કે–સોલ વર્ષની અંદરના બાલકોનો વ્યવહાર તેમની મરજી અને મા–બાપની સંમતિથી ચાલી શકે છે.

પ્રશ્ન ૪૯૫—દત્તક અને સાધુ બંને સરખાં છે?

સમાધાન—દત્તકપણા કરતાં તો સાધુપણું એ ઉલટું સહેલી વસ્તુ છે. સગીરપણાનું એટલે સગીરનું તો દત્તકપણામાં બેશક અહિત જ થાય છે પચાસ લાખની પિતાની મિલ્કત હોય એવા કુટુંબનો છોકરો દત્તક તરીકે જાય અને ત્યાં મિલ્કત ઓછી હોય તો તે સગીરનું નુકશાન જ છે, જ્યારે સાધુપણામાં તેવું કાંઇ નથી.

પ્રશ્ન ૪૯૬—પણ આવા કોઇ દાખલાઓ તમો આપી શકશો? વળી બાલકને સાધુ બનાવવામાં વાલીની પરવાનગી યોગ્ય છે?

સમાધાન—હા, ભાઇનો વંશ વગેરે રાખવા ખાતર આવા દાખલાઓ મારવાડ મેવાડાદિ દેશોમાં ઘણા બને છે. ગુજરાતમાં તેવા દાખલા નથી બનતા એટલે તમોને અહીં નવાઇ લાગતી હશે. દત્તક એ સંસારી વિધાન છે. તે છતાં દત્તક ગએલાને સઘળા હક્કો છોડવા પડે

છે. નામ બદલાઈ જાય છે, એટલું જ નહિ પણ ખરા બાપને ત્યાં લાખોની મિલ્કત હોય અને પોતે જે ગૃહસ્થને ત્યાં દત્તક ગયો હોય ત્યાં કદાચ દરિદ્રતા આવી હોય, તો પણ દરિદ્રતા સહન કરવી પડે છે અને તેનો પિતાની મિલ્કતમાં કાંઇ જ હક્ક પહોંચતો નથી. આ રીતે અસહ્ય નુકશાન થાય છે, એ ભોગવવું પડે છે સગીરને, પણ ઈચ્છા તેમાંએ વાલીની જ. હવે સાધુપણાની વાત કરો. પાપનો પ્રતિકાર કરવાનો હક્ક દરેકને છે. જે માણુસ ચોરી, લૂંટ, ધાડથી પોતાનો બચાવ ન કરી શકે, તે માણુસ બીજાનો બચાવ ન જ કરી શકે, જીવ દુઃખ ક્યારે ભોગવે છે? સમય આવે ત્યારે. બાલકને સુખ-દુઃખના જ્ઞાનની પૂરી સમજ નથી છતાં એની અસર તેના ઉપર થએલી સ્પષ્ટ દેખાય છે. એને કોઇ ટાંકણી ઘોંચે તો એ રડે છે. શાંતિમાં હોય તો રમે છે. આ ઉપરથી એક વાત એ સાબીત થાય છે કે બાલક સુખ-દુઃખનો હલ્લો સમજી ન શકતો હોય તો પણ તે દુઃખની અસર પામી રડે છે. એ રડવા રડવામાંય ફેર છે. ટાંકણી ઘોંચાય ત્યારે, ભૂખ લાગે ત્યારે, કોઈચીજ ન મળે ત્યારે કે મંકોડો કરડે ત્યારે બાલક રડે છે; પણ એ દરેક રડવામાં ફેર છે એટલે જ સાબીત થાય છે કે બાલકમાં પણ તીવ્ર-મંદ-દુઃખની લાગણી છે અને તે જન્મથી જ બેઠેલી છે. પછી ભલે તે બાલક એ સુખ-દુઃખના ફાયદા ગેરફાયદા ન સમજતો હોય, કોણે દુઃખ ઉત્પન્ન કર્યું, તે ભલે એ બાલક ન જાણતો હોય. તો પણ તેને દુઃખની અસર જન્મથીજ થાય છે; અને દુઃખનો હલ્લો પણ જન્મથીજ છે. હવે દુઃખ શાથી આવે છે? જો તમે આસ્તિક હો તો તો કબુલ કરવું જ પડશે કે જન્મતાં વાર બાલકને જે દુઃખ આવે છે તે પૂર્વ જન્મના કર્મના કારણે આવે છે અર્થાત્ પાપોથી દુઃખ પરિણમે છે. ભલે બાલક કારણ ન જાણતો હોય તો પણ તેને દુઃખ આવે છે તે કર્મના કારણથી જ તો એ હલ્લાને રોકવો કે દૂર કરવો અને તે કયે સમયે?

સભામાંથી-હરકોઈ સમયે.

બરાબર. ગમે તે સમયે એ દુઃખ રોકાય તો રોકવું જ જોઈએ. તેજ પ્રમાણે જેનાથી દુઃખ રોકાય તેણે પણ તે રોકવું જ જોઇએ, પછી, ભલે રોકનારને એ દુઃખનું જ્ઞાન અનુભવથી થયું હોય, સાંભળવાથી થયું હોય, કે કોઇના કહેવાથી થયું હોય, પણ તેણે એ દુઃખને આવતું રોકવું જ જોઈએ એ ખરૂં જ. માનો કે તમોને વીંછી કરડ્યો નથી, પણ તમે સાંભળ્યું છે કે વીંછીના ડંખની વેદના જ્વલંત છે, છોકરાને ખબર નથી કે વીંછી કરડે તેનું આવું દુઃખ છે, છતાં પણ તમે છોકરાને કહેશો કે–'ભાઇ! વીંછીથી દૂર રહે' એ કરડશે તો અગ્નિ બળશે. પછી કોઈ વેળા છોકરો રબ્બરનો વીંછી દેખશે તો તેથી પણ તે ડરશે જ ડરશે, વીંછી તો ખોટો છે. ત્યારે બાલક ડર્યો કેમ ? જવાબ એ છે કે–આત્માની લાગણીથી. અણસમજણો છતાં, એ બાલક વીંછીથી ડર્યો, તેમાં આપણે બાલકના આત્માની જ લાગણી માની છે, તો પછી તે પાપથી ડરે તોએ તે બાલક છતાં તેના આત્માની લાગણીથી જ ડરે છે એમ શા માટે નહિ માનવું ? એવી રીતે અયોગ્ય પદાર્થ તરફનો ભય જોઈ બાલક તેનાથી ખસે તો એ ખસવું તેનું પોતાનું માની તેને ખસવા દેવામાં આવે છે, તો પછી યોગ્ય વસ્તુ તરફ બાલક અનુરાગ રાખે તો એ અનુરાગ તેનો પોતાનો નથી એમ માની, શા માટે તેને એ વસ્તુની પાસે જતો રોકવો ? કીડી જતી હોય તો તમે તમારા નાના બાલકને પણ મ્હાના બતાવી તેના પર પગ મૂકતો રોકો છો ને ? જૈનોના બાલક અઢાર પાપસ્થાનક સમજે છે, તો પછી વીંછીના દૃષ્ટાંત મુજબ શા માટે તે એ પાપસ્થાનકથી ખસી શકે નહિ ? જરૂર ખસી શકે, અને જેમ તમે બાલકને કીડી પર પગ મૂકતો, તે સમજતો નથી છતાં અટકાવો છો, તો પછી શા માટે તમો તેને પાપસ્થાનક પર જતો અટકાવી પણ ન શકો ? જરૂર અટકાવી શકો છો.

પ્રશ્ન ૪૯૭—પણ સાહેબ ! બધા ખસનારા (પાપથી ખસનારા) આવા સંસ્કારવાળા બાલકો હોય ?

સમાધાન—૫૦૦ બાલકોમાંથી બધાજ દીક્ષા ન લે એ શું બતાવે છે? એનો અર્થ એજ છે કે જેનામાં આવા સંસ્કારો હશે તેજ બાલક દીક્ષા લેશે. ૫૦૦ બાળકોમાંથી જેમ બધા જ બદમાશો ન થાય એ કુદરતી છે, કદાચ થોડા જ તેવા થશે; તે જ પ્રમાણે તેમાંથી થોડાક ધર્માત્મા કે સાધુઓ થાય એ પણ કુદરતી છે. થોડા જ બાલકો દીક્ષા લે છે અને બાકીના નથી લેતા એનો અર્થ જ એ છે કે જેનામાં તેવા સંસ્કારો હોય તે જ દીક્ષા લે; બાકીનાં નહિ. અર્થાત્ દીક્ષા લેનારા બાલકમાં તેવા સંસ્કારો છે એ કબુલ કરવું જ પડશે.

પ્રશ્ન ૪૯૮—દીક્ષા લેનારા બાલકમાં અમુક પ્રકારના સંસ્કારો હોવા જ જોઇએ એ વાત તો આપ પણ કબુલ કરો છો, તો જે બાલકો દીક્ષા લે છે તેમનામાં શું તેવા સંસ્કારો હોય છે?

સમાધાન—ગયા પ્રશ્નોમાં મેં ઉદાહરણ આપ્યું છે તેનો તમે વિચાર કરશો તો આ પ્રશ્નનો ઉત્તર તમે મેળવી શકશો. એમ સમજો કે અમુક સ્થળે ૫૦૦ બાલકોનો જથ્થો છે એ પાંચસો બાલકોને તમે પૂછશો કે-તમારે દીક્ષા લેવી છે? તો આ પાંચસો બાલકોમાંથી પાંચ પંદર બાળકો જ હા પાડશે. અને બાકીના ના પાડશે. એ હા પાડનારા બાલકોમાં દીક્ષા માટે જોઇતા સંસ્કારો રહેલા જ હશે. અને એવા સંસ્કારો જેનામાં મૂળભૂતપણે રહેલા હશે તે જ બાલક દીક્ષા લેવા માટે તૈયાર થશે.

પ્રશ્ન ૪૯૯—દીક્ષા લેવા યોગ્ય સંસ્કારો હશે એ વાત આપણે કબુલ રાખીશું, પરંતુ જેનામાં એવા સંસ્કારો હોય, તેઓ મોટા ગહસ્થો પણ દીક્ષા લઈ શકતા નથી, તો પછી નાના બાલકો તેવા સંસ્કાર હોવા છતાં કેવી રીતે દીક્ષા લઇ શકે?

સમાધાન—તમે મોટી ઉંમરવાળાનો દાખલો આપ્યો છે, એ ઘણું જ સારૂં કર્યું છે. વારૂ જેઓ મોટી ઉંમરવાળા છે શાસ્ત્રો ભણેલા

છે અને શાસ્ત્રમાં શ્રદ્ધાવાળા છે, તેઓ પણ એમ તો કહે જ છે કે જગત્‌માં જે કાંઈ મેળવીએ છીએ તે સઘળું ત્યાગવા યોગ્ય છે 'ત્યાગવા યોગ્ય છે' એમ મુખથી તો કહે છે પરંતુ ત્યાગી શકતા નથી, આમ થવાનું કારણ એ છે કે જગત્‌ને ત્યાગવા યોગ્ય માનવા છતાં તેઓ માલ, સ્ત્રી, ધન, ધામ વગેરેના બંધનમાં પુરાએલા હોવાથી તેઓ તે છોડી શકતા નથી, ત્યારે બીજી તરફ બાલકોને કાંઈ બંધન જ હોતું નથી એટલે તેમને માયાની જાળમાંથી છૂટા થવામાં કશી પણ મુશ્કેલી નડતી નથી.

પ્રશ્ન ૫૦૦—આપનું કથન હવે અમોને પણ પ્રમાણભૂત જેવું લાગે છે ખરૂં, પરન્તુ ઉપરનાં ઉત્તરમાં આપે જે વાત ચર્ચી છે તે **ઘટના** ઉદાહરણ આપીને સમજાવી શકશો ?

સમાધાન—હા જુઓ-કલ્પના કરો કે એક સુંદર વાડી છે. વાડીમાં ગાયો વાછરડાં અને બકરીઓ છે. ગાયો મોટી હોવાથી તેમને ખીલે બાંધી રાખેલી છે. વાછરડાં તથા બકરીઓને છૂટી રાખવામાં આવી છે. હવે અકસ્માત તે વાડીમાં આગ લાગે છે અને બધા ઢોરો નાસ-ભાગ કરવા માંડે છે. આ નાસભાગમાં જેમને ગળે દોરડાં બાંધેલા છે તે ગાયો નાસી જઇ શકવાની નથી અને વાછરડાં ને બકરીઓ કે જેમને ગળે દોરડા બાંધ્યા નથી તે સહેલાઈથી નાસી જઇ શકે છે. ગાયો નથી નાસી જઇ શકતી એનો અર્થ શું એમ કરવો યુક્ત છે કે તેઓ આગ લાગી છે, એ ઇષ્ટ માને છે. અને તેમને બળીને મરી જવું ગમે છે? નહિ જ. આગમાંથી ભાગી જવાની ઇંતેજારી તો તેમનીએ પુરેપુરી છે, પરંતુ તેઓને બંધન હોવાથી તે છૂટી જઇ શકતી નથી. જ્યારે વાછરડાં ને બકરીઓ બંધન ન હોવાથી છૂટી જઇ શકે છે. એ જ ન્યાયે મોટા માણસો પણ સંસારજાળમાંથી છૂટવા તો માંગે જ છે, પરંતુ તેઓ ખીલે બંધાએલાની માફક માયાથી બંધાયેલ હોવાથી નાસી જઇ શકતા નથી. જ્યારે બાલકો છૂટા હોવાથી તેઓ વહેલા છૂટી જઈ શકે છે. આ ઉપરથી પણ એ જ અનુમાન નીકળે છે કે-**બંધન તોડીને**

છૂટા થવા કરતાં જેમને એવા બંધનો નથી તેમને છૂટા થવામાં જ વધારે સરળતા રહેલી છે.

પ્રશ્ન ૫૦૧—દીક્ષા એ ઉત્તમ ચીજ છે તો પછી મા-બાપો શા માટે પોતેજ દીક્ષા લઈ લેતા નથી અને નાના છોકરાઓનેજ શા માટે એ દીક્ષા અપાવે છે? આ સંયોગોમાં શું બાલબુદ્ધિનો ગેરલાભ લેવાતો હોય તેમ લાગતું નથી?

સમાધાન—પોતે સારી સ્થિતિને ન મેળવી શકતા હોય તો બાળકને પણ સારી સ્થિતિ ન મેળવવા દેવી એ મા-બાપનું કર્ત્તવ્ય છે કે બાળકને સારી સ્થિતિ મેળવાવી આપવી એ મા-બાપનું કર્ત્તવ્ય છે તેનો તમેજ વિચાર કરો. ઉદાહરણ લ્યો: એક મકાનમાં મા-બાપ અને બાળક સૂતાં છે. મધ્ય રાત્રિનો સમય છે અને ભયંકર આગ સળગે છે. આગથી ઘરનો એક ભારવટીયો તૂટી પડે છે અને બાપનો પગ તેથી ભાંગી જાય છે, ખ્યાલ કરો. પગ ભાંગી જવાથી બાપ બળતાં ઘરમાંથી બહાર નીકળી જઈ શકતો નથી. આ સ્થિતિમાં તેણે બૂમાબૂમ કરીને છોકરાઓને ઘરની બહાર કાઢવા જોઇએ કે તેમને પણ બળી જવા દેવા જોઇએ? મા-બાપ એમ માને છે કે દીક્ષા એ સારી ચીજ છે અને તેથી જ તેઓ પોતે એ સારી ચીજને નથી અપનાવી શકતા. છતાં બાળકોને તે ચીજ લેવાને માર્ગે દોરે છે. બાળકોની બુદ્ધિનો દુરૂપયોગ થયો છે એમ તો ક્યારે કહી શકાય કે દીક્ષા એ ખરાબ ચીજ છે એમ સાબીત થયું હોય, પણ એવી સાબીતીની ગેરહાજરીમાં બાળકોને દીક્ષા અપાવવા છતાં પોતે દીક્ષા ન લેનારાને તમે દોષ આપી શકો તેમ નથી. તમે તમારા છોકરાને માંસ મદિરા જેવા અયોગ્ય પદાર્થો નથી આપતા, તો તે વડે શું છોકરાઓ ઉપર ઉપકાર કરતા નથી? એમ કેમ કહેવાય કે તેમની બાલબુદ્ધિનો ગેરલાભ લો છો? તમે પોતે બીડી પીઓ છો પણ બાળકોને નથી પાતા તો શું બાલબુદ્ધિનો ગેરલાભ લો છો કે બાળકો ઉપર ઉપકાર કરો છો?

પ્રશ્ન ૫૦૨—માંસ મદિરા નથી આપવામાં આવતાં તેનું કારણ તો એ છે કે તે નીતિ–વિરૂદ્ધ છે, ને તેથી તે બાળકોને નથી આપવામાં આવતાં તે ઉપકાર છે એમ કહું તો તેનો આપની પાસે શો ઉત્તર છે ?

સમાધાન—નીતિ–વિરૂદ્ધ છે એમ કોણ માને છે ? ફક્ત હિંદુઓ. મુસલમાનો, પારસીઓ, ખ્રીસ્તિઓ એને નીતિ–વિરૂદ્ધ નથી માનતા, ત્યારે શું તેમની દૃષ્ટિએ પણ એમ ઠરે ખરૂં કે તમે એ વસ્તુઓ બાળકોને નથી આપતા તેથી તેમની બાલબુદ્ધિનો ગેરલાભ લ્યો છો ? નહિ જ.

પ્રશ્ન ૫૦૩—માંસ મદિરા તો સામાન્યવસ્તુ છે પણ દીક્ષા તો સર્વોત્તમ વસ્તુ છે તો પછી તેના સંબંધમાં વિચાર થવો જોઇએ ને ?

સમાધાન—શાસ્ત્રાધારે થવો જોઈએ તે પ્રમાણે થાય છે. બાળક સોનું શું છે ? તેની શી કિંમત છે ? તે શા ઉપયોગમાં લેવાય છે તે જાણતો નથી, છતાં મા–આપ શામાટે બાળકને સુવર્ણના આભૂષણો આપે છે ? તેજ રીતે દીક્ષા એ સર્વોત્તમ ચીજ છે એમ માનીને એ ચીજ બાળકને આપતા હોય તો તેમના ઉપર એ આક્ષેપ કેવી રીતે મૂકી શકાય કે તેઓ બાલબુદ્ધિનો ગેરલાભ લે છે. વળી બીજો દાખલો લ્યો. એક શ્રીમંત બાપનું બાળક છે તેના હાથમાં સોનાની બહુમૂલ્યવાળી પહોંચી છે. તે બાળક સોનું શું છે ? તેનું વજન કેટલું છે ? ઇત્યાદિ કાંઇપણ વિગત જાણતો નથી તો હવે એ બાળક તે ચીજની મહત્તા નથી જાણતો માટે આપણે શું તે ચીજ ખુંચવી લઈ શકીશું ? નહિંજ. તેજ પ્રમાણે બાળકનો આત્મા એ કિંમતી ચીજ છે. બાળકને એ આત્માની મહત્તા ન હોય તો પણ એ આત્માનું કલ્યાણ થાય એમ કરવાનીજ મા–બાપની ફરજ છે, નહિ કે અન્યથા વર્તવાની.

પ્રશ્ન ૫૦૪—આપે જે ઉદાહરણો અને ઉત્તરો આપેલા છે તે સઘળા યુક્તિસંગત છે પરંતુ તે છતાં દીક્ષા ગમતી નથી એનું શું કારણ ?

સમાધાન—એનું કારણ કર્મ. અજીર્ણના રોગીને દૂધપાક પણ અરૂચીકર લાગે છે માટે શું કોઈ કહી શકશે કે દૂધપાક મીઠો નથી? દીક્ષા યોગ્ય લાગતી હોય છતાં તે ન રૂચતી હોય તો તે એના દુષ્ટ-કર્મનોજ પરિપાક સમજવો જોઇએ.

પ્રશ્ન ૫૦૫—આપ એમ કહો છો કે સોલ વર્ષ સુધીની ઉંમરમાં બાળકોને વાલીઓની સંમતિપૂર્વક દીક્ષા આપી શકાય એ શાસ્ત્રાધારે છે. બીજા સાધુઓ તેથી વિપરીત વસ્તુનું જ પ્રતિપાદન કરે છે, તો અમે જઇને એ સાધુઓને સમજાવીએ તેના કરતાં આપ સઘળા ભેગા થઇનેજ એ બાબતમાં યોગ્ય નિકાલ શા માટે કરતા નથી?

સમાધાન—જે સાધુઓ મારા ઉપર જણાવેલા સિદ્ધાંતથી ઉલટી વાત કહેતા હોય તેને તમે જઇને મળો અને તેમને મારી પાસે લઈ આવો, અગર તેમની પાસેથી સમાધાન લાવો, બાકી મેં તો દરેક પ્રકારની દરેક વ્યક્તિને શંકા–સમાધાન માટે અહીં આવવાની સૂચના કરી જ છે.

પ્રશ્ન ૫૦૬—પરંતુ આપને એમ નથી લાગતું કે આ કાર્યમાં આપ બધા સાધુઓ તૈયાર હો ત્યારે જ એ કામ બની શકે?

સમાધાન—અમે તો દરેક પળે તયાર જ છીએ. પંન્યાસજી રામવિજયજીએ પણ વાટાઘાટ ચલાવીને અહીં સાથે બેસવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો છે. હવે વસ્તુ એ છે કે–'**જેઓ અમારાથી જુદા સિદ્ધાંત ધરાવતા હોય તેમણે નકામી નિંદા કિંવા વિરોધ ન કરતાં અહીં આવીને પોતાના સિદ્ધાંતો અમોને સાબીત કરી આપવા જોઇએ અને અમારા સિદ્ધાંતોનું તેમણે ખંડન કરી નાખવું જોઇએ. તે સિવાય નાહક આક્ષેપો કરી હું કલેશ વધારવા માંગતો નથી. હું તો નીચેના બે મુદ્દાઓ સાબીત કરવા સર્વદા તૈયાર છું.**'

(૧) સોલ વર્ષની ઉંમર સુધીના મા-બાપ કિંવા વાલીની રજા સાથેની દીક્ષા શાસ્ત્રીય છે અને (૨) સોલ વર્ષ થયા પછી કોઇની પણ રજા વિનાની દીક્ષા શાસ્ત્રીય છે.

પ્રશ્ન ૫૦૭—આપ સાધુ છો અને સાધુતાનું પોષણ કરો છો તેમ અમે ગૃહસ્થ છીએ અને સામાજિક હિતની દૃષ્ટિએ આજન્મ સગાં સ્નેહીઓની રજા દીક્ષા માટે આવશ્યક માનીએ છીએ તો પછી આ માન્યતામાં આપ સાચા હો તો અમે પણ શા માટે સાચા નથી ?

સમાધાન—જો એમજ હોય તો દીક્ષાવિરોધીઓએ એમ ખુલ્લું કહી દેવું જોઇએ કે અમે તો અમારા સામાજિક સ્વાર્થ માટે દીક્ષાનો તથા બાલદીક્ષાનો વિરોધ કરીએ છીએ; બાકી શાસ્ત્રાધારે તો અમારી વાત સત્તર આના ખોટી છે, જેઓ એમ ખુલ્લું કહી દે છે તેમની સાથે કાંઇ દલીલ કરવાની રહેતી જ નથી.

પ્રશ્ન ૫૦૮—નવજીવન-પ્રકાશનમંદિરે જે 'મહાવીર-ચરિત્ર' બહાર પાડ્યું છે તેમાં અનેક સ્થળે દીક્ષાઓ થયાનો ઉલ્લેખ આવેલો છે પરંતુ તે સઘળી દીક્ષાઓમાં સંમતિ લેવામાં આવી છે, તો પછી આજે શા માટે સંમતિ ન લેવાવી જોઇએ ?

સમાધાન—સંમતિ ન લેવી જોઈએ એમ આજે પણ કોઈ કહેતું જ નથી. અમારૂં કહેવાનું તો એટલું જ છે કે સગીરની ઇચ્છા અને સગીરના વાલીની રજાએ સગીર દીક્ષા લઇ શકે છે, અને બીન સગીરની ઇચ્છાએ તેના સગાં-સંબંધીની રજા હો કિંવા ન હો તો પણ તે એ દીક્ષા લઈ શકે છે. તમોને એથી ઉલટું કહેનારને પૂછજો કે—**'સોલ વર્ષની અંદરના સગીરની અને વાલીની ઈચ્છા વડે જે દીક્ષા અપાએલી હોય તે દીક્ષા માટે અને સોલ વર્ષ પછી સ્વેચ્છાએ પણ સગા-સંબંધીની રજા વિના અપાએલ દીક્ષાને શાસ્ત્રે જૈનમત-વિરોધિની દીક્ષા ગણી હોય અને તેવા કાર્ય**

માટે સાધુઓને પ્રાયશ્ચિત કરવાનું જણાવ્યું હોય તો તેવો પાઠ શોધી આપો. કોઈ શાસ્ત્રમાંથી આવો પાઠ શોધી આપશે અને તે પાઠ નિરપવાદ હશે, તો તે જ ક્ષણે હું મારા સિદ્ધાંતો પડતા મૂકીશ.

પ્રશ્ન ૫૦૯—આપે જે બાલદીક્ષાઓ આપી છે તે સઘળી મા–બાપ અને વાલીઓની સંમતિપૂર્વક અપાએલી છે ?

સમાધાન—હા, અને તેના પુરાવા માટે કેટલાક સાધુઓ પણ અત્રે બેઠેલા જ છે.

પ્રશ્ન ૫૧૦—તો મહેરબાની કરીને એ સંમતિના દસ્તાવેજો રજુ કરશો ?

સમાધાન—આ પરિસ્થિતિ માટે દસ્તાવેજ કરવાની કે મા–બાપની લેખી સંમતિ લેવાની જરૂર નથી. શાસ્ત્રકારોએ લેખિત સંમતિ લેવાનું ઠરાવ્યું હોત તો તેમ કરતાંએ અમોને વાંધો ન હતો, પણ તેમણે તેમ ઠરાવ્યું નથી અને જે રીતે તેમણે (શાસ્ત્રકારોએ) સંમતિ લેવાનું ઠરાવ્યું છે તે રીતે તો અમે સંમતિ લઇએ છીએ.

પ્રશ્ન ૫૧૧—એક માણુસે દીક્ષા લીધી, તે પછી તેની સ્ત્રી પતિ-વિરહથી વ્યભિચાર કરે, અને મા–બાપ પોષણ કરનારાના અભાવે લૂંટફાટ કરે તો એ દુષ્કર્મનો બંધ દીક્ષા લેનારાને પણ લાગે ખરો જ ને ?

સમાધાન—ઉત્તર સહેલો છે. ધારો કે એક માણુસ આજે પરણે છે, કાલે ખૂન કરે છે, પરમ દિવસે સજા થાય છે અને ક્રમશઃ ફાંસીએ જાય છે. આ વ્યક્તિની પત્ની દુરાચાર સેવે અને તેના મા–બાપ લૂંટ કરી પોતાનું ગુજરાન ચલાવે છે તો એ પાપનો બંધ કે તે ગુનેહગારી **સરકારને માનશો કે ખૂન કરનારને ?**

પ્રશ્ન ૫૧૨—નસીબમાં હોય તેમજ થાય ?

સમાધાન—ત્યારે તમે એમ જ કહેવા માગો છો ને કે જગતના વ્યવહારમાં એક માણુસ પોતાના કુટુંબ પ્રત્યેની ફરજ ન બજાવી શકે તેનો વાંધો નહિ, બલ્કે અહીં નસીબનું નડતર આગળ કરો છો. માત્ર તે ધાર્મિક-કામ કરતાં પોતાની પરિવાર તરફની ફરજ ન બજાવે, તો તે સંબંધમાં તમોને વાંધો રહેલો છે.

હું આ ઉપરથી જેઓ સત્યને જોનારા છે તેમને એ બતાવવા માગું છું કે-**દુનિયાદારીની ફરજો બજાવવાની વાત માત્ર એક દીક્ષાને અટકાવવા માટેના હથીયાર તરીકે વપરાય છે અને લોકોને તેથી ખોટે માર્ગે દોરવવામાં આવે છે.**

પ્રશ્ન ૫૧૩—સંસારી ગુનોહ થાય અને ગુનેહગારને કોર્ટ સજા કરે તે સજા ગુનેહગાર ભોગવે છે, પરંતુ તે છતાં તેની અસર આખા કુટુંબને ભોગવવી પડે છે, અને આખું કુટુંબ દુઃખમાં આવી પડે છે; એ ખરૂં, પણ દીક્ષા જેવા પવિત્ર કાર્યને માટે પાછળ રહેલા માણુસો દુઃખમાં આવી પડે તે શું વાસ્તવિક છે?

સમાધાન—એ માત્ર તમારા મનની ભ્રમણાનો જ પ્રશ્ન છે. સરકારી ગુનોહ કરે અને તેમાં ઘરના કર્તાહર્તાને સજા થાય તેવે પ્રસંગે પાછળના માણુસોનો વિચાર શા માટે કરવામાં આવતો નથી? અને માત્ર દીક્ષા પ્રસંગે પાછલો વિચાર કરવાની શાથી જરૂર પડે છે? કર્તાહર્તા ગૃહસ્થ દીક્ષા લે અને એની ગેરહાજરીમાં ઘરના માણુસોને દુઃખ વેઠવું પડે છે. એમાં સામાન્યરીતે વિચારીએ તો તેઓએ આનંદ માનવો જોઈએ દુન્યવી વાત છુપાવવી ન જોઈએ. જગતમાંની વસ્તુ સમજો- છોકરો બેરીસ્ટર થવા ઈંગ્લેંડ જાય છે. મા-બાપને એ છોકરાને માટે મોટી મોટી રકમો મોકલવી પડે છે ત્યારે તેઓ કાંઈ ઓછું આર્થિક દુઃખ વેઠતા નથી. પણ એ દુઃખ આનંદપૂર્વક વેઠે છે, તો પછી છોકરો આત્માનું કલ્યાણ કરવા નીકળી પડે અને અપૂર્વ પદ મેળવવાના પ્રયાસો

કરે તો તેની પાછળ રહેલા કુટુંબીઓએ પણ શા માટે એ દુઃખ આનંદપૂર્વક ન વેઠવું ?

પ્રશ્ન ૫૧૪—મા–બાપો દીક્ષા લેવા માટે ના કહેતા હોય તો સંતાનોએ શું કરવું ? શું તેમના ઉપરવટ થઈને પણ દીક્ષા લેવી ?

સમાધાન—બાપ છોકરાને એમ કહે કે–અમુક શેઠના ઘરમાં દિવાનખાનામાં ફલાણા કબાટમાં સોનાની લગડી મૂકી છે તે ધીમે રહીને ઉઠાવી લાવ. બોલો હવે મા–બાપની આજ્ઞા છોકરાએ માનવી કે નહિ માનવી ? મા–બાપની આજ્ઞા છોકરાએ માનવી એ પ્રમાણ. પણ આજ્ઞા તેજ છે કે જેમાં પવિત્રતા છે. અપવિત્ર આજ્ઞા એ આજ્ઞાજ નથી એટલે તેવી અપવિત્ર આજ્ઞા માનવાને છોકરાઓ બંધાએલા નથી. બાપે ચોરી કરવાની આજ્ઞા કરી, પરંતુ એ આજ્ઞા હિત કરનારી નથી માટે સંતાને તે ન પાળવી; તે જ પ્રમાણે–**મા–બાપની દીક્ષા ન લેવાની આજ્ઞા હોય છતાં પણ તે આજ્ઞા પવિત્ર–આજ્ઞા નથી માટે બાળકો તે ન પાળે એમાં કશું જ ખોટું નથી શાસ્ત્રે જણાવેલી ઉંમરે બાળક મા–બાપની આજ્ઞા ન હોય છતાં દીક્ષા લે એ પ્રમાણ છે.**

પ્રશ્ન ૫૧૫—દલીલ ખાતર એવું માનો કે ચોરી કરવાની આજ્ઞા તે બાપની આજ્ઞા છે એમ માની છોકરાએ પાળવી, અને તેથી ઉપજતા દુઃખો સહન કરી લેવા એ શું યોગ્ય છે ?

સમાધાન—નીતિની દૃષ્ટિએ તમે કોને ઉત્તમ ગણશો ? મા–બાપની આજ્ઞાએ ચોરી કરનાર સંતાનને કે ન કરનાર સંતાનને ? અર્થાત્ આજ્ઞા ન પાળી ચોરી ન કરનાર સારો છે એમ કબુલવું જ પડે છે.

પ્રશ્ન ૫૧૬—શું આજ્ઞા ઉત્થાપીને પણ ચોરી ન કરી ગુનોહ થતો બંધ કરે તે શું ઉત્તમ ન કહેવાય ?

સમાધાન—હા, ઉત્તમ કહેવાય. જેમ ત્યાં ચોરી ન કરીને વડીલોની આજ્ઞાને ઉથાપનારો ઉત્તમ છે, તે જ પ્રમાણે અહીં પણ પાપ

ન કરનારો અને પાપોને અટકાવી દેનારો ઉત્તમ નથી એમ તમે શા ઉપરથી કહેશો ? અહીં પણ એમજ માનવું પડશે કે દીક્ષા લઈ પાપને રોકનારો એ જ ઉત્તમ છે.

પ્રશ્ન ૫૧૭—તમે દીક્ષાના સંબંધમાં ખુલાસાઓ આપો છો તે યુક્તિયુક્ત છે, પણ જેને સંસાર ગમતો હોય તેને સાધુ જીવનમાં ધકેલી દેવામાં અમારૂં મન માનતું નથી એટલો માત્ર વાંધો છે; તે માટે આપ શું કહો છો ?

સમાધાન—આ પ્રશ્નનું સમાધાન તો તમે પોતે જ છો. તમને સંસાર ગમે છે તો પછી અમે ક્યાં તમોને બલાત્કારે સાધુનાં વસ્ત્રો પહેરાવવા માગીએ છીએ ? અમારૂં કહેવું તો એટલુંજ છે કે જેને જે ગમે તે પસંદગીથી કરવા દો અને તે ઉપર પ્રતિબંધ ન મૂકો. સંસારમાં રહેવું હોય તેને ત્યાં રહેવા દો અને સાધુતા ધારણ કરવી હોય તેને તે ધારણ કરવા દો. સાધુતા અને સંસાર એ બેની વચ્ચેનો રસ્તો ઇચ્છા ઉપર ખુલ્લો રાખો. ત્યાં પોલિસ બેસાડવો એ પાપ છે એટલું જ મારૂં કથન છે.

પ્રશ્ન ૫૧૮—આઠ વર્ષ નીચે પણ અવસ્થા ભેદ જણાવેલા છે તેનું શું ?

સમાધાન—આઠ વર્ષની પહેલાં ત્રણ ચાર વર્ષે દીક્ષા આપે, તો તે અયોગ્ય છે અને તેને માટે જ શાસ્ત્રે એવી દીક્ષા આપનારાને માટે પ્રાયશ્ચિત્ત કહ્યું છે, પણ આઠ વર્ષે દીક્ષા આપનારને માટે તેવું કહ્યું નથી, એથી પણ અમારી વાત જ સાબીત થાય છે.

પ્રશ્ન ૫૧૯—અયોગ્ય-દીક્ષા આપવામાં આવી હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કોને લાગે છે ?

સમાધાન—ગુરુનેજ.

પ્રશ્ન ૫૨૦—જેઓ એમ માને છે કે દીક્ષાની વય ૧૬ ની ટુંકાવીને ૮ વર્ષની રાખી છે તેનું શું ?

સમાધાન—એવી રીતે વય ટુંકાવવામાં આવીજ નથી. વળી અત્યારના મુનિઓ પાસે ધારાસભા, ન્યાયાસન કે એવી બીજી કોઈ પણ સત્તા નથી. આથી જ એટલે તેઓ દીક્ષા સંબંધી નવા કાયદા ઘડી જ ન શકે. શાસ્ત્રે જે કહ્યું હોય તેનેજ અનુસરવાનું મુનિઓ માટે તો નિર્માણ થયેલું છે. શાસ્ત્રકારો ત્રિકાલજ્ઞાની હતા, અને તેથી જ તેમણે શાસ્ત્રો રચ્યાં હતાં એ શાસ્ત્રોને માન આપવું એજ આપણું તો કર્ત્તવ્ય છે.

પ્રશ્ન ૫૨૧—કોઈ એમજ માનતું હોય કે દીક્ષાની વય ઘટાડીને પૂર્વધર મુનિઓએ આઠ વર્ષની રાખી છે, તો એ શંકાનું આપ શું સમાધાન આપો છો ?

સમાધાન—એનું સમાધાન સ્પષ્ટ છે. તમોએ જે રજુ કરી છે તે "દીક્ષાનું શાસ્ત્ર" એ નામની આખી ચોપડી ઉથલાવી જાઓ પણ તેમાં કોઈ સ્થળે દીક્ષાની વય ટુંકાવ્યાનો પાઠ છે ? કાલિકાચાર્યે પાંચમની ચોથ કરી તેનો શાસ્ત્રીય પાઠ બે જગ્યાએ છે. દીક્ષાની વય ટુંકાવવાના સંબંધમાં એવો પાઠ હોય તો તે રજુ કરો !

પ્રશ્ન ૫૨૨—શાસ્ત્રમાં તો આયુષ્ય ૧૨૦ વર્ષનું છે અને અત્યારે તો પચાસ વર્ષનું આયુષ્ય છે તેનું શું ?

સમાધાન—તેનો ઉપાય નથી ? પણ એ યાદ રાખવાનું છે કે કરોડપૂર્વનું આયુષ્ય હતું તો પણ શાસ્ત્રકારે દીક્ષાની વય તો આઠ વર્ષનીજ રાખી હતી. ૧૨૦ વર્ષનું આયુષ્ય થયું તો પણ દીક્ષાની વય એજ રાખી છે અને તેજ દૃષ્ટાંતે આજે આયુષ્ય પચાસ વર્ષનું હોય તો પણ એજ આઠ વર્ષ કાયમ છે.

પ્રશ્ન ૫૨૩—મનુષ્યને સ્વતંત્ર ક્યારે ગણી શકાય ?

સમાધાન—સોલ વર્ષે ધર્મશાસ્ત્રોએ મનુષ્યની સ્વતંત્રતા કબુલ રાખી છે, અર્થાત્ સોલ વર્ષની ઉંમર થયા પછી તે મનુષ્ય સ્વતંત્ર

રીતે દીક્ષા લે તે માટે વિરોધ કે વાંધો ગણવામાં આવ્યો નથી. જૈન ધર્મશાસ્ત્રમાં અને એનાજ સમકાલિન અજૈન ધર્મશાસ્ત્રોમાં એવા સેંકડો ઉદાહરણો છે કે જેમાં સોલ વર્ષ પછી સ્વતંત્ર રીતે મા–બાપની સંમતિ વિના પણ દીક્ષા અથવા સંન્યાસ લેવાયો છે. આ ઉપરથી સાબીત થાય છે કે સોલ વર્ષની વય પછી દીક્ષા લેવી હોય તો તેવો દીક્ષાભિલાષી, એ દીક્ષા–કાર્યને માટે સ્વતંત્ર છે.

પ્રશ્ન ૫૨૪—"દીક્ષાનું શાસ્ત્ર"એ નામના ગ્રંથમાં પાના ૪ ઉપર એમ લખ્યું છે કે ઉંમરનું પ્રમાણ બંધ બેસતું કરવા માટે પૂર્વાચાર્યોએ દીક્ષાની વયની હદ સોલ વર્ષ ઉપરથી આઠ વર્ષ ઉપર આણી રાખી હતી. જો શાસ્ત્રકારે દીક્ષાની વય ઘટાડી હતી તો પછી આજે આપણે તેમાં ઉમેરો શા માટે નજ કરી શકીએ ?

સમાધાન—તમે તો મારૂં કામ પણ પાર પાડી આપ્યું એ વધારે સારૂં થયું છે. તમે કહો છો કે શાસ્ત્રકારોએ દીક્ષાની હદ સોલ ઉપરથી આઠની કરી હતી. એ ઉપરથી એ વાત તો તમે પણ સ્વીકારો છો કે દીક્ષાની વય આઠ વર્ષની છે એવું માત્ર અમેજ ગપ્પું મારતા નથી પરંતુ શાસ્ત્રેજ દીક્ષાની વય આઠની ઠરાવી છે. હવે તમારા પ્રશ્નનો ઉત્તર સાંભળો–શાસ્ત્રે ૧૬ વર્ષ ઉપરથી ઘટાડીને દીક્ષાની હદ આઠ વર્ષની રાખી છે એ વાત જ ખોટી છે. છતાં માની લ્યો કે તમે કહો છો તે સાચું હોય તો શું થાય ? તેનો હવે વિચાર કરો. પરીક્ષાની ઉંમરની હદ કોણ ઠેરવે ? યુનિવર્સિટિ કે તમે પોતે ? પરીક્ષાની ઉંમરની હદ ઠરાવવાનો અધિકાર જેમ યુનિવર્સિટિને છે તેજ પ્રમાણે જે પૂર્વધરોએ દીક્ષાની હદ ઠરાવી હોય તેમાં ફેરફાર કરવાનો અધિકાર પણ તેમને જ પહોંચે છે આપણને નહિ જ.

પ્રશ્ન ૫૨૫—'જિનકલ્પમાં ૧૬ વર્ષ સુધી અવ્યક્ત ગણ્યો છે,' તો પછી દીક્ષાની વય પણ ૧૬ વર્ષની રાખવામાં આવે તો શું વાંધો છે ?

સમાધાન—વાંધો આવવાની વાતજ નથી, અહીં તો એ જ જોવાનું જોઈએ કે શાસ્ત્રે દીક્ષાની વય શી ઠરાવી છે? શ્રી આચારાંગ વગેરે શાસ્ત્રોમાં જે કહ્યું છે તે સ્વતંત્ર રીતે વિહાર કરવા માટેની વયની મર્યાદા છે. પંચકલ્પચૂર્ણી વગેરેમાં પણ સાફ સાફ રીતે જણાવેલું છે કે વયની મર્યાદા માટે એક અષ્ટક અને સ્વતંત્ર વિહાર માટે બે અષ્ટક છે હવે સ્વતંત્ર વિહારની મર્યાદા દીક્ષામાં લાગુ પાડવામાં આવે છે એમાં કેટલું સત્ય છે? તે તમે જ જુઓ.

પ્રશ્ન ૫૨૬—કેટલાક કહે છે કે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે શ્રમણસંઘે ચાલવું જોઈએ એ કથન સર્વથા વ્યાજબી છે, પણ તેઓશ્રીના વર્તનનું અનુકરણ કરવાનું છે. એમ સમજવાનું નથી, એ માન્યતા શું સાચી છે?

સમાધાન—જેઓ શ્રી જિનેશ્વર ભગવાનના વર્તનનું અનુકરણ કરવાનો નિષેધ કરે છે, તેઓ શું જિનેશ્વર ભગવાનનું કથન અને વર્તન ભિન્ન છે એમ માને છે? જો ભગવાનનું કથન અને વર્તન ભિન્ન હોય અને તે બન્નેમાં ભગવાનનું વર્તન ઉત્તમ હોય તો શ્રી ભગવાનના વર્તનમાં અનુત્તમતા શી રીતે હોઈ શકે? અને ભગવાનનું વર્ત્તન ઉત્તમ હોય તો શું જિનેશ્વર ભગવાનનું કથન ઉત્તમ નથી? અને કથન ઉત્તમ હોય છે એમ શું તેઓ માને છે? જો એમ માને તો તેમને એ જ નિશ્ચય કરવો પડે કે શુદ્ધમાર્ગને ઉત્પન્ન કરવામાં કે કહેવામાં કહેનારની કંઈ પણ જવાબદારી નથી, અને એમ માનીએ તો કુદેવ, કુગુરુ તરીકે મનાયલી વ્યક્તિઓ શુદ્ધ ઉપદેશ આપે, એટલે તેઓને સુદેવ, સુગુરૂ તરીકે માનવામાં જૈનોને વાંધો નથી એમ માનવું પડે.

પ્રશ્ન ૫૨૭—ભગવાનની કથણી અને કરણી બંને જ્યારે એક સરખાં હોય તો પછી ભગવાનના વર્તનના અનુકરણથી જ કલ્યાણની પ્રાપ્તિ માનવી યોગ્ય હતી, પણ તેમ ન માનતાં શાસ્ત્રોમાં સ્થાન સ્થાન

પર 'आणाए आराहित्ता' 'आणाइ धम्मो' 'आणा आराहतो' ઇત્યાદિ વચનોથી સ્પષ્ટપણે આજ્ઞા એટલે ભગવાનના કથનનું આલંબન લઈ તદનુસાર વર્તન કરનાર જ ભગવાનનો સાચો આરાધક છે તથા તે જ મોક્ષને માટે યોગ્ય પણ છે, એમ જણાવ્યું છે તેનો અર્થ શો ?

સમાધાન—પ્રથમ તો ભગવાનનું વર્તન શ્રી જિનેશ્વર ભગવાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી જણાવ્યું હતું ત્યારે જ તે શ્રી સંઘે જાણ્યું હતું તે સિવાય ભગવાનનું વર્તન સંઘથી જાણી શકાયું ન હતું.

બીજું-માત્ર બાહ્ય-વર્તન જ ભગવાનના કથન સિવાય જણાય ખરૂં, પણ આંતર-વર્તન તો શ્રી સર્વજ્ઞ પ્રભુના કથન સિવાય જાણી શકાય જ નહિ, માટે જે કથન ઉપર આધાર રાખે છે તે જ શ્રી સંઘ સાચો આરાધક છે.

ત્રીજું-મોક્ષનું કારણ એકલું જ બાહ્ય-વર્તનનું અનુકરણ નથી, પણ આત્મપરિણતિ પણ મોક્ષનું કારણ છે અને તે જેમ ભગવાન્ સર્વજ્ઞના ઉપદેશથી જાણી શકાય છે, તેવી રીતે મોક્ષપ્રાપ્તિના કારણભૂત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, એ બે તો સર્વજ્ઞ ભગવાનના ઉપદેશ સિવાય જાણી શકાય જ નહિ, માટે ભગવાન્ સર્વજ્ઞની આજ્ઞા દરેક શ્રીસંઘ-વ્યક્તિને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર દ્વારાએ શાશ્વત-સુખમય મોક્ષ પ્રાપ્ત કરવા માટે અવશ્ય ત્રિવિધે આરાધવાની જ હોય છે, પણ ભવ્ય આત્માઓએ ધ્યાનમાં રાખવાનું છે કે સર્વે તીર્થંકરો પણ તેજ શ્રી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્રત્રય દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરે છે. અને તે જ માર્ગનો ભવ્યજીવોને ઉપદેશ મોક્ષ-પ્રાપ્તિને માટે કરે છે માટે ભગવાન્ તીર્થંકરોની કથણી અને કરણીમાં કાંઇ ફરક નથી.

પ્રશ્ન પર૮—શ્રી જિનેશ્વર ભગવાનની બાહ્ય-ચારિત્રની અપેક્ષાએ તો કથણી અને કરણી એક સરખી હોય તો પછી ચારિત્ર-પ્રવૃત્તિમાં તો શ્રી શ્રમણસંઘે ભગવાન્ સર્વજ્ઞોનાં વચનો અને વર્તન તરફ જ જોઈ

અનુકરણુ કરવું યોગ્ય ગણવું જોઇએ અને ભગવાન્ મહાવીરની માફક જે વર્તમાન સાધુઓ વર્તે નહિ તેઓને જૈનસાધુ તરીકે શું ન માનવા ?

સમાધાન—ભગવાન્ જિનેશ્વરમહારાજનું ચરિત્ર ઉત્તમોત્તમ હોવાથી અવશ્ય શ્રીસંધને અનુકરણુ કરવા યોગ્ય તો છે પણુ જેઓ તેવા નિરતિચાર ચારિત્રને ન પામી શકે તેવાઓને માટે તે પામવાના રસ્તા તરીકે શ્રી જિનેશ્વર મહારાજે જે જે સાધ્વાચાર તથા શ્રાવકાચાર બતાવેલ છે તે તે પ્રમાણે વર્તનારો શ્રી જિનેશ્વરના વર્તનનું અનુકરણુ કરવામાં અશક્ત, તેનું ધ્યેય રાખ્યા છતાં શ્રી જિનેશ્વર મહારાજે જણાવેલા માર્ગે ચઢવા પ્રયત્ન કરે; ને તે બધામાં પણુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને આંતરપરિણુતિની માફક શ્રી જિનેશ્વર ભગવાને કથિત—માર્ગનું અવલંબન ભવ્યજીવો ગ્રહણુ કરે છે, તેથી જ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી દ્રવ્યપચ્ચખ્ખાણુને પણુ ભાવપચ્ચખ્ખાણુનું કારણુ જણાવતાં '**जिनोक्तमिति सद्भक्त्या**' અર્થાત્ જિનેશ્વર ભગવાને મોક્ષમાર્ગ તરીકે આ કહેલ છે એમ માનીને કરેલું દ્રવ્યપચ્ચખ્ખાણુ પણુ ભાવચારિત્રનું કારણુ છે એમ જણાવે છે.

ભગવાન્ જિનેશ્વરો પણુ તેવુંજ વર્તન કરે છે કે જે મોક્ષમાર્ગવાલાને અનુકૂલ હોય અને તેથી જ મહાવીરપ્રભુએ પાત્રમાં પારણું કર્યું, વસ્ત્ર ધારણુ કર્યું એટલુંજ નહિ પણુ પાણી વિગેરે સાધુઓને લાયક કેવલજ્ઞાનથી અચિત્ત જાણ્યા છતાં પોતાનું અનુકરણુ કરનાર વ્યવહારથી ચૂકી જાય માટે સાધુઓને અનશન વિગેરે કરવા દીધાં, વ્યવહારથી વિરૂદ્ધ એવા પદાર્થોની આજ્ઞા ન કરી; આ અને બીજી પણુ અનુકરણુ કરવાની હકીકત નીચેના પાઠો જોવાથી સાબીત થશે.

૧ **अष्टाध्ययनप्रतिपादितोऽर्थः सम्यगेवं वर्द्धमानस्वामिना विहित इति, तत्प्रदर्शनं च शेषसाधूनामुत्साहार्थं, तदुक्तम्–**

तित्थयरो चउणाणी सुरमहिओ सिज्झिअव्वयधुवंमि ।
अणिगूहिअबलविरिओ सव्वत्थामेसु उज्जमइ ॥ १ ॥

किं पुण अवसेसेहिं दुक्खक्खयकारणा सुविहिएहिं ।
होति न उज्जमियव्वं सपच्चवायंमि माणुस्से ॥ २ ॥
आचा० पृ० १०, पंचवस्तु गाथा ८४१–८४२.

२ एवं तु समणुचिन्नं वीरवरेणं महाणुभावेणं ।
जं अणुचरित्तु धीरा सिवमचलं जंति निव्वाणं ॥ २८४ ॥
एवम्-उक्तविधिना भावोपधानं ज्ञानादि तपो वा वीरवर्द्ध-मानस्वामिना स्वतोऽनुष्ठितमतोऽन्येनापि मुमुक्षुणैतदनुष्ठेयमिति गाथार्थः ॥ आचा० पृ० ३०१.

३ आविर्भूतमनःपर्यायज्ञानोऽष्टप्रकारकर्म्मक्षयार्थं तीर्थप्रवर्त्तनार्थं चोत्थाय सङ्ख्याय-ज्ञात्वा तस्मिन् हेमन्ते मार्गशीर्षदशम्यां प्राचीनगामिन्यां छायायां प्रव्रज्याग्रहणसमनन्तरमेव रीयते स्म विजहार ॥ आचा० पृ० ३०१.

४ सुरपतिना भगवदुपरि देवदूष्यं चिक्षिपे, तत् भगवताऽपि निसङ्गाभिप्रायेणैव धर्मोपकरणमृते न धर्मोऽनुष्ठातुं मुमुक्षुभिरपरं शक्यत इति कारणापेक्षया मध्यस्थवृत्तिना तथैवावधारितं ॥ आचा० पृ० ३०१.

५ से बेमि जे य अईया जे य पडुप्पन्ना जे य आगमेस्सा अरहंता भगवंतो जे य पव्वइया जे य पव्वयन्ति जे अ पव्वइस्सन्ति सव्वे ते सोवही धम्मो देसिअव्वोत्तिकट्टु तित्थधम्मयाए एसाऽणुधम्मिगत्ति एगं देवदूसमायाए पव्वइसु वा पव्वयंति वा पव्वइस्सन्ति वेति । अपि च–

गरीयस्त्वात् सचेलस्य, धर्म्मस्यान्यैस्तथागतैः ।
शिष्यस्य प्रत्ययाच्चैव, वस्त्रं दध्रे न लज्जया ॥ १ ॥ इत्यादि ॥
आचा० पृ० ३०१.

६ एष चर्याविधिरनन्तरोक्तोऽनुक्रान्तः—अनुचीर्णः माहणेणत्ति-श्रीवर्द्धमानस्वामिना मतिमता विदितवेद्येन बहुशः—अनेकप्रकारमप्रतिज्ञेन—अनिदानेन भगवता—ऐश्वर्यादिगुणोपेतेन, एवम्—अनेन यथा भगवदनुचीर्णेनान्ये मुमुक्षवोऽशेषकर्म्मक्षयाय साधवो रीयन्ते—गच्छन्तीति । आचा० पृ० ३०६

७ एषः—अनन्तरोक्तः शस्त्रपरिज्ञादेरारभ्य योऽभिहितः सोऽनुक्रान्तः—अनुष्ठितः आसेवनापरिज्ञया सेवितः, केन ? श्रीवर्द्धमानस्वामिना मतिमता—ज्ञानचतुष्टयान्वितेन बहुशः—अनेकशोऽप्रतिज्ञेन- अनिदानेन भगवता—ऐश्वर्यादिगुणोपेतेन, अतोऽपरोऽपि मुमुक्षुरनेनैव भगवदाचीर्णेन मोक्षप्रगुणेन पथाऽऽत्महितमाचरन् रीयते—पराक्रमते ॥ आचा० पृ० ३१५.

८ उच्छाहपालणाए इति (एव) तवे संजमे य संघयणे ।
वेरग्गेऽणिच्चाई होइ चरित्तं इहं पगयं ॥ १ ॥
तथाऽनशनादिके तपस्यनिगूहितबलवीर्येणोत्साहः कर्तव्यः, गृहीतस्य च प्रतिपालनं कर्तव्यमिति, उक्तमपि—

तित्थयरो चउनाणी सुरमहिओ सिज्झिअव्वयधुवंमि ।
अणिगूहिअबलविरिओ सव्वत्थामेसु उज्जमइ ॥ १ ॥

किं पुण अवसेसेहिं दुक्खक्खयकारणा सुविहिएहिं ।
होइ न उज्जमिअव्वं ? सपच्चवायंमि माणुस्से ॥ २ ॥
इत्येवं तपसि भावना विधेया ॥ आचा० पृ० ४२०.

९ भगवता किल श्रीवर्द्धमानस्वामिना विमलसलिलसमुल्लसत्तरङ्गः शैवलपटलत्रसादिरहितो महाह्रदो व्यपगताशेषजलजन्तु-

कोऽचित्तवारिपरिपूर्णः स्वशिष्याणां तृड्बाधितानामपि पानाय नानुजज्ञे, तथा अचित्ततिलशकटस्थण्डिलपरिभोगानुज्ञा चानवस्थादोषसंरक्षणाय भगवता न कृतेति ॥

१० सुप्रज्ञप्तेति–सुष्ठु प्रज्ञप्ता यथैवाख्याता तथैव सुष्ठु सूक्ष्मपरिहारासेवनेन प्रकर्षेण सम्यगासेवितेत्यर्थः, अनेकार्थत्वाद्धातूनां ज्ञप्तिरासेवनार्थः ।

११ सम्यग्दर्शनादिरूपो मोक्षमार्गो जिन्द्रानेन्द्रचर्दिभिः सत्पुरुषैः प्रहतः तं प्रति प्रह्वाः वीर्यवन्तः संयमानुष्ठानं कुर्वन्ति, ततश्चोत्तमपुरुषप्रहतोऽयं मार्ग इति प्रदर्श्य तज्जनितमार्गविस्रम्भो विनेयः संयमानुष्ठाने सुखेनैव प्रवर्तयिष्यते ॥ आचा० पृ० ४४.

१२ तमप्कायलोकं चशब्दादन्यांश्च पदार्थान् आज्ञया-मौनीन्द्रवचनेनाभिमुख्येन सम्यगित्वा–ज्ञात्वा । आचा० पृ० ४३.

१३ विनोपकरणं यस्तु, जीवादीन्त्रातुमीश्वरः ।
जिनेन्द्रवत्तस्य दोषः, स्यात्तद्ग्रहणेऽपि न ॥ १ ॥
उत्तराध्ययन. पृ० १३४.

१४ ततो यूयमपि यथा भगवान् संसारं जितवान् तथैव यत्नं विधत्त ॥ सूअगडांग चोपडो पा. ३०३.

१५ एतदुक्तं भवति–प्राणातिपातनिषेधादिकं स्वतोऽनुष्ठाय परांश्च स्थापितवान्, न हि स्वतोऽस्थितः परांश्च स्थापयितुमलमित्यर्थः, तदुक्तं–

"ब्रुवाणोऽपि न्याय्यं स्ववचनविरुद्धं व्यवहरन्,
परान्नालं कश्चिद् दमयितुमदान्तः स्वयमिति ।
भवान्निश्चित्यैवं मनसि जगदाधाय सकलं,
स्वमात्मानं तावद् दमयितुमदान्तं व्यवसितः ॥ १ ॥"

इति । तथा

"तित्थयरो चउनाणी सुरमहिओ सिज्झिअव्वयधुवंमि ।
अणिगूहिअबलविरिओ सव्वत्थामेसु उज्जमइ ॥ १ ॥"
इत्यादि, सूअगडांग चोपडो पा. ३२४.

१६ स्वयमेव च भगवान् पञ्चमहाव्रतोपपन्न इन्द्रियनोइन्द्रियगुप्तो विरतश्चासौ लवावसर्प्पी सन् स्वतोऽन्येषामपि तथाभूतमुपदेशं दत्तवानित्येतद् ब्रवीमीति ॥ सूअगडांग चोपडो पा. ९०९.

१७ ननु चिन्तनीयमिदं यदष्टापायविनिर्मुक्तमालम्ब्य केवल्यवस्थायां पूजा कार्येति, यतो न चारित्रिणः स्नानादयो घटन्ते, तद्वत्साधूनामपि तत्प्रसक्तेः, न च तच्चरितमनालम्बनीयम्, अन्यथा परिणताप्कायादिपरिहार आचरणनिषेधार्थः कथं स्यात् ?, श्रूयते हि-'एकदा स्वभावतः परिणतं तडागोदरस्थाप्कायं तिलराशिं स्थण्डिलदेशं च दृष्ट्वाऽपि भगवान् महावीरस्तत्प्रयोजनवतोऽपि साधूंस्तत्सेवनार्थं न प्रवर्तितवान्, मा एतदेवास्मच्चरितमालम्ब्य सूरयोऽन्यांस्तेषु प्रवर्तयन्तु, साधवश्च मा तथैव प्रवर्तन्तामि'ति । अष्टक ३ श्लो० ३ पृ० १६.

१८ धर्मांगं दानम्, भगवता प्रवृत्तत्वात्, शीलवदिति भव्यजनसम्प्रत्ययार्थमित्यर्थः । अष्टक २७ श्लो० ३
'भगवदासेवितमालम्बनीयं भवती'त्यावेदितम्,
तत्र चैवं प्रयोगः—यद्भगवदासेवितं तद्यतिनां सेवनीयं शीलमिव । अष्टक २७ श्लो० ५ पृ० ८७.

१९ तीर्थकृदेव-वर्धमानजिन एव ज्ञातं-दृष्टान्तः तीर्थकृज्ज्ञातं तत् आलोच्य-विभाव्य, यथा तेन भगवता वर्धमानस्वामिना प्रथमसमवसरणे समागतामभव्यपर्षदं वर्जयित्वाऽन्यत्र विशिष्टा धर्मदेशना कृता एवमन्येनानुचितदेशादिकं स्वपरोपकाराभावं च

वर्जयित्वाऽन्यत्र वादोऽनन्तरोदितस्त्रिविधः कार्यः ।
अष्टक १२ श्लो० ८

વળી દરેક પ્રતિક્રમણ કરનાર 'શ્રી વીરપ્રભુએ છ માસી તપ કર્યો' એમ કહીને જ કાઉસ્સગ્ગમાં ચિંતવે છે. દીક્ષા વખતે સંવત્સરીદાનને અનુસારે દેવાતું દાન, વાર્ષિક તપ ભગવાન્ શ્રી ઋષભદેવજીએ કર્યું તેને અનુસરીને થતું વાર્ષિક તપ તેમજ કલ્યાણકમાં કરેલાં તપો જેવાં કરાતાં તપો, વળી આચાર્ય મહારાજ જે સૂત્રના અર્થો કહે છે તે બધું ભગવાન્ તીર્થંકરોનું અનુકરણીય વર્તન ગણીનેજ છે.

તા–ક–ઉપરનો લેખ વાંચનારે એ ધ્યાનમાં રાખવું કે ભગવાન્ જીનેશ્વરોનું વર્તન મોક્ષમાર્ગને અનુકૂલજ હોય તેથી તેનું અનુકરણ દરેક મોક્ષાભિલાષીએ કરવાનું જણાવ્યું તેથી જે કર્મોદયથી થયેલી ભગવાનની પ્રવૃત્તિ–ગર્ભમાં નિશ્ચલ રહેવું, માતા પિતા જીવતાં સુધી ચારિત્ર ન લેવું, મેરૂ કંપાવવો, લગ્ન કરવું, પુત્રીનો જન્મ વિગેરે છે, તેનું અનુકરણ કરવાના વિચારો પણ સમ્યગ્દૃષ્ટિ કરે નહિ; આ લેખનો ફાવતો ઉપયોગ ન થાય એ માટે એ પણ સમજવું કે ભગવાનનું ક્ષયોપશમ કે ક્ષયજન્ય વર્તન અનુકરણીય છે અને ભગવાનની આજ્ઞા પણ તેવીજ માન્ય કરવાની અને તે શ્રદ્ધા, જ્ઞાન અને વર્તનથી અમલમાં મેલવાની છે.

પ્રશ્ન ૫૨૯—રાત્રિએ અને દિવસના સમયે કોઈ પણ વખતે સામાયિક થઇ શકે છે કે નહિ?

સમાધાન—જરૂર થઈ શકે છે. સામાયિક એ એવી વિધિ છે કે તેને રાત્રિનો અથવા દિવસનો બાધ આવતો નથી, ગમે તે સમયે સામાયિક કરવું અને તેનો લાભ મેળવવો એ સરલ અને પદ્ધતિસરનું છે.

પ્રશ્ન ૫૩૦—ભગવાન્ મહાવીરદેવને પારણું કરાવવાની ભાવનામાં જીરણ શેઠ એટલી હદે પહોંચ્યા કે તેમણે દેવદુંદુભિ ન સાંભળી હોત તો કેવલજ્ઞાન થઈ જાત, તો આ ભાવના કયા ગુણસ્થાનકની?

સમાધાન—એ ભાવના પાંચમા ગુણસ્થાનકની છે, કારણ કે તેથી તો તે બારમે દેવલોક ગયા.

પ્રશ્ન ૫૩ — મનને ઇન્દ્રિય ગણી શકાય કે નહિ ? પાંચ ઇન્દ્રિયમાં એનું સ્થાન ક્યાં અને કેવી રીતે ?

સમાધાન—મન એ ઇન્દ્રિય નથી, પણ નોઇન્દ્રિય છે, પરંતુ તેથી એમ માની લેવાની જરૂર નથી કે મન શક્તિ હીન છે. અથવા તે કાંઇ કામ જ કરતું નથી. શરીરની સઘળી ઇન્દ્રિયોમાં મનનો વ્યાપાર ચાલુ છે, અને શરીરની સઘળી ઇન્દ્રિયોમાં મન પ્રવર્તે છે. માત્ર સ્વપ્ન, સંકલ્પ, ધારણા એ ત્રણ વસ્તુમાં જ મન એકલું પ્રવર્તે છે. શ્રી નંદીસૂત્ર અને શ્રી તત્વાર્થસૂત્રમાં મનને નોઇન્દ્રિય તેમજ અતીન્દ્રિયરૂપે વ્યપદેશ કરેલ છે.

પ્રશ્ન ૫૩૨—જો સુખાવરણીય કર્મ નથી તો પછી આત્માનો અનંત સુખ સ્વભાવ કયા કર્મથી રોકાયેલો રહે છે ?

સમાધાન—મહાશક્તિસંપન્ન આત્માના હાથમાં સોયઆદિ અલ્પ સાધન હોવાથી ભેદવા લાયક પાટડાને તે ભેદી શકતો નથી, ચક્ષુને ચશ્માની માફક; તેવી જ રીતે સાતા અને અસાતા વેદનીય, તે સુખ સ્વભાવને મર્યાદિત કરનાર છે.

પ્રશ્ન ૫૩૩—દુનિયામાં સુખ તરીકે જે કાંઇ ઓળખાય છે, તે સુખ શું કસ્તુરીઆની ભ્રમણા અનુસાર આત્માના સુખનોજ આભાસ છે કે બીજું કાંઇ ?

સમાધાન—અલ્પ શક્તિવાળા સાધનથી કાર્યમાં આવતી અલ્પ શક્તિની માફક સાતાવેદનીય અંશે ઉપકારરૂપ ને અસાતા તે વિપર્યાસરૂપ (ઉલટારૂપ) છે.

પ્રશ્ન ૫૩૪—શ્રાવકો સચિત્તને નહિ અડકવાનો નિયમ કરી શકે છે ખરા કે ? અને જો તેઓ તેવો નિયમ કરી શકે તો પછી શું પ્રભુપૂજામાં સચિત્ત પાણીને અડી શકે અને તેનો ઉપયોગ કરી શકે ?

સમાધાન—શ્રાવકો સચિત્ત પાણીને નહિ અડકવાનો નિયમ કરવામાં તો પુરતા વ્યાજબી છે, તેઓ સચિત્ત પાણીને નહિ અડકવાનો નિયમ લે તેમાં તેમને કાંઈ પણ દોષ નથી, પરંતુ તેથીજ તેઓ પ્રભુપૂજામાં પણ સચિત્ત પાણીનો ઉપયોગ કરે એવી તેમને છૂટ છે એમ માનવાની જરૂર નથી. સચિત્ત પાણીને નહિ અડકવાનો નિયમ લીધા પછી પ્રભુ પૂજામાં પણ સચિત્ત પાણીને અડકવાનો પ્રતિબંધ છે અને તેથીજ સાતમી પ્રતિમામાં ધૂપ-દીપાદિની પૂજા કરાતી નથી.

પ્રશ્ન ૫૩૫—કરેમિભંતે 'જાવસાહુ' નો પાઠ અંગીકાર કરી બે સામાયિક જેટલો સમય લે અને બે સામાયિક છુટાં કરે તેમાં કાંઈ ફરક ખરો ?

સમાધાન—લાભની અપેક્ષાએ ફરક છે, કારણ કે વ્યાખ્યાન આદિ જેવા નિયત વખતમાં 'જાવસાહુ" ના પાઠથી વધારે લાભ છે.

પ્રશ્ન ૫૩૬— તીર્થંકર ભગવાનના સમવસરણમાં અભવ્યોને આવવાનો અને વ્યાખ્યાનાદિ સાંભળવાનો અધિકાર ખરો કે નહિ ?

સમાધાન—તીર્થંકર ભગવાનના સમવસરણમાં અભવ્યોને આવવાનો અધિકાર છે, અને દેશનાને શ્રવણ કરવાનો પણ અધિકાર છે, પરંતુ તે સાથે એટલી વાત યાદ રાખવાની છે કે જે વ્યાખ્યાન અથવા બીજો જે ઉપદેશ ત્યાં અપાય તે ઉપદેશ અભવ્યોને તથ્યરૂપે પરિણમતો નથી.

પ્રશ્ન ૫૩૭—જે જીવો અભવ્ય છે તે જીવોને શુક્લલેશ્યા થાય ખરી કે નહિ ?

સમાધાન—અભવ્ય-જીવોને પણ શુક્લલેશ્યા થઈ શકે છે અને તેથી જ તેને પરિણામે તેઓ ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

પ્રશ્ન ૫૩૮—સિદ્ધચક્રના ગયા વર્ષના વીસમા અંકના ૪૫૪ મા પાનામાં ૬ થી ૧૧ સુધીની લીટી એવી છે કે-"અજીવપણું એ પારિણામિક ભાવ છે !" એ લીટીઓનો અર્થ શો સમજવો !"

સમાધાન—એ લીટીઓનો અર્થ કેવળ સરલ અને સાદો છે અને તેમાં કહેવાનો એ ભાવ રહેલો છે કે અજીવમાં ચેતનારહિતપણું છે તે અકૃત્રિમ અને અનાદિ છે.

પ્રશ્ન ૫૩૯—આપે સિદ્ધચક્રના પાછલા એક અંકમાં જણાવ્યું હતું કે પ્રત્યનીક થવાથી ભાવ–ચારિત્રનું બીજ નાશ પામે છે તો શું ફરીથી નવા બીજની જરૂર પડે છે ખરી ?

સમાધાન—પ્રત્યનીક થવાથી ભાવ–ચારિત્રનું બીજ નાશ પામે છે એ તદ્દન વાસ્તવિક છે અને તેથીજ જરૂર નવા બીજની જરૂર પડે છે.

પ્રશ્ન ૫૪૦—અંક ૨૦મો, પાને ૬૫૮ મે જણાવ્યું છે કે મોક્ષમાં મન ન રહે તો ભલે, પણ બીજી કશી પણ પ્રવૃત્તિમાં મન ન જાય તો તદ્ભવમાં મોક્ષ મળે છે, તો પછી એ સમયે મનની પ્રવૃત્તિ શી હોય છે ?

સમાધાન—નિર્વ્યાપારપણું એ અયોગીપણામાં હોય છે અને તેથી જ મોક્ષ મળે છે. મનની પ્રવૃત્તિ જો ચાલુ હોય તો તેને કદાપિ પણ મોક્ષની પ્રાપ્તિ થઈજ ન શકે.

પ્રશ્ન ૫૪૧—અંક ૨૦મો, પાને ૪૬૩ મે જણાવ્યું છે કે જેઓ કુલસંસ્કારથી દીક્ષાના રહસ્યને જાણે છે તેવાઓને ગર્ભાષ્ટમથી નીચેની વયે પણ દીક્ષા આપી શકાય એ શું વાસ્તવિક છે ?

સમાધાન—હા, કારણ કે પંચવસ્તુમાં એમ જણાવવામાં આવ્યું છે કે આઠથી નીચે ચારિત્રના પરિણામ થઇ શકતા નથી તેથી જ ગર્ભાષ્ટમની નીચેની વયનો પંચવસ્તુમાં નિષેધ કર્યો છે. નિશીથચૂર્ણિ, પંચવસ્તુ, પ્રવચનસારોદ્ધાર અને ધર્મબિંદુમાં 'ગર્ભાષ્ટમની વયે પણ દીક્ષા આપવી એ વાસ્તવિક છે' એમ જણાવવામાં આવ્યું છે; **શ્રી યુક્તિપ્રબોધ**માં એમ જણાવ્યું છે કે–ઉપદેશથી થતી દીક્ષા માટે ગર્ભાષ્ટમ એ જઘન્ય વય છે. એથી જ **ગર્ભાષ્ટમની વયથી ઓછી**

ઉંમરનાઓને પણ પૌષધ આદિ જૈનધર્મના દરેક અનુષ્ઠાનો કરવાનો સંપૂર્ણ અધિકાર છે એમ સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૫૪૨—ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાશ્રીએ બાવીસ તીર્થંકરોને ગૃહવાસ રાગમય જણાવીને તેને હેય ગણવાનું જણાવ્યું છે, તો બીજા બે તીર્થંકરોનો ગૃહવાસ હેય તરીકે માનવો ખરો કે નહિ? અને જો ન માનવો તો શા માટે ન માનવો?

સમાધાન—બાવીસ તીર્થંકરોનો ગૃહવાસ હેય તરીકે જણાવ્યો છે અને બે તીર્થંકરોનો ગૃહવાસ હેય તરીકે જણાવ્યો નથી, તેનું કારણ એ છે કે એ બે તીર્થંકરો શ્રી મલ્લીનાથજી અને શ્રી નેમિનાથજી બાલબ્રહ્મચારી હતા; તેથી શ્રી યશોવિજયજી મહારાજે એમ જણાવ્યું છે કે એ બે તીર્થંકરોનો ગૃહવાસ હેય નથી એનો અર્થ એ છે કે ગૃહવાસ હેય છતાં બાવીસ તીર્થંકરોએ તે આદર્યો હતો.

પ્રશ્ન ૫૪૩—સિદ્ધચક્રમાં પ્રસિદ્ધ થયેલા આગમોદ્ધારક આચાર્યદેવની એક દેશનામાં એક સ્થળે એવું જણાવવામાં આવ્યું છે કે-મોક્ષની ઇચ્છા વિના દુન્યવી દૃષ્ટિએ સુદેવનો પૂજક હોય તેના કરતાં મોક્ષની ઇચ્છાવાળો કુદેવનો પૂજક સારો છે એનો અર્થ શું?

સમાધાન—એનો અર્થ એ છે કે સુદેવને પૂજનારો માત્ર સુદેવને પૂજે તેથી જ તે શ્રેષ્ઠ ઠરતો નથી. પણ તે સાથે તેનામાં મોક્ષની ભાવના પણ હોવી જ જોઇએ. હવે એ મોક્ષની ભાવના રહિત થઇને જે સુદેવને પૂજે છે તે પોતાનું ધ્યેય જે મોક્ષ છે તે ચૂકી ગયો છે, જ્યારે કુદેવને પૂજવા છતાં જે મોક્ષને પોતાના ધ્યેય તરીકે જાળવી રાખે છે તે પોતાનું ધ્યેય ચૂકી ગયો નથી, આ જ દૃષ્ટિએ ધ્યેય ચૂકી જનારા કરતાં ધ્યેયને ન ચૂકનારો ઉત્તમ છે.

પ્રશ્ન ૫૪૪—એમ સાંભળવામાં આવ્યું છે કે અગ્નિમાં બળી મરવાથી પણ દેવલોકની પ્રાપ્તિ થાય છે તો શું તે વાત સાચી છે?

સમાધાન—હા, સાચી છે પણ સ્ટવ સળગાવતાં ધોતીયું કે સાડી સળગી ઉઠે અને તેથી મોત થાય તો એ મોત દેવલોક આપે છે એમ સમજવાની જરૂર નથી, દેવલોક મેળવવાની ઇચ્છાએજ જે સળગી જઈને મરણ પામે છે તેને જ દેવલોક મળે છે, અને તે મળવાનું કારણ એ છે કે તે દુઃખ ભોગવવાથી અકામનિર્જરાની સ્થિતિને પ્રાપ્ત કરીને દેવલોક હસ્તગત કરે છે.

પ્રશ્ન ૫૪૫—સિદ્ધચક્રના ૨૧મા અંકમાં આગળના વધારાના પૃષ્ઠોમાં પર્યુષણા સંબંધીની જે ચર્ચા છે તેમાં લખવામાં આવ્યું છે કે અસ્વાધ્યાય હોવાથી નહિ વંચાય, અને પછી લખવામાં આવ્યું છે કે અસ્વાધ્યાયનો બાધ ગણવામાં આવ્યો નથી, તો એમાં સાચું શું સમજવું ?

સમાધાન—સર્વ કાલિકસૂત્રોના સ્વાધ્યાયમાં ગ્રહણાદિકની અસ્વાધ્યાય કહેલી હોવાથી કલ્પસૂત્ર પણ કાલિક હોવાથી તેને અસ્વાધ્યાયમાં વર્જવું જોઇએ, અને તેથી જ્યારે જ્યારે ગ્રહણ વિગેરે વિગેરે હોય ત્યારે બીજા કાલિકોની પેઠે કલ્પસૂત્રને પણ અસ્વાધ્યાયમાં વાંચવાનો બાધ આવે છે અને તેથી પણ પર્યુષણામાં અવશ્ય વાંચવાનું આવશ્યક ગણી તે વખતે કલ્પસૂત્રના વાંચનમાં ન વર્જી શકાય તો બાધ ગણ્યો નથી.

પ્રશ્ન ૫૪૬—સિદ્ધચક્ર પાક્ષિકના પહેલા વર્ષના અંક ૨૧માના પાના ૪૭૮ ઉપર એવો ઉલ્લેખ જોવામાં આવે છે કે પહેલા ગુણઠાણા કરતાં ચૌદમે ગુણસ્થાનકે અસંખ્યાતગુણા કર્મો ખપાવવાના છે, તો એનો અર્થ શ્યો ? શું ચૌદમે ગુણઠાણે કર્મો વધી જાય છે ?

સમાધાન—ચૌદમે ગુણસ્થાનકે કર્મો વધ્યાં નથી પહેલા ગુણસ્થાનક કરતાં ચૌદમા ગુણસ્થાનકવાળો અસંખ્યાતગુણા કર્મો તોડે છે એ અપેક્ષાએ તે લખાણ છે.

પ્રશ્ન ૫૪૭—એ જ અંકના પાના ૪૯૨માં એવો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે કે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી

મહારાજા અને ગુણસ્થાનકક્રમારોહકાર નિગોદમાં મિથ્યાત્વ માને છે એટલે એને ગુણસ્થાનક ગણી શકાય કે નહિ ? અને જો ગુણસ્થાનક ન ગણી શકાય તો એ ગુણસ્થાનકની બહાર ગણાવા જોઇએ ?

સમાધાન—ભદ્રકપણાના યોગેજ મિથ્યાત્વને ગુણસ્થાનક માનનારા નિગોદ આદિમાં મિથ્યાત્વ માનશે પણ ગુણસ્થાનક નહિ માને.

પ્રશ્ન ૫૪૮—એ જ અંકના ૪૮૨મા પાના ઉપર એવું લખેલું જોવામાં આવે છે કે-'પહેલે ગુણઠાણે અશુદ્ધવ્યવહારવાળો નરકમાં નહિ જાય' એનો અર્થ શું ?

સમાધાન—તેનો અર્થ એ છે કે તે ગુણઠાણે રહેલા અશુદ્ધ-વ્યવહારવાળા જીવો માટે નરકને યોગ્ય સામગ્રીજ નથી, અને તેથી તે નરકે ન જાય એ સ્વાભાવિક છે.

પ્રશ્ન ૫૪૯—ચૌદમે ગુણસ્થાનકે સાતમી નરકનાં કર્મ હોય ખરાં કે ?

સમાધાન—ના. ચૌદમે ગુણસ્થાનકે સાતમી નરકનાં કર્મ હોતાં નથી. જો એ ગુણસ્થાનકે સાતમી નરકનાં કર્મો ન જ હોય તો પછી એ કર્મો કર્મની કયી શ્રેણીમાં આવે ? તેનો પ્રશ્ન જ રહેવા પામતો નથી.

પ્રશ્ન ૫૫૦—પુણ્યકર્મો નિકાચિત હોય કે નહિ ?

સમાધાન—હોય છે.

પ્રશ્ન ૫૫૧—ભોગાવલી કર્મ એટલે શું ?

સમાધાન—મોહનીય-કર્મ અને ભોગાવલી બાકી એટલે મોહનીય-કર્મ બાકી સમજવું.

પ્રશ્ન ૫૫૨—એક મનુષ્ય છે તે લૌકિકફળની ઇચ્છા રાખીને લૌકિકફળો પામવા માટે જ સુદેવની આરાધના કરે છે તો તેની એ આરાધનામાં મિથ્યાત્વ રહેલું છે એમ માની શકાય કે નહિ ?

સમાધાન—કોઈ મનુષ્ય લૌકિકફળની ઇચ્છા રાખીને લૌકિકફળો પામવા માટે જ સુદેવની આરાધના કરતો હોય તો તેને આપણે મિથ્યાત્વી કહી શકતા નથી. જો તેને તત્ત્વની પ્રતીતી હોય અથવા તે સુદેવોને માનનારો હોય તો લૌકિકફળની ઇચ્છાપૂર્વકની તેની આરાધના એ દ્રવ્યક્રિયા ગણી શકાય, પણ મિથ્યાત્વ કહી શકાય નહિ.

પ્રશ્ન ૫૫૩—જ્ઞાન થયા પછી રાગ–દ્વેષ થાય તો એ જ્ઞાન તે જ્ઞાન જ નથી, વાસ્તવિક જ્ઞાન થાય તો એ જ્ઞાનનું એ પરિણામ આવવું જ જોઈએ કે વર્તન સુધરે, એનો અર્થ શું ?

સમાધાન—એનો અર્થ સમજવો બહુ જ સરલ છે. જ્ઞાન એ ચીજ એવી છે કે ત્યાં રાગ અને દ્વેષ સંભવતા જ નથી. જેમ કોઈ માણસ પોતે હાથ વડે હિંસા કરી રહ્યો હોય અને મોઢે એમ કહે કે 'હું જૈનધર્મને પાળનારો છું' તો તેની અહિંસાવૃત્તિ તેનું પ્રત્યક્ષ કાર્ય કબુલ રાખી શકે નહિ, તે જ પ્રમાણે રાગ–દ્વેષ એ પ્રત્યક્ષ વસ્તુઓ જ્યાં હોય ત્યાં તેને જ્ઞાન કહી શકાય નહિ. પાણી પડવાથી તેનું સ્વભાવસિદ્ધ એ પરિણામ આવવું જ જોઈએ કે વૃક્ષ પ્રફુલ્લિત થાય તેજ પ્રમાણે જ્ઞાનનું એ પરિણામ પણ થવાની જરૂર છે કે તેથી વર્તન સુધરે, સૂર્ય ઉગે અને પ્રકાશ ન પથરાય એ શક્ય નથી તેજ પ્રમાણે જ્ઞાન થાય અને કાર્યો ન સુધરે એ પણ શક્ય નથી.

પ્રશ્ન ૫૫૪—અશક્તિ અથવા આસક્તિને લીધે જિનાજ્ઞા પ્રમાણેનું વર્તન ન થાય તો ભલે, પણ તેનાથી વિરૂદ્ધનું વર્તન તો ન જ થવું જોઇએ એમ આપશ્રીએ જણાવ્યું છે તો પછી એ જણાવવાની જરૂર છે કે શ્રાવકને માટે આજ્ઞાવિરૂદ્ધની કઇ કઇ વસ્તુઓ છે? અને તેનું ટુંકું સ્વરૂપ શું ?

સમાધાન—આજ્ઞાનું આરાધક–વિરાધકપણું, જિનેશ્વર મહારાજે કહેલાં તત્ત્વોની શ્રદ્ધાનો સદ્ભાવ અને તેના અભાવને અંગે છે, તેથી જ

(૧૭) સત્તરમાં પ્રવર્તેલો હોય છે, તો પણ સમ્યગ્દૃષ્ટિ આરાધક ગણાય છે અને જીવહિંસા વિગેરે સત્તરે સ્થાનમાં ન પ્રવર્ત્યો છતાં મિથ્યાદૃષ્ટિ હોય તો વિરાધક ગણાય છે. અને નિહ્નવો વગેરે વ્યવહારથી પાંચ મહાવ્રત, શુદ્ધ-સાધુપણું પાળનાર છે તો પણ વિરાધક ગણાય છે.

પ્રશ્ન ૫૫૫—કેવલ દાન, શીલ, તપ, ભાવમાં ધર્મ માનવામાં શી હરકત આવે છે?

સમાધાન—જો ભાવમાં સુદેવાદિને ભાવધર્મ અને તત્પૂર્વક દાનાદિ ધર્મ લે તો અડચણ નથી. બાકી વાંધો છે, તે બીના પ્રવૃત્તિરૂપ ધર્મ અને પરિણામધર્મની વ્યાખ્યામાં સ્ફુટ વારંવાર કરેલ છે.

પ્રશ્ન ૫૫૬—જગતમાં અનેક ધર્મોનું અસ્તિત્વ છે. દરેક ધર્મવાળા પોતપોતાના ધર્મ-સંસ્થાપકોને અથવા ધર્મ-પ્રવર્તકોને ઇશ્વરાવતાર ઇશ્વરના દૂત કિંવા ભગવાન્ માને છે તો પછી સત્યની દષ્ટિએ એકની માન્યતા સાચી અને બીજાની જુઠી એ કેવી રીતે માની શકાય?

સમાધાન—પિત્તલને કોઈ સુવર્ણ કહી દે તો કોઈ રોકી શકતું નથી, તેવી જ રીતે અધર્મને પણ ધર્મ કહી શકે છે, પણ સુવર્ણ છે કે પિત્તલ છે તેને માટે જેમ કષ-તાપ-છેદ સાધનરૂપ છે તેમ શાસ્ત્રકારોએ, ધર્મ છે કે અધર્મ તે તપાસવા માટે કષ-તાપ-છેદ રૂપ સાધન રાખ્યાં છે.

પ્રશ્ન ૫૫૭—પ્રતિક્રમણ-સામાયિક લેવાનું, સાત લાખ, વંદિત્તા-સૂત્ર, શાંતિ વિગેરેમાં જે ઘીનો ચઢાવો બોલાય છે તેના દ્રવ્યથી કટાસણાં, ચરવળાં, સંથારીયા, મુહપત્તિ આદિ પૌષધ, સામાયિકનાં ઉપકરણો લાવી શકાય કે કેમ?

સમાધાન—ન લાવી શકાય, અર્થાત્ જ્ઞાનના સાધનોમાં તેનો ઉપયોગ થઈ શકે.

પ્રશ્ન ૫૫૮—પ્રભુપૂજા કરતી વખતે ભગવાનની પ્રતિમાના પૂજન માટે ફુલો ન મળી શકે તો લવંગ ચઢાવી શકાય કે નહિ?

સમાધાન—ફુલ મેળવવા માટે વિશેષ ઉદ્યમ કરવો જ જોઇએ, પુરેપુરો શ્રમ લઈને, કરવી જોઈએ તેટલી સઘળી મહેનત લઇએ અને આપણા પ્રમાદનું જરા પણ કારણ ન રાખીએ તે છતાં જો ફુલ નહિ જ મલી શકતા હોય તો પછી લવંગ ચઢાવી શકાય. એનો અર્થ એ નથી કે ફુલ શોધવાને માટે આંખ આડા કાન કરીને લવંગ ચઢાવે જવા.

પ્રશ્ન ૫૫૯—કોઈ વ્યક્તિની જ્ઞાતિમાં અથવા કુલપરંપરામાં પુનર્લગ્નની પ્રથા છે અને તે છતાં વ્યક્તિ જૈન છે, માત્ર પૂર્વપરંપરાએજ તે વ્યક્તિની જ્ઞાતિમાં પુનર્લગ્નની પ્રથા છે તો તે વ્યક્તિ (બન્ને) શ્રી જિનમંદિરમાં આવીને પૂજા, આંગી, સ્નાત્ર આદિ કરી શકે કે નહિ?

સમાધાન—પૂજા, આંગી, સ્નાત્ર, આદિ કરી શકાય.

પ્રશ્ન ૫૬૦—ઉપર જણાવેલી વ્યક્તિ સારી સ્થિતિની હોય એટલે કે તેની પાસે પૈસો-ટકો, ધન-સમ્પત્તિ ભરપૂર હોય અને તે પ્રભુજીને મુકુટ કુંડલ આદિ ભેટ ધરવા માગતો હોય તો એ ભેટ ધરી શકે ખરો કે નહિ?

સમાધાન—ભેટ ધરી શકે છે.

પ્રશ્ન ૫૬૧—ઉપર જણાવેલો માણસ જે કાંઈ ભેટ વિગેરે ધરે તે સંઘના આગેવાનોએ સ્વીકારવી ખરી કે નહિ?

સમાધાન—ઉપર પ્રમાણે જણાવેલી ભેટો સ્વીકારવી ઘટિત છે અને તે સ્વીકારવામાં કોઈ પણ જાતનો દોષ લાગતો નથી.

પ્રશ્ન ૫૬૨—જ્ઞાતિ-બંધારણો અને ધાર્મિક-બંધારણો એ બન્નેમાં મેળ ખરો કે નહિ?

સમાધાન—જ્ઞાતિના બંધારણોમાં અને ધર્મના બંધારણોને પરસ્પર મેળ છે પણ તે કેટલીક બાબતમાં છે અને કેટલીક બાબતમાં નથી. અભક્ષ્ય અને અપેય જેવી વસ્તુઓના ત્યાગ માટે એ બન્નેને મેળ ખરો પરંતુ તેમાં એ યાદ રાખવાની જરૂર છે, અને એ વસ્તુ ભૂલાવી ન જોઇએ તે વસ્તુ એ છે કે જ્ઞાતિના બંધારણો પહેલાં અને ધર્મનાં બંધારણો તેને અનુસરતાં જ એમ નથી જ પરંતુ ધર્મનાં બંધારણો પહેલાં હોય તેને અનુસરતાં જ બંધારણો જ્ઞાતિએ ઠરાવેલાં છે અને તેવાં જેટલાં બંધારણો છે તેમાં બન્નેને પુરો મેળ છે.

પ્રશ્ન ૫૬૩--જૈનધર્મને માનનારો પછી તે ગમે તે જ્ઞાતિનો છે (દશો, વીશો, પાંચો, ભાવસાર, નીમો, લાડવા, આદિ) તે માણસ જૈનધર્મની ક્રિયાઓમાં ભેદભાવ વિના ભાગ લેવાને માટે હક્કદાર ખરો કે નહિ?

સમાધાન—આત્મભાવમાં તો પૂર્ણ હક્કદાર છે; પરંતુ વ્યવહારોને પણ ધ્યાનમાં લેવા તો જોઈએ કારણ કે કેટલાક વ્યવહારો પણ ધર્મની ધારણાથી ઘડાયા છે.

પ્રશ્ન ૫૬૪—શું મગધમાં ઉત્પન્ન થયેલી ભાષાનું નામ માગધી છે એ વાત ખરી છે?

સમાધાન—ના. '**मागधानां इयं मागधी। के मागधाः? भट्टा मङ्गलपाठकाः**' અર્થાત્ સૂર્યોદય વખતે રાજા મહારાજાઓ પાસે મંગલ-સૂચક શબ્દ બોલનારા અને રાજાઓની પેઢી પરંપરાના ઇતિહાસોને જાણનારાઓની ભાષા તેનું નામ માગધી ગણાય અને તે માગધી ભાષા (અઢાર દેશ મિશ્રિત ભાષા) છે.

પ્રશ્ન ૫૬૫--સત્યવ્રત ને બદલે મૃષાવાદવિરમણવ્રત કેમ રાખ્યું?

સમાધાન—સત્ય બોલવું એ વ્રત તો જગતમાં કોઈ પાળી શકે જ નહિ, તેમજ વ્યવહારભાષા અસત્યામૃષા એટલે સાચી પણ

નહિ અને જુઠી પણ નહિ એવી બોલાય છે માટે સાચી વાત બોલી નાખવી તે સામાન્યતઃ અશક્ય છે. સમવસરણસ્થ જીવના સર્વભાવ પ્રભુ જાણે છે છતાં તે બધા બોલી નાખે નહિ. આથી જુઠું બોલવાથી વિરમવું એ વ્રત રાખ્યું અર્થાત્ જુઠું બોલવું નહિ.

પ્રશ્ન ૫૬૬—એક બાઈની પૂર્વાવસ્થા વ્યભિચારમાં ગયેલી છે, પણ ધર્મ પામ્યા પછી ગુરુ પાસે આલોચના લે છે, ત્યારબાદ ખોરાકી પોશાક માટે સસરા પર ફરીયાદ માંડે છે એ ભરણ–પોષણ આપવાની બાબતમાંથી છટકી જવા માટે આલોચના દેનાર ગુરુને સાક્ષીમાં લાવે તો ગુરુ સાક્ષીમાં શું બોલે ?

સમાધાન—બાઈની પૂર્વચર્યાના પુરા માહિતગાર છતાં ગુરુ કહી શકે કે મારા ધર્મના હિસાબે હું તે સંબંધમાં કહી શકતો નથી, અર્થાત્ મૃષાવાદ વિરમણવ્રત હોવાથી જુઠું ન બોલવું પણ સાચું બોલી નાંખવું તે નથી, એ પણ આ દૃષ્ટાંતથી સાબિત થાય છે.

પ્રશ્ન ૫૬૭—હિંસા કરવાથી ધર્મ થાય છે એમ માનીને જેઓ હિંસા કરે છે તેમનામાં અને ધર્મકાર્યો કરતાં જે હિંસા થઈ જાય છે તેવી હિંસા કરનારાઓમાં શું ફેર છે ? અને જો તેમની વચ્ચે ફેર હોય તો એ તફાવત કઈ રીતે છે ?

સમાધાન—તમે જે બે પ્રકારો દર્શાવો છો તે બન્ને પ્રકારોમાં આસમાન જમીનનો ફેર છે. જેઓ ધર્મને માટે હિંસા કરે છે તેઓ તો એવી સમજણ ધરાવનારા છે કે જેમ હિંસા વધારે થાય છે તેમ વધારે ધર્મ થાય છે. ધર્મને માટે વરસમાં ઠરાવેલે દિવસે જેઓ ગાયો, બળદો, બકરાં, ઇત્યાદિ પ્રાણીઓનો વધ કરે છે તેઓ એમ માને છે કે જેમ વધારે હિંસા થાય છે તેમ વધારે ધર્મ થાય છે. આવી માન્યતા રાખીને જેઓ હિંસા કરે છે તેઓ હિંસા પરત્વે લક્ષ રાખતા હોવાથી એ હિંસાને માટે તેઓ ભાગીદાર છે. હવે બીજો પ્રકાર વિચારો આચાર્ય-

મહારાજા, સાધુમહારાજા, આવવાના હોય ત્યારે એ સમાચાર સાંભળીને સકલ સંઘ તેમને લેવાને માટે જાય છે. એ પ્રસંગે પણ પગ તળે અળસીયાં, કંથુઆ, ઝીણા જીવ, કીડીઓ વિગેરે આવે છે, લીલી લીલોતરીનો કચ્ચરઘાણ વળી જાય છે, કાચા પાણીનો હિસાબ રહેતો નથી અને એ રીતે હિંસા થાય છે છતાં અહિં ધર્મ રહેલો છે. અહિં ધર્મ રહેવાનું કારણ એ છે કે અહિં જે હિંસા થાય છે તેમાં હિંસા કરવાનું લક્ષ્ય નથી પરંતુ લક્ષ્ય ધર્મનું જ છે, આજ કારણથી આ હિંસા અને ઈશ્વરને રાજી રાખવા થતી હિંસા એ બેને સરખી ગણી શકાય જ નહિ. જેઓ આ બંને પ્રકારની હિંસા સરખી માને છે તેઓ હિંસા શબ્દનો પરમાર્થ (પરમ-અર્થ, ખરો અર્થ, મુખ્ય અર્થ, પરમાર્થ એટલે વાસ્તવિક અર્થ) સમજી શકતા જ નથી. પહેલો વર્ગ સાફ સાફ રીતે એમ માને છે કે જેમ જેમ વધારે હિંસા તેમ તેમ ધર્મ વધારે, જેમ જેમ ઓછી હિંસા તેમ તેમ ધર્મ ઓછો. બીજો પ્રકાર એવો છે કે તેમનું હિંસા પરત્વે લક્ષ્ય નથી. દહેરે જવું, સાધુઓને વળાવવા જવું. વ્યાખ્યાન સાંભળવા જવું વગેરે કાર્યોમાં હિંસા થાય છે ખરી પરંતુ આ શાસનમાં ધર્મને અંગે હિંસાનું કર્તવ્ય નથી. ભગવાનની પ્રતિમાજીને જેમ વધારે ફૂલો ચઢાવ્યાં તેમ વધારે જીવો મરી ગયા માટે ત્યાં વધારે ધર્મ થયો છે એમ આ શાસન માનતું નથી. આથી જ ઉપર જણાવેલા બંને પ્રકારોમાં ફેર છે, એ સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૫૬૮—'સાધુ' પદની વ્યાખ્યા કરતાં તમે જ્ઞાન અને ક્રિયા એ બેમાં ક્રિયા એટલે ચારિત્ર મુખ્ય છે એમ જણાવો છો અને એ માટે તમે નિર્યુક્તિકાર ભગવાનનું સૂત્ર બતાવો છો કે '**चरणगुणट्ठिओ साहु**' પરંતુ તેમાં મુખ્યતા ચારિત્રની છે એ શા ઉપરથી સાબિત કરો છો ?

સમાધાન—સામાન્યતઃ એ સૂત્રનો અર્થ તો એટલો જ નીકળશે કે 'ચારિત્ર અને જ્ઞાન ગુણમાં રહેલો સાધુ.' પણ જો તમે એ સૂત્રના અર્થની ઉંડાણમાં ઉતરશો તો તમારી શંકાને તમે પોતે પણ ટાળી

શકશો. જે સૂત્ર તમે જણાવો છો તેમાં 'चरण' શબ્દ પહેલાં કેમ છે અને गुण શબ્દ પછી કેમ છે? એના સમાધાનમાં તમે એમ કહેશો કે અલ્પ સ્વરવાળો શબ્દ પહેલો આવે અને વધારે સ્વરવાળો શબ્દ પછી આવે, પણ તેજ સાથે એને પણ ખ્યાલ રાખવાનો છે કે અધિક પૂજનીય હોય તેજ પહેલો આવે છે અને ઓછી પૂજનીકતાવાળોજ પછી આવે છે, એજ રીતે 'चरण' એ અધિક પૂજનીય હોવાથી તે પદ પહેલું આવ્યું છે અને 'गुण' એ ઓછી પૂજનીકતાવાળું હોવાથી તે પછીથી આવે છે. વ્યવહારમાં પણ તમે જોશો કે વધારે આવશ્યકતાની સાથે પૂજનીક વસ્તુ જ પહેલી આવે છે. 'બાપ દીકરો' 'મા દીકરી' 'શેઠ નોકર' આ સઘળા સામાજિક શબ્દો છે પરંતુ તમે તેમાંએ ઝીણવટથી તપાસશો તો તમોને માલમ પડી આવશે કે જેનું મહત્વ વધારે છે તેજ શબ્દ પહેલો આવે છે. અજૈનોમાં પણ એમ જ છે. તેમના સાહિત્યમાં પણ મહત્તાવાળો શબ્દ પહેલો અને બાકીના પછી આવે છે. એ ન્યાયે ચારિત્ર શબ્દ પહેલો આવેલો હોઈ તેમાં મહત્તા વધારે અને તત્પશ્ચાત્ જ્ઞાન શબ્દ આવેલો હોઇ તેની પૂજનીકતા ઓછી સાબિત થાય છે. અર્થાત્ નિર્યુક્તિકારે ચારિત્રવાચક શબ્દ પહેલો મૂકીને ચારિત્રની અધિકતા વ્યક્ત કરી છે.

પ્રશ્ન ૫૬૯—કચરો લગાડીને તે સાફ કરવો અર્થાત્—કપડાં કાદવમાં બોળવાં અને પછી તે ધોવાં-ધોઈ નાંખવાં તેના કરતાં કપડાંને કાદવ નજ લાગવા દેવો એ વધારે સારૂં છે તો પછી શા માટે તીર્થંકર નામકર્મ બાંધીને તે ખપાવવું તેના કરતાં એ નજ બાંધવું તે શું બેહેતર નથી?

સમાધાન—ના, કારણ કે આ પ્રશ્ન પૂછતાં પહેલાં તીર્થંકર નામકર્મ શા મુદ્દાથી બંધાય છે તેનો વિચાર કરવો જોઈએ. તીર્થંકર નામકર્મ એ કચરો નથી પરંતુ કચરાને સાફ કરનારો ઉંચા પ્રકારનો સાબુ છે. તે કપડાંમાં નાખવામાં આવે છે. તે પણ ત્યાં હંમેશ

માટે રાખી મૂકવામાં આવતો નથી અર્થાત્-સાબુ કાઢી નાખવાનો છે એમ જાણીને સાબુને નંખાય છે. પરંતુ એ સાબુને પણ ધોઈ નાખવામાંજ આવે છે. સાબુને ધોઈ નાખવાનો છતાં કચરો સાફ કરવાના ઉદ્દેશથી તે નાંખવો જરૂરી છે; તે જ પ્રમાણે તીર્થંકર નામકર્મની પણ સ્થિતિ છે. જગતના જીવો કઠણ કર્મના કચરાથી રંગાએલા છે, તેમનો કચરો ધોવાને માટે તીર્થંકર નામકર્મરૂપી સાબુ, દેવાધિદેવે ત્રીજા ભવમાં ઉપયોગમાં લીધો છે, એથી જગતનો કચરો સાફ થાય છે અને જેમ સાબુ પણ કચરાને સાફ કરતો હોવા છતાં છેવટે તેને પણ ધોઇ નાખવો પડે છે તેવી રીતે તીર્થંકર નામકર્મની પણ દેશનાદિદ્વારાએ ક્ષય થવાની સ્થિતિ છે.

પ્રશ્ન ૫૭૦—તીર્થંકર નામકર્મ હોય તો મોક્ષ નહિ અને મોક્ષ હોય તો તીર્થંકર નામકર્મનો ઉદય નહિ, તો પછી જે સમયમાં તીર્થંકરદેવો મોક્ષે જાય છે તે સમયમાં તીર્થંકર નામકર્મનો ઉદય નથી તો પછી તીર્થંકરદેવનું મોક્ષકલ્યાણક કેમ માનો છો ?

સમાધાન—'कडेमाणे कडे' 'विगलिज्जमाणे विगलिए' એ વચનના નિયમથી તીર્થંકર નામકર્મના ઉદયના છેલ્લા સમયે મોક્ષ માનીએ તો મોક્ષકલ્યાણક માનવામાં અડચણ નથી.

પ્રશ્ન ૫૭૧—આદ્યતીર્થંકર ઋષભદેવે પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું. ચરમતીર્થપતિ મહાવીર મહારાજાએ દેવદૂષ્ય આપ્યું, સર્વ તીર્થંકરોએ સાંવત્સરિક દાન દીધાં, તો પછી એ દાન લઈને તેનો ભોગવટો કરનાર દેવદ્રવ્યના ભોગી ખરા કે નહિ ?

સમાધાન—નહિ જ. જેઓ તે દ્રવ્યનું દાન લે છે તેઓ દેવદ્રવ્યના ભોગી ગણી શકાતા નથી. દેવદ્રવ્યની વ્યાખ્યા સાંભળવાથી તમારો આ પ્રશ્ન સહજ દૂર થઈ શકશે.

પ્રશ્ન ૫૭૨—જો દેવદ્રવ્યની વ્યાખ્યા શાસ્ત્રાધારે જાણી શકવાથી શંકા ટળતી હોય તો તે વ્યાખ્યા જણાવવાની વિનંતી છે.

સમાધાન—જિનેશ્વરોની ભક્તિ, પૂજા, બહુમાન માટે આશાતના ટાળવા માટે, શરીરના અંગ ઉપાંગની રચના માટે, એકઠું કરાતું દ્રવ્ય તે દેવદ્રવ્ય છે.

પ્રશ્ન ૫૭૩—'से उदओ केवलिणो' એ પદનો અર્થ શો ?

સમાધાન—તીર્થંકર નામકર્મનો ઉદય કેવલીપણામાં હોય છે એ ઉપરના શબ્દોના સ્પષ્ટ રીતે થતા અર્થ ઉપરથી જ જાણી શકાય છે.

પ્રશ્ન ૫૭૪—તીર્થંકર નામકર્મનો ઉદય કેવલીપણામાં છે તો પછી ભગવાન માતાના ગર્ભમાં આવ્યા તે વખતે દેવેન્દ્રોએ તીર્થંકર માનીને સ્તવ્યા, વાંદ્યા અને પૂજ્યા, ઇન્દ્રાસનો ચલાયમાન થયાં, જન્મ થયા બાદ પણ તીર્થંકર માનીને મેરૂશિખર પર દેવદેવેન્દ્રોએ, ઇન્દ્રાણીઓએ, ભક્તિપુરસ્સર સ્નાત્રમહોત્સવાદિ કર્યા, લોકાંતિકોએ ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે ઉદ્‌ઘોષણા કરી, તીર્થંકર માનીને દીક્ષા મહોત્સવ દેવેન્દ્રોએ અને નરેન્દ્રોએ કર્યા વિગેરે બીનાઓ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, અર્થાત્–ચ્યવનની શરૂઆતથી તીર્થંકર માનનારા પાંચ કલ્યાણક તરીકે આરાધનારા આપણે કેવલીપણામાં તીર્થંકર નામકર્મનો ઉદય છે એ કેવી રીતે માની શકીએ ? અને જો તે વાત સાચી ઠરે તો બાકીના ચ્યવન, જન્મ, દીક્ષા, આદિમાં તીર્થંકરપણું માની શકીએ કે નહિ ?

સમાધાન—શાસ્ત્રના આપેક્ષિક વચનો વ્યવસ્થાપૂર્વકનાં છે તે સમજવાને માટે બુદ્ધિ ખર્ચવી પડશે, ચ્યવનથી માંડીને બધા કલ્યાણકોમાં તીર્થંકર નામકર્મનો ઉદય છે એ વાત પણ સાચી છે પરંતુ શાસ્ત્રકારનો મુદ્દો એ છે કે ચ્યવનના કલ્યાણકારી અવસરમાં પ્રકૃષ્ટ પુણ્યસંભારનો ઉદય થાય છે અને તે પ્રબળ પુણ્યનો સંપૂર્ણ ભોગવટો કેવલીપણામાં થાય છે અર્થાત્ તે મુદ્દાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે.

પ્રશ્ન ૫૭૫—સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત પ્રતિમાધારીઓ ક્રોડપૂર્વ સુધી ચારિત્ર પાળવાવાળા જે નિર્જરા કરે તેના કરતાં અસંખ્યાતગુણી નિર્જરા સમ્યક્ત્વ પામતી વખતે હોય તે શું ? ચોથે–પાંચમે–છઠ્ઠે ગુણ-ઠાણે રહેલો જે કર્મ તોડે તેના કરતાં સમ્યક્ત્વ પામતી વખતે અસંખ્યાતગુણાં કર્મ તોડે એ શું ? આ તો ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણઠાણાની મહત્વતા ઘટાડો છો એમ નથી સમજાતું ?

સમાધાન—દુનિયાદારીની અપેક્ષાએ સમજો એક દરિદ્રી મનુષ્ય છે કે જેને પૈસાનું શાક લાવવું હોય તો પાંચની પાસે તેને હરદમ આંસુ ઢાળવા પડે છે. તેવા દરિદ્રને ભાગ્યશાળી પરોપકારી મલ્યો, મળતાં તેણે ચોપડો દેખાડ્યો અને ચોપડામાં રહેલી નજરે ન પડે તેવી એક લાખની રકમ બતાવી તે વખતે તે દરિદ્રીના હૃદયનો ઉલ્લાસ તપાસો, જો કે તે ઉઘરાણી જશે, સામો માણસ આનાકાની કરશે, આનાકાની કરતી વખતે અને તે પછી દાવો કરવો પડશે, હુકમનામું થશે, બજવણી થશે, ત્યારે રૂપીઆ ઘર ભેગા થશે પણ તે બધા કાળમાં જે ઉલ્લાસ થાય તેના કરતાં લાખની રકમ નજરે પડે તે આનંદમાં મહાન્ ફરક છે, તેવી રીતે આત્મા દરિદ્રી થઇ બેઠો છે, તે વખતે શાસ્ત્રકારોએ ચોપડારૂપ શાસ્ત્ર-દ્વારાએ અમૂલ્ય વારસારૂપ વ્યક્તિગત રહેલું કેવલજ્ઞાનાદિ દેખાડ્યું તે વખતે સમ્યગ્દર્શન પામવાની અમોઘ પળ છે, અપૂર્વ દર્શનની અલૌ-કિકતા છે. આથી જ એ સિદ્ધ થયું કે સમ્યગ્દર્શન પામવાવાળાને, દેશવિરતિવાળા અને સર્વવિરતિવાળા કરતાં અસંખ્યગુણી નિર્જરા સમ્યગ્દર્શન પામતી વખતે છે. આસામી સદ્ધર દેખ્યા પછી હક્કનો વારસો વસુલ કરવામાં વિલંબ જરાકે થતો નથી, તેવી રીતે સમ્યક્ત્વ શાસ્ત્રાધારે નક્કી થયા પછી આ આત્મા શાહુકાર છે તે પોતાનો સર્વ-ગુણમય અમોઘ વારસો હસ્તગત કરશે તેમાં શંકાને સ્થાન નથી.

પ્રશ્ન ૫૭૬—સમ્યક્ત્વ પામતી વખત પ્રથમ મનોરથ કયા હોય ?

સમાધાન—સમ્યકૃત્વ પામતી વખતે કેવલજ્યોતિ પ્રગટાવવા અમોઘ મનોરથ આવિર્ભાવ પામે છે.

પ્રશ્ન ૫૭૭—સમકિતી બાપની પ્રવૃત્તિ પુત્ર પ્રત્યે કેવી હોય ?

સમાધાન—ચાણાક્યનો જન્મ થયો ત્યારે તે દાંત સહિત અવતર્યો. દાંત સહિત કોઈ પણ બાલક અવતરતું નથી, અવતર્યું હોય તેમ સાંભળ્યું પણ નથી, છતાં દાંતસહિત બાલક અવતર્યો એ આજે નજરોનજર જોયું; એટલે તેને આશ્ચર્ય થયું. પાસેના મકાનમાં ગ્રામાનુગ્રામ વિહાર કરીને શ્રી આચાર્યદેવ જ્ઞાનવાન્ આવેલ હતા તેમને પૂછ્યું, ઉત્તરમાં રાજા થશે. એમ કહ્યું. રાજા થશે એ સાંભળીને આજે ઢોલ પીટવા મંડી જાઓ છો, પણ તે વખતે તેમ ન બન્યું ત્યારે શું બન્યું ? તે તપાસો. રાજા થશે એ શબ્દ સાંભળતાં જ શ્વાસ ઉડી ગયો. જુઓ સમકિતીની સાચી સમજણ ? દયાળુ સમકિતીરૂપ ક્ષત્રિયના ખોળામાં આવેલી ભવ્યરૂપ બકરીનો વાળ વાંકો ન થાય, તેવી રીતે પવિત્ર જૈનધર્મવાળાના કુળમાં જન્મેલો પુત્ર નરકાદિક દુઃખનો ભાગીદાર થાય એ બનેજ નહિ; તુરત જ સોનીને ઘેરથી કાનસ મંગાવીને દાંતો ઘસી નાંખ્યા. છોકરો રાજા થવાનું બાપને ન ગમે એ કલ્પના અત્યારે કયા ખુણામાં સમકિતીના હૃદયમાં વસે છે ? તે વિચારો. અઢાર પાપસ્થાનકની આલોચના આત્માને હિતકારી હોય છે, એટલું જ નહિ પણ તે પાપપ્રવૃત્તિ દેખનાર બીજાના હૃદયને આલોચનાના માર્ગમાં ખીંચનારી થાય છે તેવી પ્રવૃત્તિ ચાણાક્યના પિતાની હતી.

નિર્ધનતા રૂપ પાપને પરાણે લાવવાની તજવીજ કરનારો અને પુણ્યના દુન્યવી સુખો રૂપ ફલને પોક મૂકાવનારો ચાણાક્યનો બાપ સમકિતદૃષ્ટિ હતો તે તેની કરણી સાક્ષી પૂરે છે. રાજઋદ્ધિને ભયંકર ગણનારા, ગણીને ભયંકર રીતિએ પ્રવૃત્તિ કરનારા તે કાળમાં પ્રભુશાસનને શોભાવતા હતા.

પ્રશ્ન ૫૭૮—શિખામણ લાગે કોને ?

સમાધાન—હૃદયમાં ધર્મસંબંધી લાગણી હોય તેવાઓને શિખામણ તરતજ લાગે છે.

પ્રશ્ન ૫૭૯—વચન ને વિચારમાં ફેર શો ?

સમાધાન—પાપસ્થાનકને રોજ વચન દ્વારાએ આલોવો છો છતાં પાપને પાપરૂપ માનવાના વિચારથી હજુ રંગાયા નથી. બે હજાર થયા, પાંચ હજાર થયા, દશ હજાર, વીસ હજાર, લાખ, બે લાખ થયા અગર થાય તે વખત પાપ વધ્યું, અગર પાપ વધે છે એમ લાગતું નથી; કારણ વચન–વિચારની સામ્યતાથી કેવો લાભ છે તે સમજાયો નથી અર્થાત્ આ બન્નેનો યથાર્થ ફરક તપાસ્યો નથી.

પ્રશ્ન ૫૮૦—પાપ બે પ્રકારનાં કયાં ?

સમાધાન—ઘાતી અને અઘાતી, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ઘાતી, અને તે સિવાયનાં બાકીનાં ચાર અઘાતી પાપ છે.

પ્રશ્ન ૫૮૧—એ બે પાપની શક્તિ કેટલી ?

સમાધાન—અઘાતી પાપો પુદ્ગલને પોક મૂકાવે છે પણ ઘાતી પાપો તો આત્માને પોક મૂકાવે છે.

પ્રશ્ન ૫૮૨—દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય, મોહ, અને અંતરાયરૂપ ચાર ઘાતી કર્મ અંશે પણ હિત કરતા નથી, પણ ચાર અઘાતીકર્મ કંઈક અંશે લાભ કરી દે છે એ શું ?

સમાધાન—લાંબુ આયુષ્ય, ઉત્તમ સંઘયણ, ઉચ્ચગોત્રમાં ધર્મની સામગ્રી પામવાના સંજોગો થાય એ રીતે ચાર અઘાતી કર્મો કંઇક અંશે લાભદાયી છે, પણ ઘાતી તરફથી તો લેશ પણ લાભ નથી.

પ્રશ્ન ૫૮૩ -નિયાણું એટલે શું ?

સમાધાન—નિયાણું એટલે આત્મહિતકાર્યનો શત્રુ.

પ્રશ્ન ૫૮૪—દીક્ષા લેનારાઓ કંટાળીને શું નિયાણાં કરે છે ?

સમાધાન—હા; સાધુ થનારાને ઘરના પ્રતિબંધમાંથી એટલું વેઠવું પડેલું હોય છે કે જેથી મરતી વખતે તેઓ નિયાણું કરે કે કુટુંબ ન હોય ત્યાં જન્મું, રિદ્ધિ સિદ્ધિ સંજોગો ન હોય ત્યાં જન્મું, કે જેથી નિર્વિઘ્ને દીક્ષા લઈ શકું. આ નિયાણું કરવું તે પણ હિતાવહ તો નથી જ. પ્રભુ મહાવીર ભગવાન્ કહે છે કે–તે નિયાણું કરનારને ધાર્યો સંજોગ મળશે, પણ નિયાણાને લીધે તેને મોક્ષ તો તે ભવમાં નહિ જ મળે, કારણ કે તે નિયાણું મોક્ષને માટે નહિ, પણ દીક્ષા માટે કર્યું છે, અર્થાત્ આત્મા ઉપર મજબુતી ન રહી પણ કુદરત ઉપર મજબુતી રાખવા માટે તેણે આ નિયાણું કર્યું.

પ્રશ્ન ૫૮૫—સુલસાએ પુત્રોની માગણી દેવ પાસે કરી એ અઘટિત ખરૂં કે નહિ ?

સમાધાન—ના, કારણ કે એ વાત તમે અદ્ધરથી લાવ્યા છો. સમ્યક્ત્વીની માગણીઓની રીતિ પણ અજબ હોય છે. પ્રથમ દેવ હાજર થયો તે વખતે કહ્યું છે કે તારી પાસે આપવાની જે શક્તિ છે તેની મને ન્યૂનતા નથી, જે ન્યૂનતા છે તે આપવા તું શક્તિમાન્ નથી. જ્યારે દેવે કીધું કે દેવદર્શન નિષ્ફળ ન હોય માટે કંઈક માગ ત્યારે પણ તેણે જણાવ્યું છે કે તેમના (મારા પતિના) સંતોષની ખાતર તું તારૂં કથન સફળ કર.

પ્રશ્ન ૫૮૬—અનાદિ હોય અને છેડો ન હોય એ બને પણ અનાદિ હોય અને છેડો પણ હોય એ બને ખરૂં ?

સમાધાન—મિથ્યાત્વ અજ્ઞાનાદિ એ અનાદિના છે એ વાત ખરી પણ તેનો છેડો છે, એટલે નાશ પામી શકે છે. જ્ઞાનાદિ અનાદિના છે છતાં તેનો અંત નથી.

પ્રશ્ન ૫૮૭—તીર્થંકરો ક્ષાયિકસમ્યક્ત્વના ધણી હોય એ વાત સાચી છે ?

સમાધાન—હા, તીર્થંકરો ક્ષાયિકસમ્યક્ત્વના ધણી હોય પણ દેવલોક યા નરકમાંથી આવીને માતાની કુક્ષિમાં આવે તે વખતે, અગર જન્મ ધારણ કરે તે વખતે, અગર તે પછી પણ ક્ષાયિકસમ્યક્ત્વવાળા હોય તેવો નિયમ નથી, પણ ક્ષપકશ્રેણી માંડતી વખત જરૂર ક્ષાયિક થઈ જાય, અને ત્યારબાદ ક્ષાયિકસમ્યક્ત્વના ધણી કહેવામાં લેશભર અડચણ નથી.

પ્રશ્ન ૫૮૮—'સમ્યક્ત્વ હોય તો વ્રતાદિનું ગ્રહણ જ (જકાર-પૂર્વક) ન્યાયયુક્ત છે' એવા અર્થવાળું સૂત્ર શ્રી ધર્મબિંદુમાં છે, તો શું સમ્યકત્વ ન હોય ત્યાં સુધી અગર તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી અણુવ્રતાદિક ગ્રહણ કરવા કે આપવાં નહિ ? અને લીધેલાં હોય તો તે શું નકામા ગણવા ?

સમાધાન—ધર્મબિંદુનું સૂત્ર અણુવ્રતાદિક લેવાદેવાની ઈચ્છાવાળાને સમ્યક્ત્વની જરૂરીયાત જણાવવા માટે છે. તેમજ કર્મક્ષયોપશમના અનુક્રમને જણાવવા માટે છે, એટલે કે પ્રથમ દર્શનમોહનીયનો ક્ષયો-પશમાદિ થઈને જ અપ્રત્યાખ્યાનાદિનો ક્ષયોપશમાદિ થઈ દેશવિરતિ આદિ પ્રાપ્ત થાય છે; પણ તેટલા માત્રથી વ્રતો ન જ અપાય કે ન જ લેવાય એવા વ્રતના નિષેધ માટેનો અર્થ કરાય નહિ. કેમ કે સમ્યક્ત્વના દશ ભેદોમાં ક્રિયારૂચિસમ્યક્ત્વનું સ્વરૂપ જણાવતાં શાસ્ત્રકારો કહે છે કે ચારિત્રાદિક અનુષ્ઠાનો કરતાં જ સમ્યગ્દર્શન ઉપજે તેનું નામ તે ક્રિયારૂચિસમ્યક્ત્વ—અર્થાત્ સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં પણ ચારિત્ર-ક્રિયાનો અસંભવ નથી, વળી માર્ગપ્રવેશને માટે દ્રવ્યસમ્યક્ત્વનો આરોપ કરીને

પણ વ્રતો આપવાનું શાસ્ત્રકારો કહે છે. ચોથા અણુવ્રતના પરવિવાહકરણ નામના અતિચારમાં કન્યાદાનનું ફળ ઇચ્છનાર મુગ્ધમતિને પણ અણુવ્રતો દેવાય એમ જણાવે છે તેમજ સમ્યક્‌ત્વરહિતપણે અનંતા ચારિત્રનાં લિંગ કર્યાં, અને તેથી ગ્રૈવેયક સુધીના દેવલોકનાં સુખોને અનુભવ્યાં એમ જણાવવાથી સ્પષ્ટ થાય છે કે મિથ્યાદષ્ટિપણામાં પણ કરેલા વ્રતોથી પાપ કે દોષ ન લાગતાં પુણ્યબંધ જરૂર થાય છે. જો કે આત્મકલ્યાણને માટે સમ્યક્‌ત્વની પ્રથમ જરૂરીયાત છે, એમાં બેમત હોઈ શકે જ નહિ.

પ્રશ્ન ૫૮૯—આશંસા અને નિયાણામાં ફેર શો ?

સમાધાન—શ્રી અર્થદીપિકાકાર સંલેષણાના અતિચારોમાં રાજા થવું, દેવેન્દ્ર થવું ઇત્યાદિક ઇચ્છાઓને આશંસાપ્રયોગ નામનો સંલેષણાનો અતિચાર જણાવે છે, અને નિયાણાને જુદો પાડી તેને તો ઉપલક્ષણથી લે છે. વળી સદ્‌જ્ઞાનયોગ સિવાયના સર્વધર્મને ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી સાશંસધર્મ કહે છે. સમ્યગ્‌દર્શન થયું એટલા માત્રથી જ મોક્ષને પરમ સાધ્ય માને, તેવી રીતે અર્થકામને પરમ સાધ્ય નહિ માને, પણ અર્થકામની ઇચ્છા રહિતને જો સમ્યગ્‌દર્શનવાળા માનવા જઇએ તો દેશવિરત તથા અવિરતસમ્યગ્‌દષ્ટિ ગુણઠાણામાં રહેલાઓને અર્થકામની આશંસા વગરનાજ માનવા પડે અને જો અર્થકામની આશંસા કે ઇચ્છા ન જ હોય તો તેઓને પરિગ્રહમાં કે આરંભમાં આસક્ત હોવાનું હોય જ નહિ, અને તેમ ન હોય તો તે ચારિત્રપરિણામજ ગણાય, અર્થાત્ સમ્યક્‌ત્વની સાથે અર્થકામની આશંસા કે આકાંક્ષા ન જ હોય એમ કહી શકાય જ નહિ. જો કે સમ્યક્‌ત્વી અર્થકામને અનર્થરૂપ તો માનતો હોવો જ જોઇએ પણ તેથી તેની આકાંક્ષા વગરનો થઈ જાય એવો નિયમ શાસ્ત્રકાર જણાવતા નથી. નિયાણામાં તો ઇચ્છાની તીવ્રતમ દશા હોવાને લીધે શાસ્ત્રકારો મિથ્યાત્વમાં જઇ પડવાનું જણાવે છે.

દરેક નિયાણાવાળાને તે ભવે કે અન્યભવે મિથ્યાત્વ જ હોય એવો નિયમ નથી. કારણ કે વાસુદેવો નિયાણાવાળા હોવા છતાં સમ્ય-

ફ્લવાળા હોય છે, અને નવ નિયાણામાં બધે મિથ્યાત્વનો નિશ્ચય જણાવેલ નથી. આથી સ્પષ્ટ છે કે આશંસા અને નિયાણાં વર્જવા લાયક જરૂર છે, પણ તે બન્ને એક જ રૂપ જ છે. કે તે હોય તો મિથ્યાત્વ જ હોય એવો નિયમ કરી શકીએજ નહિ.

પ્રશ્ન ૫૯૦—ધર્મ વેચીને નિયાણુ કરનારાને નિયાણા મુજબ ન મળે તો તે નિયાણું કેમ કહેવાય ?

સમાધાન—આજે કોઈ કરેલ ધર્મકરણીઓ વેચી સર્વાર્થસિદ્ધ વિમાનની માગણી કરે અને બીજા ભવે ન મળે તેટલા માત્રથી નિયાણું નથી એમ તો ન કહેવાય. અર્થાત્ ઈચ્છાની તીવ્રતમ દશાએ નિયાણું કર્યું તે તો કર્યું અને તેથી થતાં ફળની વાત તો જુદી જ ચીજ છે.

પ્રશ્ન ૫૯૧—ભગવાન્ મહાવીરદેવ ઘરમાં બે વરસ રહ્યા, ત્યાગને અનુસરતી ક્રિયામાં રહ્યા છતાં તે બે વરસ ગૃહસ્થ પર્યાયમાં કેમ ગણ્યા ?

સમાધાન—મહાનુભાવ ? સૂત્રના ઉચ્ચારણપૂર્વક લેવાતી ત્યાગની પ્રતિજ્ઞા તેઓએ લીધેલી નહિ, જેથી તે પર્યાય ગૃહસ્થપણામાં ગણ્યો છે; આથી શાસ્ત્રકારો પ્રતિજ્ઞા પુરસ્સરની ક્રિયાને વિરતિમાં ગણે છે એમ સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૫૯૨—જિનેશ્વરો દેશવિરતિના વ્રતો પૈકી કોઈપણ વ્રત યા નિયમ અંગીકાર કરે કે નહિ ?

સમાધાન—જગદ્વંદ્ય જિનેશ્વરો દેશવિરતિ અંગીકૃત કરે નહિ. અંગીકૃત કરે તો સર્વવિરતિજ કરે.

પ્રશ્ન ૫૯૩—અવધિજ્ઞાનીઓ દેશવિરતિ લઈ શકે કે નહિ ?

સમાધાન—અવધિજ્ઞાન પ્રાપ્ત થાય બાદ, અવધિજ્ઞાન વિદ્યમાન છે એવા અવધિજ્ઞાનીઓ વિરતિ અંગીકાર કરે તો દેશવિરતિ ન જ લે, પણ સર્વવિરતિ જ અંગીકાર કરે.

પ્રશ્ન ૫૯૪—ઉદ્યમ શાનો ? સર્વજ્ઞપણાનો કે વીતરાગપણાનો ?

સમાધાન—વીતરાગપણાનો ઉદ્યમ હોઈ શકે. અર્થાત્ વીતરાગપણું પ્રાપ્ત થયા પછી કાચી બે ઘડીમાં સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન ૫૯૫—"अट्ठ भवाउ चरित्ते" એ વચનથી શાસ્ત્રકારો ભાવચારિત્ર માટે આઠ ભવની મહેનત કરવી જોઈએ એમ કહે છે તેની જગોએ અનંત ભવની મહેનત કેમ કહો છો ?

સમાધાન—એકડો અને કક્કો શીખ્યા પછી એક વરસમાં બાલક બાલવર્ગનું ધોરણ પુરૂં કરી સાત વર્ષમાં સાત ધોરણ પુરાં કરી શકે પણ સાચો એકડો અને સાચો કક્કો તો કરતાં આઠ વરસ પછી આવડે. સાચો એકડો વિગેરે કોના પ્રતાપે થાય છે તે વિચારો. સ્લેટો ભાંગી નાખવી, પેનો ખોઈ નાંખવી, લીટા કાઢીને વખત પુરો કર્યો તે સાચા એકડા અને કક્કા માટે નકામું ન ગણ્યું, પણ એમ કરતાં કરતાં આવડે, ગર્ભમાં કોઈ શીખીને આવ્યું નથી એવા દિલાસાના વચન તે અવસરે બાળકને દેવાય છે, પણ ભાવિ ચારિત્ર માટે દેવા યોગ્ય દિલાસાના વચનાદિ દાન દેવાતા નથી; અર્થાત્-અનંતાભવોમાં દ્રવ્યચારિત્રની કરણી થાય પછી ભાવચારિત્ર આવે, અને તે ભાવચારિત્ર વિરાધના વગરનું આવે તો સતત આઠ ભવમાં આવે અને આઠમે ભવે તે આરાધક મોક્ષે જાય.

પ્રશ્ન ૫૯૬—સામાન્ય સાધુઓ જ્યારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન-વાળા હોઈ ધર્મનો ઉપદેશ આપે છે તો ભગવાન્ તીર્થંકરો દીક્ષા લીધા પછી અને કેવલજ્ઞાન પહેલાં ચાર જ્ઞાનવાળા છતાં કેમ ઉપદેશ આપતા નથી ?

સમાધાન—શ્રી તીર્થંકરોનો કલ્પ છે કે બીજાની નિશ્રાએ તે ઉપદેશ દે નહિ અને જે ઉપદેશ દે તે કેવલજ્ઞાન પછી જ દે, કારણ કે તીર્થંકરોને અર્થથી આત્માગમ હોય, અને તે કેવલજ્ઞાન પામ્યા પછી જ હોય છે. જ્યારે સામાન્ય સાધુઓ બીજાની નિશ્રાએ ઉપદેશ દે છે; અને

તેઓને જ અનંતર કે પરંપરક આગમના આધારે જ ઉપદેશ દેવાનો હોય છે. પરંપરાથી આવેલાં શાસ્ત્રીય (આગમ સંબંધી) જ્ઞાનને પરંપરાગમ કહેવાય છે. **જેઓ પોતાની ગુરૂપરંપરા ને પરંપરાગમ જણાવે છે તેઓ પરંપરા અને પરંપરાગમનો ભેદ સમજ્યા જ નથી.**

પ્રશ્ન ૫૯૭—હિંસાનાં સુપચ્ચખ્ખાણ અને હિંસાનાં દુઃપચ્ચખ્ખાણ એટલે શું ?

સમાધાન—સાધુની અપેક્ષાએ આ જીવ છે, અને આ અજીવ છે, શ્રાવકની અપેક્ષાએ આ ત્રસ છે આ સ્થાવર છે એટલી સમજણ આવે અને પચ્ચખ્ખાણ કરે તે હિંસાના સુપચ્ચખ્ખાણ અને તે સમજણ સિવાયના પચ્ચખ્ખાણ તે દુઃપચ્ચખ્ખાણ કહેવાય.

પ્રશ્ન ૫૯૮—જગતમાં લોકો કહે છે કે–"કરશે તે ભોગવશે" એ કહેવત જૈનસિદ્ધાન્તને શું અનુસરે છે ?

સમાધાન—જૈનસિદ્ધાન્તની માન્યતા પ્રમાણે તો યોગની અપેક્ષાએ કરશે તે ભોગવશે, અને અવિરતિની અપેક્ષાએ, નહિ વિરમે તે પણ ભોગવશે, અર્થાત્–કરશે તે ભોગવશે તેના કરતાં એક અપેક્ષાએ નહિ વિરમનાર પણ અવિરત હોવાથી ભોગવશે એટલે જેઓ અવિરતિનું સ્વરૂપ કે તેનાથી થતો કર્મબંધ ન માનતા હોય તેઓ કરશે તે જ ભોગવશે એમ માની શકે, પણ જૈનશાસનની શ્રદ્ધાવાળાઓ અવિરતિનું સ્વરૂપ અને તેનાથી થતા કર્મબંધનોને માનતા હોઈ માત્ર **કરશે તે ભોગવશે એમ એકાંતે માની શકે જ નહિ.** અધમ કંપનીના આંધળીયા શેર હોલ્ડરો ઘેર બેસી રહે તો પણ તેમની આબરૂનું ભરબજારમાં લીલામ થાય, તેવી રીતે અવિરતિનું પાપ વગર કરે પણ ભોગવવું પડે છે. જેમ એક ગુમડું થયું–થયું તે સારૂં થયું એવું વિચાર્યું નથી. તે થાય, વધે અગર વધારવા સંબંધી વચન ઉચ્ચાર્યાં નથી, તેમજ તેના અંગેની સામગ્રી મેળવવા માટે કાયાએ જુદો પ્રયત્ન કર્યો નથી છતાં શારીરિક

પુષ્ટિ માટે લીધેલા ખોરાકમાંથી ગુમડાનો અમુક ભાગ પોતાના માટે લીધે જ જાય છે, તેવી રીતે દરેક ક્ષણે આત્મા યોગથી જે કર્મ લે છે તેમાં અવિરતિરૂપ વિકારને પોષણ પણ દરેક ક્ષણે મળે છે. જેમ તે ગુમડું મટે ત્યારે જ તે વિકારનું બંધ થવું થાય છે, તેવી જ રીતે મહાવ્રતો આદિથી અવિરતિનો નાશ કરવામાં આવે તો જ અવિરતિથી આવતાં કર્મો બંધ થાય.

પ્રશ્ન ૫૯૯—**'स्थापना'** શબ્દની વ્યુત્પતિ કરતાં **'स्थाप्यते इति स्थापना'** એમ કહેવાય છે. સ્થાપનાનો અપલાપ કરનારાઓ કહે છે કે શાશ્વતસ્થાપના માટે તમે કઈ વ્યુત્પત્તિ લાગુ કરશો, કારણ હાલ જે વ્યુત્પત્તિ કરો છો તે હિસાબે તો કોઈપણ વ્યક્તિદ્વારાએ કોઈપણ કાળે સ્થાપના થયેલ માનવી પડશે. અગર સ્થાપનાની વ્યુત્પત્તિ ફેરવવી પડશે તેના જવાબમાં રીતસરની દલીલ શી ?

સમાધાન—**'भ्वादि'** આઠે ગણના ધાતુઓને સ્વાર્થમાં પણ **णिज्** આવે છે, તેથી **'तिष्ठतीति स्थापना'** એમ કરી શાશ્વત પ્રતિમાઓને સ્થાપના કહેવામાં અડચણ નથી; અને તેથી જ શ્રી અનુયોગદ્વાર સૂત્રની ટીકામાં આ વ્યુત્પત્તિ પણ જણાવી છે. વળી **"रचसि"** એ ઉણાદિસૂત્રથી **'अन् प्रत्यय'** લાવીને રચના શબ્દની માફક સ્થાપના શબ્દ બનાવવામાં આવે તો ઉણાદિ સર્વકાલમાં અને અપાદાન સંપ્રદાન સિવાયના સર્વ કારકોમાં આવતા હોવાથી તેની વ્યુત્પત્તિ કોઈપણ પ્રકારે થઈ શકે છે.

પ્રશ્ન ૬૦૦—આચારાંગ, સૂત્રકૃતાંગ આદિ સૂત્રો ભણાવવા માટે જેમ દીક્ષાપર્યાય જોવાય છે, તેવી રીતે ચાર મૂલ સૂત્ર ભણાવવાનો કાલ કયો ? અને તે ચાર મૂલ સૂત્રનાં નામ કયા ?

સમાધાન—દીક્ષા થયા બાદ તુરત જ ભણાવવાની રજા આ ચાર મૂલ સૂત્રો માટે છે, અને તેથી તેમાં દીક્ષાપર્યાયનું નિયમન કર્યું નથી, અને તેથી તેને મૂલ સૂત્રો કહેવાય છે. અર્થાત્ શાસ્ત્રકારોએ એ ચાર મૂલ

સૂત્ર માટે દીક્ષાપર્યાય નિયત કર્યો નથી, બાકી બીજાં સૂત્રોમાં દીક્ષા-પર્યાયનો નિયમ છે, ચાર મૂલ સૂત્રનાં નામ—૧. આવશ્યક, (ઓઘનિર્યુક્તિ સહિત) ૨. દશવૈકાલિક, ૩. પિંડનિર્યુક્તિ, અને ૪. ઉત્તરાધ્યયન.

પ્રશ્ન ૬૦૧—પંચમકાલના અંતમાં ભાવિપ્રભાવક ભગવાન્ શ્રી દુઃપ્પસહસૂરીશ્વરજીના સમયમાં કયા શાસ્ત્રોના આધારે શાસન ચાલશે ?

સમાધાન—શ્રી અનુયોગદ્વારસૂત્ર અને શ્રીશય્યંભવસૂરીશ્વરજી રચિત શ્રી દશવૈકાલિક સૂત્ર એ બે સૂત્રોના આધારે શાસનની પ્રવૃત્તિ ચાલુ રહેશે.

પ્રશ્ન ૬૦૨—શું તીર્થંકરોને થાક લાગતો હશે કે બીજા પહોરે શાસનના પટ્ટધર ગણધરભગવંતોને દેશના દેવા બેસાડતા હતા ? અગર શું એક સરખી દેશના સાંભળી લોકો કંટાળતા હતા કે જેથી બેસાડતા હતા ?

સમાધાન—અનંતબલના ધણી શાસનસંસ્થાપક તીર્થંકરદેવોના આત્માને થાક લાગતો નહોતો, તેમજ ક્ષુધા, તૃષા આદિ અનેક દોષોને શમાવનાર, અમૃતસમાન દેશના સાંભળીને લોકો કંટાળતા પણ નહોતા પણ વસ્તુતઃ જેની રચેલી દ્વાદશાંગી અનુસાર ચતુર્વિધ સંઘ આરાધના કરી કૃતાર્થ થવાનો છે, તેવા ગણધરભગવંતના હાથે દેશના દેવરાવવાથી મારું કથન અને ગણધરોનું કથન સરખું છે એમ જણાવવા સાથે તે કથન ઉપર તીર્થંકરદેવની સહી-મહોરની છાપ મારવામાં આવે છે. અર્થાત્-ગણધરપદના સમર્પણ અવસરે તો અનુજ્ઞા દીધી ત્યારથી દ્વાદશાંગી ઉપર સહી થઈ ગઈ હતી, પણ પોતાની હાજરીમાં દેશના દેવરાવવાથી શાસનમાં ગણધરભગવંતના વચનમાં સર્વજ્ઞદેવોની સંપૂર્ણ સહાનુભૂતિ છે, એ દર્શાવવાને આ નિયમ દરેક તીર્થંકરોના સમયમાં અવ્યાહતપણે ચાલે છે.

પ્રશ્ન ૬૦૩—અંગ વગર ઉપાંગ હોય નહિ તેથી જેટલા ઉપાંગો છે તે તે ઉપાંગો અંગના અવયવભૂત હોવા જોઇએ, તો કયા અંગનાં

કયા ઉપાંગો સમજવાં? તેમજ હાલ અંગ અગિયાર છે, જ્યારે ઉપાંગ બાર છે, અંગના અવયવભૂત ઉપાંગ હોય તો ઉપાંગમાં આવતું વર્ણન પણ અંગને અનુસરતું હોવું જોઇએ એ વાત શાસ્ત્રસંમત છે?

સમાધાન—વર્તમાનસમયમાં દૃષ્ટિવાદ નામના બારમા અંગનો વિચ્છેદ હોવાથી અંગો અગિયાર છે. પણ દૃષ્ટિવાદની વખતે અંગો બાર હતા, અને તેને જ ઉદ્દેશીને ઉપાંગો પણ બાર રચવામાં આવ્યાં હતાં. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતીજી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતગડદશાંગ, અનુત્તરોવવાઈ, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર, અને દૃષ્ટિવાદ એ બાર અંગ તેના અનુક્રમે ઉવવાઈ, રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, કપ્પિયા, કપ્પવડંસિયા, પુપ્ફિયા, પુપ્ફચૂલિયા અને નિરયાવલી એ બાર ઉપાંગો છે. અંગના કોઇપણ એક અવયવને અનુસરીને તેના વિસ્તારરૂપ ઉપાંગો હોય છે.

પ્રશ્ન ૬૦૪—ભવ્યોને શ્રી તીર્થંકરદેવની વાણીનો લાભ મળતો હોય ત્યાં શાસનસંસ્થાપક શ્રી તીર્થંકરદેવની જગ્યાએ શ્રી તીર્થંકરદેવની અપેક્ષાએ ઓછા જ્ઞાનવાળા ગણધરભગવાનને ગોઠવવા તે શું વ્યાજબી છે?

સમાધાન—હા. કારણ કે શાસનની સ્થાપના શ્રી તીર્થંકરદેવોને હાથે થઇ, પણ એ શાસન ગણધરભગવંત રચિત શાસ્ત્રાધારે અવ્યાહતપણે એટલે અસ્ખલિતપણે ચાલવાનું હોવાથી શાસ્ત્રની માન્યતા પોતાના (શ્રી તીર્થંકરદેવના વચન) જેવી ચતુર્વિધસંઘમાં કરાવવા માટે પૂ૦ શ્રી ગણધરભગવંત રચિત સૂત્રો અને તેમનું કથન સર્વજ્ઞવચન જેવું જ છે એની જાહેરાત એક અપેક્ષાએ શ્રી તીર્થંકરદેવો તેમની દેશનાદ્વારાએ કરાવે છે. અર્થાત્-**'તીર્થંકરદેવ કહે છે તેજ ગણધરભગવંતો કહે છે'** તે નક્કી થાય. તેમજ શ્રીગણધરવચન પર શાસનની એક-સરખી પ્રતીતિ થાય તે માટે તીર્થંકરદેવો પહેલે પ્હોરે દેશના આપ્યા પછી બીજે પહોરે ગણધરભગવંતો પાસે દેશના અપાવે છે.

પ્રશ્ન ૬૦૫—પ્રતિલેખન (પડિલેહણ) ની ક્રિયાકાલે ઉપધાન કરવાવાળાઓ પાણુહાર પચ્ચખ્ખાણુ કરે કે નહિ ?

સમાધાન—કરે નહિ, કેમકે પાણુહાર પચ્ચક્ખાણ એ સંવરણની ક્રિયા છે અને સંવરણની ક્રિયા વિધિપુરસ્સર રહેવી જોઇએ. અને જો કરી લે તો જ્યારે સાંજના ઉપધાનવાળો ક્રિયા કરે તે વખતે "પચ્ચખ્ખાણ કર્યું છેજી" એવું બોલવાથી અનુવાદ થઈ જાય, માટે ઉપધાનવાળાઓએ પ્રતિલેખનના અવસરે પાણુહાર પચ્ચખ્ખાણુ કરવા યુક્ત નથી, એટલે ગુરૂના દ્વાદશાવર્તવંદનપૂર્વક પચ્ચખ્ખાણુ કરવાના હોઈને પડિલેહણમાં દ્વાદશાવર્તવંદન ઉપધાનવાળા કરતા નથી અને તેથી પાણુહારનું પચ્ચખ્ખાણુ પણ ત્યાં થાય નહિં.

પ્રશ્ન ૬૦૬—કેવલજ્ઞાન પામેલા કેવલી ગૃહસ્થપણામાં હોય તો શું દેશના અને વંદનનો વ્યવહાર પ્રવર્તાવી શકે નહિ ?

સમાધાન—ના. જેમ ઘરમાં રહ્યા કેવલજ્ઞાન પામેલા કેવલી કૂર્માપુત્ર છે; ઇન્દ્રે શ્રી સીમંધરસ્વામિજીને પુછ્યું કે ભરતક્ષેત્રમાં કોઈ કેવલી છે ? જવાબમાં "ના; પણ ઘરમાં રહ્યાં કેવલજ્ઞાન પામેલા કૂર્માપુત્ર કેવલી છે." આ જવાબમાં પ્રથમ 'ના' કહેવાનું કારણ એજ છે કે કેવલજ્ઞાન પામેલા કેવલી છે, છતાં સાધુપણામાં વ્યવહારમાં નહીં હોવાથી દેશના કરવાનો તેમજ વંદન કરાવવાનો રિવાજ ન હોવાથી કેવલીપણાની ગણત્રી નહિ કરીને 'ના' કહી અને પછી ગૃહસ્થપણાના નામે નિર્દેશ કર્યો. જ્ઞાનની ઉચ્ચભૂમિકા પર આરૂઢ થયા છતાં, લોકાલોકના ભાવ પ્રત્યક્ષ નિહાળે છે, છતાં વ્યવહારચારિત્રવાળા ન હોવાથી કેવલી વંદનીય નથી; અર્થાત્ શાસન ગુણોની પૂજ્યતા સ્વીકારવા છતાં વ્યવહારને પ્રાધાન્યપણે સ્વીકારે છે; અને તેથીજ ભરતમહારાજને કેવલજ્ઞાન થયેલું જાણીને આવેલા ઇંદ્રમહારાજે દીક્ષા-મહિમા કર્યા પછી વંદન કર્યું.

પ્રશ્ન ૬૦૭—દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રવૃત્તિ તે પાંચ ઇંદ્રિય અને મનદ્વારાએ છે અને તે સાધનો નાશવંત છે; અને તે (ઈંદ્રિયો

અને મન) બધાને તો તમેજ જડજીવન કહો છો તો નાશવંત જડજીવન ઉપર આ ધમાલ શી ?

સમાધાન—એક ચિતારો ચિત્ર ચિતરે છે, કાગળ પર અગર ભીંત પર ચિતારો ચિતરશે, ચિત્રમાં રંગ પીંછીથી પૂરશે, પણ કાગળ, ભીંત, રંગ, પીંછી એ બધામાંથી કોઈપણ ચિત્રામણ કરતાં નથી. અર્થાત્-બધાં સાધનો હોવા છતાં ચિતારાની ગેરહાજરીમાં ચિત્રામણ થતું નથી, તેથી ચિત્રામણનો કર્તા ચિતારો છે, તેવી રીતે પ્રવૃત્તિ-નિવૃત્તિ કરવાનાં સાધનો પાંચ ઇંદ્રિય અને મનરૂપ જડજીવન છે. પણ તે જડ-જીવનોમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ કરવાની શક્તિ નથી. પણ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરનાર આત્મા છે,. અર્થાત્ નાશવંત સાધનો છોડીને બીજા ભવમાં જાય પણ જ્યારે જડજીવન રૂપ સાધનો મળે ત્યારે તે આત્મા તે દ્વારાએ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ લાભ મેળવી શકે છે ?

પ્રશ્ન ૬૦૮—શ્રી આચારાંગ સૂત્રના પૃષ્ઠ નં૦ ૧૪૬ પુઠી ૧ લીટી સાત ઉપર ટીકામાં આવેલા નીચેના શ્લોકનો પારમાર્થિક અર્થ જણાવવા કૃપા કરશો-

दश सूनासमश्चक्री, दश चक्रिसमो ध्वजः ॥
दश ध्वजसमा वेश्या दश वेश्यासमो नृपः ॥ १ ॥ ?

સમાધાન—ઉપરના શ્લોકનો અર્થ દશ કસાઇખાનાં સરખો ચક્રી (તેલી), દશ ચક્રીસમો એક કલાલ (દારૂવાલો) અને દશ કલાલ સરખી એક વેશ્યા અને દશ વેશ્યા સરખો રાજા છે. એનો પારમાર્થિક અર્થ એ છે કે વિષયભોગમાં અત્યંત આસક્ત દશ વેશ્યાસમાન રાજા ગણાય છે. તેમજ આ શ્લોક અન્યમતનો છે. અને અન્યમતાવલંબીઓ પણ રાજાનું દાન પણ તે કારણથી લેતા નથી, અને આપણે પણ રાજપિંડ તે છોડવા યોગ્ય જ ગણીએ છીએ તે તમારી લક્ષ્ય બહાર નહિ હોય.

પ્રશ્ન ૬૦૯—કોઇ આત્મા કોઇકની બહારની કરણી દેખી તેને મિથ્યાત્વી માનવાના કારણોના જ્ઞાનના અભાવે સમ્યક્ત્વની માની ભક્તિ

આદિ કરે અગર તેવીજ રીતે અસાધુતા માનવાના કારણોના જ્ઞાનને અભાવે સાધુના વ્યવહાર-આચારવિચારથી ગુરૂ માને તો પૂજા-ભક્તિ કરનારને મિથ્યાત્વ લાગે કે નહિ ?

સમાધાન—ના, મિથ્યાત્વ ન લાગે. જેમ ઝવેરી કસોટીના પત્થર પર સોનાનો લીટો કર્યા પછી સોનું દેખાય અને દૈવયોગે સોનાને બદલે બીજી ધાતુ નીકળે તો ઝવેરીને કોઈ ઓલંભો દે નહિ, તેમ શાસ્ત્રકારે બતાવેલાં સાધન પ્રમાણે જેણે પરીક્ષા કરી હોય તેને દોષ લાગતો નથી; પણ આરાધકપણું જ થાય છે.

પ્રશ્ન ૬૧૦—સાજા અથવા માંદા સાધુઓને અનુકંપાથી દાન દેવાય કે નહિ ?

સમાધાન—માંદા અથવા સાજા સાધુઓને દીનતા-તુચ્છતાબુદ્ધિ રાખ્યા સિવાય અનુકંપાદાન બને છે, ને તેથી બાલ, ગ્લાન અને વૃદ્ધાદિ સાધુઓને અનુકંપનીય માન્યા છે. અત્ર અનુકંપાશબ્દ ભક્ત્યર્થે છે.

પ્રશ્ન ૬૧૧—આત્મામાં સમ્યક્ત્વ થયું છે કે નહિં તે શાથી જણાય ?

સમાધાન—પોતાના આત્મામાં સમ્યક્ત્વ થયું છે કે નહિ તેને માટે શાસ્ત્રાકારોએ સમ્યક્ત્વના પાંચ લક્ષણ જે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય જણાવ્યાં છે; તે પ્રગટ થયાં હોય તે ઉપરથી જાણવાનું છે, અને બીજા આત્માને માટે શુશ્રૂષા, ધર્મરાગ અને દેવગુરૂના વૈયાવચ્ચમાં યથાસમાધિ નિયમિત પ્રવૃત્તિ, એ ત્રણ લિંગથી જણાય છે.

પ્રશ્ન ૬૧૨—ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ કેમ અસ્થિર હોય છે?

સમાધાન—મોટું તલાવ છે, તેમાં શેવાલ વેંતવેંત બાઝી છે. તેમાં કોઈ વખત સજ્જડ પવન આવવાથી ફાટ પડી અને તેથી ચન્દ્ર

કે સૂર્યનું અજવાલું પાણીને લાગ્યું એ ફાટ કેટલો ટાઈમ ટકે? જ્યાં સુધી પ્રતિકૂલ પવનનો ઝપાટો લાગે નહિં તેટલી ઘડી; તેવી રીતે આત્મા દર્શનમોહનીયથી ચારે બાજુ ઘેરાઇ રહ્યો છે. આત્માનો એક એક પ્રદેશ અનંત દર્શનમોહનીયથી છવાયો છે. તેમાં શ્રી જીનેશ્વરભગવાનની વાણી આદિ રૂપ અનુકૂલ પવનના ઝપાટાથી ફાટ પડીને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, તે જ્યાં સુધી કુગુરૂ, કુશાસ્ત્રના પરિચયરૂપી મોહરાજાના સુભટોનો પ્રતિકૂલ ઝપાટો ન વાગે ત્યાં સુધીજ ટકી રહે.

પ્રશ્ન ૬૧૩—શ્રાવકોને 'સાત લાખ'માં ચાર લાખ દેવતા અને ચાર લાખ નારકીની યોનિની હિંસા આલોવવાની છે તો તે પ્રત્યક્ષ પણ નથી તો તે હિંસા મન વચન કે કાયાથી કેવી રીતે લાગે?

સમાધાન—તે તે ગતિમાં ગયેલા જીવોને પૂર્વભવને અંગે થતા વિચારોને આશ્રીને તે ઘટે, અથવા આ જીવના તેની સાથેના પૂર્વભવના સંબંધોને આશ્રીને ઘટે તેમ છે; અંતમાં અવિરતિરૂપ કારણ તો સર્વને માટે ચાલુજ છે.

પ્રશ્ન ૬૧૪—શ્રી શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં પાને ૧૨ મે શ્લોક ૭૫ મામાં ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વ્યાસને મહર્ષિ લખે છે તેમાં વિરોધ ખરો કે નહિ? કારણ કે મિથ્યાદૃષ્ટિની પ્રશંસા થઇ અને તત્વાર્થમાં તો મિથ્યાદૃષ્ટિની પ્રશંસા નહિ કરવાનું જણાવે છે, તેમજ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયજી મહારાજજી કૃત અષ્ટકજીમાં પણ મિથ્યાદૃષ્ટિની પ્રશંસાયુક્ત શબ્દ છે; માટે સમજવું શું?

સમાધાન—અન્ય મતવાળા કે મધ્યસ્થોને અદ્વેષ ગુણ જણાવવા માટે છે તેમજ "મહાત્મા" "મહર્ષિ" આદિ શબ્દોથી બોલાવાય છે તે તેમના મતના અનુવાદની અપેક્ષાએ છે.

પ્રશ્ન ૬૧૫—ઘણા સારા ગુણવાલા મિથ્યાદૃષ્ટિની જનતા સન્મુખ તેની પ્રશંસા થાય કે મનમાં થાય?

સમાધાન—લોકોત્તરમાર્ગને અનુસરતી ક્રિયાના વખાણ તો સમ્યક્ત્વવાળાના થાય પણ મિથ્યાત્વનો નિશ્ચય ન થયો હોય તેવાની પણ લોકોત્તર-ક્રિયાના વખાણ થાય, અને લૌકિક-ક્રિયા સારી હોય છતાં પણ તેના વખાણ મિથ્યાત્વની વૃદ્ધિ વિગેરેના કારણથી જાહેર નજ થાય.

પ્રશ્ન ૬૧૬—શ્રી આનંદઘનજી મહારાજ વિરચિત શ્રી અજીતનાથજીના સ્તવનમાં લખે છે કે "પુરૂષપરંપર મારગ જોવતાં રે અંધોઅંધ પુલાય" આ સ્તવન પૈકી ગાથાના અર્થમાં ચરમકેવલી ભગવંત શ્રી જંબૂસ્વામીજી પછી જે જે પુરૂષો થયા તે તમામ આંધળા છે આવો ભાવ નીકળે છે તો તે અર્થ શાસ્ત્રસંગત કેવી રીતે કરવો ? કારણ કે સુવિહિત આચાર્યો ઉપાધ્યાયો અને મુનિવરો તમામ અંધકોટીમાં આવે છે. માટે આ બાબતમાં શું ખુલાસો સમજવો ?

સમાધાન—શાસનસંસ્થાપક તીર્થંકરદેવના અર્થરૂપત્રિપદી પામીને શાસનસંચાલક ગણધરભગવંત ગુંફિત સૂત્રો અને તદનુસાર રચિત તે પછીના પૂર્વધરાદિનાં શાસ્ત્રો, અને તે શાસ્ત્રમાં રહેલા પરમાર્થથી નિરપેક્ષ રહેનારા પુરૂષોની પરંપરાસૂચક તે સ્તવનની ગાથાનું કથન છે; આથી એ સ્પષ્ટ થાય છે કે વિદ્યમાન સૂત્ર-ભાષ્ય-ચૂર્ણિ ટીકા અને નિર્યુક્તિને અનુસરનારાઓ સર્વજ્ઞદેવની પરંપરાને અનુસરનારા છે.

પ્રશ્ન ૬૧૭—શ્રીપાલચરિત્રમાં 'આસો શુદ ૮થી ઓળી કરવાનું જણાવે છે અને વદ ૧ સ્નાત્ર ભણાવવું છે' આ હિસાબે નવ આંબીલની ઓળીના આઠ આયંબીલ સમજવા કે ભેળી ગણી નવ આયંબીલ સમજવા ? અને શા કારણથી ?

સમાધાન—અષ્ટાહ્નિકા-અઠ્ઠાઈના હિસાબે આઠ દિવસ ગણી આઠમથી નવમો દિવસ પડવો લીધો છે. હાલમાં શુદ સાતમથી પૂર્ણિમા સુધીના નવ દિવસ આયંબીલની ઓળી માટે લેવાય છે.

પ્રશ્ન ૬૧૮—૭ અઠ્ઠાઇ ઘણા શ્રાવક-શ્રાવિકાઓ કરે છે તે બાબતમાં હાલમાં શુદ ૭થી અઠ્ઠાઇઓ બેસાડે છે, તો શુદ ૭થી ૧૪

સુધીના ૮ આઠ દિવસ લેવા કે શુદ ૮ થી શુદ ૧૫ સુધી આઠ દિવસ લેવા કદાચ બે તેરસ આવે તો શુદ ૯ને રોજ આઠમનો ઉપવાસ કરે કે આઠમથી ઉપવાસ કરી શુદ ૧૫ના રોજ પારણું કરે ?

સમાધાન—અઠ્ઠાઈની તપસ્યા કરનારે પૂર્ણિમાએ અઠ્ઠાઇ સંપૂર્ણ કરવી અને પારણું તો એકમ એટલે પડવાને દિવસ કરવું તે વ્યાજબી છે.

પ્રશ્ન ૬૧૯—અઠ્ઠાઈના આઠ ઉપવાસ શુદ ૮થી કરે, તો શુદ ૭ અઠ્ઠાઈમાં જાહેર થયેલ છતાં, તે દિવસે વાપરે કે કેમ ?

સમાધાન—પૂર્ણિમા પહેલાંના દિવસો ગણી તે હિસાબે આઠ ઉપવાસ લેવા ઠીક છે.

પ્રશ્ન ૬૨૦—શાસ્ત્રોમાં સાત ક્ષેત્રોનો અધિકાર આવે છે, અને તે સાત ક્ષેત્રોમાં "શ્રાવકક્ષેત્રનું પોષણ કરવું, એવું જણાવ્યું છે," તેમાં શ્રાવક સમકિતદૃષ્ટિ લેવા કે જે અવસરે જે મળે તે લેવા ?

સમાધાન—વ્યવહારથી સમકિતદૃષ્ટિ હોય તેને શ્રાવકક્ષેત્ર તરીકે ગણવામાં શાસ્ત્રીય બાધ નથી.

પ્રશ્ન ૬૨૧—વ્યવહારથી સમકિતદૃષ્ટિ શોધવા જઇએ તો ખાત્રી શી ? માટે ધર્મકરણી કરતા હોય તેજ લેવો કે કેમ ?

સમાધાન—"વિદ્યમાન શાસ્ત્રીય માન્યતાથી વિરૂદ્ધતાવાળો છે" એ રૂપે જે જાહેર થયો હોય, તે સિવાયનાને વ્યવહારથી સમકીતદૃષ્ટિ માનવામાં વાંધો નથી.

પ્રશ્ન ૬૨૨—શ્રાવકક્ષેત્રને પોષણ કરવાનો ઉપદેશ સાધુ આપે છે, પછી શ્રીમંત-શ્રાવકો તેને વ્યાપારમાં જોડે, ધંધા–રોજગારમાં લગાડે ઇત્યાદિક ક્રિયા કરાવીને શ્રાવકક્ષેત્રનો ઉદ્ધાર કરે તો તે ઉપદેશથી મુનિને દોષ લાગે કે કેમ ?

સમાધાન—ધર્મના ઉદ્દેશથી ધર્મોપદેશ આપેલ છે એટલે ધર્મોપદેશકને દોષ નથી.

પ્રશ્ન ૬૨૩—ધાર્મિક–ક્રિયાથી રહિત કંદમૂલાદિક ભક્ષણ કરનારને શ્રીમંત–શ્રાવક આર્થિક આદિ મદદ કરે તો પાપબંધ કે લાભ ?

સમાધાન—વ્યવહારને અનુસરતી શ્રદ્ધાથી ધાર્મિક હોય તો મદદ કરનારને લાભ છે.

પ્રશ્ન ૬૨૪—અસતિપોષણમાં કુતરા બિલાડા વિગેરે લેવા કે ઢુંઢીયા તેરાપંથી સાધુઓ પણ લેવા, કારણ કે ધર્મથી રહિતને પોષણ કરવાથી અસતિપોષણ ખરું કે નહિ ?

સમાધાન—અસતિપોષણ નામનો અતિચાર કર્મ થકી ભોગોપભોગ પરિમાણમાં છે, અને તે અતિચાર હોવાથી તે દ્વારા (કુટ્ટણખાના વિગેરેથી) આજીવિકા કરે તો તે ઉપર્યુક્ત અતિચાર લાગે છે, અન્યથા નહિ; અર્થાત્ દયાદિભાવે ધર્મરહિતને દેવાથી અસતિપોષણ નામનો અતિચાર લાગતો નથી.

પ્રશ્ન ૬૨૫—શ્રી ચરમતીર્થંકર પ્રભુ મહાવીરદેવની પ્રથમદેશના નિષ્ફલ ગઈ, વિરતિના પરિણામ કોઈના ન થયા, તો તેમાં એકલા દેવતા જ જો હોય તો પરિણામ થાય જ નહિ; જેથી દેવતા સિવાય બીજા મનુષ્યો પણ સમજવા કે કેમ ?

સમાધાન—એકલા દેવતાજ પ્રથમના સમવસરણમાં આવ્યા તે પણ આશ્ચર્ય જ છે, અને કેટલાક આચાર્યો જણાવે છે કે દેશના અવસરે મનુષ્યો પણ હતા, છતાં દેશના નિષ્ફલ ગઈ તેથી આશ્ચર્ય એમ જણાવે છે; ઉપર્યુક્ત બન્ને બિના શાસ્ત્રસંગત છે, તત્ત્વ કેવલીગમ્ય છે.

પ્રશ્ન ૬૨૬—વીરસ્વામિ મોક્ષે જતાં પંચાવન પુણ્યફલ અધ્યયન, પંચાવન પાપફલ અધ્યયન કહી ગયા તો તે અધ્યયન કોઈ પણ સૂત્રમાં હાલ નંખાયા છે કે નહિ ?

સમાધાન—સ્પષ્ટ શાસ્ત્રીય ઉલ્લેખ જોવામાં આવ્યો નથી, પણ તે અધ્યયનના ભાવ શાસ્ત્રોમાં છે.

પ્રશ્ન ૬૨૭—દેવતાને નિદ્રાનો ઉદય હોય કે નહિ? હોય તો તે નિદ્રા કોઈપણ ટાઇમે લે કે બીલકુલ નજ લે. જો ન લે તો પછી ઉદય કેવી રીતે સમજવો, પાંચ નિદ્રામાં દેવતાને કઈ નિદ્રા હોય?

સમાધાન—આપણને જાગતાં જેમ પ્રદેશોદય હોય છે તેવી રીતે દેવતાને પ્રદેશોદય તીવ્ર હોય અર્થાત્ રસઉદય મંદ હોય તેથી આંખ ઉઘાડી રહે છે; અને પાંચે નિદ્રા સંભવી શકે છે.

પ્રશ્ન ૬૨૮—તીર્થંકર મહારાજનો આહાર–નિહાર કોઈ ન દેખે, પરંતુ જ્યારે બાલ્યાવસ્થામાં ૫–૬–૮ વરસના થાય ત્યારે તેમના માતા-પિતા આહાર કરાવે નિહાર કરાવે તે વખત માતા પિતા પણ દેખે કે નજ દેખે?

સમાધાન—આહાર-નિહારનો વિધિ અદૃશ્ય છે પરંતુ આહાર–નિહાર અદૃશ્ય નથી, અર્થાત્ આહાર ચાવવાનો વિધિ વિગેરે અદૃશ્ય છે.

પ્રશ્ન ૬૨૯—તીર્થંકર મહારાજ છદ્મસ્થાવસ્થામાં જ્યારે પાણિપાત્ર એટલે હાથમાં આહાર કરે, પાતરાં વિગેરે રાખેજ નહિ તો પછી સ્થંડીલ જાય ત્યારે શુદ્ધિ કેવી રીતે કરે?

સમાધાન—કંકપક્ષીના જેવી સ્થંડીલની જગ્યા હોવાથી નિર્લેપતાજ હોય.

પ્રશ્ન ૬૩૦—તીર્થંકરના સ્થંડીલમાં મનુષ્યની માફક બે ઘડીમાં સંમૂર્ચ્છિમ ઉત્પન્ન થાય કે નહિ?

સમાધાન—થાય, તેમાં બાધ નહિ, પણ શુષ્ક-સ્થંડીલ હોય તેથી સંભવ ઓછો છે.

પ્રશ્ન ૬૩૧—'આચાર-પ્રકલ્પ' નામ શાસ્ત્રમાં લખ્યું છે તો તે આચારાંગ સમજવું કે બીજું ?

સમાધાન—'આચાર-પ્રકલ્પ'નું નામ શ્રી નિશીથસૂત્ર કહેવાય છે અને પાક્ષિકમાં તે બીના પૂર્વે આવી ગઈ છે.

પ્રશ્ન ૬૩૨—સંજમનું સ્વરૂપ ન શમજે, તેવા શ્રાવકને કુલાચારથી નવકારશી સિવાય બીજું જ્ઞાન ન હોય તેવા જીવને સંજમ આપી શકાય કે નહિ ?

સમાધાન—અપાય, કારણકે કુલાચારવાસિત શ્રાવકનો છોકરો સાધુઓના રિવાજ સમજેજ છે.

પ્રશ્ન ૬૩૩—બકુશ-કુશીલ ચારિત્રવાલો પરિગ્રહ ઘણો રાખે અને બીજાં વ્રતો પાલે તો દેવ આયુષ્ય બાંધે કે બીજું ?

સમાધાન—ધન-ધાન્યાદિ કિંમતી ચીજો રાખવારૂપ પરિગ્રહની છૂટ બકુશ-કુશીલ સંયમમાં નથી. ફક્ત સાફસુફી, અધિક ઉપકરણ અને મમત્વભાવાદિ બકુશ-કુશીલમાં સંભવે. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે-પરિગ્રહ રાખવાથી પાંચમું મહાવ્રત જાય. છતાં ભાવનાની વિચિત્રતા હોવાથી દેવ આયુષ્ય નજ બાંધે, અગર બાંધે એમ એકાંત કહી શકાય નહિ, પણ અસુરાદિકની ગતિ જે આસુરી આદિ ભાવનાવાળાઓને માની છે, તે પણ ચારિત્રસહિતને અંગે કહી છે તે વિચારવું જરૂરી છે.

પ્રશ્ન ૬૩૪—નવ અંગે પૂજા કરતી વખતે પ્રથમ જમણા પગને અંગુઠે પૂજા કરવાનું કારણ શું ?

સમાધાન—કારણ એ છે કે તેઓશ્રીના યોગ્ય એવા જ જઘન્ય અંગની પણ પૂજ્યતા છે, ને તેજ અનુક્રમ છે માટે જિનેશ્વરદેવના જમણા પગના અંગુઠેથી પ્રથમ પૂજા કરવાની રીતિ છે.

પ્રશ્ન ૬૩૫—શ્રીમહાવીરપ્રભુના જન્મ-કલ્યાણક વખતે 'આટલો બધો અભિષેક પ્રભુનું નાનું શરીર કેમ સહન કરી શકે,' તેવો મન

સંબંધી ઈંદ્રનો વિચાર ભગવાને કેવી રીતે જાણ્યો ? કારણ કે તે વખતે તેમને ત્રણજ જ્ઞાન છે મનઃપર્યવજ્ઞાન તો નથી.

સમાધાન—ગ્રૈવેયકાદિ દેવતાઓ અવધિજ્ઞાનથી પણ મનને જાણે છે પણ અવધિથી મનઃપર્યવજ્ઞાન જેવું વિશિષ્ટપણે ન જાણે.

પ્રશ્ન ૬૩૬—ઋજુમતિ-મનઃપર્યવજ્ઞાનમાં વિશેષજ્ઞાનનો વિષય કહ્યો તો તેમાં દર્શન કેમ નહિ ? જેટલો જ્ઞાનાવરણીયનો ક્ષય થયો તેટલો દર્શનાવરણીયનો ક્ષય ખરો કે નહિ ?

સમાધાન—ના. સાક્ષાત્ વિચારો જ જાણવાના હોવાથી દર્શન નથી.

પ્રશ્ન ૬૩૭—જિનેશ્વરભગવાનના અનુષ્ઠાન વખતે કેવા કેવા અધ્યવસાય વર્તતા હોય તો તે આત્મા તે દ્વારા પુણ્યાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ, અને પાપાનુબંધી પાપનો બંધ કરે ?

સમાધાન—સર્વજ્ઞકથિત હરકોઈ આરાધના કરતી વખતે આરાધક આશંસાવગર આરાધના કરે તો પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જીત કરે, નિદાનયુક્ત આરાધન કરે તો પાપાનુબંધી પુણ્ય બંધાય, અતિચારસહિત આરાધના કરે તો પુણ્યાનુબંધી પાપ બંધાય અને અવજ્ઞા અને અનાદરપણે આરાધના કરે તો પાપાનુબંધી પાપનો બંધ થાય.

પ્રશ્ન ૬૩૮—જે છ ખંડને સાધતા ભરત મહારાજાને સાઠ હજાર (૬૦૦૦૦) વર્ષ લાગ્યા, ને તે જ છ ખંડને સાધતા બ્રહ્મદત્ત ચક્રવર્તિને છ (૬) મહિના લાગ્યા ત્યારે શું તે છ ખંડ નાના-મોટા હશે ?

સમાધાન—દરેક ચક્રવર્તિના વખતમાં છ ખંડ સરખા પણ દેવતાની મદદે જલ્દી સાધ્યા, તેથી ઓછો વખત લાગે તે બનવા જોગ છે.

પ્રશ્ન ૬૩૯—કર્મબંધના ચાર કારણ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર કારણ હોવા છતાં આપ (કર્મબંધનના કારણ તરીકે) એક કહો છો તેનું કારણ શું ?

સમાધાન—કર્મગ્રન્થકારે કર્મબંધના ચાર કારણ કહ્યાં છે. તે બરાબર છે પણ એક અપેક્ષાએ વિચારીએ તો કેવલ યોગથી જે કર્મ-બંધ થાય છે તેથી સંસાર-ભ્રમણ થતું નથી; તેથી તે કારણ બાદ કરીએ તો બાકી ત્રણ કારણ જે રહ્યા તે કષાયના કૌટુંબિકો છે, એટલે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાય અનુક્રમે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય. તે બધા કષાય સ્વરૂપ હોવાથી કષાય એ જ કર્મબંધન છે એમ કહેવામાં, સમજવામાં કે માનવામાં લેશભર સંકોચને સ્થાન નથી.

પ્રશ્ન ૬૪૦—દ્રવ્ય-દયાની વાસ્તવિક વ્યાખ્યા શી ?

સમાધાન—કર્મથી આવી પડેલા દુ:ખો દેખીને તે દુ:ખો ટાળવાનું મન થાય, ટાળવાના પ્રયત્ન થાય અને તે દુ:ખો સર્વથા દૂર કરવાને તન, મન અને ધન સમર્પણ કરવા કટીબદ્ધ થવું તે દ્રવ્ય-દયા છે.

પ્રશ્ન ૬૪૧—ભાવ-દયાની વાસ્તવિક વ્યાખ્યા શી ?

સમાધાન—શીતાદિ દુ:ખોને આવિર્ભાવ કરનાર કર્મની જડને ભસ્મીભૂત કરવાપૂર્વક રત્નત્રયી મેળવવાનું મન થાય, તે મેળવવા માટે પ્રયત્નાદિ કરાય તે વસ્તુત: ભાવ-દયા છે.

પ્રશ્ન ૬૪૨—કુંભકારકટક નગરને બાળવાનું નિયાણું કરવાનું કારણ તે નિયાણાનું સ્વરૂપ અને તે નિયાણું કરનાર આચાર્યનું નામ શું ?

સમાધાન—નિયાણું કરનાર આચાર્યનું નામ સ્કંદાચાર્ય છે. અને તેઓને પોતાના શિષ્યોને યંત્રથી પીડવાનું દેખીને નીયાણું કરવાનું થયું. અને બળ, વાહન, રાજધાની સહિત પુરોહિતનો નાશ કરવાનું નિયાણું કર્યું. (તેઓએ અગ્નિકુમારમાં ઉપજી તે સ્થાનનો નાશ કર્યો અને તેનું દંડકારણ્ય નામ થયું.)

પ્રશ્ન ૬૪૩—

न य किंचि अणुण्णायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
मोत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिं ॥ આ ગાથાના

ભાવાર્થને આગળ કરીને મૈથુન સિવાય કશી પણ જ્ઞાનાદિક કે હિંસાદિક વસ્તુ ભગવાને કરવી કહી નથી કે નિષેધી પણ નથી એમ કહેવાય છે તે ખરૂં ?

સમાધાન—મૈથુનની માફક જ હિંસા, જુઠ, ચોરી, પરિગ્રહનો પણ જિનેશ્વર દેવોએ નિષેધ કરેલો જ છે, માત્ર અકલ્પ્ય એવા હિંસાદિકને સર્વથા આચરવાની આજ્ઞા કરી નથી, તેમજ જ્ઞાન દર્શન ચારિત્ર વિગેરેના આલંબન માટે તેનો સર્વથા નિષેધ પણ કર્યો નથી, અર્થાત્ સંયમનું લક્ષ્ય રાખી માયારહિત થઇ પ્રવર્તવું એવો આ ગાથાનો ભાવાર્થ છે, એટલે કે દ્રવ્ય-ભાવ આસ્રવો રોકાય ને જ્ઞાનાદિકની વૃદ્ધિ થાય તેમ પ્રવર્તવું એ જણાવનારી આ ગાથા છે. અને તે આસ્રવનું રોકાણ ને જ્ઞાનાદિકનું વધવું મૈથુનથી કદી પણ થતું ન હોવાથી તે સર્વથા નિષેધ્યું છે.

પ્રશ્ન ૬૪૪—કેટલાકો કહે છે કે-મૈથુનમાં સ્યાદ્વાદ નથી ત્યારે કેટલાક તેમાં પણ સ્યાદ્વાદ માને છે. આમાં તત્ત્વ શું ?

સમાધાન—મૈથુનના વિષયમાં સ્યાદ્વાદ નથી જ એટલે કે જિનેશ્વર-મહારાજે કોઇ પણ પ્રકારે તેને આચરવાની છૂટ આપી નથી. તત્ત્વ એ છે કે હિંસાદિકનું આચરવું જો જ્ઞાનાદિક આલંબને થયું હોય તો તેમાં પ્રાયશ્ચિત્ત લેવું પડતું નથી પણ મૈથુનની પ્રવૃત્તિ તો કોઈ પણ સંજોગે થઇ હોય તો તેની શુદ્ધિ કરવી જ પડે છે. એટલે પ્રાયશ્ચિત્ત કરવું જ પડે છે, એટલે પ્રાયશ્ચિત્ત કરવું પડે ને ન કરવું પડે એ પુરતું જ સ્યાદ્વાદ નથી અને છે એમ સમજવું, એટલે હિંસાદિકના દોષોની શુદ્ધિ જ્ઞાનાદિકની વૃદ્ધિના પરિણામથી થઇ શકે પણ મૈથુનના દોષની શુદ્ધિ જ્ઞાનાદિકના પરિણામથી થતી નથી પણ પ્રાયશ્ચિત્ત આચરવાથી જ તેની શુદ્ધિ થાય છે એ તત્ત્વ છે અને આજ કારણથી સંસારના જેટલા કારણો તેટલાં મોક્ષના કારણો કહેવાય છે.

પ્રશ્ન ૬૪૫—બાહુબળજીએ નાના ભાઇઓને વાંદવા પડશે માટે કેવળજ્ઞાન ઉપજાવવા કાઉસ્સગ્ગ કર્યો એમ કહેવાય છે તો દીક્ષિત મોટા ભાઇને દીક્ષિત એવા નાના ભાઇને વાંદવાનું હોતું નથી એ વ્યવસ્થા તે વખતે શું નહિ હોય ?

સમાધાન—દીક્ષિત એવો મોટો ભાઈ દીક્ષાપર્યાયે નાનો છતાં પણ દીક્ષિત એવા પર્યાયથી મોટા એવા નાનાભાઇને વંદણા કરે નહિ એ વ્યવસ્થા ભગવાન્ ૠષભદેવજીના શાસનમાં પણ હતી કારણ કે પ્રથમ તીર્થંકરના શાસનમાં દશે કલ્પની વ્યવસ્થા નિયમિત જ છે. તત્ત્વથી નાના ભાઇઓને કેવળજ્ઞાન થઈ ગયું હશે તેથી તેવા નાના ભાઇઓને હું તેવા જ્ઞાન વગરનો છદ્મસ્થ છતો કેમ દેખું ? એમ ધારી પોતાની મહત્તા જાળવવાના અભિમાનથી કેવળજ્ઞાન સુધી કાઉસ્સગ્ગે રહેવાનો વિચાર કર્યો છે. માટે માનમાં બાહુબળજીનું દૃષ્ટાંત દેવાય છે. આ વાત આચારાંગ ૧૩૩મા પત્રના લેખથી સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન ૬૪૬—૧૪ ઉપકરણ સિવાયના ઔપગ્રહિક ઉપકરણો રાખવાનું મૂળ અંગમાં વિધાન છે ?

સમાધાન—ભગવતીજી-સૂત્રમાં સંથારો, દાંડો વિગેરેનું જે વિધાન છે તે ઔપગ્રહિક ઉપકરણને સૂચવનારૂં છે. વળી આચારાંગમાં પણ **'उग्गहणं च'** એ પદની સાથે કહેલા કટાસન શબ્દથી પણ ઔપગ્રહિક ઉપકરણો સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૬૪૭—હિંસાદિક-પાપસ્થાનકોમાં ઉપસર્ગ નહિ રાખતા પરિગ્રહ નામના પાપસ્થાનકમાં ઉપસર્ગ રાખવાનું કારણ શું ?

સમાધાન—જેમ હિંસા, જુઠ, ચોરી, મૈથુન, આ પાપસ્થાનકોમાં પ્રાણવિયોગાદિ માત્રને હિંસા કહેવામાં આવે છે તેમ અહીં વસ્તુ લેવા માત્રને પરિગ્રહ કહેવામાં આવતો નથી. જ્ઞાનાદિમાં ઉપકાર કરનાર વસ્તુ-રૂપ ઉપકરણ લેવાય તેને પરિગ્રહ કહેવાતો નથી અને તેવા ઉપકરણમાં

પણ આ આચાર્યનું છે. અને ગચ્છનું છે એમ નહિં ધારતાં જે મારાપણું ધારે તે પરિગ્રહ છે, એમ જણાવવા માટે 'પરિ' ઉપસર્ગની જરૂર છે અર્થાત્ ધર્મોપકરણો પણ નિર્મમત્વબુદ્ધિથી જ્ઞાનાદિકની વૃદ્ધિના ઉદ્દેશથી જ ધારણા કરાય તે પરિગ્રહ નથી, બાકી ધર્મોપકરણ સિવાયની વસ્તુ લેવી તે તો પરિગ્રહ જ છે.

પ્રશ્ન ૬૪૮—અવગ્રહ કેટલા પ્રકારના છે ? તેનો બાધ્યબાધકભાવને શબ્દાર્થની ઘટના શી રીતે ?

સમાધાન—દેવેન્દ્ર ૧. રાજા (ચક્રવર્તિ) ૨. ગૃહપતિ (સામાન્ય રાજા) ૩. શય્યાતર (મકાનનો માલીક) ૪. અને સાધર્મિક, (સાધુ) ૫. એવી રીતે પાંચ અવગ્રહો હોય છે. તે પાંચ અવગ્રહોમાં પૂર્વ પૂર્વમાના અવગ્રહો પાછળ પાછળના અવગ્રહોથી બાધિત થાય છે. એટલે દેવેન્દ્રે અવગ્રહ આપ્યા છતાં ચક્રવર્તિનો અવગ્રહ ન મળ્યો હોય તો દેવેન્દ્રનો અવગ્રહ મળેલો પણ નકામો ગણાય, એવી રીતે યાવત્ સાધુનો અવગ્રહ ન મળ્યો હોય તો દેવેન્દ્ર વિગેરેના અવગ્રહો મળેલા હોય તો નિરર્થક ગણાય.

(પ્રાચીન કાળમાં જગાની માલીકી કેવળ રાજાની જ રહેતી હતી પણ સામાન્યગૃહસ્થો જગાની માલીકી ધરાવતા ન હતા તેથી ગૃહપતિશબ્દથી અહીં રાજા લીધેલો છે.

(શય્યાતર કરતાં સાધર્મિક જુદા લીધેલા હોવાથી શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સાધર્મિકશબ્દ વપરાય છે. ત્યાં ત્યાં સાધુઓ જ લેવાય છે આ વાત સહેજે સમજાય તેવી છે. માત્ર શ્રાવકને ઉદ્દેશીને કહેવાતા અધિકારમાં સાધર્મિકશબ્દથી શ્રાવકો લઈ શકાય પણ સાધુના અધિકારમાં વપરાએલાં સાધર્મિકશબ્દથી શ્રાવકો ન લેવાય, **'आयरिय उवज्झाए'** માં પણ **'साहम्मिए'** શબ્દથી સાધુઓ જ લેવાએલા છે.

પ્રશ્ન ૬૪૯—'सन्धि' શબ્દનો અર્થ સાંધવું મેળવવું એવો 'सन्धानं सन्धिः' એવી વ્યુત્પત્તિ કરીને જેમ સમજાવાય છે તેમ સાંધ એટલે તડ (રેખા) એ અર્થને જણાવવાવાળો સંધિ શબ્દ હોય કે નહિ ? અને હોય તો તેના દ્રવ્ય–ભાવ ભેદો કેવી રીતે સમજવા ?

સમાધાન—પ્રસિદ્ધ વ્યાકરણ આદિને આશ્રીને પ્રસિદ્ધિથી સાંધવું એવો અર્થ થાય છે પણ ભાષાની ઉત્પત્તિ પ્રથમ હોય છે અને તેને આધારે જ વ્યાકરણની ઉત્પત્તિ હોય છે એ દૃઢ–નિયમને અનુસરીને સંધી શબ્દનો અર્થ છિદ્ર એવો કરવામાં અડચણ નથી, અને તેથી જ શીલાંકાચાર્ય–મહારાજે સંધિશબ્દ–વ્યાખ્યા કરતાં ભીંતાદિના છિદ્રને દ્રવ્ય–સંધિ તરીકે અને કર્મના વિચ્છેદને ભાવ–સંધિ તરીકે જણાવી સ્પષ્ટ જણાવ્યું છે કે કેદમાં પડેલાને ભીંત કે બેડી તૂટવાની રીતિ કે છિદ્ર માલમ પડે તો કોઈ પણ બુદ્ધિશાળી પ્રમાદ કરે નહિ તેવી રીતે મોક્ષાર્થીએ કર્મના ક્ષયોપશમરૂપ સંધિ પામીને પુત્ર, સ્ત્રી કે સંસારના સુખનો મોહ કરવો તે કલ્યાણકારી નથી.

પ્રશ્ન ૬૫૦—લજ્જા, ભય કે મોટાઈને લીધે જે આધાકર્મી આદિ દોષનો ત્યાગ કરે અને પડિલેહણ આદિ ક્રિયા કરે તેમાં મુનિપણું માની શકાય ખરૂં ?

સમાધાન—નિશ્ચયનયની અપેક્ષાએ આત્મકલ્યાણની દૃષ્ટિએ છાંડવાલાયક વ્યાપારનો ત્યાગ કરવો અને આદરવા લાયક વસ્તુઓ આદરવી તે જ મુનિપણું છે, પણ વ્યવહારનયની અપેક્ષાએ મોક્ષનો અર્થી તત્ત્વની શ્રદ્ધાવાળો અને પંચમહાવ્રતધારી કોઈ પણ જીવ તે મોક્ષમાર્ગમાં પ્રમાદી થતો બીજા સરખા સાધુની લાજથી, આચાર્યાદિ-આરાધ્યપુરૂષોના ભયથી કે મોટાઈને અંગે આધાકર્માદિને છોડતો પડિલેહણાદિક ક્રિયા કરે અથવા તો તીર્થની ઉન્નતિ માટે માસખમણ આતાપના વિગેરે લોકોમાં જાહેરાતવાળી ક્રિયા કરે તેમાં તેનું મુનિપણું

જ કારણ છે (તેવી ક્રિયાથી પરંપરાએ શુભ અધ્યવસાય જરૂર ઉત્પન્ન થાય છે માટે તેમાં મુનિપણાને કારણ માનવાથી વ્યવહારદૃષ્ટિએ અડચણ નથી.)

પ્રશ્ન ૬૫૧—'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' એ વચનને આગળ કરીને જેઓ ધર્મની ઉપેક્ષા કરવાપૂર્વક શરીરના પોષણ માટે ખાનપાન, વિલેપન વિગેરે મોજમજાહ કરવાનું કહે છે તે શું વ્યાજબી છે ?

સમાધાન—સૂક્ષ્મદૃષ્ટિવાળા મનુષ્યો આ વાક્યનો વિચાર કરે તો તેઓને પ્રથમ નજરે જ માલમ પડશે કે શરીર જેવી પૌદ્‌ગલિક વસ્તુ કોઈ પણ પ્રકારે ધારણ કરવી પણ યોગ્ય નથી તો પછી તેના પોષણની બુદ્ધિએ પ્રવર્તવામાં વિવેકીપણું હોય જ ક્યાંથી ? વ્યવહારથી શરીરનું ધારણ કરવું કે તેને ટકાવવું એ પણ ધર્મને સાધ્ય તરીકે ખ્યાલમાં રાખીને તેનો બાધ ન આવે તેવી રીતે જ કરવાનો છે, કેમકે ધર્મનું પાલન તે સ્વાભાવિક છે અને શરીરનું પાલન-પોષણ સ્વાભાવિક નહિં છતાં ધર્મપ્રાપ્તિના કારણરૂપ ઉપાધિથી થયેલું છે તો ધર્મને બાધ થાય અગર તેની નિરપેક્ષતા થાય તેવી રીતે શરીરનું પાલન અને પોષણ પણ ધર્માર્થીઓને ઉચિત નથી તો પછી ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ કરવી અને મોજમજાહ કરવી અને આવા પારમાર્થિકવચનોને નામે લોકોને ઊંધા માર્ગે દોરવવા એ કોઈ પણ ધર્મિષ્ઠને લાયક નથી. શાસ્ત્રકારો પણ એ જ કહે છે કે સંયમયાત્રાના નિર્વાહ માટે શરીરને તેવી રીતે ધારણ કરે કે જેથી વિષયવાંચ્છા ન થતાં સંયમના આધારભૂત દેહનું દીર્ઘકાલ પાલન થાય.

પ્રશ્ન ૬૫૨—અસંયમમાં અરતિ અને સંયમમાં આનંદ રાખવો એ સર્વ દશામાં ઉચિત છે કે કેમ ?

સમાધાન—ઇષ્ટની પ્રાપ્તિ ન થાય કે તેનો નાશ થાય ત્યારે મનમાં જે વિકાર થાય તેનું નામ અરતિ છે અને ઇષ્ટઅર્થની પ્રાપ્તિ થવાથી જે મનનો વિકાર થાય તેનું નામ આનંદ છે. આ અરતિ

અને આનંદની વ્યાખ્યા સમજનારો પુરૂષ એટલું તો સહેજે સમજશે કે અરતિ અને આનંદ એ બંને મનના વિકારો જ છે અને ધર્મ તથા શુક્લધ્યાનના તીવ્રપરિણામથી ધ્યેયમાં રોકાયેલું યોગીનું ચિત્ત સ્થિરતામય હોવાથી તે વિકારો (અરતિ આદિ) તેમાં હોતા નથી. તેમજ ઉત્પન્ન થતા પણ નથી. અસંજમમાં અરતિ અને સંજમમાં આનંદના વિચારનો શાસ્ત્રકારોએ નિષેધ કરેલો છે, પણ પ્રસંગપ્રાપ્ત અરતિ અને આનંદ રોકેલા નથી અને રોકી શકાતા નથી. તેથી જ શાસ્ત્રકારો ફરમાવે છે કે અસંયમની અરતિમાં અને સંયમના આનંદમાં સાધુઓનું તાત્પર્ય હોય નહિ એટલે કે જ્યાં સુધી શુકલધ્યાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અસંયમ કે સંયમરૂપ કારણથી અરતિ અને આનંદ બને તો પણ તેના આગ્રહમાં તત્ત્વ ન રાખતાં જ સ્વસ્થ રહેવું જોઇએ.

પ્રશ્ન ૬૫૩—મિત્ર અને અમિત્રનું લક્ષણ અને તે કોને ગણવા ?

સમાધાન—ઉપકાર કરનારો મિત્ર કહેવાય છે અને અપકાર કરનારો શત્રુ કહેવાય છે એ સ્વાભાવિક છે, પણ તાત્ત્વિક સર્વથા અને સાર્વત્રિક એવા ગુણને કરવાવાળો જે હોય તે વાસ્તવિક મિત્ર કહેવાય છે, અને તેવો મિત્ર સર્વને પોતાનો આત્મા જ થઇ શકે, તેમજ સંસારમાં સહાય કરવારૂપ ઉપકારથી જે મિત્ર તરીકે માનવામાં આવે છે તે મોહોદયનું જ કાર્ય છે, કેમકે વાસ્તવિક રીતિએ સંસારમાં સહાય કરનારો મનુષ્ય દુઃખના દરીયારૂપ સંસારમાં પાડવાની મદદ કરનાર હોવાથી શત્રુરૂપ જ છે અર્થાત્ સન્માર્ગમાં રહેલો આત્મા કે આત્માને સન્માર્ગે લાવનાર મહાપુરૂષો એ જ આત્માના સાચા મિત્ર છે અને સ્ત્રી, પુત્ર, કણ, કંચનઆદિ સાંસારિક–કાર્યમાં મદદ દેનારો, સનેપાતવાળાને સાકર દેનારની માફક શત્રુરૂપ જ છે, માટે મોક્ષાર્થી આત્માઓએ સાચા મિત્ર શત્રુની ઓળખાણ કરી પ્રવર્તવાની જરૂર છે. (વ્યવહારથી સાંસારિક કાર્યોમાં ઉપકાર કરનાર મિત્ર અને વિઘ્ન કરનાર શત્રુ તરીકે જે ગણવામાં આવે છે તે પોતાના શુભાશુભ ઉદયના કારણરૂપ હોવાથી ઔપચારિક છે)

પ્રશ્ન ૬૫૪—જેવી રીતે સાપ અને અગ્નિ દેખતાંની સાથે ભયંકર લાગે છે, સુવર્ણાદિક દેખતાંની સાથે મનોહર અને ગ્રાહ્ય લાગે છે અને તેથી હઠવાનું અને ગ્રહણ કરવાનું તત્કાલ થાય છે, તેવી રીતે આસ્રવ કે પાપથી હઠવાનું તથા સંવરનું ઉપાદેયપણું જાણ્યું માન્યું છતાં સાપ અગ્નિની માફક તત્કાલ તેની હેયતા, સુવર્ણની માફક ઉપાદેયતા આસ્રવ અને સંવરની કેમ થતી નથી?

સમાધાન—સાપ અને અગ્નિનો ભય નિરંતર તેનો અભ્યાસ હોવાથી તથા સુવર્ણાદિકનો મનોહરપણાનો અભ્યાસ હંમેશા સ્મૃતિપથમાં હોવાથી તત્કાલ હઠી જવાય છે તથા ગ્રહણ કરાય છે. જ્યારે આસ્રવ-સંવર ભયંકર અને મનોહર જાણ્યા છતાં, માન્યા છતાં, સાપ, અગ્નિ કે સુવર્ણની માફક ભયંકરતા અને મનોહરતા થતાં વાર લાગે છે. કારણ કે સાપ અને અગ્નિની ભયંકરતા અને સુવર્ણની મનોહરતા આત્મામાં ઓતપ્રોત થઈ ગઈ છે. જ્યારે પાપ અને આસ્રવની ભયંકરતા સંવરની મનોહરતા અથવા પરં ઈષ્ટપરિણામોનું ઓતપ્રોતપણું થયું નથી. કારણ કે સાપ અને અગ્નિને દેખતાંની સાથે તેના ભયંકર પરિણામો અને સુવર્ણાદિક દેખતાંની સાથે તેના ઇષ્ટપરિણામો સીધા ખ્યાલમાં આવે છે ત્યારે આસ્રવના ભયંકર પરિણામો અને સંવરના ઈષ્ટતરપરિણામો, શાસ્ત્રવચનો, તેના અર્થો, તેની શ્રદ્ધા દ્વારાએ તેમજ તેના નિરૂપણ કરનાર મહાપુરૂષની પ્રમાણિકતા દ્વારાએ ખ્યાલ લેવા પડે છે અને તેથી તે બેનો હેયોપાદેયપણાનો ફરક પડે છે.

પ્રશ્ન ૬૫૫—ઠાણાગંજી વિગેરે અંગો ઉપર કોટ્યાચાર્ય મહારાજે ટીકા કરી હતી એમ જે કહેવાય છે તે સત્ય છે, ?

સમાધાન—આચાર્ય મહારાજ શ્રીમાન્ અભયદેવસૂરિ સ્થાનાંગ સૂત્રની વ્યાખ્યા કરતાં જણાવે છે કે–

'विविधार्थरत्नसारस्य देवताधिष्ठितस्य विद्याक्रियाबलवतापि पूर्वपुरुषेण केनापि कुतोऽपि कारणात् अनुन्मुद्रितस्य' એટલે અનેકપ્રકારના અર્થરૂપી રત્નો સારભૂત છે જેમાં અને દેવતાથી જે અધિષ્ઠિત છે એવા (સ્થાનાંગસૂત્રના) વિદ્યા અને ચારિત્રરૂપી બળવાળા પણ કોઇ પણ પહેલાના પુરૂષે કોઈ પણ કારણથી નહિં ખોલેલા (સ્થાનાંગ-સૂત્રનો અનુયોગ શરૂ કરાય છે.) આ વચનથી સ્પષ્ટપણે એમ જણાય છે કે સ્થાનાંગ-સુત્રની વ્યાખ્યા આચાર્ય મહારાજ અભયદેવસૂરિજી પહેલાં કોઈએ કરેલી નથી આવી જ રીતે સમવાયાંગ વિગેરેની વૃત્તિમાં પણ ઉલ્લેખ હોવાથી પહેલાં કોટચાચાર્યની વ્યાખ્યાઓ સ્થાનાંગાદિ અંગો ઉપર હતી એમ કહેવું તે માત્ર પ્રઘોષ જણાય છે. ભગવતીજીની વ્યાખ્યા અને ચૂર્ણી જો કે અભયદેવસૂરિજી મહારાજની પહેલા હતાં પણ તે કોટચાચાર્યનાં હોય એવો ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૬૫૬—શ્રાવક-શ્રાવિકાવર્ગને ચારિત્રનું અંશ દેશથકી હોય પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો અધિકાર ઓછો ન હોવાથી અંગાદિસૂત્રો વાંચવાનો અધિકાર કેમ નહિ?

સમાધાન—આચારાંગાદિ શાસ્ત્રો વડીદીક્ષા ગીતાર્થપણું, સ્થવિરપણું, ગણીપદવી વિગેરેને અંગે લાયકાત આપવાવાળા હોવાથી તેનો અધિકાર સાધુઓને જ હોય તે સ્વાભાવિક છે અને તેથી જ આચારાંગનું પહેલું અધ્યયન ભણ્યા પછી જ વડી દીક્ષાનો અધિકાર હતો (દશવૈકાલિકની રચના થયા પછી તેનું ચોથું છજીવનિકાય અધ્યયનના યોગ અને અધ્યયન પછી વડીદીક્ષા દેવાય છે.) આચારાંગ-સૂત્રના બીજા શ્રુતસ્કંધની પાંચમી ચૂલા જે નિશીથ અધ્યયન તેનો અભ્યાસ થયા પછી જ ગીતાર્થપણું ગણાય છે અને તેથી જ તે નિશીથાધ્યયનને ભણેલા સાધુને જ ધર્મદેશનાનો અધિકાર છે અને તેથી જ.

'धम्मो जिणपन्नत्तो पकप्पजइणा कहेयव्वो'.

એટલે આચાર-પ્રકલ્પને ભણેલા (ગીતાર્થ) સાધુએ જિનેશ્વર-

મહારાજાના કહેલા ધર્મનો ઉપદેશ કરવો તેવી રીતે ઠાણુંગ અને સમવાયાંગ-સુત્રને ધારણ કરનારા સાધુઓ શ્રુતસ્થવિરો કહેવાય છે અને ભગવતીજી અંગના યોગ અને અધ્યયનથી ગણીપદવી દેવાય છે તે વાત યોગોના બે પ્રકારના વિભાગ કરતાં ભગવતીસૂત્રના યોગને ગણીયોગ કહેવાય છે તેથી તેમજ નવપદપ્રકરણના ભાષ્યની વ્યાખ્યામાં ભગવતીજીના *યોગવહનથી શ્રી જીનચન્દ્રજીને ગણીપદ મળ્યું હતું એવું જણાવેલ* હોવાથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે-આચારાંગાદિનો અધિકાર સાધુઓ સિવાયનાને નથી, વળી વ્યવહારસૂત્રમાં સૂત્રોની વાંચનાના અધિકારમાં સાધુઓને પણ નિશીથાદિ અધ્યયનનો અધિકાર તત્કાલ દીક્ષાની સાથે ન આપતાં ત્રણઆદિ વર્ષોનો પર્યાય થયા પછી જ અધિકાર આપેલો છે તે પણ સ્પષ્ટ જણાવે છે કે સાધુઓને જ સૂત્ર-અધ્યનનો અધિકાર છે. વળી શ્રી નિશીથસૂત્રમાં ગૃહસ્થ કે અન્યતીર્થીને સૂત્રોનું અધ્યયન કરવા કરાવવા કે તેમાં સામેલ થનારાને પ્રાયશ્ચિત્ત કહ્યું છે, એ ઉપરથી પણ શ્રાવકને સૂત્રનો અધિકાર ન હોય એમ સ્પષ્ટ થાય છે. વળી સ્થાનાંગાદિસૂત્રોમાં જ્યાં અસ્વાધ્યાય વર્જવાનો અધિકાર છે, ત્યાં પણ સાધુને ઉદ્દેશીને જ અસ્વાધ્યાય વર્જવાનો કહેલ હોવાથી સૂત્રના અધિકારી સાધુઓ જ હોય એમ સ્પષ્ટ થાય છે, વળી ધર્મદેશના દેવામાં મુખ્યતાએ છજીવનિકાયની દયા ધ્યેય તરીકે રહેવી જ જોઈએ અને ગૃહસ્થ ત્રસકાયની પણ યથાયોગ્ય સમ્પૂર્ણ દયા ન કરી શકનારા હોઈ જે છકાયની દયાની વાત કરે તે કેવળ હાંસીને પાત્ર જ થાય અને જો છકાયની દયાના ધ્યેયને ગૌણ કરીને ધર્મકથન કરે તો જિનેશ્વરમહારાજનું શાસન જ વિપરીત ધ્યેયવાળું ગણાઈ જાય, તેવી રીતે સર્વ પાપને વર્જવાનો પ્રથમ ઉપદેશ દેવો યોગ્ય હોઈ આસ્રવમાં પ્રવર્તેલો તે સર્વ પાપના ત્યાગનો ઉપદેશ ગૌણ કરી દે તે સ્વાભાવિક છે, આજ કારણથી આજકાલના નવયુવકો ચાલુજમાનાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણે રત્નની પ્રધાનતાવાળો ન કહેતાં જ્ઞાનોદ્યોતનો બુદ્ધિવાદનો યુગ છે એમ કહેવા બહાર પડે છે. અને તે જ ધ્યેય રાખીને

દીક્ષાની વિરૂદ્ધતા યેનકેનપ્રકારેણ કરવા તૈયાર થાય છે. મોક્ષનું ધ્યેય સિદ્ધ કરવા માટે ચારિત્ર જ અદ્વિતીય સાધન છે અને તે ચારિત્રના પાલન માટે જ્ઞાનની જરૂર છે એવી માન્યતાવાળાઓ ત્રણે રત્નની સરખી રીતે આરાધના કરી શકે છે. માટે દીક્ષિતોને જ આચારાંગાદિ સૂત્રોનો અધિકાર હોય તે સ્વાભાવિક છે.

પ્રશ્ન ૬૫૭—યથાખ્યાત–ચારિત્રનું ક્ષાયિકપણું તો કર્મગ્રંથ અને બીજા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે પણ પ્રાણાતિપાતવિરમણ વિગેરે મહાવ્રતો પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ હોઈ સંકલ્પવિકલ્પરૂપ ગણાય અને તેથી સોળે કષાયના ક્ષયરૂપ ચારિત્રનો ક્ષાયિકભાવમાં સંકલ્પ–વિકલ્પ હોવાનો અસંભવ ગણી મહાવ્રતોનું તે દશામાં અવસ્થાન કેમ મનાય ?

સમાધાન—મહાવ્રતો પ્રત્યાખ્યાનમય હોઈ તે આત્મસ્વરૂપે છે અને તેથી જ ત્રીજી ચોકડીનું નામ પ્રત્યાખ્યાનાવરણ એવું રાખવામાં આવ્યું છે. જો પ્રત્યખ્યાન આત્મસ્વરૂપ ન હોય અને તે આત્માના ગુણરૂપ ન હોય તો ત્રીજી ચોકડી કોનો ઘાત કરે ? અને અભવ્યમિથ્યાદૃષ્ટિને પણ પ્રત્યાખ્યાનાવરણ કષાયની સત્તા કે ઉદય માનવાની જરૂર રહે નહિ તેથી મહાવ્રતરૂપી પચ્ચખ્ખાણ આત્માના ગુણરૂપે માનવા જોઈએ અને તેથી તે મહાવ્રતોનો સદ્ભાવ ક્ષાયિકભાવમાં માનવામાં અડચણ નથી અને આચાર્ય શ્રીમાન્ અભયદેવસૂરિજી પણ જણાવે છે કે–'**महाव्रतानां क्षायिकादिभावतया मङ्गलत्वात्**' એટલે મહાવ્રતોપણ ક્ષાયિકાદિ ભાવ-રૂપ છે અને તેથી તે મહાવ્રતો મંગળસ્વરૂપ છે. વળી કેવલીને જાણવાના ચિહ્નોમાં પણ પ્રાણનો અતિપાતન કરનાર ન હોય વિગેરે મહાવ્રતોને જણાવવામાં આવે છે અને કેવલી મહારાજને ચારિત્રનો તો ક્ષાયિકભાવ જ હોય છે. તેથી પણ ક્ષાયિકભાવે મહાવ્રતો માનવામાં અડચણ લાગતી નથી.

પ્રશ્ન ૬૫૮—ઘણે સ્થાને જે હકીકત મૂળગ્રંથમાં કે સૂત્રમાં નથી હોતી માત્ર તેની ટીકામાં જ હોય છે. છતાં તે હકીકતને તે તે

ગ્રંથની કે સૂત્રની વૃત્તિ આદિને નામે ન કહેતાં મૂળગ્રંથને નામે કહેવામાં આવે છે તે સાચું કેમ ગણાય ?

સમાધાન—આવશ્યકાદિ શાસ્ત્રોમાં મૂળગ્રંથ અને તેની વ્યાખ્યારૂપ અનુયોગને કથંચિત્ અભેદરૂપે જણાવે છે. તેથી મૂળગ્રંથ કે સૂત્રના નામે વ્યાખ્યાનમાં કહેલી હકીકત મૂળસૂત્ર કે ગ્રંથને નામે કહેવામાં અડચણ નથી.

પ્રશ્ન ૬૫૯—વર્તમાનકાલમાં સૂત્રોની વ્યાખ્યા કરતાં નયો દ્વારાએ વ્યાખ્યા કરી શકાય કે નહિ ? અને કરી શકાય તો કેટલા નયથી અને કેવા પુરૂષને આશ્રીને અને કોણ કરે ?

સમાધાન—સૂત્રની વ્યાખ્યાના ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ, અને *નય એવા ચાર દ્વારો છે, જિનેશ્વરમહારાજના શાસનમાં કોઈ પણ સૂત્ર* કે અર્થ નય અપેક્ષા વગરનો નથી. અને તેથી દરેક સૂત્રની વ્યાખ્યામાં નય નામનો અનુયોગ હોવો જ જોઇએ, પણ આર્યવજ્રસ્વામીજી સુધી અપૃથક્પણે અનુયોગ હોવાથી નયની વ્યાખ્યા સંપૂર્ણ હતી. પણ આર્યરક્ષિતસૂરિજી પછીના કાળમાં પૃથકપણે અનુયોગ હોવાને લીધે કાલિકાદિ શાસ્ત્રો નયવ્યાખ્યાશૂન્ય માનવામાં આવેલા છે. અને તેથી જ શીલાંકાચાર્ય અને વાદિવેતાલ શાંતિસૂરિજી સરખા ધુરંધર આચાર્યો આચારાંગ અને ઉત્તરાધ્યયનની ટીકા વિગેરેમાં દરેક સૂત્રે નયની વ્યાખ્યા કરતા જ નથી. અને અધ્યયન અને શ્રુતસ્કંધ કે શાસ્ત્રની સમાપ્તિમાં માત્ર જ્ઞાન-ક્રિયા રૂપી બે નય દ્વારાએ જ નયનો અનુગમ કરે છે. છતાં પણ પૃથક્ત્વાનુયોગમાં પહેલા ત્રણ નયે કરીને પ્રચુરતાએ અધિકાર વ્યાખ્યા ગણવામાં ગણાય છે. પણ તે અધિકાર વ્યાખ્યાકરનારો નયવાદમાં અત્યંત કુશળ હોય અને વ્યાખ્યા સાંભળનારો પણ નય અધિકારમાં મુંઝાય એવો ન હોય તો જ તે ત્રણ નયે પણ સૂત્રની વ્યાખ્યા કરવાનો અધિકાર શાસ્ત્રકાર જણાવે છે.

પ્રશ્ન ૬૬૦—શુક્લપાક્ષિકજીવોને કેટલો સંસાર અવશેષ હોય ?

સમાધાન—સ્થાનાંગ-સૂત્રની ટીકા વિગેરેમાં જીવોના કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિક એવા બે વિભાગ પાડતા જે જીવોને અપાર્ધપુદ્ગલ-પરાવર્ત સંસાર બાકી હોય તેઓને શુક્લપાક્ષિક ગણાવ્યા છે. જો કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પણ અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર જ શેષ હોય છે. તો પણ શુક્લપાક્ષિકપણાના અંગે કોઇ પણ જાતિમાં કે કોઈ પણ ગતિમાં જીવ રહ્યો હોય છતાં કેવળી મહારાજની દૃષ્ટિએ અપાર્ધપુદ્ગલપરા-વર્તમાં મોક્ષે જવાનો હોય તો તેને શુક્લપાક્ષિક કહી શકાય અને સમ્યક્ત્વની પ્રાપ્તિ તો સંજ્ઞિપંચેન્દ્રિયપણામાં જ હોય અને સમ્યકત્વની પ્રાપ્તિ પછી ઉત્કૃષ્ટો કાલ અપાર્ધપુદ્ગલપરાવર્ત જેટલા સંસારનો છે. અને તેટલો બધો કાલ સમ્યક્ત્વ પામ્યા પછી કોઈક જ જીવ રખડે છે, કેટલાક જીવો તો સમ્યક્ત્વની પ્રાપ્તિના જ ભવમાં કે સાત આઠ ભવમાં મોક્ષે જાય છે, પણ શુક્લપાક્ષિક જીવ તો નિયમિત અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહે ત્યારથી જ ગણાય છે, એટલે સર્વ શુક્લપાક્ષિક થતા જીવોને નિયમિત અપાર્દ્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય છે, ક્રિયાવાદી એટલે યથાસ્થિત નવતત્ત્વને ન માનનાર છતાં પણ જૈનદર્શનની ક્રિયામાં નહિ આવ્યો, છતાં પણ જે મોક્ષની ઇચ્છાવાળો હોય તેને તે ઇચ્છાએ ક્રિયા કરનારને જે શુક્લપાક્ષિક કહેવાય છે તે એક પુદ્ગલપરાવર્ત સંસાર બાકી હોય તેની અપેક્ષાએ કહેવાય છે, એટલે ક્રિયાવાદીની અપેક્ષાએ કહેવાતા શુક્લ-પાક્ષિકને એક પુદ્ગલપરાવર્ત સંસાર શેષ હોય એમ માની શકાય, અને તેથી જ ભગવાન્ હરિભદ્રસૂરિજી પણ જણાવે છે કે—એક પુદ્ગલપરાવર્તથી વધારે શેષ સંસાર જે જીવને બાકી હોય હોય તે જીવને મોક્ષની ઇચ્છા થાય જ નહિ, અને તેથી જ **'मोक्खासओ वि नन्नत्थ'** એ વિગેરે વચનો કહેવામાં આવેલા છે.

પ્રશ્ન ૬૬૧—'આદેશ' શબ્દનો અર્થ શો ?

સમાધાન—પડિલેહણાના અધિકારમાં જે રેખા દેખવાદિક ત્રણ વ્યાખ્યાઓ છે તેને આદેશ કહેવામાં આવે છે તથા અપ્કાયની મિશ્રતાના

અધિકારમાં પરપોટા શમવા આદિક ત્રણ આદેશો કહેવામાં આવે છે. તે જગો પર 'આદેશત્રિક' શબ્દનો અર્થ ત્રણ મત એવો કરવામાં આવે છે અને તે જ જગો પર 'અનાદેશ' શબ્દનો 'અયોગ્યમત' એવો અર્થ કરવામાં આવે છે, એવી રીતે મતિશ્રુતજ્ઞાનના અધિકારમાં આદેશશબ્દથી સૂત્ર અથવા પ્રકાર એવો અર્થ કરવામાં આવે છે, અને ઓઘ-નિર્યુક્તિમાં આદેશપદની વ્યાખ્યા કરતાં 'આદેશ' શબ્દનો અર્થ 'પ્રકાર' એવો કરવામાં આવે છે, તેવી રીતે આવશ્યક-નિર્યુક્તિમાં પાંચસે આદેશો અબદ્ધસૂત્ર તરીકે ગણાવેલા છે તેમાં 'આદેશ' શબ્દનો અર્થ હકીકત એવો કરવામાં આવેલો છે, આ ઉપરથી **આદેશ** એટલે **વ્યાખ્યા, મત, સૂત્ર, પ્રકાર** અને **હકીકત** વિગેરે કરવા યોગ્ય જણાય છે.

પ્રશ્ન ૬૬૨—સમ્યગ્દષ્ટિ વિગેરેમાં જે સંખ્યાતગુણી નિર્જરા કહેવાય છે. તેમાં સમ્યક્ત્વથી દેશવિરતિ વિગેરેમાં અસંખ્યાતગુણી નિર્જરા સમ્યગ્દષ્ટિ વિગેરેની અપેક્ષાએ લઈ શકાય પણ સમ્યગ્દષ્ટિપણામાં અસંખ્યાતગુણી નિર્જરા કોની અપેક્ષાએ ગણવી ?

સમાધાન—ગ્રંથિ આગળ રહેલા દેશોનકોટાકોટિ કર્મની સ્થિતિવાળા મિથ્યાદષ્ટિજીવોને કર્મની નિર્જરા સરખી હોય છે. તેના કરતાં ધર્મનું સ્વરૂપ પૂછવાના વિચારવાળાને અસંખ્યાતગુણી નિર્જરા હોય છે, તેના કરતાં ધર્મસ્વરૂપને પૂછવાની ઇચ્છાએ સાધુ પાસે જવાની ઇચ્છાવાળાને અને જનારને અસંખ્યાતગુણી નિર્જરા હોય છે અને તેના કરતાં પૂછવાની ક્રિયાવાળો અસંખ્યાતગુણી નિર્જરાવાળો હોય છે અને તેના કરતાં પણ ધર્મને લેવાની ઇચ્છાવાળો અસંખ્યાતગુણી નિર્જરાવાળો હોય છે, તેના કરતાં ધર્મ અંગીકાર કરવાની ક્રિયાવાળો અસંખ્યાતગુણી નિર્જરાવાળો હોય છે અને તેના કરતાં પણ ધર્મ પામેલો અસંખ્યાતગુણી-નિર્જરાવાળો હોય છે, આ બધી નિર્જરા સમ્યગ્દષ્ટિ શબ્દથી લીધેલી છે અને તે ગ્રંથિક મિથ્યાદષ્ટિજીવો કરતાં અનુક્રમે અસંખ્યાતગુણી

જાણવી અને તેથી જ નિર્યુક્તિકાર મહારાજે સમ્યગ્દૃષ્ટિશબ્દને સ્થાને સમ્યક્ત્વની ઉત્પત્તિ કહેલી છે.

પ્રશ્ન ૬૬૩—સમ્યગ્દર્શનની ઉત્પત્તિને અંગે જેમ ધર્મપૃચ્છનાના વિચારવાળા જીવો વિગેરે ભેદો છે તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ કરતાં અનુક્રમે અસંખ્યાત-સંખ્યાતગુણ નિર્જરાવાળા શ્રાવકપણામાં ને સાધુપણામાં પેટાભેદો છે કે નહિ ?

સમાધાન—શ્રાવક અને સાધુપણામાં પણ તે તે વિરતિને લેવાની ઈચ્છાવાળો લેતો અને લીધેલો એ ત્રણ પણ પૂર્વ-પૂર્વ-સ્થાનની અપેક્ષાએ અસંખ્યાતગુણી નિર્જરાવાળા છે. એવી રીતે અનંતાનુબંધીનું ખપાવવું, દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિનું ખપાવવું, ઉપશમશ્રેણીમાં રહેવું, ઉપશાંત-મોહપણું, ચારિત્રમોહનીયનું ખપાવવું અને ક્ષીણમોહનીયપણું એ બધામાં અભિમુખપણું, ક્રિયાકરવાપણું અને સંપૂર્ણપણું એ ત્રણ વાના જોડવા એટલે કે પૂર્વ-સ્થાન કરતાં અભિમુખને અસંખ્યાતગુણી નિર્જરા અને અભિમુખ કરતાં ક્રિયારૂઢને અસંખ્યાતગુણી નિર્જરા અને તેના કરતાં પણ સંપૂર્ણવાળાને અસંખ્યાતગુણી નિર્જરા હોય છે.

પ્રશ્ન ૬૬૪—સમ્યગ્દૃષ્ટિ આદિને પૂર્વપૂર્વથી જે અસંખ્યાતગુણી નિર્જરાવાળા માન્યા છે તેઓ કાળની અપેક્ષાએ કેટલા ગુણા હોય છે ?

સમાધાન—કર્મનિર્જરાના વિષયમાં સમ્યગ્દૃષ્ટિ આદિ સમુદાયને આશ્રીને પશ્ચાનુપૂર્વી સંખ્યાતગુણા કાળની લેવી એટલે કે અયોગીકેવલી-મહારાજ વિગેરે જેટલાં કર્મ જેટલા કાળે ખપાવે તેટલાં જ કર્મ સયોગીકેવલી વિગેરે પહેલાના સ્થાનવાળા તેના કરતાં સંખ્યાતગુણા કાળે ખપાવે, એટલે છેવટે ધર્મ પૂછવાની ઈચ્છાવાળો જતો જીવ જેટલાં કર્મ જેટલા કાળે ખપાવે તેના કરતાં ધર્મ પૂછવાના વિચારવાળો સંખ્યાત-ગુણો કાળ થાય ત્યારે તેટલાં કર્મ ખપાવે.

પ્રશ્ન ૬૬૫—તપ, જ્ઞાન ને ચારિત્રના ફળની પ્રાપ્તિમાં કઈ કઈ વસ્તુઓ વિઘ્ન કરે ?

સમાધાન—આહાર, ઉપકરણ, પૂજા, બહુમાન, આમર્ષ–ઔષધિ આદિ લબ્ધિ અને રિદ્ધિ–શાતા–આદિ ગૌરવને લીધે જે જ્ઞાન, ચારિત્ર કે બારે પ્રકારના તપમાંથી કોઈપણ પ્રકારનું તપ કરવામાં આવે તો તે અનુષ્ઠાન કૃત્રિમ કહેવાય છે. અને તે કૃત્રિમ અનુષ્ઠાનનું ગુણવાનપણું હોતું નથી, આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે તપ, જ્ઞાન અને ચારિત્રમાં આદર કરતાં છતાં પણ આહારાદિકની ઇચ્છા તેના ફલમાં વિઘ્નરૂપ છે.

પ્રશ્ન ૬૬૬—અઢીદ્વીપમાં તીર્થંકરોની કયા પદે કેટલી સંખ્યા સમજવી ?

સમાધાન—અઢીદ્વીપમાં ઉત્સર્ગથી એટલે ઉત્કૃષ્ટપણે એક સો સિત્તેર તીર્થંકરો હોય તેમાં કોઈ જાતનો મતભેદ નથી પણ જઘન્યપદ એટલે ઉત્સર્ગથી વિપરીતપદે કેટલાકો શીતા અને શીતોદાના ઉત્તર દક્ષિણના ભાગની વિજયોમાં એકેક તીર્થંકરનું વિચરવું માની પાંચે મહાવિદેહમાં મળીને વીશ તીર્થંકરનું વિચરવું માને છે ત્યારે કેટલાક આચાર્યો પૂર્વ–પશ્ચિમમહાવિદેહમાં માત્ર એક એક તીર્થંકર માની જઘન્યથી દશ તીર્થંકરનું વિચરવું માને છે. (જેમ સર્વબહુમનુષ્ય હોવાનો વખત માત્ર અજિતનાથજી મહારાજની વખતે જ માનવામાં આવ્યો છે તેવી રીતે કોઈક અવસર્પિણીમાં કોઇક વખતે સર્વ અલ્પ મનુષ્યપણાનો વખત થતો હોય ને તેવે સમયે દરેક મહાવિદેહમાં ચાર તીર્થંકરોની હયાતી ન માનતાં માત્ર બે બે તીર્થંકરોની જ હૈયાતી માની હોય તો અસંભવિત નથી, પણ તેવો પ્રસંગ કોઈક જ વખત હોવાથી દરેક મહાવિદેહમાં બે બે તીર્થંકરોનો પક્ષ ઘણો અલ્પ ગણાએલો હશે. દરેક વિજયમાં તીર્થંકર હોય અને ભરત–ઐરવતમાં પણ તીર્થંકર હોય અને તેથી ઉત્સર્ગ પક્ષે જે એક સો સિત્તેર તીર્થંકરની હયાતી મનાય છે તે કંઈ મનુષ્યની ઉત્કૃષ્ટ સંખ્યાને આભારી નથી. અને તેથી મનુષ્યોની ઉત્કૃષ્ટ સંખ્યા ભગવાન્ અજિતનાથના વારામાં હોય તો પણ એક સો સિત્તેર તીર્થંકરોની હયાતી એ કંઈ અજિતનાથજી

ભગવાનના વારામાં જ હોય એમ કહી શકાય નહિ. તેથી ઉત્સર્ગે એક સો સિત્તેર અને જઘન્યપદે વીસ તીર્થંકરોની હયાતી માનવાવાળો પક્ષ વધારે પ્રચલિત લાગે છે) આ સ્થાને ઉત્કૃષ્ટપદને ઉત્સર્ગ તરીકે ગણુવામાં આવેલ છે ને તેથી જઘન્યને અપવાદપદ લે તેમાં આશ્ચર્ય નથી, પણ શાસ્ત્રમાં રૂઢિથી જે નિષ્કારણ વિધિને ઉત્સર્ગ કહેવાય છે અને સકારણ હોવાપૂર્વક ઉત્સર્ગના રક્ષણ માટે કરાતા વિધિને જે અપવાદ કહેવાય છે તે ઉત્સર્ગ-અપવાદ અહિં સમજવા નહિ.

પ્રશ્ન ૬૬૭—હનન, આજ્ઞાપન, પરિગ્રહણ, પરિતાપન અને અપદ્રાવણથી શું શું ગ્રહણ કરવું ?

સમાધાન—લાકડી, ચાબખા વિગેરેથી હનન લેવું. (અપદ્રાવણનો અર્થ પ્રાણવિયોગકરવાનો છે માટે હનનશબ્દથી પ્રાણવિયોગ ન લેતાં લાકડી, ચાબખા વિગેરેથી મારવું લેવું).

બળાત્કારે હુકમથી જે કામ કરાવાય તેનું નામ આજ્ઞાપન કહેવાય. જો કે આજ્ઞાશબ્દથી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને તીર્થંકરમહારાજના વચનો કે આગમ વિગેરેનું જ્ઞાન લેવાય છે તો પણ કેટલેક સ્થળે **'आणा बलाभियोगो'** વિગેરે વચનો હોવાથી પ્રવર્તનારના હૃદયમાં વક્તાનું બહુમાન હોય અને એ વક્તાના વચનને આધારે પ્રવર્તે તો ત્યાં 'આજ્ઞા' શબ્દનો અર્થ બળાત્કારપૂર્વકનો અભિયોગ હોતો નથી, પણ જે સ્થાને પ્રવર્તનારની મરજી ન છતાં બળાત્કારે હુકમ દેવાય છે તે સ્થાને આજ્ઞાપનને દોષ તરીકે ગણવામાં આવે છે. (આ જ કારણથી સાધુઓની દશધા સામાચારીમાં ઇચ્છા કરનારની સામાચારીની નિરૂપણા કરી મુખ્યતયા શાસનમાં બળાત્કારે હુકમ દેવાનો નથી એમ સ્પષ્ટ કર્યું છે.)

જીવો ઉપર બળાત્કાર કર્યા વગર પણ ભૃત્ય, દાસ કે દાસી આદિપણે જે મમત્વ રાખીને જીવોને તાબે કરવામાં આવે તે પરિગ્રહણ કહેવાય છે. (ગુરુ આદિક મોક્ષમાર્ગની પ્રાપ્તિ અને વૃદ્ધિના હેતુથી જે શિષ્ય ને વસ્ત્રાદિનો સંગ્રહ કરે તે પરિગ્રહ નથી; પણ તેમાં મમત્વ ન જોઇએ, એ તો જરૂરી જ છે.)

શરીર અને મનની પીડા ઉપજાવવી તેનું નામ પરિતાપન છે. (લોચ અને તપ વિગેરેથી જો કે શરીરની પીડા કંથચિત્ થાય છે. પણ તપ અને લોચ વિગેરે કરનારને તે ઇષ્ટ સિદ્ધિનું સાધન અને અરૂચિ વિનાનું હોવાથી તેને પરિતાપન ગણાતું નથી.)

શ્રોત્રેન્દ્રિયાદિ પ્રાણોનો નાશ કરવો એ અપદ્રાવણ કહેવાય છે. (પ્રાણનો વિજોગ તે અપદ્રાવણ કહેવાય અને તે અપદ્રાવણ તો ધર્મ-તત્ત્વના જાણકારને સ્વ અને પરના વિષયમાં વર્જવાનું છે તો પણ જે સંલેખના વિગેરે કરવામાં આવે છે તે અપદ્રાવણ નથી; કારણ કે સમ્યગ્જ્ઞાનાદિની વૃદ્ધિ થતી અટકે અને આયુષ્યની ક્ષીણતા નિકટમાં થવાની માલમ પડે ત્યારે જ સંલેખના કરવાપૂર્વક અનશન કરાય છે, એટલે આયુષ્યનો સ્વાભાવિક થતો અંત માત્ર સુધારવાનો હોય છે. પણ ઉપક્રમ કરીને આયુષ્યનો અંત લાવવાનો હોતો નથી આ જ કારણથી અયોગ્ય વખતે કરાતા અનશનને પણ શાસ્ત્રકારો આર્ત્તધ્યાનના ભાગરૂપે ગણાવે છે.

પ્રશ્ન ૬૬૮—શાસ્ત્રકાર મહારાજાઓ સુબોધિકા વિગેરે વ્યાખ્યાન-ગ્રંથોમાં જ્યારે ગણધર મહારાજા દ્વાદશાંગીની રચના કરતાં, પ્રથમ ચૌદ પૂર્વોની રચના કરે છે માટે તેને પૂર્વો કહે છે, એમ જણાવે છે ત્યારે ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી શ્રી આચારાંગની નિર્યુક્તિમાં તથા શ્રી શીલાંકાચાર્યમહારાજ તેની વ્યાખ્યામાં સ્પષ્ટપણે જણાવે છે કે—સર્વ તીર્થંકર-મહારાજના તીર્થમાં આચારાંગ જ આદિમાં થાય છે અને ગણધર મહારાજાઓ પણ આચારાંગાદિકના અનુક્રમે જ સૂત્રોની રચના કરે છે અર્થાત્ શ્રી તીર્થંકરભગવાન્ આદિમાં આચારાંગાર્થ કહે છે અને ગણધરો સૂત્રોની રચના કરતાં પણ પ્રથમ આચારાંગનાજ સૂત્રો રચે છે. આ બંનેનો વિરોધ કેમ પરિહરવો ?

સમાધાન—દ્વાદશાંગીની અનુક્રમે સ્થાપના કરવારૂપ દ્વાદશાંગીની રચનાની અપેક્ષાએ આચારાંગ નામનું પહેલું અંગ પ્રથમજ સ્થપાય છે

ને પછીજ બાકીના સૂત્રો અંગસ્થ થાય છે, માટે સ્થાપનાની અપેક્ષાએ શ્રી આચારાંગ સૂત્ર સર્વ અંગોની આદિમાં છે અને સૂત્રોની રચનાની અપેક્ષાએ તો ચૌદપૂર્વની જ રચના પ્રથમ થાય છે. વળી અનાબાધ મોક્ષપદની પ્રાપ્તિ માટે જ જ્યારે શ્રી જિનેશ્વરભગવાન્ આગમાર્થનું નિરૂપણ કરે છે અને ગણધર મહારાજા તેજ માટે દ્વાદશાંગી રચે છે તો તે મોક્ષપદની પ્રાપ્તિ કરાવનાર સાધુજીવનને ટકાવનાર એવો આચાર પ્રથમ જણાવે ને રચે તેમાં આશ્ચર્ય શું ! વળી આચારાંગનું જે અભિધેય શસ્ત્રપરિજ્ઞાદિ છે તેમાં વ્યવસ્થિત હોય તેને જ શેષ સૂત્રકૃતાંગાદિ અંગો અપાય છે. તેથી પણ આચારાંગની પહેલાં અંગ તરીકે સ્થાપના થાય તેમાં પણ આશ્ચર્ય નથી જ. જો કે આચારાંગાદિ સર્વ શ્રુત દૃષ્ટિવાદના ઉદ્ધારરૂપ છે અને સર્વ સિદ્ધાન્તોનો અવતાર દૃષ્ટિવાદમાં છે પણ આબાલવૃદ્ધોને મોક્ષની ઇચ્છા અને યોગ્યતા હોય તે સ્વાભાવિક હોઈ મોક્ષનો ઉપાય જે આચાર તે બાલવૃદ્ધાદિને જણાવવો જોઈએ ને તે આચાર આચારાંગમાં હોવાથી અત્યંત વિસ્તારવાળા પૂર્વોની રચના પહેલી કરી, પછી તેના ઉદ્ધારરૂપ શેષ અંગોની સ્થાપના અને રચના કરતાં પ્રવચનના સારભૂત અને મોક્ષનો અસાધારણ ઉપાય એવો જે આચાર તેને જણાવનાર શ્રી આચારાંગ તેને પ્રથમપણે સ્થાપન કરે ને ઉદ્ધારરૂપે રચે તે વાસ્તવિક જ છે.

પ્રશ્ન ૬૬૯—આચારાંગ-સૂત્રનું પદની અપેક્ષાએ શ્રી સમવાયાંગ અને નંદીસૂત્રમાં અઢાર હજાર પદ જેટલું પ્રમાણ જણાવેલ છે તો તે પ્રમાણે માત્ર ગણધરમહારાજે રચેલા નવ અધ્યયનપ્રમાણ આચારાંગનું સમજવું કે શ્રુતસ્થવિરોએ કરેલી પાંચ ચૂલાસહિત આચારાંગનું તે પ્રમાણ સમજવું ?

સમાધાન—આચારાંગ-સૂત્રનું અઢાર હજાર પદનું જે પ્રમાણ શાસ્ત્રમાં કહેલ છે તે કેવલ નવબ્રહ્મચર્યમય જે પહેલો શ્રુતસ્કંધ છે તેનું જ સમજવું. શ્રુતસ્થવિરોએ કરેલી જે પાંચ ચૂલાઓ છે તેને જો સાથે લઈએ તો શ્રી આચારાંગ-સૂત્રનું બે શ્રુતસ્કંધની અપેક્ષાએ અધિકઅધિક

પદ પ્રમાણ જાણવું એટલા જ માટે ભગવાન્ નિર્યુક્તિકાર મહારાજ એમ કહે છે અર્થાત્ એકેક ચૂલા વધારતા જઇએ તો પદનું પ્રમાણ પણ બહુ બહુતર થતું જ જાય. આજ કારણથી શ્રી નિશીથસૂત્રમાં નવબ્રહ્મચર્યને વંચાવ્યા સિવાય શેષ ઉપરનું અંગાદિ શ્રુત વંચાવે તો પ્રાયશ્ચિત્ત જણાવતાં શ્રી આચારાંગજીને નવબ્રહ્મચર્યના નામે ઓળખાવ્યો છે.

પ્રશ્ન ૬૯૦—અસંખ્યાતા સંયમસ્થાનોમાં પહેલું પણ સંયમસ્થાન જ્યારે સર્વ આકાશના પ્રદેશો કરતાં અનંતગણું પર્યાયવાળું છે તો પાંચે મહાવ્રતોને પર્યાયના અનન્તમા ભાગે જણાવે છે તેનું શું કારણ?

સમાધાન—સમ્યક્ત્વ જેને ન હોય તેને જ્ઞાન ન હોય અને જ્ઞાન જેને ન હોય તેને ચારિત્ર ન હોય એટલે જઘન્યસંયમસ્થાનમાં સમ્યક્ત્વ અને જ્ઞાનના પર્યાયો પણ સાથે લઇ ચારિત્રના પર્યાયોની ગણતરી કરી છે ને તેથી તે જઘન્યસંયમસ્થાનના પર્યાયો સ્વીકાર કરતાં અનન્તગુણા છે પણ પાંચ મહાવ્રતોના પર્યાયો ગણતાં કેવલ મહાવ્રતોના જ પર્યાયો લીધેલા હોવાથી પર્યાયોના અનંતમા ભાગે કહેલા છે.

પ્રશ્ન ૬૯૧—હિંસા વિગેરેથી વિરમવારૂપ પાંચ મહાવ્રતો હોવાથી તે મહાવ્રતોનો વિષય સર્વદ્રવ્યો કેમ બને?

સમાધાન—આચારાંગજી બીજા શ્રુતસ્કંધવાળી ચાર અને આચારપ્રકલ્પ જેનું બીજું નામ નિશીથ હોવા સાથે તે પૃથક્ હોવાથી જે નિશીથસૂત્રરૂપે કહેવાય છે તે પાંચમી એમ પાંચ ચૂલાને આચારાંગ કહેવાય છે ને તેનો સમવતાર પ્રથમશ્રુતસ્કંધ જે નવ અધ્યયન પ્રમાણ અને સાધુઓના આચારમય હોવાથી નવ બ્રહ્મચર્ય નામે ઓળખાય છે તેમાં થાય છે. સમગ્ર સાધુ આચાર ૭ જીવનિકાયની વિરાધનાના પરિહાર અર્થે હોવાથી નવ બ્રહ્મચર્યનો સમવતાર શસ્ત્રપરિજ્ઞા નામના પ્રથમ અધ્યયનમાં થાય છે ને વિરાધનાનો ત્યાગ ૭ જીવનિકાયવિષયક હોવાથી શસ્ત્રપરિજ્ઞાનો સમવતાર ૭ જીવનિકાયમાં થાય છે અને ૭ જીવનિકાયનું

પાલન કરવાનો યથાર્થ રસ્તો પાંચ મહાવ્રતો હોવાથી છ જીવનિકાયનો સમવતાર પાંચ મહાવ્રતોમાં થાય છે અને તે પાંચ મહાવ્રતોનો વિષય સર્વદ્રવ્ય હોવાથી તેનો સમવતાર સર્વદ્રવ્યોમાં થાય છે એમ કહી નિર્યુક્તિકાર મહારાજ સમુચ્ચયે પાંચ મહાવ્રતોને સર્વદ્રવ્યવિષયક જણાવે છે છતાં જુદા જુદા મહાવ્રતો લઈએ તો પ્રાણાતિપાતવિરમણમાં હિંસાથી વિરતિ હોવાને લીધે સર્વજીવો જ વિષયભૂત છે, બીજા અને પાંચમા મહાવ્રતમાં જુઠ અને મમત્વનો ત્યાગ હોવાથી સર્વદ્રવ્યો વિષયભૂત થાય છે અને ત્રીજા મહાવ્રતમાં નહિ દીધેલ એવા ગ્રહણ કરવા ને ધારણ કરવા યોગ્ય દ્રવ્યને ત્યાગ કરવાનું તથા દેવતાઇ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી સ્ત્રીઓનો ત્યાગ હોવાથી માત્ર પુદ્ગલદ્રવ્યને અંગે હોય છે ને તેથી તે ત્રીજુ અને ચોથું બન્ને મહાવ્રતો પુદ્ગલદ્રવ્યના પણ એક ભાગને જ અંગે છે. આવી રીતે જુદાં જુદાં મહાવ્રતો જુદા જુદા વિષયવાળાં છે પણ સમુચ્ચયે પાંચે મહાવ્રતો સમ્યક્ત્વને અંગે છે તે સ્પષ્ટ સમજાય તેમ છે.

પ્રશ્ન ૬૭૨—જ્ઞાનાવરણીય વિગેરે કર્મોનો ઉપક્રમ (નાશ) જેમ જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ભક્તિઆદિ દ્વારાએ કરી શકાય છે તેવી રીતે આયુષ્યને અંગે જેટલું બાંધ્યું હોય તેટલુંજ ભોગવાય છે કે તેમાં ઓછાપણું થાય છે?

સમાધાન—જ્ઞાનાવરણીયઆદિક કર્મો જેમ નિકાચિત અને અનિકાચિત એમ બે પ્રકારનાં હોય છે અને અનિકાચિત એવાં જ્ઞાનાવરણીય-આદિકનો જ્ઞાનાદિની ભક્તિઆદિ દ્વારાએ નાશ થાય છે અને નિકાચિત એવા જ્ઞાનાવરણીયમાં ભક્તિઆદિ દ્વારાએ નાશ નહિ થતાં કેવલ ભોગવવા દ્વારાએ જ નાશ થાય છે, તેમ આયુષ્યકર્મ પણ અનપવર્તનીય (નિકાચિત) હોય તો પુરું ભોગવાય છે પણ અપવર્તનીય (સોપક્રમ, અનિકાચિત) હોય તો રાગદ્વષાદિ દ્વારાએ જલ્દી ભોગવાઈ ટુંકા વખતમાં પણ તેની સમાપ્તિ થાય છે; અર્થાત્ આઠે કર્મોને ઉપક્રમ લાગે પણ છે ને નથી પણ લાગતો.

પ્રશ્ન ૬૭૩—એક ભવમાં આયુષ્ય કેટલી વખત બંધાય છે અને ક્યારે બંધાય છે ?

સમાધાન—તત્ત્વાર્થ ટીકાકાર મહારાજ ફરમાવે છે કે-નિરૂપક્રમ આયુષ્યવાળા પંચેંદ્રિય જીવો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે જ આવતા ભવનું આયુષ્ય બાંધે છે પણ સોપક્રમ આયુષ્યવાળા પંચેંદ્રિય જીવો અને પૃથ્વી, અપ, તેઉ, વાયુ અને વનસ્પતિ, બે, ત્રણ, ચાર ઈંદ્રિયવાળા જીવો મુખ્યતાએ પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે, અને તે વખતે જો ન બાંધે તો બધા આયુષ્યનો નવમો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે નવમો ભાગ બાકી રહેતાં પણ જો ન બાંધ્યું હોય તો સત્તાવીસમો ભાગ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. દરેક જીવ પોતાના મરણની અંતર્મુહૂર્ત્ત પહેલાં તો જરૂર આયુષ્ય બાંધે છે, આયુષ્યનો બંધ આખા ભવમાં એક જ વખત હોય છે. (ચાર આયુષ્યોમાંથી આયુષ્ય આખા ભવમાં એકજ વખત એકજ પ્રકારનું બંધાય છે પણ ગતિ, જાતિ વિગેરે નામકર્મો તો ભિન્નભિન્ન જાતિનાં અને ઘણી વખત બંધાય છે, પણ જે ગતિનું આયુષ્ય બાંધે તે ગતિમાં ગતિ જાતિ આદિકર્મો તે ગતિ બાંધતી વખતે મજબુત કરે અને તેથી જ શાસ્ત્રકારો **'गइनामनिधत्ताउ'** **'जाइनामनिधत्ताउ'** વિગેરે શબ્દોથી આયુષ્યને વિશિષ્ટ જણાવે છે, અર્થાત્ જે ગતિનું આયુષ્ય ન બંધાયું હોય તે ગતિનાં ગતિ, જાતિ વિગેરે કર્મો સામાન્યબંધમાં રહે છે પણ નિધત્ત થતાં નથી.)

પ્રશ્ન ૬૭૪—આયુષ્ય જલ્દી ભોગવાઇ જાય અગર તૂટે એમ માનવામાં કરેલાં કર્મનો વગર ઉપભોગે નાશ થયો એમ માનવું પડે કે નહિ ?

સમાધાન—આયુષ્ય તો શું, પણ આઠે કર્મો બાંધેલાં હોય તે ભોગવવાં તો પડેજ છે, બાધેલાં કોઇપણ કર્મનો નાશ થતો જ નથી, પણ જ્ઞાનાવરણીયઆદિક કર્મનો ભક્તિઆદિ દ્વારાએ અને આયુષ્યનો

ઉપક્રમદ્વારાએ જે નાશ કહેવાય છે તે તેના ભોગને જલ્દી કરવાને અંગે અને તેના રસના નાશને અંગે છે એટલે કર્મબંધ બે પ્રકારે છે એક રસબંધ અને બીજો પ્રદેશબંધ, તેમાં જેવા રસથી કર્મ બાંધ્યું હોય તેવા રસથી જ તે ભોગવવું પડે એવો નિયમ નથી; કેમ કે રસને અંગે બાંધ્યા જેવો ભોગવવાનો નિયમ રાખીએ તો નિંદન-ગર્હણ-પ્રાયશ્ચિત્ત-ક્રિયા નિષ્ફલ થવા સાથે સર્વ ધર્મ-ક્રિયા પણ નિષ્ફળ ગણવી પડે, એટલું જ નહિ પણ જ્ઞાનાદિકને માટે અભ્યાસ વિગેરેની જરૂર રહે જ નહિ અને તે નિંદનાદિક બધા નિષ્ફલ હોય તો કર્મના અટલ સિદ્ધાંતને જાણનાર અને પ્રરૂપનાર મહાપુરુષો તે નિંદનાદિ કરવાનો ઉપદેશ અને તે દ્વારાએ કર્મનાશ થવાના કહેત જ નહિ. બીજો બંધ જે પ્રદેશ દ્વારાએ કહ્યો છે તે તો જેવો પ્રદેશબંધ થયો હોય તેવો ભોગવવો જ પડે, તત્ત્વ એ છે કે રસબંધ ભોગવવો અનિયમિત છે, પણ પ્રદેશબંધનું ભોગવવું નિયમિત છે.

પ્રશ્ન ૬૭૫—રસ અને પ્રદેશના ભેદોમાં કોઈ દષ્ટાન્તથી સમજણ દઈ શકાય ખરી ?

સમાધાન—કોઈક મનુષ્યે વગર વિચાર્યે વધારે કેરીઓ ખાધી હોય અગર કેળાં ખાધાં હોય અને પછી તેના પેટમાં દુ:ખાવો થતાં વૈદ્યને તે દુ:ખાવો ટાળવા માટે પૂછવામાં આવે ત્યારે વૈદ્ય તે દુ:ખાવાની શાંતિ માટે કેરી ખાનારને સુંઠ અને કેળાં ખાનારને એલચી ખાવાનું જે જણાવે છે તે સુંઠ અને એલચી ખાધા પછી માત્ર કેરી અને કેળાંના વિકારને તોડે છે પણ કેરી અને કેળાંના પુદ્દગલો જે પેટમાં રહેલા છે તેનો નાશ કરતા નથી, તે પુદ્દગલો તો જઠરમાં જ રહે છે, તેવી રીતે જ્ઞાનાવરણીય આદિકના જ્ઞાન રોકવાઆદિકના વિકારોને ભક્તિઆદિની ક્રિયા તોડી શકે છે પણ તેના નીરસ પુદ્દગલો તો આત્માને ભોગવવાં જ પડે છે.

પ્રશ્ન ૬૭૬—આયુષ્ય વિગેરે કર્મોનો ઉપક્રમ થાય અને તેથી તે જલ્દી ભોગવાય છતાં તેમાં કરેલાં કર્મનો નાશ ન માનવો તે કેમ બને ?

સમાધાન—એક મનુષ્ય પ્રતિદિન શેર અનાજ ખાતો હોય અને તેને જો મણ અનાજ આપવામાં આવે તો તેનો ચાલીસ દિવસનો ખોરાક છે એમ કહી શકાય, છતાં તે મનુષ્યને કાંઈક એવો જબરો ભસ્મક જેવો વ્યાધિ થાય અને તે ચાલીસ દિવસનો ખોરાક દશ દહાડામાં ખાઈ જાય. તેમાં આહાર જલ્દી ખાધો કહેવાય પણ આહારનો નાશ થયો કહેવાય નહિ, તેવી જ રીતે બાંધેલા કર્મો પણ અનુક્રમે ભોગવતાં જેટલા વખતે ભોગવી લેવાવાનાં હોય તેના કરતાં થોડા વખતમાં જે કર્મ ભોગવી લેવાય તેનું નામ ઉપક્રમ (નાશ) કહેવાય છે. ઘડીયાળની કુંચી ઘડીયાળ રીતસર ચાલે તો છત્રીસ કલાક પહોંચવાની હોય છતાં જો તેની ઠેસ ખસી જાય કે ઢીલી થાય તો તે ચાવી જલ્દી ઉતરી જાય તેમાં ચાવીનો નાશ થયો કહેવાય નહિ. તેવી રીતે અનુક્રમે ભોગવાતું આયુષ્ય સો આદિ વરસ ચાલવાનું હોય છતાં રાગદ્વેષાદિ દ્વારાએ જલ્દી અંતર્મુહૂર્તથી માંડીને કોઈ પણ વખતમાં ભોગવાઈ જાય, તેમાં કર્મ ઊડી ગયું કહેવાય નહિ.

પ્રશ્ન ૬૭૭—અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય, તિર્યંચનું આઉખું ઉપક્રમવાળુ હોતું નથી એમ ખરું ?

સમાધાન—અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય તથા તિર્યંચનું આઉખું ઉપક્રમવાળું હોતું નથી એમ જે કહેવાય છે તે પર્યાપ્ત અવસ્થા થયા પછી સમજવું; કેમકે અપર્યાપ્ત અવસ્થાવાળા યુગલીઆઓનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય તો તે ઘટીને અંતર્મુહૂર્ત જેટલું થઈ જાય છે (એમ જો ન માનીએ તો જુગલીયાની સ્ત્રીઓને નવ લાખ જીવોની ઉત્પત્તિ મનાય નહિ અથવા તો અકર્મભૂમિના ક્ષેત્રમાં સંખ્યાતા વર્ષનું યાવત્ અંતર્મુહૂર્તના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો માનવા પડે પણ તે બનતું નથી માટે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અપર્યાપ્ત અવસ્થામાં ત્રણ પલ્યોપમનું આયુષ્ય પણ અપવર્તનીય થાય છે.

પ્રશ્ન ૬૭૮—લવણસમુદ્રમાં મનુષ્યનાં જન્મ-મરણ થાય કે નહિ ?

સમાધાન—લવણસમુદ્રમાં અંતર્દ્વીપમાં મનુષ્યનાં જન્મ-મરણ થાય છે, વળી તે અંતર્દ્વીપ સિવાય બીજા નાનામોટા બેટો તેમજ પ્રવહણાદિક સ્થાનોમાં મનુષ્યોનું રહેવું, જવું થાય અને ત્યાં મનુષ્ય જન્મે કે મરણ પામે તેમાં કોઈ જાતનો બાધ દેખાતો નથી.

પ્રશ્ન ૬૭૯—હાલમાં જે યતિઓ ગોરજીઓ વર્તે છે તે રીતે તે યતિ તથા ગોરજીનું કયું ગુણસ્થાનક માનવું ?

સમાધાન—જિનેશ્વરમહારાજની સાચી શ્રદ્ધા અને પ્રરૂપણા જેઓમાં હોય તો એમાં ચોથું, અગર વાર-તહેવારે વ્રત નિયમ, પચ્ચખ્ખાણ કરતા હોય અગર અમુક અણુવ્રતો ધારણ કરતા હોય તો પાંચમું ગુણસ્થાનક પણ કહી શકાય અને જેઓની શ્રદ્ધા, પ્રરૂપણા માર્ગને અનુસરતી નથી તેઓને વ્યવહારથી પણ ચોથે પાંચમે ગુણઠાણે કહેવાનું મુશ્કેલ પડે અર્થાત્ પહેલે ગુણઠાણે પણ હોય.

પ્રશ્ન ૬૮૦—તમસ્કાય વસ્તુ શી ? તથા તે ક્યાંથી આવે છે ? તેમજ દરરોજ નિયમિત ટાઇમેજ આવે છે તેનું કારણ ?

સમાધાન—તમસ્કાય એ અપ્કાયનો વિકાર છે, તથા અરૂણોદ નામના સમુદ્રના મધ્યભાગમાંની તમસ્કાયની શ્રેણી નીકળે છે અને સૂર્ય વિગેરેના કારણથી તેનો ધ્વંસ થાય છે.

પ્રશ્ન ૬૮૧—ભરતની જે શાશ્વતી ગંગા નદી છે તે હાલ છે તે કે બીજી ?

સમાધાન—દિલ્હી, કાનપુર, કાશી થઈને બંગાળના અખાતમાં મેળવેલી જે આધુનિક ગંગા છે તે અષ્ટાપદથી વાળીને સમુદ્રમાં મેળવેલી ગંગા છે એમ અજિતનાથજીના ચરિત્રના આધારે જણાય છે.

પ્રશ્ન ૬૮૨—સૂર્યના ઉદય થયા પછી નવકારશીઆદિનું પચ્ચખ્ખાણ લેવાય કે નહિ ?

સમાધાન—મુખ્યવૃત્તિએ સૂર્યોદય પહેલાં ધારવું ને લેવું જોઇએ, છતાં હંમેશા પચ્ચખ્ખાણ કરનારાઓને માટે પછી પણ લેવા-ધારવામાં અડચણ નથી.

પ્રશ્ન **૬૮૩**—સિદ્ધચક્રજીના જુદા જુદા વર્ણ રાખવાનું કારણ શું ?

સમાધાન—જુદા જુદા પદોનું સહેલાઇથી ધ્યાન થઈ શકે છે.

પ્રશ્ન **૬૮૪**—સકલતીર્થં ક્યા આવશ્યકમાં ગણાય ?

સમાધાન—રાઈપ્રતિક્રમણમાં છ આવશ્યકની સમાપ્તિ તથા પચ્ચખ્ખાણ લેવાની શરૂઆતમાં કહેવામાં આવતું હોવાથી પચ્ચખ્ખાણ નામના છઠ્ઠા આવશ્યકમાં ગણવામાં આવે તો હરકત લાગતી નથી.

પ્રશ્ન **૬૮૫**—પોસહમાં શ્રાવકથી વાસવડે જ્ઞાનપૂજા થાય કે નહિ ?

સમાધાન—દ્રવ્યસ્તવ હોવાથી ઉચિત નથી એમ સેનપ્રશ્નમાં પૌષધવાળા માટે દીધેલા ઉત્તરથી જણાય છે.

પ્રશ્ન **૬૮૬**—છઠ્ઠા ગુણસ્થાને ચાર ધ્યાનમાંથી કયું ધ્યાન હોય ?

સમાધાન—પ્રમત્તદશા હોવાને લીધે આર્ત્તધ્યાનનો સંભવ છે છતાં પણ વ્રતની પરિણુતિને લીધે ધર્મધ્યાનનો પણ સંભવ છે એટલે પ્રમત્તસંયત ગુણસ્થાનકે મુખ્યતાએ આર્ત્તધ્યાન હોવા છતાં પણ ગૌણપણે ધર્મધ્યાન હોય એમ શાસ્ત્રકારો જણાવે છે.

પ્રશ્ન **૬૮૭**—પરમાધામી દેવોની ગતિ-આગતિ કેટલા જીવભેદોમાં હોય ?

સમાધાન—પરમાધામી દેવતા મરીને અંડગોળીયા મનુષ્યપણે થાય છે જે અંડગોળીયાપણામાં મહિનાઓ સુધી વેદના ભોગવવી પડે છે, પણ તે અંડગોળીયામાંથી પણ નીકળીને બીજી દુર્ગતિઓમાં પરમા-

ધામીનો જીવ ઘણું રખડે છે અને પરમાધામીપણામાં ઉપજનારા જીવો સંક્લિષ્ટ પરિણામ સાથે જેઓ દેવતાના આયુષ્ય, ગતિઆદિ પુણ્ય ઉપાર્જન કરે તેવા જ મનુષ્ય અગર તિર્યંચ હોય.

પ્રશ્ન ૬૮૮—જંબુદ્વીપના પશ્ચિમમહાવિદેહમાં ચોવીસમી તથા પચીસમી વિજય છેવટ એક હજાર યોજન નીચે ગયેલ છે તો તેવી રીતે દરેક ક્ષેત્રે વિજયો ઊંડી છે કે કેમ ?

સમાધાન—પુષ્કરાર્દ્ધ ને ધાતકીખંડમાં પૂર્વ–પશ્ચિમ થઇને ચાર-ચાર મહાવિદેહોમાં બત્રીશ–બત્રીશ વિજયો સરખી સપાટીએ હોઇ તેમાં ચોવીશમી પચીશમી વિજયો કુબડી વિજયો તરીકે ગણાતી નથી પણ જંબુદ્વીપના મેરુપર્વતની પશ્ચિમે રહેલા મહાવિદેહ ક્ષેત્રની સપાટી સરખી ન હોવાથી ધીમે ધીમે ઉતરતી છેવટે હજાર જોજન ઊંડી થઈ જાય છે; તેથી માત્ર જંબુદ્વીપની જ ચોવીશમી પચીશમી વિજય તે કુબડી વિજય તરીકે કહેવાય છે.

પ્રશ્ન ૬૮૯—નિહાર (સ્થંડિલ) સ્થાનને માટે કુલ કેટલા ભેદ અને તે કેવી રીતે ? ને કયો લેવો ?

સમાધાન—અનાલોક, અસંપાતિ, અનુપઘાત, સમ, અશુષિર, ત્રસપ્રાણબીજરહિત, વિસ્તીર્ણ, દૂર, અવગાઢ, અચિરકાળકૃત, એમ દશ પ્રકારના દૂષણોમાં એ દશના અંકાદિ સંયોગથી ૧૦૨૩ ભાંગા થાય છે. આ બધા ભાંગા વર્જીને ૧૦૨૪ મો ભાંગો સ્થંડિલાદિ માટે ઉપયોગમાં લઇ શકાય છે.

પ્રશ્ન ૬૯૦—પરમાધામીની કરેલી વેદના કેટલી નરક સુધીમાં હોય ?

સમાધાન—તત્ત્વાર્થસૂત્રના આધારે ત્રણ નરક સુધી પરમાધામીકૃત વેદના હોય છે ને કેટલાકો પ્રાયે ત્રણ નરક સુધી દેવતાની વેદના માને છે ને આગળ પણ કોઇક વખત કથંચિત્ દેવતાની કરેલી વેદના હોય છે એમ માને છે.

પ્રશ્ન ૬૯૧—યુગપ્રધાનો કેટલા હોય ? એમનું લક્ષણ શું ? અને હાલમાં તેઓ છે કે નહિ ?

સમાધાન—પ્રવચનસારોદ્ધારની રચના તેરમી સદીમાં થઈ છે અને તેમાં મહાવીરમહારાજનાં શાસનમાં બે હજાર અને ચાર (૨૦૦૪) યુગપ્રધાનો થવાનું સ્પષ્ટ જણાવ્યું છે. આવશ્યકચૂર્ણિં વિગેરેમાં આર્યમહાગિરિજી અને આર્યસુહસ્તિજીને યુગપ્રધાન તરીકે જણાવેલા છે. શ્રીનિશીથચૂર્ણિમાં આર્યકાલકાચાર્યમહારાજને યુગપ્રધાન તરીકે જણાવેલા છે અને શ્રી મહાનિશીથસૂત્રમાં શ્રીપ્રભઆચાર્યને યુગપ્રધાન જણાવેલા છે એ ઉપરથી યુગપ્રધાન શબ્દ અને તેની વિવક્ષા ઘણા પ્રાચીનકાલની છે એમ જણાય છે. જે કાલે જે પુરુષો વર્તતા હોય તે પુરુષોમાં આગમના સૂક્ષ્મબોધને લીધે જેઓ શ્રેષ્ઠ હોય છે તેઓને યુગપ્રધાનાગમ અર્થાત્ યુગપ્રધાન કહેવાય છે તેઓ એકાવતારી હોય છે, વર્તમાનકાળમાં યુગપ્રધાન તરીકે કોઇ પણ વ્યક્તિ જાહેર આવી નથી.

પ્રશ્ન ૬૯૨—સાત ક્ષેત્ર કયાં અને તેમાં ધનવ્યય કરવા માટે સાધુઓ 'ઉપદેશ' આપે કે 'આદેશ' કરી શકે ?

સમાધાન—જિનમંદિર, જિનમૂર્તિ, જ્ઞાન અને ચતુર્વિધ સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) એ સાત ક્ષેત્રો છે. જુના ચૈત્યોનો ઉદ્ધાર કરવો કે નવાં ચત્યો (દહેરાં) બનાવવા તે ચૈત્યક્ષેત્ર કહેવાય. ચૈત્ય અને મૂર્તિ એ બંનેને માટે વપરાતું દ્રવ્ય તે બેય ક્ષેત્રમાં સરખાવટ હોવાથી પરસ્પર વાપરી શકાય છે અને તેથી જ દેવદ્રવ્યની વ્યાખ્યા કરતી વખતે શાસ્ત્રકારો ચૈત્યદ્રવ્ય, દેવદ્રવ્ય, જિનદ્રવ્ય વિગેરે ઉભય સાધારણ શબ્દો વાપરે છે. જો કે ચૈત્ય અને મૂર્તિ એ બંને સંબંધી દ્રવ્યને દેવદ્રવ્ય કહેવાય છે, અને તેથી તે બંનેનું ક્ષેત્ર એક જ કરીને દેવ એવું ક્ષેત્ર કર્યું હોય તો ચાલી શકત; પણ ચૈત્ય અને મૂર્તિના ક્ષેત્રમાં સ્વતંત્ર ખરચ કરવાની યોગ્યતાની અપેક્ષાએ તે બે ક્ષેત્રો જુદાં રાખ્યાં છે. વળી દરેક શ્રાવકે સો સોનૈયા જેટલી પોતાની

મીલકત થાય ત્યારે પોતાના ઘરમાં દહેરાસર કરવું જ જોઈએ, એ વાતનો ખ્યાલ પણ ચૈત્યક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે. વળી ભગવાનની ત્રિકાલ પૂજા કરવાવાળો શ્રાવક પોતાના દ્રવ્યનો દેવદ્રવ્યમાં ઉપયોગ કરે છે એવો ખ્યાલ પણ મૂર્તિ નામનું ક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે. ભગવાનના શાસનનો પૂરો આધાર જીવાજીવાદિતત્ત્વોના જ્ઞાન પર હોઇ પુસ્તકોનો ઉદ્ધાર કરવો, લખાવવાં કે સાચવવાં વિગેરેને અંગે થતો વ્યય જરૂરી હોઈ જ્ઞાન નામનું ક્ષેત્ર જુદું રાખેલું છે. આ ત્રણ ક્ષેત્રો (ચૈત્ય, મૂર્તિ અને જ્ઞાન)માં નવીન ઉત્પત્તિ, જુનાની સંભાળ કે જીર્ણનો ઉદ્ધાર કરાય તે યોગ્ય ગણાય છે. તેવી જ રીતે ચતુર્વિધ સંઘને અંગે સાધુ, સાધ્વી, નવી દીક્ષાઓ, દીક્ષિતોને અશન, પાન, ખાદિમ, વસ્ત્ર-પાત્ર, કંબલ, ઔષધ આદિનું દાન વિગેરે કરાય, તે સર્વ સાધુ-સાધ્વીના ક્ષેત્રમાં વ્યય થયો સમજવો તેવી જ રીતે શ્રાવક-શ્રાવિકાને ધર્મ પમાડવો ધર્મમાં સ્થિર કરવાં. વળી અન્ય લોકો પણ ધર્મની અનુમોદના કરે તેવી રીતે તેઓની ભક્તિ કરવામાં જે ધનનો વ્યય થાય તે શ્રાવક-શ્રાવિકાક્ષેત્રમાં ધનનો વ્યય ગણવો. સાધ્વી અને શ્રાવિકા અનુક્રમે સર્વવિરતિ અને દેશવિરતિવાળી છતાં પણ સ્ત્રીપણાના કેટલાક સ્વાભાવિક દોષોને લીધે તેના તે અવગુણો તરફ દૃષ્ટિ જાય અને તેના સર્વવિરતિ-દેશવિરતિગુણો તરફ બહુમાનની નજર ન રહે તેવો અવિવેક ટાળવા માટે સાધ્વી અને શ્રાવિકાનું ક્ષેત્ર જુદું ગણવાની જરૂર પડી છે. ઉપર જણાવેલાં સાતે ક્ષેત્રોમાં ધનવ્યય કરવા માટે ઉપદેશ દેવો એ દરેક ઉપદેશકનું કર્તવ્ય છે. યાદ રાખવું કે-એક પણ ક્ષેત્રના ભોગે કોઇને પોષવાનો ઉપદેશ અપાય તો તે ઉપદેશ શાસ્ત્રાનુસારી કહી શકાય નહિ. પદાર્થના નિરૂપણમાં જેમ એક પણ ધર્મને ઓળવે તો તે નયાભાસનો ઉપદેશ કહેવાય છે, અને એક ધર્મની પ્રધાનતાએ અપાતો ઉપદેશ નયમાર્ગનો ઉપદેશ કહેવાય છે; પણ સર્વ ધર્મોની અપેક્ષા રાખીને અપાતો ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય છે, તેવી રીતે સર્વ ક્ષેત્રની અપેક્ષાવાળો

ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય, પણ કોઈપણ ક્ષેત્રમાં દુર્લક્ષ્ય કરાવીને કે ઉઠાવીને જે ઉપદેશ અપાય તે યથાર્થ ઉપદેશ કહેવાય જ નહિ. જૈનશાસ્ત્રમાં અખિલ કાર્યો ભવ્યજીવોએ પોતાની ઈચ્છાથી જ કરવાનાં છે અને તેથી જ વંદના સરખા કાર્યમાં પણ શાસ્ત્રકારોએ ઈચ્છકારેણનો પાઠ રાખી ઇચ્છાકાર નામની સામાચારી સૂચવી, મુખ્યતાએ બલાત્કારને સ્થાન નથી એમ જણાવેલું છે, તો પછી સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા માટે આજ્ઞા કે બલાભિયોગ ન હોય તે સ્વાભાવિક જ છે, તેથી બીજા પ્રયોજનોની માફક આ સાત ક્ષેત્રને અંગે પણ સાધુનો અધિકાર માત્ર ઉપદેશનો જ હોઇ શકે. જો કે ચૈત્યદ્રવ્યનાં ગામ, ગાયો વિગેરે, કોઈ રાજાઆદિક મનુષ્યે હરણ કર્યાં હોય અગર હરણ થતાં હોય, તેની ઉપેક્ષા થતી હોય, તેનું નિવારણ કરવાની ફરજ ગચ્છની અંદર રહેલા સાધુઓ અને ગચ્છથી નિરપેક્ષપણે વિચરતા સાધુની પણ છે, તો પણ તે ફરજ બતાવનાર ગાથાની જોડે જ એમ જણાવવામાં આવ્યું છે કે તે જ ચૈત્યાદિકને માટે નવા માગવાના કે ઉત્પત્તિના કાર્યો કરતાં સાધુઓના મહાવ્રતની શુદ્ધિ રહે નહિ માટે સાધુઓએ સાત ક્ષેત્રને અંગે શ્રોતાના ઉદ્ધારની અપેક્ષાએ માત્ર ઉપદેશ જ કરવો યોગ્ય છે.

પ્રશ્ન ૬૯૩—પાણીની પરબો કરાવવા અને કૂવા ખોદાવવામાં પાણી પીનારાને સંતોષ થાય અને તેથી પુણ્ય બંધાય એવો ઉપદેશ સાધુ આપે કે નહિ ?

સમાધાન—પરબો મંડાવવા કે કૂવો ખોદાવવા જેવા કામમાં પાણી પીનાર જીવોના સંતોષની અપેક્ષાએ તે પરબો બંધાવનાર કે કૂવો ખોદાવનારને પુણ્યબંધ થાય છે એમ ન કહી શકાય, તેમજ કૂવો ખોદતાં કે પરબો બાંધતાં કે તેના પાણીનો ઉપયોગ થતાં હિંસા થાય છે તેથી પાપબંધ થાય છે, એમ પણ મુખ્યતાએ કહી શકાય નહિ. (આ હકીકત સૂઅગડાંગ-સૂત્રમાં સ્પષ્ટપણે જણાવેલી છે) તેવી જ રીતે ચૈત્ય

અને ઉપાશ્રયને અંગે પણ છકાયનો આરંભ થાય તે હિંસાનો ઉપદેશ પણ સાધુ આપે નહિ. છકાયની હિંસાથી રસોઈ કરી હોય છતાં સાધુને આહાર–પાણી આદિ વહોરાવવાથી લાભ છે એમ કહેવાય છે અને તે આરંભથી થયેલા આહાર–પાણીનો ઉપયોગ પણ સાધુઓ કરે છે, છતાં તે લાભનો ઉપદેશ અને ઉપયોગ થવાથી આરંભની કંઇ અનુમોદના થતી નથી, તેવી રીતે કૂવા વિગેરેના પાણીનું અચિત્તપણું થઇ જાય અગર કરે અને પછી તેનું દાન દેવામાં લાભ બતાવાય તેથી કૂવા ખોદવા કે પરબો બંધાવવા વિગેરેમાં લાભ કહી શકાય નહિ. વળી છકાયના આરંભથી થયેલ શય્યા (મકાન)ના દાનથી લાભ થાય તો પણ તે મકાન કરવાનો ઉપદેશ પણ સાધુથી આપી શકાય નહિ.

પ્રશ્ન ૬૯૪—બાદર–એકેંદ્રિય જીવને સ્પર્શ કરતાં કેટલું દુઃખ થાય છે ?

સમાધાન—બાદર–એકેંદ્રિય જીવો સ્વભાવથી જ અત્યંત અનિષ્ટ વેદના ભોગવી રહ્યા છે, તેમાં તેનો સ્પર્શ કરવાથી પાકીને ફુટેલા ગુમડા ઉપર કાંઈ અડે અને આપણને જેમ વેદના થાય, તેમ બાદર–એકેંદ્રિયને અડવાથી વેદનાનો ઘણો વધારો થાય છે. આ વાત વિચારવાથી શાસ્ત્રકારોએ બાદર–એકેંદ્રિયના સ્પર્શનો પણ કરેલો નિષેધ અને સ્પર્શ કરવાથી જણાવેલું પ્રાયશ્ચિત્ત યોગ્ય જ છે એમ સમજાશે.

પ્રશ્ન ૬૯૫—એક ઘરમાં દશ માણસ હોય, તેમાં કેટલાક પાપી હોય અને કેટલાક ધર્મી પણ હોય તો પાપીએ કરેલા પાપથી ધર્મી લેપાય કે કેમ ?

સમાધાન—શાસ્ત્રકારો મન–વચન–કાયાથી જેમ પાપને કરવું અને કરાવવું એ બંનેનો નિષેધ કરે છે, તેવી જ રીતે પાપની અનુમોદનાનો નિષેધ કરે જ છે અને અનુમોદના શાસ્ત્રકારો ત્રણ પ્રકારે જણાવે છે-

૧. જે કોઈ પણ જીવ આપણા પ્રસંગમાં આવેલો હોય અને તે જે કાંઇ પાપ કરે (જો કે તે પાપ કરવાનું આપણે કહ્યું ન હોય છતાં)

તેનો નિષેધ ન કરીએ તો આપણને અનુમોદના નામનો દોષ લાગે (આ જ કારણથી ઉપદેશકની પાસે આવેલા અગર તેના પ્રસંગમાં આવેલા જે જે મનુષ્યો હોય તેને તેને તેઉપદેશક મહાત્માએ સર્વપાપોનો સર્વથાત્યાગ કરવાનો ઉપદેશ કરવો જ જોઇએ અને આ જ કારણથી શાસ્ત્રકારો સર્વ-પાપોના સર્વથાપરિહારરૂપી સર્વવિરતિનો ઉપદેશ આપ્યા સિવાયનો દેશવિરતિ-આદિનો ઉપદેશ આપવામાં આવે તો ગૃહસ્થપણામાં રહેલા દેશવિરતિવાળાએ કરેલા પાપોની અનુમોદનાનું પાપ ઉપદેશકને લાગે એમ સ્પષ્ટપણે કહેલું છે. જો કે સર્વપાપોના ત્યાગ અને તેના ફળનું સ્વરૂપ જેણે યથાસ્થિત જાણ્યું છે અને સર્વપાપોની વિરતિરૂપ સર્વવિરતિ આદરવાને કે દેશથી પાપોનો વિરામ કરવો તે રૂપ દેશવિરતિ આદરવાને પણ અશક્ત હોઈ દેશવિરતિ કે એકલું સમ્યક્ત્વ આદર્યું હોય તેવા શ્રાવકોને તો ઉપદેશકો શ્રાવકની યોગ્યતા અનુસારે માર્ગાનુસારી, સમ્યક્ત્વ, દેશવિરતિપણા કે સર્વવિરતિપણાનો યથારુચિ ઉપદેશ ક્રમે કે ઉત્ક્રમે આપી શકે છે, અને તેથી જ તેવા જીવોને ઉદ્દેશીને પંચાશક, ધર્મબિંદુ, શ્રાવકધર્મપ્રકરણ, શ્રાદ્ધવિધિ કે ધર્મસંગ્રહ વિગેરે ગ્રંથો રચવામાં આવેલા છે, પણ તે સર્વગ્રંથોમાં એ વાત તો સ્પષ્ટ જ કરવામાં આવી છે કે સર્વપાપની નિવૃત્તિરૂપ યતિધર્મને લેવા માટે અશક્ય હોય તેવાઓને જ દેશવિરતિનું ગ્રહણ હોય છે. તથા દેશથી પાપની નિવૃત્તિરૂપ દેશવિરતિ ગ્રહણ કરવાને અસમર્થ મનુષ્યોને જ એકલું સમ્યક્ત્વનું ગ્રહણ વિગેરે હોય છે. એમ સ્પષ્ટ કરે છે. આ બધી વસ્તુસ્થિતિ જોનારો મનુષ્ય સમજી શકશે કે પોતાના ઘરમાં સાથે રહેનારા કુટુંબીજનો તો શું પણ સામાન્યસંબંધ-વાળા કે લાગવગવાળા જીવોને પણ તેઓ જે પાપ કરે તેનાથી તેમને રોકવા માટે પ્રયત્ન ન કરાય તો તે પાપ નહિ કરનારા મનુષ્યને પણ અનિષેધ નામની અનુમતિ લાગી તેનું પાપ લાગે છે. આ જ કારણથી દરેક સમ્યક્ત્વવાળો મનુષ્ય 'मा कार्षीत् कोऽपि पापानि' એટલે 'જગતનો કોઈપણ જીવ પાપનાં કાર્યો ન કરે'-એવી ભાવના તથા તેની ઉદ્ઘોષણા સતત પ્રવૃત્ત રાખે છે.)

૨. આવી અનિષિદ્ધ–અનુમોદનાની માફક બીજી પ્રશંસા નામની અનુમોદના શાસ્ત્રકારો જણાવે છે. પાપ કરવામાં સાગરિત થનારા જેમ સ્પષ્ટપણે પાપના ભાગી હોય છે, તેવી જ રીતે પાપ કરતી વખતે પાપમાં મદદગાર નહિ બનનારો પણ મનુષ્ય પાપનું કાર્ય થઈ રહ્યા પછી પણ ફલભોગ કે વચનદ્વારા પણ તે કાર્યને વખાણે તો તે વખાણનાર મનુષ્યને તે થયેલા પાપકાર્યની પ્રશંસા નામની અનુમોદના ગણવામાં આવે છે. આવી જાતની અનુમોદના લોકોમાં પ્રસિદ્ધ હોવાથી ઘણા મનુષ્યો યથાસ્થિતવસ્તુના બોધને અભાવે પૂર્વે જણાવેલી અનિષિદ્ધ–અનુમોદનાને કે આગળ જણાવીશું તેવી સહવાસ–અનુમોદનાને, અનુમોદના-રૂપે બોલતા નથી, ગણતા નથી; પણ માત્ર આ પ્રશંશા–અનુમોદનાને જ અનુમોદના રૂપે ગણે છે આ પ્રશંસા–અનુમોદનાના નિષેધ માટેજ યોગ-બિંદુકાર ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ માત–પિતા આદિનું મરણ થયા છતાં પણ તેમના વસ્ત્ર, આભૂષણના ઉપભોગનો નિષેધ કરેલો છે, અને તેમના વસ્ત્ર, આભૂષણના ઉપભોગ કરનારને મરણના ફળનો ઉપભોગ ગણનાર ગણી, માતા–પિતાઆદિના મરણની અનુમોદનાવાળો ગણેલો છે અને તેથી જ તે જ શાસ્ત્રમાં તે માતા–પિતાદિના વસ્ત્ર, આભૂષણને તીર્થક્ષેત્રાદિમાં ખર્ચી નાંખવાનું જણાવેલું છે.

૩. આ અનિષિદ્ધ અને પ્રશંસા અનુમોદનાની માફક ત્રીજી સહવાસ નામની અનુમોદના શાસ્ત્રકારોએ જણાવેલી છે. આ સહવાસ નામની અનુમોદનાથી લાગતા પાપની નિવૃત્તિ માટે જ તીર્થંકર, ગણધરઆદિ મહાપુરૂષોને પણ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સાધુતા ગ્રહણ કરવાની વિશેષે જરૂર હોય છે. આ વસ્તુને સમજનારો મનુષ્ય જેટલી અવિરતિ રહે તેટલું વધારે વધારે કર્મ બંધાય એવું શાસ્ત્રોક્ત યથાસ્થિતવચન (કથન) સહેજે માની શકશે. આ ત્રીજી સહવાસ–અનુમોદનાના ભેદને સમજનારો મનુષ્ય પોતાના કુટુંબીજનમાંથી કોઈએ પણ કરેલા પાપની અનુમોદનાના દોષનો ભાગીદાર કુટુંબના સમગ્ર જન બને છે એમ સ્પષ્ટ સમજી શકશે (આવા જ કારણથી ગૃહસ્થાશ્રમમાં

રહીને ઉત્તમમાં ઉત્તમ ગૃહસ્થલાયક ધર્મકરણી કરવાવાળો પણ પાપને અંગે માત્ર ખાળે ડૂચા મારે છે પણ મોટા દરવાજા ખુલ્લા જ રાખે છે, અને આ જ કારણથી દેશવિરતિના ઉત્કૃષ્ટ-સ્થાન કરતાં પણ પ્રમત્ત-સંયતના જઘન્ય-સ્થાનમાં અસંખ્યગુણ નિર્જરા જે શાસ્ત્રકારોએ ફરમાવી છે તથા સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઉત્કૃષ્ટ દેશવિરતિની પ્રાપ્તિ માટે ખપાવાતી કર્મસ્થિતિ કરતાં વધારે ખપાવે ત્યારે જ પ્રમત્તચારિત્રની પણ પ્રાપ્તિ થાય એ વાત સ્પષ્ટપણે સમજાશે.)

પ્રશ્ન ૬૯૬—પાક્ષિક-પ્રતિક્રમણમાં છીંક આવે તેનો કાઉસ્સગ્ગ કરવો પણ કેટલાક પૂજા અગર સ્નાત્ર ભણાવવાનું કહે છે તો તેનો ખુલાસો શું ? અને તેનો ઉલ્લેખ શાસ્ત્રમાં છે કે નહિ ?

સમાધાન—પૂર્વાચાર્યોના પ્રશ્નોત્તરગ્રંથને અનુસારે પાક્ષિક-પ્રતિક્રમણમાં શાંતિકથન સુધી છીંકનું નિવારણ કરવામાં આવે છે, પણ પાક્ષિકમાં થયેલી છીંકને અંગે અપશુકન ગણી તેનાથી થતા ક્ષુદ્રોપદ્રવના નાશને માટે એક સો આઠ શ્વાસોચ્છ્વાસ (ચાર લોગસ્સ સાગરવરગંભીરા સુધી)નો કાઉસ્સગ કરી ક્ષુદ્રોપદ્રવના નાશ કરવા યક્ષાંબિકાદિની સ્તુતિ કહેવામાં આવે છે. આ હકીકત સાધુ-શ્રાવક ઉભયને સાધારણ હોઈ ત્યાં જણાવેલી છે, પણ પરંપરાએ શ્રાવકને આવેલી છીંકના અપશુકનથી સંભવિત ક્ષુદ્રોપદ્રવના નાશ માટે તે શ્રાવક દ્રવ્ય-સ્તવનો અધિકારી હોવાથી સત્તરભેદી પૂજા અથવા શક્તિની ખામીએ સ્નાત્રપૂજા રચાવે છે.

પ્રશ્ન ૬૯૭—'**નમોઽસ્તુ વર્દ્ધમાનાય**' સૌ સાથે બોલે છે, તેમ '**સંસારદાવા**'ની ચોથી થોય સાથે બોલે છે, તેનું કારણ શું ?

સમાધાન—પ્રતિક્રમણના ૭ આવશ્યકોની સમાપ્તિથી થયેલા હર્ષને અંગે અંતમાં શાસનના અધિષ્ઠાતા જિનેશ્વર તેમજ સર્વ જિનેશ્વર અને જિનેશ્વરભગવાનની વાણીનો મહિમા ગાવા માટે શબ્દ અને રાગથી વધતી એવી '**નમોઽસ્તુ૦**' '**વિશાલ૦**' અને '**સંસાર૦**' એ ૩૫

સ્તુતિઓ સર્વ પ્રતિક્રમણ કરનારાઓ સાથે બોલે છે, અને એ હકીકત પ્રવચનસારોદ્ધાર વિગેરેમાં સ્પષ્ટપણે જણાવી છે. પાક્ષિક–પ્રતિક્રમણમાં 'संसारदावा'ની ચોથી થોયના છેલ્લા ત્રણ પાદો જે સાથે બોલવામાં આવે છે તેમાં જુદાં જુદાં કારણો જણાવવામાં આવે છે.

(૧) હરિભદ્રસૂરિજીને ચૌદસો ચુમાલીસ ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા હતી તેમાં 'आमूला०' નામની ચોથી થોયરૂપી ચૌદસો ચુમાલીસમો ગ્રંથ હતો અને તેનો પહેલો પાદ રચ્યા પછી સૂરીશ્વરમહારાજની તબીયત વધારે અસ્વસ્થ થવાથી તે ત્રણ પાદો ત્યાં હાજર રહેલા શ્રમણાદિ સંઘે ઉચ્ચ-સ્વરથી પૂરા કર્યાં અને તેથી તે ત્રણ પાદો સકળસંઘ ઉચ્ચસ્વરે બોલે છે.

(૨) કેટલાકના કહેવા પ્રમાણે ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરતાં ચતુ-ર્વિધ-સંઘને કોઇક વ્યંતર–દેવતા ઉપસર્ગ કરતો હતો તેને નિવારવા માટે ગીતાર્થ ગુરુમહારાજની આજ્ઞાથી ચતુર્વિધ–સંઘે 'झंकारा' વિગેરેનો ઉચ્ચસ્વરે ઉચ્ચાર કર્યો ને તેવા તે 'झंकारा' આદિના ઉચ્ચારથી તે ઉપદ્રવ કરનાર વ્યંતર નાસી ગયો અને તેથી આ ત્રણે પાદો ઉચ્ચસ્વરે ચતુર્વિધ–સંઘ બોલે છે.

(૩) કેટલાકના કહેવા પ્રમાણે તો કોઈ સમર્થ મહાપુરુષની અધ્યક્ષતામાં કોઈ તેવા મોટા ક્ષેત્રનો શ્રાવક સમુદાય મોટું પાક્ષિક–પ્રતિક્રમણ કરવા બેઠો હતો. તે સ્થાન શહેરના દરવાજાની નજદીક હતું. તે વખતે તે પાક્ષિક–પ્રતિક્રમણમાં બેઠેલા વર્ગમાં જ શહેરનો અધિકારીવર્ગ પણ બેઠેલો હતો આ સ્થિતિના ચરપુરુષદ્વારા સમાચાર મળવાથી નજીકના શત્રુએ લશ્કર સાથે તે જ વખતે હલ્લો કર્યો, તે વખતે ગીતાર્થમહારાજની આજ્ઞાથી 'झंकारा०' વિગેરેનો ઉચ્ચાર સર્વ પ્રતિક્રમણ કરનારાઓએ સાથે ઉચ્ચસ્વરે કર્યો. એ ઉચ્ચ-સ્વરથી અને અનેકજન સાથે કહેવાતા સ્તુતિના શબ્દના ઘોંઘાટથી શત્રુનું લશ્કર તે સ્થાનવાળાની સાવચેતી સમજીને નાસી ગયું અને તેથી તે શહેરના તે અધિકારીવર્ગ વિગેરેની શ્રદ્ધા અને ભક્તિ વધારે જાગૃત

થયાં અને તે દિવસથી તે સમર્થ ગીતાર્થ ગુરુમહારાજાની આજ્ઞાથી પાક્ષિકઆદિ પ્રતિક્રમણોમાં તે પાદો ઉચ્ચસ્વરે બોલાય છે. 'સંસારદાવા'ની ચોથી થોઇના છેલ્લા ત્રણ પાદોને ઉચ્ચ સ્વરે બોલવામાં પૂર્વે જણાવેલા ત્રણ કારણોમાંથી કોઈ પણ કારણ હોય પણ સરસ્વતી દેવીની સ્તુતિરૂપ તે ચોથી થોયના અંતના ત્રણ પાદો દરેક સ્થારે સ્થળે મોટા પ્રતિક્રમણમાં સમુદાયથીજ બોલાય છે.

પ્રશ્ન ૬૯૮—એક ઘરમાં ધણી–ધણીયાણી છે, તેમાં સ્ત્રી ખરાબ લક્ષણવાળી છે, તો તેનું પોષણ કરતાં અસંજતિનું પોષણ થયું કે નહિ ?

સમાધાન—શાસ્ત્રોમાં ભોગોપભોગવ્રતના અતિચારમાં કર્મને આશ્રીને પંદર કર્માદાનો જણાવતાં 'અસતીપોષણ' નામનો કર્માદાન જણાવેલો છે, અસંયતિપોષણ નામનો અતિચાર કોઈ પણ સાધુ કે શ્રાવકના વ્રતને અંગે શાસ્ત્રકારોએ કહેલો નથી. જો અસંયતિપોષણને અતિચાર ગણવામાં આવે તો શ્રાવકના પહેલાં અણુવ્રતમાં ભક્તપાન-વ્યવચ્છેદ નામનો સ્થૂલહિંસાવિરતિને અંગે અતિચાર કહેત જ નહિ. યાદ રાખવું કે–ભાત–પાણીના વ્યવચ્છેદનો અતિચાર કુટુમ્બી મનુષ્યો અને ઘરના પશુપંખીને અંગેજ છે, અને તે કુટુંબી વિગેરે સર્વ અસંયતજ છે, અને તેઓને ભાત–પાણી ન દેવામાં કે દેતા હોય તેમાં અંતરાય કરવામાં અતિચાર માનનારા શાસ્ત્રકારો અસંયતિપોષણને અતિચાર તરીકે કહી શકે જ નહિ. અસતીપોષણની જગ્યા ઉપર અસંયતિપોષણનો જુઠો મુદ્દો ઉઠાવનાર બીજા કોઇ જ નહિ પણ પેલા દયાના દુશ્મનો તેરાપંથીઓ જ છે અને અક્કલ વગરના કેટલાક તે પંથને નહિ માનનારા પણ તે અર્થ બોલવામાં દોરાયા છે; પણ વાસ્તવિક રીતિએ અસંયતિ-પોષણ અતિચાર નથી. પણ અસતીપોષણ અતિચાર છે. વળી અસતી-પોષણને અતિચાર હોવાથી જ તે ભોગોપભોગવ્રતનો અતિચાર ગણાય; પણ જો અસંયતિપોષણ નામનો અતિચાર હોત તો તે મુખ્યતાએ પહેલા અણુવ્રતનો જ અતિચાર હોય તથા ભોગોપભોગપરિમાણ વ્રતમાં પણ

અસતીપોષણ નામનો અતિચાર ખોરાકના નિયમોના અતિચારોમાં નહિ ગણાતાં કર્મ એટલે આજીવિકાને અંગે થતા વનકર્માદિક કારણોની માફક અસતીપોષણને પણ આજીવિકાના કારણ તરીકે અતિચાર ગણાવેલો છે. આ બધો અધિકાર વિચારવાથી સ્પષ્ટ સમજાઇ જશે કે આજીવિકા ચલાવવાને માટે દાસીઆદિ અસતીઓનું પોષણ કરી કુટ્ટણખાનાં ચલાવી, તેનું ભાડું લેવું તે જ અસતીપોષણ અતિચાર ગણાય. આ ઉપરથી દયાના દુશ્મનો અનુકંપાદાનના નિષેધને માટે અસતીપોષણની જગ્યા ઉપર અસંયતિપોષણ શબ્દ વાપરી જે અનુકંપાદાનનો નિષેધ કરે છે તે શાસ્ત્રવિરૂદ્ધ છે તેમજ આર્યની પંક્તિમાં પણ બેસવા લાયક નથી. આવી રીતે પ્રકૃત અતિચારનો અધિકાર છતાં સંસારથી વૈરાગ્ય પામેલો કોઇક બ્રહ્મચર્યની પરિણતિવાળો મનુષ્ય રસોઇયાના ખર્ચને બચાવવા માટે જ પોતાની સ્ત્રીને અસતી જાણ્યા છતાં પણ તેના પોષણને અસતીપોષણ ધારી લે તેમાં નવાઈ જેવું નથી.

પ્રશ્ન ૬૯૯—રસગૌરવ, ઋદ્ધિગૌરવ અને સાતાગૌરવનું સ્વરૂપ શું?

સમાધાન—સાધુને અંગે જેમ કોઈ સાધુને ઇષ્ટ રસવાળા સરા સારા પદાર્થોની ગોચરી મળતી હોય તે સાધુ તે બીજા સાધુને કે જેને ભિક્ષા પણ સારી રસવાળી કે ઉચિત મળતી નથી તેને કહે કે મને કેવી સરસ ગોચરી મળે છે, આવી ગોચરી મળવાથી જ ખરેખરી ઉત્તમત્તા છે' એમ કહે અગર મનમાં માને તો તે રસગૌરવ કહોય. યાદ રાખવું કે–સારા રસવાળી ગોચરી ખાતાં કથંચિત્ પ્રમાદને લીધે આનંદ થાય તો તે રસની આસક્તિ છે પણ રસગૌરવ નથી. ગૌરવ એ અભિમાનનો જ પર્યાય છે. તેવી જ રીતે નરેન્દ્રપૂજા અને સાધુ-સાધ્વીનો પરિવાર કે તેનો આદર મળવાથી થતું અભિમાન તે ઋદ્ધિ-ગૌરવ ગણાય અને પોતાના શરીરને કોઈપણ જાતની આધિવ્યધિથી પીડિતપણું ન હોય. પણ પરમશુભોદયથી સંયમમાં સહાયકારક એવા સાતાવેદનીયનો ઉદય હોય છતાં તે સાતાના ઉદયને અંગે અભિમાન

કરે અને બીજા સામાન્ય સાતાના ઉદયવાળાઓને અધમ તરીકે વિચારે કે જણાવે તો તે સાતાગૌરવ કહેવાય.

પ્રશ્ન ૭૦૦—જગતમાં શિયાળે અને ઉનાળે, રાત્રે અને દિવસે પુદ્ગલોના સ્પર્શો થવામાં નિયમ ખરો કે નહિ ?

સમાધાન—ઉનાળામાં કે દિવસે તિર્ચ્છાલોકમાં જ્યાં સૂર્ય વિગેરેનું ફરવું હોય છે અને તેથી ઘણે ભાગે ઉષ્ણસ્પર્શ વેદાય છે, તો પણ સર્વલોકમાં કે તિર્ચ્છાલોકમાં પણ બધા પુદ્ગલો ઉષ્ણસ્પર્શવાળાજ હોય એવો નિયમ નથી. તેમ શીતઋતુમાં બધા શીતસ્પર્શવાળાજ હોય એવો નિયમ નથી, પણ દિવસે શુભપુદ્ગલો અને રાત્રે અશુભપુદ્ગલોનો પ્રભાવ છે, એમ શાસ્ત્રદૃષ્ટિથી જણાય છે. તેવી જ રીતે અધોલોકમાં પ્રાયે અશુભ પરિણામવાળા, તિર્યગ્લોકમાં મધ્યમ પરિણામવાળા અને ઊર્ધ્વલોકમાં શુભ પરિણામવાળા પુદ્ગલો તે તે ક્ષેત્રના પ્રભાવથી હોય એમ પણ શાસ્ત્રદૃષ્ટિથી જણાય છે.

પ્રશ્ન ૭૦૧—જેના ઘરમાં મરણ થાય તે ઘરમાં બહારથી આવનાર માણસને તે ઘરનું પાણી પીવાથી તથા ખાવાથી તે જ દિવસે જિનપૂજા થાય કે નહિ ? અથવા કેટલા દિવસનું સૂતક લાગે ?

સમાધાન—શ્રી દશવૈકાલિકસૂત્રના પાંચમા અધ્યયનમાં '**વડિ-કુટ્ઠકુલં ન પવિસે૦**' એ ગાથાની વ્યાખ્યામાં આચાર્યભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી જન્મ અને મરણના સૂતકવાળા કુલમાં સાધુઓને પણ આહારપાણી લેવાનું તેમજ પ્રવેશ કરવાનું પણ વર્જવા કહેલ છે. શ્રી આચારાંગ–સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં તથા વ્યવહાર–ભાષ્યમાં સૂતકવાળાના કુલો દશ દિવસ સુધી વર્જવાનાં જણાવે છે, તેથી સૂતકવાળાને ઘેર ખાવું–પીવું વર્જવું એ ઉચિત જણાય છે, પણ સૂતકવાળાને ઘેર ખાનાર–પીનારે તે ખાવા–પીવાના દિવસ સિવાય પોતાને ઘેર આવ્યા પછી પણ સૂતક પાળવું જોઇએ એવો કોઈ શાસ્ત્રીય લેખ જાણવામાં નથી. જો કે શ્રીમાન્ વિજયસેનસૂરિજી વિગેરે દેશાચાર ઉપર સૂતકપાલનનો

આધાર રાખવા જણાવે છે, છતાં તેઓશ્રી પણ 'સૂતકનાં ગૃહો દશ દિવસ સુધી વર્જવાં એવી તપાગચ્છની પ્રવૃત્તિ છે' એમ સ્પષ્ટ જણાવે છે. વ્યવહારસૂત્રમાં સૂતકના ગૃહોની વર્જનીયતા લૌકિક છે એમ જણાવે છે, તો પણ તે સૂતકના ગૃહો નહિ વર્જીને આહારપાણી લેનારને નિશીથસૂત્રમાં પ્રાયશ્ચિત્ત જણાવે છે. વળી વ્યવહાર-ભાષ્યમાં ડુમ્બ, ચમાર વિગેરેના કુલો વર્જવાં તે પણ લૌકિક જણાવે છે; છતાં પણ તેવા કુલોમાં આહારપાણી લેનાર સાધુને નિશીથસૂત્રમાં પ્રાયશ્ચિત્ત જણાવે છે. સૂતક-વાળાના ગૃહો વર્જવા અને સૂતક પાળવું એ શાસ્ત્રાનુસારી હોવા સાથે ગચ્છમર્યાદાને પણ અનુસરતું જ છે.

પ્રશ્ન ૭૦૨—બહાર-દેશાવર પોતાનો કુટુમ્બી સગો રહેતો હોય અને ત્યાં મરણ થયું હોય એવા સમાચાર આવવાથી સૂતક લાગે કે નહિ અને કેટલા દિવસે જિનપૂજા થાય ?

સમાધાન—શાસ્ત્રકારોએ સામાન્ય રીતે જન્મ-મરણના સ્થાનને અંગેજ અશુચિપણું માનેલું છે અને તેથી દેશાંતર થયેલા મરણના સમાચારથી સૂતક પાળવાનો સંબંધ રહેતો નથી, પણ સૂતકાદિ તો શું પણ ખુદ સ્નાન પણ શાસ્ત્રકારોએ અનુવાદનીય માનેલું છે, પણ વિધેય તરીકે માનેલું નથી તેથી લોકમાં સિદ્ધ રીતિને અનુસારે દશ દિવસમાં જેટલું બાકી હોય તેટલો કાળ અશૌચપણું પાળવું એમ લૌકિક રીતિની મૂલભૂત સ્મૃતિઓ કહે છે.

પ્રશ્ન ૭૦૩—ઘરમાં પોતાની સ્ત્રીને અથવા પુત્રીને અથવા ભાઈની સ્ત્રીને અથવા સગાભાઈની પુત્રીને સુવાવડનો પ્રસંગ પ્રાપ્ત થાય તે વખતે ઘરનાં રહેનાર ચુકતે (તમામ) માણસો તે ઘરથી અલગ (જુદા) જમે, સુવાવડવાળા ઘરની સાથે કોઈ જાતનો સંબંધ રાખે નહિ, તો તેમને (અલગ રહેનારાઓને) સૂતક લાગે કે નહિ ?

સમાધાન—શાસ્ત્રકારોના વચન પ્રમાણે જે સ્થાનમાં જન્મસૂતકાદિ હોય તે સ્થાનમાંજ અશુચિ ગણાય છે, અને વર્તમાનમાં રિવાજ પણ

એવો છે કે-પ્રસૂતિવાળી બાઈ સર્વથા ભિન્નસ્થાને રહેલી હોય તો કુટુંબીઓને અશૌચ લાગતું નથી, અને તેથી તે ભિન્ન રહેલા કુટુંબીઓ જિનપૂજાદિક કાર્યો કરે છે. એ બાબતનો શાસ્ત્રકારોએ વિશેષ ખુલાસો કર્યો હોય એવું ધ્યાનમાં નથી.

પ્રશ્ન ૭૦૪—એક જ મોભારે પાંચ સાત ઘર હોય અને તેમાં વચમાંના કોઇ ઘરમાં સુવાવડનો પ્રસંગ આવે તો બાકીના રહેલા (બાજુના) ઘરોવાળાને સૂતક લાગે કે નહિ ? અને જો સૂતક લાગે તો કેટલા દિવસનું ? જિનપૂજા કેટલા દિવસે થાય ?

સમાધાન—શાસ્ત્રકારોએ સૂતકસ્થાનથી સો હાથ સુધી અશુચિ ગણી સ્વાધ્યાય વર્જવા માટે સાધુઓને ફરમાન કર્યું છે, તે અનુસારે સૂતકનું સ્થાન નિકટ હોય તો અપવિત્રતા માનવી. એ હિસાબે એક મોભવાળાં સ્થાનો વર્જવાનો વ્યવહાર ચાલ્યો હોય એમ જણાય છે. સૂતકના સમયનું પ્રમાણ દશ દિવસનું છે એ વિગેરે ઉપર જણાવવામાં આવેલું છે.

પ્રશ્ન ૭૦૫—પોતાના ઘરમાં મરણ થાય તો તેનું કેટલા દિવસનું સૂતક લાગે ?

સમાધાન—સૂતકને માટે દશ દિવસ વર્જવાની વાત ઉપર જણાવેલી છે. તેથી વધારે ઓછું કરવાનું આમાં કંઈ કારણ જણાતું નથી.

પ્રશ્ન ૭૦૬—પખ્ખી, ચોમાસી તથા સંવત્સરી પ્રતિક્રમણમાં મોટી-શાંતિ અને છેલ્લો લોગસ્સ બોલાયા પછી 'સંતિકર'' બોલવું જ જોઇએ ?

સમાધાન—'સંતિકર'' એ નવ સ્મરણમાંનું એક સ્મરણ છે, પાપ હરનાર હોવા સાથે વિઘ્નનું નિવારક છે. પૂર્વપુરૂષોએ તેનું કથન આચરેલું છે, અને તેની (સંતિકરંની) ટીકામાં પાક્ષિકને દિવસે તેના

પઠનનો ઇસારો છે; માટે તે બોલવું ઉચિત છે, અનુચિત નથી. કેટલાક તરફથી કહેવામાં આવે છે કે-એમ પ્રક્ષેપ કરતાં ઘણું વધી જશે પણ આ કથનની આચરણા કરનારા મહાપુરૂષોએ એ નહિ વિચાર્યું હોય એમ માનવા તૈયાર થવું, એ યોગ્ય નથી. કદાચ મહાપુરૂષોએ કારણસર વધાર્યું તો તે સંતિકરંના અંગે કઈ સાવદ્યકરણી હતી કે જેથી નિષેધ કરવાની જરૂર પડી ?

પ્રશ્ન ૭૦૭—ભગવાન્ શ્રી મહાવીરદેવના કાનમાં ખીલા ઠોક્યા ત્યારે તેમના મુખેથી કંઈ અવાજ સરખો થયો નહિ, જ્યારે ખીલા કાઢ્યા ત્યારે ભગવાને ચીસ પાડી તો પછી ભગવાન્ શ્રી મહાવીરદેવના વીર્ય-બલમાં વધારો ઘટાડો માનવો ?

સમાધાન—ભગવાન્ શ્રી મહાવીરદેવના કાનમાં ગોવાળીઆએ જે શલાકાઓ ઠોકી તે વખતે માત્ર માંસનું વિંધાવાપણું હતું અને તેથી તે વખતે ભૈરવશબ્દ ન થયો પણ તે શલાકાઓ કાનમાં ઘણી મુદ્દત રહેવાથી માંસ સાથે જોડાઈ ગઈ અને તેથી તે શલાકાઓ ખેંચતી વખત મર્મસ્થાનનો માંસનો ભાગ ખેંચાયો અને તેથી ભૈરવશબ્દ થયો એમ માનવામાં, વીર્યની ન્યૂનાધિકતા માનવાની કાંઈ જરૂર નથી. જોકે કીલકનાં પ્રક્ષેપ અને નિર્ગમનની વખતે ભગવાન્ શ્રી મહાવીરદેવ છદ્મસ્થ અવસ્થામાં હોઈ વીર્યની ન્યૂનાધિકતા માનવામાં અડચણ નથી, તો પણ કીલકકર્ષણ વખતે થયેલો ભૈરવશબ્દ તેઓશ્રીના વીર્યની ન્યૂનતા જણાવનારો નથી એમ જણાય છે.

પ્રશ્ન ૭૦૮—આયંબિલની રસોઈમાં હિંગ વપરાય કે નહિ ?

સમાધાન—શ્રી વિજયસેનસૂરિજીના કથન મુજબ સુંઠ વિગેરે વાપરવામાં જો આયંબિલમાં વાંધો નથી તો હિંગમાં વાંધો ન હોય તે સ્વાભાવિક છે, અને એ વાત

'બલવણ સૂંઠ મરીચ અને સૂઆ, મેથી સંચલ રાંમઠ કહ્યા'

આ મુજબ આયંબિલની સજ્ઝાયમાં જોવાથી સમજી શકાશે તથા

પ્રવૃત્તિથી પણ હિંગવાળા પદાર્થો આયંબિલમાં દોષકર્તા નથી એમ જણાય છે.

પ્રશ્ન ૭૦૯—આયંબિલ-ખાતામાં, ધર્માદા ખાતે કાઢેલી (કાઢવામાં આવેલી) રકમ અપાય કે નહિ ?

સમાધાન—સાત ક્ષેત્રમાંથી કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પણ મનુષ્ય કાંઈ પણ દ્રવ્યનો ઉપયોગ કરે તે ધર્મ થવાનો માનીનેજ કરે છે. તપસ્યા કરવાવાળાને તપસ્યાના દિવસે કે પારણાના દિવસે જે જમાડવાનું કરે કે ભક્તિ કરે તે સર્વે ધર્મ સમજીને જ કરે છે, તેથી તેવી તપસ્યા કરનારા કે પારણાં કરનારને કોઇપણ પ્રકારે ધર્માદીઆ (ધર્માદાનું ખાનારા) કહી શકાય નહિ; પણ જેઓ શ્રી જિનેશ્વરભગવાનના શાસનની શ્રદ્ધા ન ધરાવતા હોય, વ્રત, પચ્ચખ્ખાણ કે તપસ્યામાં આદર કરવાવાળા ન હોય, પણ દેવ, ગુરૂ તથા ધર્મના વિરોધી હોય છતાં શ્રાવકપણાના નામે કે ધર્મના નામે પૈસાઓ લે કે તેવા પૈસાથી નિર્વાહ ચલાવે તેવાઓનેજ તેવા (ધર્માદીયા) કહી શકાય. વસ્તુતઃ મોક્ષમાર્ગની આરાધના માટે સાતેય ક્ષેત્રમાંથી કોઇ પણ ક્ષેત્રમાં જે કંઈ પણ દ્રવ્ય-વ્યય થાય તે સર્વ ધર્મમાર્ગેજ વ્યય થયો સમજવો.

પ્રશ્ન ૭૧૦—ગ્રહાદિના અગર તેવા અન્ય કારણે રવિવારે, મંગળવારે કે શનિવારે આયંબિલ કરે તો કરનારને આયંબિલનું ફળ મળે કે મિથ્યાત્વ લાગે ?

સમાધાન—સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સમ્યક્ત્વના પ્રભાવે, શ્રી જિનેશ્વરભગવાને મોક્ષને માટે કહેલી ક્રિયાઓ, અવ્યાબાધ-સુખમય એવી મોક્ષની પ્રાપ્તિ માટેજ કરે. ઝવેરી કદીયે બોરાં સાટે હીરા-મોતીને આપી દે નહિ; તેમ સમ્યગ્દષ્ટિ આત્મા અવ્યાબાધ એવા મોક્ષને આપનારી ક્રિયા, અનર્થકારક એવા પૌદ્ગલિક પદાર્થ માટે કરે નહિ, છતાં જેઓ તેવી શુદ્ધ-શ્રદ્ધાવાળા હોય અને આપત્તિ ટાળવા, લૌકિક-ફલની અપેક્ષાએ

આયંબિલાદિ તપ કે અન્યક્રિયાઓ વિગેરે કરે તો તે ક્રિયા, તે તપ, તે અનુષ્ઠાન દ્રવ્યરૂપ ગણાય; ભાવરૂપ ગણાય નહિ: તથાપિ શ્રદ્ધાની શુદ્ધિ હોય ત્યાં સુધી તેવી ક્રિયાઓ વિગેરેથી મિથ્યાત્વ જ થઈ જાય છે એમ માનવું શાસ્ત્રસંગત નથી લાગતું.

પ્રશ્ન ૭૧૧—ઉપધાનમાં સો લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો છે તે લોગસ્સ સંપૂર્ણ કે 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ?

સમાધાન—રાઈ, દેવસિ પ્રતિક્રમણ વિગેરેમાં શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ હોવાથી એકેક લોગસ્સના 'ચંદેસુ નિમ્મલયરા' સુધી પચ્ચીસ શ્વાસોચ્છ્વાસના હિસાબે અને 'સાગરવરગંભીરા' સુધી સત્તાવીસ શ્વાસોચ્છ્વાસનો હિસાબ લઈ પચાસ, સો, એકસો આઠ, ત્રણસો, પાંચસો વિગેરે શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગમાં 'ચંદેસુ નિમ્મલયરા' કે 'સાગરવરગંભીરા' સુધી લોગસ્સ ગણાય છે, પણ જ્યાં શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ નથી તેવા ઉપધાન, જ્ઞાનપંચમી વિગેરેના કાઉસ્સગ્ગમાં લોગસ્સ સંપૂર્ણ ગણવા જોઈએ.

પ્રશ્ન ૭૧૨—ગ્રહણની અસજ્ઝાયમાં કલ્પસૂત્રનું વાંચન થાય કે નહિ ?

સમાધાન—ચંદ્ર કે સૂર્ય, બંનેમાંથી કોઈનું પણ ગ્રહણ હોય તો તેમાં અસજ્ઝાય છે એ વાત અનેક શાસ્ત્રોથી નિશ્ચિત છે. કલ્પસૂત્રનાં વાંચનને અંગે 'અસજ્ઝાય સર્વથા ટાળવી જોઈએ' એ પણ શાસ્ત્રમાં કહેલું જ છે. અસજ્ઝાય ટળી શકે એવી ન જ હોય તો કલ્પસૂત્રનું વાંચન, અવશ્ય વાંચન ગણી, શ્રી વિજયસેનસૂરિજી મહારાજે વાંચવાની છૂટ આપી છે. (અસજ્ઝાય ટાળી શકાય તેવી હોય છતાં, અને અસજ્ઝાય પહેલાં વાંચી શકાય તેમ હોય છતાં પણ અસજ્ઝાયમાં વાંચવાનો જેઓ આગ્રહ કરે તેઓ શાસ્ત્રને કેમ (શી રીતે) આરાધતા હશે તેનો ખુલાસો તેમની પાસેથી મેળવવો.)

પ્રશ્ન ૭૧૩—ઊંટડીનું દૂધ ભક્ષ્ય કે અભક્ષ્ય ?

સમાધાન—દહીં વિગેરે જેમ કાલાંતરે અભક્ષ્ય થાય છે તેમ ઊંટડીનું દૂધ થોડા પણ કાલાંતરે અભક્ષ્ય થાય એ વાત ધ્યાનમાં રાખવી, પણ જેમ માખણ વિગેરે વિગઇઓ અભક્ષ્ય છે તેમ ઊંટડીના દૂધની વિગઇ અભક્ષ્ય નથી. શાસ્ત્રકારો પણ પાંચેય પ્રકારના દૂધને ભક્ષ્ય વિગઇના ભેદ તરીકે જણાવે છે. પિંડનિર્યુક્તિની ટીકાના નામે જેઓ ઊંટડીનું દૂધ અભક્ષ્ય ગણાવવા માગે છે તેઓએ તે પ્રકરણને સમજવાની જરૂર છે, કેમકે-પ્રકરણના અધિકારની સમજણ વિના ગેરસમજ થાય એ સંભવિત છે. તે પ્રકરણમાં આધાકર્મી અભક્ષ્યપણાનો સિદ્ધાંત મુખ્ય છે, અને મેંઢી વિગેરેના દૂધમાં તો માત્ર અન્યધર્મીની અપેક્ષાએ દૃષ્ટાંત છે, જો તે દૃષ્ટાંતને જૈનમત તરીકે સ્વીકારીએ તો તો મેંઢીના દૂધને પણ અભક્ષ્ય જ માનવું પડે, અને તેથી દૂધની વિગઈ પાંચ ભેદે નહિ રહેતાં ત્રણ ભેદે જ રહેશે.

પ્રશ્ન ૭૧૪—ભોગને રોગ તરીકે ગણવાનું કઇ રીતિએ, કયા દૃષ્ટાંતે કહેવામાં આવે છે

સમાધાન—જગતમાં જે રોગો થાય છે, તે તમામ રોગો આહારઆદિના ભોગોપભોગથી જ થાય છે. '**भोगे रोगभयं**' તો યાદ છે ને? આહારાદિના ભોગોપભોગ કરનારને જ રોગો હોય છે. શાશ્વતી અનાહારદશાને પામેલા જેઓ સિદ્ધ તરીકે ઓળખાય છે તેઓને જેમ ભોગ નથી (ઉપભોગ તો હોય જ શાનો?) તેમ રોગ પણ નથી. રોગના કારણરૂપ ભોગો હોવાથી તે ભોગોને ઉપચારથી રોગો કહેવામાં આવે તો તે અવાસ્તવિક નથી. વળી વિધવિધ જાતના રોગો થવાથી જેમ તે રોગોની દવા કરવા રોગી વ્યાકુલ થાય છે, આતુર બને છે તેવી જ રીતે જીવને, વિષયોને અંગે તૃષ્ણારૂપી રોગ થયા પછી, ભોગ-તૃષ્ણારૂપ વ્યાધિનો વળગાડ વળગ્યા પછી તે ભોગો મેળવવા તેવો જ આતુર થાય છે: આ દૃષ્ટિએ પણ ભોગોને ઉપમારૂપે રોગો કહેવાય તેમાં કાંઇ નવાઇ જેવું નથી. ભોગોમાં મનાતું સુખ વાસ્તવિક સુખ નથી પણ તે માત્ર

દુઃખનો પ્રતિકાર છે. રોગના પ્રતિકારમાં જેમ દુઃખ નિવારણયોગે સુખ-બુદ્ધિ થાય છે તેવી જ રીતે ઇંદ્રિયોના વિષયોના ભોગોમાં પણ પ્રતિકારને જ સુખ માનવામાં આવે છે. આ દૃષ્ટિએ ભોગ તથા રોગ એક સ્વભાવના હોવાથી ભોગને રોગ કહેવામાં આવે છે.

મનુષ્ય ખાવામાં સુખ માને છે પણ વસ્તુતઃ ખાવા (ભોજન) માં સુખ નથી. પેટમાં પડેલો ખાડો પૂરાય છે તે સુખ છે. જો ખાવામાં સુખ હોય તો તો ખાવાથી વિરમવાનું હોત નહિ, કિન્તુ અધિક ખાવામાં અધિક સુખ થાત પણ તેમ થતું નથી. એ તો અનુભવસિદ્ધ જ છે કે અધિક ભોજન કરવાથી સુખ તો દુર રહ્યું, ઊલટું અજીર્ણ, જ્વરાદિ રોગો પ્રાપ્ત થાય છે. જેમ જેમ ખવાય તેમ તેમ સુખ, એમ નથી, પણ પેટનો ખાડો પૂરાયો, ક્ષુધાના સંકટનું નિવારણ થયું તેને જ સુખ માનવામાં આવ્યું છે. તેવી જ રીતિએ કંઠશોષણ (તૃષા) ને નિવારવા જલપાન સુખરૂપ મનાયું છે. તૃષા છિપાતાં કોઇ પણ મનુષ્ય અધિક પાણી પીતો નથી. જે મનુષ્ય શીતલતા વિગેરેના લોભે અધિક જલપાન કરે છે તેને આફરો કે ઉલટીની આપત્તિ વહોરવી પડે છે. સ્પર્શેંદ્રિયને અંગે પણ ઠંડક અને તાપ પણ તેટલા જ પ્રમાણમાં અનુકૂળ લાગે છે કે જેટલા પ્રમાણમાં બફારો કે ઠંડીના વિકારો પ્રાપ્ત થયા હોયઃ તેથી જ અતિશય તાપ કે અતિશય ઠંડક જીવોને સુખરૂપ થતાં નથી. તાત્પર્ય કે ટાઢ કે તાપ પોતે જો સુખરૂપ હોત તો ટાઢ કે તાપના વધારાની સાથે સુખનું પ્રમાણ પણ વધવું જોઇએ, પણ એમ થતું નથી એ અનુભવસિદ્ધ છે. આજ પ્રમાણે ઘ્રાણ, કર્ણ અને ચક્ષુરિંદ્રિયને અંગે પણ સમજી લેવું. તે તે ઈંદ્રિયોના વિષયોને અંગે પણ જરૂરિયાત પ્રમાણે ગંધ, શબ્દ અને રૂપ સુખ કરનારાં થાય છે. પ્રમાણથી અધિક આવેલો શબ્દ શ્રોત્રને બધિર કરે છે, આવશ્યકતાથી અધિક પ્રમાણમાં આવેલું તેજ ચક્ષુનું સામર્થ્ય ઓછું કરે છે તેમજ વધારે પડતો ગંધ પણ નાસિકામાં મસા વિગેરે કરી હેરાનગતિ ઊભી કરે છે. પાંચે ય ઇંદ્રિયોના પાંચે ય વિષયો માત્ર માત્રા (પ્રમાણ) ના હિસાબે સુખ કરનારા

નથી પણ તૃષ્ણા (તૃપ્તિ)ના હિસાબે જ સુખ કરનારા છે. ભોગો દુ:ખદાયક છે એમ સમજવામાં આવે અને ઉત્કટ પરિસ્થિતિનું કારણ પ્રથમથી જ ભોગનો સામાન્ય પ્રસંગ છે એમ સમજાય તો એ સ્પષ્ટ છે કે 'ભોગો જ રોગો છે:' 'ભોગો રોગો જ છે.'

પ્રશ્ન ૭૧૫—શ્રી જિનમંદિરને બનાવવા માટે કે મંદિરમાં પૂજા કરવા આવનારાઓની સગવડ માટે કૂવો ખણવામાં (ખોદાવવામાં) આવે, કે–જિનેશ્વરભગવાનની પૂજામાં ઉપયોગી થાય તેવાં પુષ્પોની સગવડ માટે બગીચો બનાવવામાં આવે તે તેમાં ફલ સમજવું કે કેમ ?

સમાધાન—મુખ્યતાએ તો કૂવા ખોદ્યા સિવાય કે બગીચો બનાવ્યા સિવાય પૂજાનું કાર્ય અસ્ખલિત સારી રીતે બને તે ઇચ્છવા યોગ્ય છે; પણ તેટલા મંતવ્ય માત્રથી મંદિર અને પૂજાઆદિને માટે કૂવો, બાગ વિગેરે કરવાનો સર્વથા નિષેધજ છે અગર તેમ કરવામાં એકલું પાપ જ છે એમ કહી શકાય નહિ. જિનમંદિરોને માટે બગીચા નવા કર્યાના ઉલ્લેખો પણ શાસ્ત્રોમાં ઘણે સ્થાને છે.

પ્રશ્ન ૭૧૬—શ્રી વર્દ્ધમાનતપની ઓળીનો 'ઉપદેશ' અપાય છે પણ 'આદેશ' આપવામાં સાધુને દોષ લાગે કે નહિ ?

સમાધાન—સામાન્ય રીતે સમસ્ત જનતાને ધર્મોપદેશ કરતાં, કર્મનો નાશ કરવામાં સમર્થ એવાં તપનો ઉપદેશ આપવો એ ઉપદેશક માત્રનું કર્ત્તવ્ય છે. ઉપદેશ તો કર્ત્તવ્ય છે જ અને જીવવિશેષ જાણવામાં આવે તો સંવરની પ્રધાનતાને અનુલક્ષીને ઉપદેશ સાથે આદેશ પણ કરવામાં આવે તો તેથી સાધુને દોષ લાગે છે એમ કહી શકાય નહિ; પણ જેમ ભગવાનની સ્નાત્રાદિકરૂપી દ્રવ્ય–પૂજાને અંગે પ્રવૃત્તિ સિવાયના કાલમાં સાધુઓને ઉપદેશ દેવાનું યોગ્ય છે એમ માન્યું તો પણ તે દ્રવ્ય-પૂજાની પ્રવૃત્તિના વખતે સાધુઓને કંઇ ઉપદેશ કરવાનું હોય નહિ એમ સ્પષ્ટ જણાવે છે; તેવી રીતે અહિં શ્રી વર્દ્ધમાનતપ વગેરેને માટે પણ

સમજવું યોગ્ય લાગે છે. યાદ રાખવું કે-કોઈ પણ તપની પ્રવૃત્તિ ઉપદેશકના ઉપદેશ સિવાય સ્વાભાવિક રીતે બની જતી નથી. શ્રી વર્દ્ધમાનતપ આદિના સામાન્ય ઉપદેશ કે આદેશમાં દોષ નથી એમ અત્ર જણાવવાથી કોઈએ એમ ન સમજવું કે-જે મુનિઓ ચૂલાની કે દાણા વિગેરેની સગવડો કરાવવામાં તૈયાર થાય છે તેઓને અનુમોદન આપીએ છીએ. સાધુઓની ફરજ છે કે કોઈ પણ ઉપદેશ કે આદેશમાં સાધુતાનું લક્ષ્ય ચૂકે નહિ.

પ્રશ્ન ૭૧૭—રાત્રે આહાર-પાણીમાં કઈ કઈ ઇંદ્રિયોના જીવો ઉત્પન્ન થાય છે કે જેથી તે અભક્ષ્ય ગણાય છે ?

સમાધાન—સૂત્રકાર અને પંચાંગીકાર વિગેરેના વ્યાખ્યાન પ્રમાણે આહાર-પાણીમાં રાત્રે જીવોત્પત્તિ થાય છે એમ જણાતું નથી. જો કે રાત્રે આહાર-પાણીમાં કુંથુવા, કીડી વિગેરેનું ચઢવું કે પડવું થયું હોય તો પણ તે ન જણાય (દેખાય) એ સ્વાભાવિક છે અને તેથી જીવદયાને તત્ત્વ તરીકે ગણનારો મનુષ્ય, રાત્રિને વખતે તે સૂક્ષ્મજીવોની દયા પાળવી અશક્ય હોવાથી ભોજન કે પાન કરી શકે જ નહિ. યાદ રાખવાની જરૂર છે કે-જૈનશાસ્ત્રકારો ખુદ જીવના પ્રાણોના નાશને હિંસા તરીકે કે અનાશ (નાશ રહિતપણા) ને દયા તરીકે ગણતા નથી: કેમકે જો તેમ ગણે (ગણાય) તો સયોગી અને અયોગી કેવલિપણામાં પણ દ્રવ્યથકી હિંસાનો પ્રસંગ હોઈ પાપકર્મનો બંધ માનવો પડે અને નદી, સમુદ્ર વિગેરે જેવા કેવળ અપ્કાયના જીવોથી ભરેલા સ્થાનોમાં સિદ્ધિ પામવાનો વખત રહે જ નહિ, અને એ રીતે તો પંચમહાવ્રતધારી સાધુ મહાત્માઓ કરતાં પણ હિંસાને સર્વથા ટાળનારા (એટલે કે સર્વથા હિંસા, પોતે જાતે નહિ કરનારા) સૂક્ષ્મ-એકેંદ્રિયજીવો અત્યંત દયા સાધનારા બની જાય, આત્મકલ્યાણ સાધી જાય. કારણ કે તે સૂક્ષ્મ-એકેન્દ્રિયજીવો સ્વજાતીય કે અન્યજાતીય, કોઈ પણ જીવોની હિંસા કરતા નથી એટલું જ નહિ પણ પોતાની હિંસાની

અપેક્ષાએ થતાં કર્મોનું પણ પોતે કારણ બનતા નથી. તેમ બની શકે તેમ પણ નથી કારણ કે તે જીવોનાં શરીરો એટલાં બધાં બારીક છે કે પરસ્પર નથી નાશ થતો એટલે નથી તો પોતાથી નાશ થતો, નથી બીજાથી નાશ થતો તેમજ પોતે નથી બીજાઓનો નાશ કરી શકતા. ત્યારે મુદ્દો એ છે કે-હિંસાનું સ્વરૂપ પ્રાણનો ઘાત કરવો એ નથી, તેમ દયાનું સ્વરૂપ પ્રાણનો ઘાત ન કરવો તે પણ નથી અર્થાત્ તે વ્યાખ્યા આટલી માત્ર નથી પરંતુ જૈન શાસ્ત્રકારના મુદ્દા પ્રમાણે, જીવોના પ્રાણોને બચાવવાની બુદ્ધિપૂર્વક, બચાવવાને માટે કરાતા પ્રયત્નોને જ દયા કહેવામાં આવે છે, અને તેવા (બચાવવાના) પ્રયત્નો ન કરવામાં આવે તો જે પ્રવૃત્તિથી અન્યજીવની હિંસા ન પણ થાય તથાપિ તે પ્રવૃત્તિમાં શાસ્ત્રકારો હિંસા માને છે અને એટલા જ માટે આચાર્યમહારાજ શ્રી શય્યંભવસૂરિજી જણાવે છે કે-

जयं चरे जयं चिट्ठे जयमासे जयं सये ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधई ॥

અર્થાત્ કોઇ જીવની વિરાધના ન થાય તેવી બુદ્ધિપૂર્વક, તેવી કાળજીપૂર્વક ચાલતો, ઊભો રહેતો, બેસતો, સૂતો, ખાતો, પીતો કે બોલતો મનુષ્ય પાપકર્મ બાંધતો નથી. આ ગાથાના ભાવાર્થ (રહસ્ય) ને વિચારનારો મનુષ્ય સ્પષ્ટતયા સમજી શકશે કે ચાલવા વિગેરેની ક્રિયામાં હિંસાનું સર્વથા છૂટવું અશક્ય છતાં પણ તે ક્રિયાઓમાં શાસ્ત્રકારે પાપકર્મના બંધનો પણ ઇન્કાર કર્યો ('પાપકર્મનો બંધ થતો નથી' એમ જાણવું) તે કેવલ જીવોની રક્ષા કરવાની બુદ્ધિપૂર્વકની કાળજી (જયણા)ને જ આભારી છે, અને તેથીજ શાસ્ત્રકારે ઉપર્યુક્ત ગાથામાં 'जयं' પદને વિશેષણ તરીકે ગણી તેનો ઉપયોગ વારંવાર કરવામાં આવ્યો છે, ક્રિયાવાચક દરેક શબ્દ સાથે વિશેષણને જોડવામાં આવ્યું છે. રહસ્ય એ છે કે-દરેક ક્રિયામાં શરૂઆતથી સમાપ્તિ સુધી જયણાની બુદ્ધિ રહે તો જ પાપબંધનથી બચી શકાય. ચાલવા વિગેરે ક્રિયામાત્રમાં જયણાબુદ્ધિ રાખ-

વાથી પાપકર્મ નથી બંધાતું, એમ કહેવાથી જયણા નહિ કરવામાં પાપકર્મ બંધાય એ વાત સહેજે સમજાય તેવી છતાં પણ, 'જયણા બુદ્ધિ વગર ચલનાદિક ક્રિયા કરનારાને પાપ બંધાય છે.' એમ ચોખ્ખા શબ્દોમાં જણાવતાં છતાંય જણાવવામાં આવે છે કે-જીવોને બચાવવાની બુદ્ધિ સિવાય, યતના સિવાય ચાલવું વિગેરે ક્રિયા કરનારો મનુષ્ય પ્રાણ અને ભૂતોનો એટલે કે ત્રસ તથા સ્થાવરનો જરૂર હિંસક બને છે. ધ્યાન રાખવાની જરૂર છે કે બચાવવાની બુદ્ધિ વિના પણ થતી ચલનાદિની તમામ ક્રિયામાં પ્રાણ અને ભૂતોની હિંસા થાય જ છે (પ્રાણ અને ભૂતો મરેજ છે.) એમ નથી-એવો નિયમ નથી, કેમ કે તેવી બુદ્ધિ ન હોવા માત્રથી ક્રિયામાત્રમાં સર્વ જીવો આવી જાય, મરી જાય, એમ હોતું નથી (બનતું નથી), છતાંય શાસ્ત્રકાર મહારાજ તો, તેવી રક્ષા-બુદ્ધિ વિનાની તમામ પ્રવૃત્તિમાં પ્રાણ તથા ભૂતોની હિંસા માને છે, એટલે યતના વગરની સર્વ ક્રિયાઓ પ્રાણ અને ભૂતોની હિંસામય છે એમ જણાવે છે, અને તેથી નિશ્ચિતપણે સમર્થન કરે છે કે-જયણાબુદ્ધિનો અભાવ એ જ પ્રાણ અને ભૂતોની હિંસા છે. ચાલવા વગેરેની દરેક ક્રિયાના આરંભ, મધ્ય કે અંત્ય ભાગમાં પણ બચાવવાની બુદ્ધિના અભાવરૂપ અજયણાની સ્થિતિ હોવી જોઇએ નહિ તેથી જ પાપબંધનાં કારણરૂપ જણાવાતા, ચાલવા વિગેરેની દરેક ક્રિયાવાચક શબ્દ સાથે 'जयं' પદ વિશેષણ તરીકે જોડવામાં આવ્યું છે: 'अजयं' નહિ પણ 'जयं'.'

ઉપર જણાવ્યા પ્રમાણે જીવોને બચાવવાના પરિણામરૂપ જયણાના અભાવથી એક અપેક્ષાએ આરોપિત કરાયેલી પ્રાણ અને ભૂતની હિંસા થાય છે પણ જયણાબુદ્ધિપૂર્વક કરાતી ચલનાદિ પ્રવૃત્તિમાં સાક્ષાત્પણે થતી હિંસાને કોઈક અપેક્ષાએ દ્રવ્યહિંસા ગણીને કદાચ તેનો અલ્પપાપ-બંધ રૂપ વિપાક માનવામાં આવે અથવા તો 'न य तस्स तन्निमित्तो बंधो सुहुमोऽवि देसिओ समये' અર્થાત્ ઈર્યાસમિતિવાળા સાધુને ચાલતાં પગ નીચે આવેલા કચરાઈને મરી ગયેલા જીવની હિંસા થાય

છતાં તેમાં સૂક્ષ્મ પણ બંધ નથી એવા ભગવાન્ નિર્યુક્તિકારના વચનથી હિંસા અને પાપ માનવામાં ન આવે તેમજ અપ્રમત્ત-સાધુનું સર્વથા અનારંભકપણું છે તેમજ પ્રમત્ત-સાધુનું પણ શુભયોગને આશ્રીને અનારંભકપણું છે. એ વાત શ્રી ભગવતીસૂત્રમાં છે તેથી જીવને બચાવવાની બુદ્ધિપૂર્વક ચલનાદિ ક્રિયા કરનાર સાધુને સર્વથા પાપનો બંધ થતો નથી એમ નક્કી થાય છે. શ્રી દશવૈકાલિકમાં જીવોને બચાવવાની બુદ્ધિ સિવાય કરાતી ચલનાદિક ક્રિયામાં પ્રાણ અને ભૂતની હિંસાનો નિયમ માન્યો છે એટલું જ નહિ પણ તે સંભવિત હિંસાને સાક્ષાત્ હિંસા થયેલી ગણી તે ગણાયેલી હિંસાનું પરિણામ શાસ્ત્રકારોએ 'बंधई पावयं कम्मं' એમ કહી તે સંભવિત હિંસાવાળી પ્રવૃત્તિમાં જીવોને બચાવવાની બુદ્ધિ નહિ રાખનારો મનુષ્ય પાપને બાંધેજ છે એમ જણાવે છે. વળી શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જણાવે છે કે-પ્રમત્તદશામાં આકુટ્ટીએ કરેલું પાપકર્મ તે જ ભવમાં ભોગવાઈ જાય છે, અર્થાત્ તે આકુટ્ટીએ કરાયેલાં કર્મનાં ફળો ભવાંતરમાં વેદવાં પડતાં નથી એમ કહી જયણાબુદ્ધિપૂર્વક પ્રવર્તવાવાળા પ્રમત્ત-સાધુના પાપ કરતાં પણ આ બચાવવાની બુદ્ધિરૂપ જયણારહિતપણે પ્રવર્તવાવાળા સાધુને થયેલી સંભવિત પ્રાણ અને ભૂતની હિંસાના પાપકર્મોને માત્ર તે ભવમાં વેદવાલાયક નહિ ગણાવતા ભવાંતરમાં તેનાં કટુક ફળો ભોગવવાં પડશે એમ 'तं से होइ कडुअं फलं' એવા વાક્યથી સ્પષ્ટપણે જણાવે છે. આ બધી રક્ષાબુદ્ધિ અને રક્ષાબુદ્ધના અભાવથી હકીકતને બરાબર સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે રાત્રિના વખતમાં સૂક્ષ્મજીવોની જયણા કરવી અશક્ય હોવાથી તે વખતે ભોજન કરનારા મનુષ્યથી કોઈ પણ જીવની હિંસા કદાચ ન પણ થાય તો પણ તે પ્રાણ અને ભૂતોનો હિંસક જ છે અને તેથી ભવાંતરે કટુક વિપાકો આપે તેવાં પાપકર્મોને તે બાંધેજ છે. આ હકીકત છદ્મસ્થજીવો કે જેઓને રાત્રિના વખતે જીવોની જયણા માટે અશક્યપણું છે તેઓને અંગે જણાવી, પણ લોકાલોકને કરામલકવત્ દેખનારા કેવલજ્ઞાની મહારાજાઓ પણ તે રાત્રિભોજનને દુષ્ટતમ ગણીને તેનો પરિહાર કરે છે,

એટલે જ્યારે લોકાલોકના પ્રકાશક ભગવાન્ કેવળી મહારાજાઓ પણ રાત્રિના વખતનું ભોજન અને પાન વર્જવાલાયક ગણે તો અન્ય-જીવોને તે રાત્રિભોજન સર્વથા વર્જવાલાયક હોય તેમાં આશ્ચર્ય જ શું ? સૂત્ર અને પંચાંગીને આધારે આ હકીકત છતાં કોઈક છૂટા પાનામાં એવી ગાથા પણ હોય છે કે-જેના આધારે રાત્રિએ રખાયેલ અન્ન-પાણીમાં વિકલેંદ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે એમ માનવું પડે અને આવા કોઈ કારણથી જ પંચ મહાવ્રતધારીઓને માટે પ્રથમ દિવસે લીધેલું અને તે રાત્રિએ પોતાની પાસે રાખીને બીજે દિવસે ખાવામાં આવે તેમાં તથા ગૃહસ્થ પાસેથી રાત્રિની વખતે વહોરીને પણ બીજે દિવસે ખાવામાં આવે તો તેને રાત્રિભોજન માનેલું છે એમ કહી શકાય. સૂત્રકાર અને પંચાંગીના હિસાબે તો તેમાં સન્નિધિ નામનો દોષ ગણીને જ રાત્રિભોજન ગણવામાં આવ્યું હોય એમ જણાય છે.

પ્રશ્ન ૭૧૮—સૂકાયેલું આદુ એટલે સુંઠ જો ખાવાના ઉપયોગમાં લઈ શકાય છે તો તે પ્રમાણે બટાટા વિગેરે બીજાં કંદમૂળ પણ સૂકવીને વાપરવામાં શી અડચણ ?

સમાધાન—સુંઠ એ એક હળવા ઔષધ (સામાન્ય ઔષધ) તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, તે કાંઈ શાકની માફક વધારે પ્રમાણમાં લઈ શકાતી નથી; બટાટા પ્રમુખ બીજાં કંદમૂળો તો આસક્તિથી ખાવામાં આવે છે, વધારે પ્રમાણથી વપરાય છે અને તેથી ઘણા જ જીવોની હિંસાનો પ્રસંગ રહેલો છે.

પ્રશ્ન ૭૧૯—પર્યુષણા પછી ભાદરવા સુદિ આઠમના રોજ સામાચારી કેટલાક સ્થાને વાંચવામાં આવે છે તથા કેટલાક સ્થાને તે વંચાતી નથી તો તે એમાં વ્યાજબી શું ?

સમાધાન—સામાચારી સંવત્સરીના દિવસે જ સભાસમક્ષ વંચાય. કોઈ સ્થાને અષ્ટમીના દિવસે વંચાય છે પણ તે ઠીક નથી; સંવત્સરીના

દિવસે બારસાસૂત્ર વાંચતી વખતે છેલ્લે સામાચારી અર્થ સહિત વાંચી સંભળાવવી યોગ્ય છે.

પ્રશ્ન ૭૨૦—ચતુર્વિધ-સંઘમાં કલ્પસૂત્ર, બારસા-મૂલસૂત્ર વાંચવાનો અધિકારી કોણ ?

સમાધાન—યોગવહન કર્યા હોય એવા સાધુનેજ મુખ્યતાએ ચતુર્વિધ-સંઘ આગળ કલ્પસૂત્ર, બારસા-મૂલસૂત્ર વાંચવાનો અધિકાર છે.

પ્રશ્ન ૭૨૧—સાધ્વીજી મહારાજ શ્રાવક સમુદાય સન્મુખ વ્યાખ્યાન કરી શકે કે નહિ ?

સમાધાન—મુનિમહારાજ ન હોય તો સાધ્વીજીએ બાઈઓની સામે વ્યાખ્યાન કરે, પુરૂષો તો પડખે બેસી સાંભળે તે વાત જૂદી છે. સાધ્વીઓ સાધ્વીઓ પાસે વાંચે તે સૂત્રવિહિત છે.

પ્રશ્ન ૭૨૨—સાધ્વીજી મહારાજ પુરૂષોના મસ્તક પર વાસક્ષેપ કરી શકે ?

સમાધાન—ધર્મક્ષેત્રમાં પુરૂષ પાત્રની શ્રેષ્ઠતા હોઈ સાધ્વીજી પુરૂષના મસ્તક પર વાસક્ષેપ કરે તે ઉચિત નથી.

પ્રશ્ન ૭૨૩—હાલમાં ચંદરવા-પુંઠીયામાં જે સ્થૂલભદ્રજી, ગૌતમસ્વામીજી, ઈલાચીકુમાર, નવપદજી મહારાજ, વજ્રસ્વામીજી, જંબુસ્વામીજી વિગેરે મહાન્ પ્રભાવિકપુરુષોનાં જે આલેખનો (ચિત્રો) જરી વિગેરેનાં કરવામાં આવે છે તે શું યોગ્ય છે ? કેમકે તે ચંદરવા મુનિમહારાજના પાછલના ભાગમાં બંધાતા હોવાથી મહાપુરૂષોની આશાતનાનો પ્રસંગ આવે છે તો ઉચિત શું છે ?

સમાધાન—આજે ચંદરવા-પુંઠીયામાં જે એવા મહાપ્રભાવક પૂર્વપુરૂષોનાં આલેખનો (ચિત્રો) ભરાય છે તે ઉચિત નથી. આવા પૂર્વપુરૂષો જેઓ આરાધ્ય છે તેમનાં ચિત્રો પાછલના ભાગમાં

રહે, સાધુએ ત્યાં પુંઠ કરીને બેસે તે ઉચિત નથી લાગતું, માટે તે આલેખનોમાં પરિવર્તનની આવશ્યકતા છે. સૂર્યમુખી, ચંદ્રમુખી, નવી નવી જાતની વેલો, ચૌદ સ્વપ્નાં અષ્ટમંગલિક વગેરે આલેખવામાં આવે તો તે વ્યાજબી લાગે છે. આરાધ્ય મહાપુરુષોનાં ચિત્રોને (આલેખનોને) આરાધનાના સાધનમાં ગોઠવવાં તે ઠીક નથી. સાધ્યને સાધનમાં ખેંચી જવું વ્યાજબી નથી.

પ્રશ્ન ૭૨૪—બાર વ્રતો સંપૂર્ણ ન ઉચ્ચરવાં હોય, ઓછાવત્તાં વ્રતો ઉચ્ચરવાં (સ્વીકારવાં) હોય તો નાણુ માંડવી તે ઉચિત ખરું કે ?

સમાધાન—નંદીથી જેટલાં વ્રત લેવાં હોય તેટલાં લઈ શકાય છે. સમ્યક્ત્વ માત્ર પણ ઉચ્ચરી શકાય છે.

પ્રશ્ન ૭૨૫—આવશ્યક-વૃત્તિકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ '**रूप्पं पत्तेयबुद्धा०**' એ ગાથાની વ્યાખ્યા કરતાં પ્રત્યેકબુદ્ધો એકલા રૂપા જેવા એટલે છાપ વગરના રૂપા જેવા હોય છે, પણ માત્ર અંતર્મુહૂર્ત જેટલા વખત સુધી દ્રવ્ય-લિંગ ન ગ્રહણ કરે ત્યારે જ તેમને માત્ર રૂપા જેવા સમજવા એમ જણાવે છે, જ્યારે પ્રજ્ઞાપના તથા નંદીજીની વ્યાખ્યામાં પ્રત્યેકબુદ્ધોને દેવતાએ વેષ આપેલો હોય અથવા શાસ્ત્રોમાં '**रूप्पं पत्तेयबुद्धा०**' એમ જણાવી પ્રત્યેકબુદ્ધોને વેષરૂપ છાપ વિનાના કેવળ ગુણસ્વરૂપ રૂપાવાળા જણાવેલા છે તો તે બે ગ્રંથોનો અવિરોધ કેવી રીતે સમજવો ?

સમાધાન—'**रूप्पं पत्तेयबुद्धा०**' એ પદથી યાવત્ પ્રત્યેકબુદ્ધોને માત્ર રૂપાની માફક ગુણવાળા જ લેવા હોય ત્યારે તો બધા પ્રત્યેકબુદ્ધોમાં જેઓ દેવતાએ દીધેલા વેષને ગ્રહણ કરે છે તે પણ અંતર્મુહૂર્ત જેટલો વખત તો જરૂર દ્રવ્ય-લિંગ વગરના જ હોય છે, ને લિંગને નહિ લેનારા પ્રત્યેકબુદ્ધોને તો વેષ કોઈપણ વખત હોતો નથી, એટલે અંતર્મુહૂર્ત જેટલો વખત તો કોઈપણ પ્રત્યેકબુદ્ધને વેષ હોય જ નહિ. એ પ્રમાણે

જ્યારે આવશ્યક-વ્યાખ્યાકારે વ્યાપકપણે ત્યાં વ્યાખ્યા કરી ત્યારે નંદીજી આદિમાં સંભવપણે વ્યાખ્યા ધારીને જણાવ્યું કે-વેષરૂપ છાપ વિનાના કેવળ રૂપા તુલ્ય સાધુપણાના ગુણમાં રહેનારા હોય તો માત્ર પ્રત્યેકબુદ્ધો જ છે અર્થાત્ પ્રત્યેકબુદ્ધોમાં જ માત્ર સાધુપણાના વેષ સિવાય સાચા સાધુપણાનો સંભવ ગણાય. આવી રીતે વ્યાપક અને સંભવની અપેક્ષાએ લેવાથી બન્ને પાઠ મળતા થશે.

પ્રશ્ન ૭૨૬—નવકારશીનાં પચ્ચખ્ખાણવાળો સેવા-પૂજા કરીને પચ્ચખ્ખાણ પારે તેમાં લાભ છે કે તે પચ્ચખ્ખાણ પારીને સેવા-પૂજા કરે તેમાં લાભ ?

સમાધાન—પચ્ચખ્ખાણ એ વિરતિરૂપ હોવાથી ભાવપૂજાનું અંગ છે, અને તેમાં પણ નવકારશી પચ્ચખ્ખાણ તો રાત્રિભોજનવિરમણવ્રતના કાંઠારૂપ છે, માટે તેને દ્રવ્ય-પૂજા કરતાં ન્યૂન ગણાય જ નહિ અને દ્રવ્ય-પૂજાનું કાર્ય પણ ધર્મરૂપ હોવાથી તેમાં જાણી જોઇને વિલંબ કરવો તે ઉચિત નથી એમ સમજી દ્રવ્ય-પૂજામાં નવકારશી પારવાની જરૂર છે એમ માનવું નહિ; છતાં કોઇને જો મુખમાંથી તેવી વાસ નીકળતી હોય અને તેથી નવકારશીનું પચ્ચખ્ખાણ પારીને પૂજા કરવાનો વિચાર થાય તો તે પણ અયોગ્ય નથી, પણ વધારે લાભ પચ્ચખ્ખાણ સહિતની વહેલી થયેલી પૂજામાં છે એ સમજવું જોઇએ.

પ્રશ્ન ૭૨૭—કેટલાક અલુણું આયંબિલ કરે છે તો આયંબિલમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા કેટલા અને કયા પ્રકારો છે ?

સમાધાન—આયંબિલમાં અનાજમાં નાખેલું કે જુદું અચિત્ત એવું લવણ ખપતું નથી એવું ધારીને જેઓ અલુણું આયંબિલ કરતા હોય તેઓ તો શાસ્ત્રથી વિપરીત શ્રદ્ધાવાળા છે. શાસ્ત્રોમાં દત્તિના અધિકારમાં '**लोणासायणमवि**' એવો ચોખ્ખો લેખ છે અને કોઇ પણ સ્થાને આયંબિલમાં લવણ ન લેવાય એવો લેખ નથી. આયંબિલમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભાંગા ધાન્ય અને તેના ઓસામણની અપેક્ષાએ કહેલા છે.

પ્રશ્ન ૭૨૮—સ્ટીમર સમુદ્ર કિનારે ઉભેલી હોય તો સાધુથી તે સ્ટીમર, તેના પર ચઢીને જોવા જવાય ? શ્રાવક જાય તો તેને અતિચાર લાગે ખરો ?

સમાધાન—સાધુને કોઈ પણ બાહ્ય પદાર્થના રૂપો દેખવા જવું એ કલ્પતું જ નથી તો પછી જલમાં રહેલી સ્ટીમરને જોવા જવી એ તો કલ્પે જ શાનું ? કોઈપણ પ્રકારના વાહનમાં ચઢવાની સાધુને મનાઈ છે. ચક્રાવો ખાવા છતાં પણ ઉતરી ન શકાય તોજ નદીમાં પણ, ક્ષેત્રાંતરે થતો સંયમ નિર્વાહી અને ધર્મનો ઉદ્યોત ધ્યાનમાં રાખીનેજ, નાવ વિગેરેમાં બેસવાનું હોય છે. શ્રાવકને પણ તેવી રીતે જોવા જવું તે અનર્થદંડ રૂપજ છે.

પ્રશ્ન ૭૨૯—ગઈ દીવાળીમાં કેટલાકે તેરશ તથા ચૌદશનો છઠ્ઠ કર્યો તથા કેટલાકે ચૌદશ તથા અમાસનો છઠ્ઠ કર્યો તો તાત્પર્ય શું ?

સમાધાન—ગઈ દીવાળી લોકોએ ચૌદશની જ કરેલી છે. દીવાળીનું પર્વ લોક કરે તેને અનુસારેજ કરવું એમ-

'श्रीवीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरपि'

એ વચનને અનુસારે, દીવાળીનું પર્વ લોકોને અનુસરીને થાય છે અર્થાત્ બીજા તીર્થંકરોનાં સર્વ કલ્યાણકો તથ ભગવાન્ મહાવીરનાં બીજાં કલ્યાણકો નક્ષત્રને અનુસારે થતાં નથી પરંતુ કેવળ તિથિને ઉદ્દેશીનેજ થાય છે, છતાં ભગવાન્ શ્રી મહાવીરદેવનું નિર્વાણકલ્યાણક અમાસ (તિથિ) ને કે નક્ષત્રને પણ ઉદ્દેશીને નહિ કરતાં લોકો જે તિથિએ દીવાળી કરે છે તે તિથિએ દીવાળી કરવી અને દીવાળીને દિવસે છઠ્ઠનો બીજો ઉપવાસ અને નિર્વાણકલ્યાણક વખતે છઠ્ઠ તથા સોલ પહોરના પૌષધની સંપૂર્ણતાનો વખત આવવાં જોઇએ, કેમકે તે છઠ્ઠ અને સોલ-પહોરી પૌષધ શ્રીમહાવીરદેવના નિર્વાણકલ્યાણકનેજ ઉદ્દેશીને છે, માટે લોકોને અનુસરીને તેરશ ચૌદશે-દીવાળી કરી છઠ્ઠ થયા તે વ્યાજબી છે.

પ્રશ્ન ૭૩૦—સાધુથી વાસથી જ્ઞાનની પૂજા કરાય કે કેમ ?

સમાધાન—વાસથી જ્ઞાનનું પૂજન કરવું તે દ્રવ્ય–પૂજા છે અને તેથી સેનપ્રશ્નમાં પૌષધવાળાને અંગે કલ્પસૂત્ર સંબંધી વાસની પૂજાનો નિષેધ કરેલો છે પણ શ્રીવિજયલક્ષ્મીસૂરિજીએ જ્ઞાનપંચમીના દેવવંદનમાં વાસની પૂજાને નિરવદ્ય ગણી સામાયિક–પૌષધવાળાને વાસથી પુસ્તકનું પૂજન કરવાની સૂચના કરી છે, માટે વાસથી પુસ્તકનું પૂજન કરનારા સાધુ અને પૌષધવાળાઓને જેમ ઉલ્લાસ થાય અને યોગ્ય લાગે તેમ કરે, તેમાં ચર્ચા કરવાનું કારણ જણાતું નથી.

પ્રશ્ન ૭૩૧—બીજ, પંચમી, અષ્ટમી, એકાદશી તથા ચૌદશનાં ચૈત્યવંદનો, સ્તવનો, થોયો દેરાસરજીમાં ચૈત્યવંદન કરતાં પ્રભુજી સન્મુખ કહેવાય કે નહિ ?

સમાધાન—સર્વ પર્વની આરાધના શ્રીત્રિલોકનાથ તીર્થંકરના ઉપદેશથી જાણવામાં આવી છે અને તે પર્વની આરાધના કરનારો મનુષ્ય ત્રિજગત્પૂજ્ય શ્રીતીર્થંકરનો ઉપકાર માની અનુવાદ રૂપે તે તે તિથિઓના સ્તવનો વિગેરે ચૈત્યવંદન કરતાં દહેરામાં કહે તેમાં આશાતના કે અનુચિતતા નથી. કેટલાંક તિથિનાં સ્તવનોમાં ભવ્યોને ઉપદેશરૂપે અને પર્વના મહિમારૂપે અધિકારો આવે છે, પણ અનુવાદરૂપે તે સ્તવનો આદિ કહેવામાં કોઈ જાતની અડચણ જણાતી નથી.

પ્રશ્ન ૭૩૨—શ્રી ભગવતીસૂત્ર (શ૦ ૨૦, ઉ૦ ૨–)માં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનાં અભિવચનો આપેલાં છે, તો અહિં અભિવચનથી શું સમજવું ? ટીકાકાર શ્રી અભયદેવસૂરિ એનો અર્થ 'પર્યાય' કરે છે તો એ હકીકત કેવી રીતે સંગત થાય ? શું પ્રાણાતિપાતવિરમણાદિને ધર્માસ્તિકાયના પર્યાયરૂપે ગણાવાય ? અને જો ગણાવાય તો તે કયા નયના આધારે ? અને તેમ થતાં ધર્માસ્તિકાયના સ્વરૂપમાં ભિન્નતા આવે તેનું શું ?

સમાધાન—જૈનશાસ્ત્રોમાં એક જ વસ્તુને કહેનારા પર્યાયો જ્યાં આપવામાં આવે છે ત્યાં 'એકાર્થિક,' 'અનર્થાન્તર.' 'પર્યાય' કે 'નામધેય' વિગેરે શબ્દો એક જ અભિધેયને વ્યક્ત કરે છે, પણ શ્રી ભગવતીજી સૂત્રના તમારા જણાવેલા ૬૬૪ (૬૬૫)મા સૂત્રમાં 'એકાર્થિક, અનર્થાન્તર, પર્યાય કે નામધેય' તરીકે નામો નહિ જણાવતાં અભિવચન તરીકે તે નામો જણાવેલાં છે, તેથી તે અભિવચનો એક જ વસ્તુને કહેનાર હોય એમ કહી શકાય નહિ. શ્રી આવશ્યકનિર્યુક્તિમાં જેમ આકાશને ક્ષેત્ર તરીકે જણાવી પાછળથી વ્યંજનપર્યાય માત્રની સરખાવટ લઇને ઇક્ષુક્ષેત્ર અને શાલિક્ષેત્રાદિકના કરણોને ક્ષેત્રકરણ તરીકે જણાવ્યાં છે, તેમ અહિં પણ 'અભિવચન' શબ્દ સર્વથા એક અર્થને કહેવાવાળા એકાર્થિક કરતાં અન્યપ્રકારે એકાર્થિક કહેવાને માટે જ પ્રવર્તાવેલો છે કેમકે ઇક્ષુક્ષેત્રાદિનું કરણ વાસ્તવિક રીતે દ્રવ્ય-કરણ બને છે પણ ક્ષેત્ર-(આકાશ) કરણ બનતું નથી. અને તેથી જ ત્યાં વ્યંજનપર્યાયને પ્રાપ્ત એટલે માત્ર શબ્દોની જ સરખાવટ લીધી છે, તેવી રીતે અહિં પણ અભિવચનશબ્દ શબ્દોની જ સરખાવટને માટે માત્ર લેવામાં આવે તો અડચણ જણાતી નથી. વળી વ્યાકરણના નિયમ પ્રમાણે બે પદથી બનેલા શબ્દમાં પહેલા અને પછીના પદનો લોપ તે '**लुग्वा**' એ સૂત્રથી થાય છે અને તેથી 'ધર્માસ્તિકાય' એ નામ 'ધર્મ' અને 'અસ્તિકાય' એ બે પદથી બનેલું હોઇ આગલના 'અસ્તિકાય' પદનો લોપ થાય ત્યારે માત્ર 'ધર્મ' પદ રહે અને તેથીજ સૂત્રકાર મહારાજે પણ ધર્માસ્તિકાયના અભિવચનોમાં પહેલું '**धम्मे इ वा**' એમ કહી 'ધર્મ' શબ્દને જ અભિવચન તરીકે જણાવ્યો છે એને તે 'ધર્મ' શબ્દના પર્યાય (એકાર્થિક) તરીકે પ્રાણાતિપાતવિરમણાદિક ઇર્યાસમિતિ આદિકને લેવામાં કોઈ જાતની અડચણ દેખાતી નથી. ધ્યાન રાખવું કે અધર્માસ્તિકાયના અભિવચનોમાં પણ પહેલાં '**अधम्मे इ वा**' એમ કહ્યું છે અને તેથી પ્રાણાતિપાત વિગેરે અને ઇર્યાસમિતિનો અભાવ વિગેરે, અધર્મનાં અભિવચનો તરીકે જણાવ્યાં છે.

પ્રશ્ન ૭૩૩—પૌષધ લઇને દેવવંદન થયા બાદ '**मण्ह जिणाणं**' ની સજ્ઝાય સાધુ પાસે કીધી (કહી) હોય તો શું વ્યાખ્યાન ઉઠ્યા પછી ઇરિયાવહી કહી પહેલી સજ્ઝાય કહી લેવી કે રાઇમુહપત્તિના માટે કહેલા ઇરિયાવહી અને રાઇમુહપત્તિની ક્રિયા બાદ સજ્ઝાયનો આદેશ માગી સજ્ઝાય કહેવી આમાં કાંઇ ફેર છે ?

સમાધાન—સ્વાધ્યાયનું મુખ્ય સ્થાન (સમયાર્થે) પડિલેહણ કર્યા પછી છે અને તેથી ત્યાં સજ્ઝાય કરવી જોઇએ, પણ જેઓએ ગુરુ-સમક્ષ પૌષધ ન લીધો હોય અને રાઇમુહપત્તિ પડિલેહવા પહેલાં જેઓ ગુરુસમક્ષ પૌષધ ઉચ્ચરે તેઓ પૌષધ ઉચર્યા પછી પૌષધના આદેશની માફક પડિલેહણના આદેશ પણ ગુરુમહારાજ પાસે માગે છે તેથી તેઓને ત્યાં ફરી સજ્ઝાય કરવાની જરૂર રહે છે.

પ્રશ્ન ૭૩૪—દેરાસરજીમાં પૂજન માટેની નિર્જીવ સામગ્રી જેવી કે-રકાબી, વાટકી, કલશ વગેરેની પ્રભાવના કરવાથી દોષ લાગે ખરો ?

સમાધાન—પ્રભાવના એ બાલજીવોને ધર્મમાં જોડવા માટેનું સાધન હોઇ તેમાં બાલજીવોને ખેંચનારીજ (આકર્ષનારીજ) વસ્તુઓ હોવી જોઇએ. પૂજા, સામાયિક, પૌષધ વિગેરેનાં સાધનો '**धर्मोपष्टम्भ-दान**' તરીકે દેવાય તેમાં હરકત નથી, પણ તેવી પ્રભાવનામાં વણિકબુદ્ધિ ધારીને મનાતી લાભની તીવ્રતા ઉચિત નથી. પ્રભાવનાનો મુદ્દો તો બીજાઓને ધર્મશ્રવણ તથા ધર્મક્રિયાઓમાં જોડવાનો છે, આકર્ષવાનો છે, માટે બાલજીવો આકર્ષાય તેવી વસ્તુ વહેંચવી તેજ પ્રભાવનાને અંગે વ્યાજબી છે.

પ્રશ્ન ૭૩૫—'એકલી આજ્ઞાને માન્ય કરીએ અને મોટા પુરુષોનું અનુકરણ ન કરીએ' એમ કહેનારા શું સાચા છે ?

સમાધાન—ત્રિલોકનાથ શ્રીતીર્થંકરદેવની આજ્ઞા કોઇ પણ માર્ગાનુસારી સુદ્ધાં, અમાન્ય કરી શકે જ નહિ; પણ મોટા પુરુષોનું અનુકરણ હોયજ નહિ એવું કહેનારા ભૂલે છે.

તત્સંબંધી શ્રી સિદ્ધચક્ર પુસ્તક બીજું, અંક પહેલો જુઓ.

પ્રશ્ન ૭૩૬—ઊંટડીના દૂધનો વિગઈમાં ભેદ છે તો તેને અભક્ષ્ય કહેનારા આજે 'અભક્ષ્ય જેવું છે' એમ કહે છે તે બરોબર છે ?

સમાધાન—દૂધના પાંચે ભેદ ભક્ષ્ય છે પણ અભક્ષ્ય નથી એમ પચ્ચખ્ખાણભાષ્ય, પંચવસ્તુ, આવશ્યક વિગેરેથી સ્પષ્ટ થાય છે અને ઊંટડીનું દૂધ વધારે કાલ સારૂં ન રહેવાથી નિવીયાતાના અધિકારમાં શ્રાવકને માટે અયોગ્ય ગણાવ્યું છે, પણ તેટલા માત્રથી સર્વથા ઊંટડીના દૂધને અભક્ષ્ય માનનારાની માન્યતા વ્યાજબી નથી.

વધુ માટે જુઓ શ્રી સિદ્ધચક્ર વર્ષ બીજું, પા. ૫૦૧, ૫૭૪, ૫૭૫,

પ્રશ્ન ૭૩૭—ભગવાન્ શ્રી મહાવીરદેવ, સંસારમાં બે વર્ષ ઝાઝેરા રહ્યા તે મોહવશાત્ રહ્યા કે ભાવિભાવને જાણીને રહ્યા હતા ?

સમાધાન—ભગવાન્ શ્રી મહાવીરદેવની, પોતાના માતપિતાની અનુકંપા (ભક્તિ)ને લીધે તેઓનાં જીવતાં સુધી દીક્ષા નહિ લેવાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ હતી. પોતે દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે શ્રીનંદિવર્દ્ધન આદિ સ્વજનોએ કરેલી બે વર્ષ રહેવાની વિનતિ સ્વીકારતાં, પોતાનો દીક્ષાકાળ બે વર્ષ પછી છે એમ અવધિજ્ઞાનથી જાણેલું હતું એ ખરૂં પણ તેઓનું કંઈક અધિક બે વર્ષ ઘરમાં રહેવું થયું તે મોહના ઉદય સિવાય તો નથીજ. 'ભાવિભાવને જાણીને' એમ કહેવાથી મોહનો ઉદય ન હતો એમ તો કહેવાયજ નહિ. નાશ થઈ શકે એવો પણ મોહનો ઉદય ભગવાન્ મહાવીરને તે વખતે હતો એમ શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે.

પ્રશ્ન ૭૩૮—ભક્તામર સ્તોત્રમાં ૪૮ કાવ્યો હોવાનું કેટલાકો જણાવે છે જ્યારે કેટલાકો જણાવે છે કે અસલથી જ ૪૪ કાવ્યો છે, તો તે બેમાં શું માનવું ?

સમાધાન—ભક્તામર સ્તોત્ર કરતાં કલ્યાણમંદિર સ્તોત્ર પ્રાચીન છે એ વાત સર્વમાન્ય છે. કલ્યાણમંદિરનાં કાવ્યો ૪૪ છે તેમાં કોઇનો મતભેદ નથી, તો તે કલ્યાણમંદિરના અનુકરણથી પાછળથી કરાયેલા ભક્તામર સ્તોત્રમાં પણ ચુંમાલીશ કાવ્ય હોય એ વધારે સંભવિત છે. જેઓ ૪૮ કાવ્યો માને છે તેઓ પણ ૨૮ મામાં અશોકવૃક્ષ, ૨૯ મામાં સિંહાસન, ૩૦ મામાં ચામર તથા ૩૧ મામાં છત્ર માનીને ૩૨ મામાં કમલોનું સ્થાપવું માને છે; અર્થાત્ જો પ્રાતિહાર્ય લેવા હોત તો ૨૭મા કાવ્યમાં અશોકવૃક્ષનું વર્ણન કર્યા પછી સુરપુષ્પવૃષ્ટિ અને દિવ્યધ્વનિ નામના પ્રાતિહાર્યનું વર્ણન જતું કરત નહિ, ચામરના પ્રાતિહાર્યનું વર્ણન કરવા પહેલાં સિંહાસન પ્રાતિહાર્યનું વર્ણન કરત નહિ, તેમજ સિંહાસન અને ચામરનું વર્ણન કર્યા પછી ભામંડલ અને દુંદુભિનાં પ્રાતિહાર્યોને છોડીને છત્ર નામનું પ્રાતિહાર્ય કે જે છેલ્લા પ્રાતિહાર્ય તરીકે છે તેનું વર્ણન કરત નહિ એટલું જ નહિ પણ દેશના દેવા પધારતી વખતે શ્રી જિનેશ્વરદેવના ચરણકમલની નીચે દેવતાઓ જે પદ્મની સ્થાપના કરે છે તેનું વર્ણન તે પ્રાતિહાર્ય ન હોઇ પ્રાતિહાર્યના વિભાગમાં કરત નહિ કેમકે પ્રાતિહાર્યની સંખ્યા તથા ક્રમ આ પ્રમાણે છેઃ—

अशोकवृक्षः सुरपुष्पवृष्टि-र्दिव्यध्वनिश्चामरमासनं च ।

भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥१॥

આથી સ્પષ્ટતયા સમજી શકાશે કે ભક્તામરમાં કરવામાં આવેલું વર્ણન નથી તો પ્રાતિહાર્ય માત્રનુંઃ તેમજ પ્રાતિહાર્યોનું વર્ણન તેના ક્રમવાળું નથી, માટે શ્રીમાનતુંગસૂરિજીએ આઠ પ્રાતિહાર્યોનું વર્ણન કરવા માગ્યું હતું અને ચાર પ્રાતિહાર્યોનું જ વર્ણન ચાલુ સ્તોત્રમાં દેખાય છે, માટે બાકીના ચાર પ્રાતિહાર્યોના વર્ણનનાં ચાર કાવ્યો લુપ્ત થયાં છે કે કોઇકે ભંડારી દીધાં છે એમ માનવું અસ્થાને છે. પ્રથમ તો, આઠ પ્રાતિહાર્યોના વર્ણનમાં ચારનું રહે અને બાકીનાનું વર્ણન

લુપ્ત થવાનું કે ભંડારી દેવાયાનું માનવું તે વિચક્ષણોને ગ્રાહ્ય થાય તેમ નથી, માટે શ્રી માનતુંગસૂરિજીએ ચાર પ્રાતિહાર્ય અને કમલ સ્થાપનાનું વર્ણન, ધર્મોપદેશની, જગતના જીવોની સ્પૃહા કરવા લાયક, સમૃદ્ધિની સત્તા જણાવવા માટે કરેલું છે અને તેથી જ ૩૩ મા કાવ્યમાં, તે અશોકાદિકના વર્ણન પછી ઉપસંહારમાં 'इत्थं यथा तव विभूतिः' એમ કહી વિભૂતિવાળા પ્રાતિહાર્યો તેમજ સૂર્યપ્રભાના અન્તગનો વિષય લેવાથી પ્રભા એટલે કાન્તિવાળી ચીજોનું કાન્તિના અતિશયપણાનું વર્ણન પૂર્વે કર્યું છે તે સ્પષ્ટપણે ધ્વનિત કરે છે. સુરપુષ્પવૃષ્ટિ વિગેરે પ્રભા એટલે કાન્તિના અતિશયવાળી ચીજો ન ગણાય એ સ્પષ્ટ જ છે. ભામંડળમાં રહેલી કાન્તિ દુનિયાદારીમાં વિભૂતિ તરીકે ગણાતા પદાર્થોને મળતી ન હોય અથવા શ્રી જિનેશ્વરમહારાજના શરીરના તેજનું તેમાં પ્રતિબિંબિતપણું હોઈ તે ભામંડળની સ્વયંવિભૂતિ તરીકે ગણાતા કાન્તિમાન્ પદાર્થોમાં ગણના ન કરી, અશોકાદિક કાન્તિમાનોની ગણના કરી હોય એમ ૩૩ મા કાવ્ય ઉપરથી પણ સ્પષ્ટ થાય છે અર્થાત્ ભક્તામર સ્તોત્રના ચુમ્માલીશ કાવ્ય અસલથી છે એમ માનવું શ્રેયસ્કર છે.

વળી વિભૂતિના વર્ણનમાં ઉપસંહારવાળા કાવ્યમાં જો આઠ પ્રાતિહાર્યોનું વર્ણન હોત તો પ્રાતિહાર્યો તરીકે જ ઉપસંહાર થવો જોઇતો હતો અને તેથી 'सत्प्रातिहार्यनिचयस्तव यादृगस्ति' એના જેવા આદ્યપદવાળું કાવ્ય હોત તો અને તે પણ નથી માટે પણ કેટલાક પ્રાતિહાર્યરૂપ વિભૂતિના વર્ણનવાળા કાવ્યોવાળું ચુમ્માલીશ કાવ્યોનું જ ભક્તામર સ્તોત્ર હોય એમ માનવું યુક્તિસંગત છે.

પ્રશ્ન ૭૩૯—સ્ત્રીરત્ન મરીને અવશ્ય છઠ્ઠી નરકેજ જાય કે અન્યત્ર પણ જાય? છઠ્ઠી નરકેજ જાય તો તેવા અક્ષરો (પ્રમાણ) શેમાં છે?

સમાધાન—સ્ત્રીરત્નને શંખાવર્તયોનિ હોય છે અને કામાતુરપણાની અધિકતા હોવાથી ગર્ભની નિષ્પત્તિ થતી નથી એ હકીકત ધ્યાનમાં લેતાં

તેણીનું નરકગામિપણું અવશ્ય હોય પણ તમામ સ્ત્રીરત્નો છઠ્ઠી નરકેજ જાય એમ માનવું યોગ્ય લાગતું નથી.

પ્રશ્ન ૭૪૦—માથુરી વાચના કયા આચાર્યે કરી? ત્યાં લખાયું કે વંચાયું? તે અધિકાર કયા કયા ઠેકાણે છે?

સમાધાન—શ્રી નન્દીસૂત્રનાં વચન પ્રમાણે શ્રી સ્કંદિલાચાર્યે મથુરામાં શાસ્ત્રનો અનુયોગ પ્રવર્ત્તાવ્યો તે વખતે સિદ્ધાંત પુસ્તકારૂઢ થયો નહોતો, પણ શ્રી યોગશાસ્ત્ર અને જ્યોતિષ્કરંડકના વચનોનો ભાવાર્થ એવો થાય ખરો કે બન્ને સ્થાને લખાયાં.

પ્રશ્ન ૭૪૧—અતિચારમાં બોલાય છે કે 'વીજ દીવાતણી ઉજેહી લાગી': તો વીજળી અચિત્ત કે સચિત્ત? અને તે પુદ્ગલો વિસ્રસા કે પ્રયોગસા?

સમાધાન—અતિચારમાં ગણાયેલી વીજલી પ્રયોગકૃત અને સચિત્ત ગણવી; જો કે શ્રીઉત્તરાધ્યયનનિર્યુક્તિના ચોથા અધ્યયનના પાઠને સ્વતંત્ર વિચારીએ તો અચિત્ત વીજળી હોય એવો અર્થ નીકળે છે.

પ્રશ્ન ૭૪૨—વાયુકાય ઉઘાડે મુખે બોલ્યા' એમ અતિચારમાં બોલાય છે તો ઉઘાડે મુખે બોલવાથી વાયુકાયની વિરાધના—હિંસા થાય? કારણ કે ભાષાવર્ગણાનાં પુદ્ગલો ચઉસ્પર્શી છે અને બાદર વાયુકાય અષ્ટસ્પર્શી છે તો તે અષ્ટસ્પર્શી શરીરવાળા બાદર વાયુકાય જીવોનો ભાષાના પુદ્ગલોથી વ્યાઘાત થાય? ઉઘાડે મુખે બોલવાથી સાવદ્યભાષા ગણાય અને સંપાતિમ જીવોના રક્ષણ માટે મુહપત્તિ રાખીને બોલવું જોઇએ તે યોગ્ય છે, પરંતુ વાયુકાયના જીવોને ઉઘાડે મુખે બોલવાથી ઉપદ્રવ થાય કે નહિ?

સમાધાન—ભાષાવર્ગણાનાં પુદ્ગલો ચઉફરસી છે પણ સાથે નીકળતો વાયુ તો (વાયુનાં પુદ્ગલો તો) અષ્ટસ્પર્શી છે તો તે દ્વારા

વાયુની વિરાધના શ્રી દશા૦ની ચૂર્ણિ ને યોગશાસ્ત્રની વૃત્તિ આદિથી તે સ્પષ્ટ જણાય છે. જો ભાષાવર્ગણાથી વાયુની વિરાધના ગણીએ તો મુખે વસ્ત્ર રાખવું નકામુંજ ગણાય, કારણ કે ભાષાવર્ગણા તો ૩, ૪, ૫, સમયમાં સમગ્ર લોકમાં વ્યાપે છે.

પ્રશ્ન ૭૪૩—પ્રસન્નચંદ્ર-રાજર્ષિએ સાતમી નરક યોગ્ય કર્મદલિક બાંધ્યા તે સમયે તેમને અનન્તાનુબંધીનો ઉદય, અને ભાવચારિત્રનો સર્વથા નાશ થયો હતો, તેવી બાબત કોઈ શાસ્ત્રમાં છે ? અથવા અનન્તાનુબંધીનો ઉદય હતો પણ તે અન્તાનુબંધી સંજ્વલનના ભેદરૂપે હતો અને તેથી ભાવચારિત્ર વિદ્યમાન હતું તેવા અક્ષરો કોઈ ગ્રંથમાં છે ?

સમાધાન—અનન્તાનુબંધી આદિ ચાર ચાર ભેદો કરવા એમ શ્રી યોગશાસ્ત્ર ને લોકપ્રકાશાદિથી જણાય છે પણ શ્રી પ્રસન્નચંદ્રને તે લાગુ હતા કે કેમ તેનો સ્પષ્ટ ખુલાસો ધ્યાનમાં નથી. ભાવચારિત્રનો નાશ, તે પરિણામે માનવામાં અડચણ નથી.

પ્રશ્ન ૭૪૪—શ્રી ચતુર્વિધ-સંઘને, શ્રી ભગવતીજી, શ્રી સ્થાનાંગાદિસૂત્રમાં શ્રી સંઘના ચાર ભેદ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ગણાવ્યા છે તેમાં શ્રી નન્દીસૂત્રાદિમાં શ્રી સંઘને મેરુ આદિની ઉપમા આપતાં શ્રાવક-શ્રાવિકાને મયૂર અને ભ્રમરાદિરૂપે અને શ્રી સાધુસમુદાયને શિલાસમુચ્ચય તથા સહસ્રપત્રાદિરૂપે જણાવેલ હોવાથી શ્રાવક-શ્રાવિકા સાધુના સેવકરૂપે અને સાધુઓને શ્રી સંઘના અવયવ તરીકે ગણ્યા છે તેને અંગે સાધુના સમુદાયનેજ શ્રી સંઘરૂપે સ્પષ્ટપણે કોઈ પણ સ્થાને કહ્યો છે ?

સમાધાન—નવાંગી ટીકાકાર ભગવાન્ અભયદેવસૂરિજી મહારાજ શ્રી સ્થાનાંગ અને શ્રી ભગવતીજીસૂત્રની ટીકામાં સમૂહના પ્રત્યનીકોને જણાવતાં શ્રી સંઘના પ્રત્યનીક સંબંધી વ્યાખ્યા કરતાં સ્પષ્ટ જણાવે છે કે-

संघोऽवि नाणदंसणचरणगुण-विहूसियाण समणाणं ।
समुदाओ पुण संघो गुणसमुदाओत्ति काऊणं ॥१॥

જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણથી શોભતા એવા સાધુઓનો બધો સમુદાય તે સંઘ કહેવાય. એના કારણમાં જણાવે છે કે સંઘ શબ્દનો અર્થ 'સમૂહ' થાય છે અને સાધુઓજ ગુણના સમૂહ એટલે સંઘરૂપ છે. વળી એ વાત પણ સ્પષ્ટપણે જણાવે છે કે એક આચાર્યની પરંપરાવાળા સાધુઓનો સમુદાય તે કુલ અને કુલનો સમુદાય તે ગણ અને ગણનો સમુદાય તે શ્રી સંઘ કહેવાય: અર્થાત્ ચાંદ્રાદિ કુલો અને કોટિકાદિ ગણોના સમુદાયને સંઘ તરીકે જણાવી શ્રી સંઘના અવયવ તરીકે સાધુઓ છે અને તેના વિરોધીઓ સંઘનાં પ્રત્યનીક છે એમ સ્પષ્ટ કરે છે: એટલે શ્રાવકને પરિવાર રૂપે જણાવવામાં અડચણ નથી.

પ્રશ્ન ૭૪૫—ત્રિલોકનાથ–શ્રી તીર્થંકર મહારાજના ભવમાં તેઓ-શ્રીએ જે જે કર્યું હોય તે માત્ર અનુમોદનીય જ છે પણ અનુકરણીય નથી જ એમ કોઈક સાપ્તાહિકની સત્તાવાળો ભગવાનના તદ્‌ભવમાં થએલા અભિગ્રહના અનુકરણના નિષેધ માટે જણાવે છે તે વ્યાજબી છે?

સમાધાન—આ શ્રી સિદ્ધચક્રના ઘણા અંકોમાં શ્રી અષ્ટકજી આદિ શાસ્ત્રોથી સાબિત કરવામાં આવ્યું છે કે ભગવાન્ શ્રી જિનેશ્વર-મહારાજનું મોક્ષસાધનાનું કર્તવ્ય અત્યંત શ્રેષ્ઠ હોવાથી અનુમોદનીય હોવા સાથે અનુકરણીય છે એમ છતાં જેઓ પોતાથી બોલાયેલા શાસ્ત્રવિરોધી વાક્યો અને વક્તવ્યોને સુધારવાની કે સમાધાન આપવાની દાનત ધરાવે નહિ, પણ માત્ર પોતાનું બોલાયેલ જ વારંવાર બોલ્યા કરે તથા છાપ્યા કરે તેનો ઉપાય કરવો અશક્ય નહિ તો દુઃશક્ય તો છે. સમજવાની ઈચ્છાવાળાને માટે તો, જો તેઓ સર્વ શાસ્ત્રોમાં મૂળ આધારભૂત અંગો અને તેમાં પણ મૂળભૂત શ્રી આચારાંગસૂત્રનું અવલોકન કરે તો સ્થાને સ્થાને લખાયેલું સ્પષ્ટતયા નજરે તરે (જોવાય) કે શ્રી મહાવીરમહારાજે મોક્ષ મેળવવા માટે જે રીતે આચાર પાળ્યો છે તેવી રીતે બીજા સાધુ-ઓએ પણ પાળવાનો છે. અંતમાં, દરેક તીર્થંકર ભગવાન્, શ્રી

આચારાંગના નવમા અધ્યયનમાં, પોતાની ચર્યા એટલે પ્રવૃત્તિ જણાવે છે, એમ જણાવી શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરમહારાજે જે ચર્યા એટલે પ્રવૃત્તિ મોક્ષ સાધવા માટે આચરી તે જણાવી છે અને તે નવમા અધ્યયનના ચારે ઉદ્દેશાને અંતે 'एस विही०' એ ગાથા મૂકી છે અને તેમાં તથા તેની ટીકામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કેઃ—

एष चर्याविधिः अनन्तरोक्तः अनुक्रान्तः–अनुचीर्णः माहणेणत्ति–श्रीवर्द्धमानस्वामिना मतिमता–विदितवेद्येन बहुशः–अनेकप्रकारं अप्रतिज्ञेन–अनिदाननेन भगवता-ऐश्वर्यादिगुणोपेतेन, एवम्-अनेन पथा भगवदनुचीर्णेनान्ये मुमुक्षवः अशेषकर्मक्षयाय साधवो रीयन्ते-गच्छन्तीति ।

અર્થાત્ શસ્ત્રપરિજ્ઞા જે આ શ્રી આચારાંગજીનું પહેલું અધ્યયન છે ત્યાંથી માંડીને આ બધો આ શાસ્ત્રમાં જણાવેલો વિધિ, સમગ્ર વસ્તુને જાણનાર શ્રમણભગવાન્ શ્રી મહાવીરદેવે કોઈપણ પ્રકારની બાહ્ય-અપેક્ષા સિવાય અનેક વખત આચર્યો છે, અને આજશ્રી ભગવાને આચરેલા, આજ રસ્તેજ બીજા પણ મોક્ષની ઇચ્છાવાળા સાધુઓ, સમગ્ર-કર્મના ક્ષયાર્થે પ્રવૃત્તિ કરે છે. સ્પષ્ટતયા આવો લેખ છે છતાં જેઓ ઔદયિક અને ક્ષાયોપશમિકનો વિભાગ ન કરે, સંસારહેતુ અને મોક્ષહેતુનો વિભાગ ન કરે અને માત્ર બોલ્યા જ કરે કે 'ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોનું તે (છેલ્લા) ભવનું અનુકરણ હોય જ નહિ' એમ કહે તેનું શું કહેવું ? જેમાં મોક્ષ મળ્યો નથી તે પાછલા ભવોનું અનુકરણ કરવા કહેવું અને જે ભવમાં શ્રી જિનેશ્વરમહારાજે કલ્યાણના માર્ગો આદરી મોક્ષ મેળવ્યો તે ભવના અનુકરણનો, શક્તિ હોય ત્યાં પણ, અનુકરણીય ન માની, નિષેધજ કરવો એ શું ? એવો નિષેધ કરનારાઓ કયા ધ્યેયને ઉદ્દેશીને કહેતા તથા કરાવવા માગતા હશે ને સુજ્ઞો જ સમજશે.

પ્રશ્ન ૭૪૬—અધિકારીનું લક્ષણ શું ?

સમાધાન—ઇચ્છાવાળો, પ્રસ્તુતને અંગે સામર્થ્યવાન્ તથા જેને માટે શાસ્ત્રકારોએ નિષેધ ન કર્યો હોય તે અધિકારી. અને અધિકારીને અનધિકારી કહેનાર તો કુટિલ ગણાય.

પ્રશ્ન ૭૪૭—ન ટળી શકે તેવી અવિધિવાળી ક્રિયા હોય તો પણ છોડવીજ જોઇએ ને ?

સમાધાન—'અવિધિએ થાય તેના કરતાં ન થાય તે સારૂં' એ ઉત્સૂત્રભાષા; પણ 'વિધિની જરૂર દરેક ધર્મકાર્યમાં છે, માટે તેનું લક્ષ્ય રાખી અવિધિ ટાળવી' એ શાસ્ત્રવાક્ય છે.

પ્રશ્ન ૭૪૮—'વર્તમાનકાલમાં અપવાદમાર્ગ નથીજ, ઉત્સર્ગ માર્ગજ છે' એ કથન શું સાચું છે ?

સમાધાન—શ્રી જૈનશાસનમાં 'ઉત્સર્ગ' એ માર્ગ છે, તેવીજ રીતે 'અપવાદ' એ પણ માર્ગજ છે: છતાં તેને અસદ્વિધાન કહે તે શાસ્ત્રોને સમજે કેમ ? સ્થવિરકલ્પ તેમાં દુઃષમકાલ છતાં, 'આ કાલમાં અપવાદ સેવાતોજ નથી' એમ કહેનાર, દેખાડવાના તથા ચાવવાના જુદા દાંતવાળા ગણાય.

પ્રશ્ન ૭૪૯—શાસ્ત્ર અને આજ્ઞાને પોકારનાર સારા ખરા ને ?

સમાધાન—પોતાની કે પોતાના વડીલની શાસ્ત્રવિરુદ્ધ તથા હઠવાળી વાચાને પોષનાર થઇને, લોકોમાં શાસ્ત્ર તથા આજ્ઞાનુસારીપણાની છાપ મરાવા જનાર, '**मासाहस**' પક્ષીને ભૂલાવનાર ગણાય.

પ્રશ્ન ૭૫૦—સમ્યક્ત્વની પ્રાપ્તિ કે આજ્ઞાની સંપૂર્ણ પ્રતીતિ સિવાય ધર્મ નહિ ?

સમાધાન—'દુર્ગતિમાં પડતા જીવોને બચાવે એ ધર્મ' એ વ્યાખ્યા અધૂરી છે એમ કહી આજ્ઞાભંગવાળી ક્રિયા પણ દુર્ગતિથી

બચાવે છે એમ ધ્વનિત કરનાર 'ધૂની' સિવાય બીજો કોણ હોય ? શાસ્ત્રકારો અપુનર્બંધકપણાથી પણ ધર્મની શરૂઆત ગણે છે.

પ્રશ્ન ૭૫૨—શાસ્ત્રના પુરાવા છતાં અનુકરણીયપણાનો નિષેધ જ પકડી રાખે તેનું શું ?

સમાધાન—'મોક્ષાર્થ અનુષ્ઠાન અનુકરણીય છે' એમ શાસ્ત્રના પુરાવા સાથે સેંકડો વખત જણાવાયાં છતાં, કદાગ્રહને વશ થયેલો મનુષ્ય અન્યાન્યવાતોને નામે અનુકરણીયપણાનો નિષેધ કરેજ જાય તેને શું કહેવું ?

સાહિત્ય-રસિકોને અપૂર્વ અવસર

પત્ર આકારે

શ્રી ભગવતી સૂત્ર (અભયદેવસૂરી ટીકા) શતક ૧૫થી ૩૩ ભા-૩	૪-૦-૦
શ્રી પન્નવણા સૂત્ર (હરીભદ્રસૂરી ટીકા) ભા-૧	૨-૦-૦
શ્રી પન્નવણા સૂત્ર (હરીભદ્રસૂરી ટીકા) ભા-૨	૨-૦-૦
શ્રી ઉપાંગાદિવિષયાનુક્રમ	૪-૦-૦
શ્રી અંગ અકારાદિ	૪-૦-૦
શ્રી આગમીય સૂક્તાવલ્યાદિ	૨-૪-૦
શ્રી તાત્ત્વિક-પ્રશ્નોતરાણિ	૭-૦-૦
શ્રી પંચાશક ટીકા (હરિભદ્રસૂરી)	૬-૦-૦

પુસ્તક આકારે

લઘુસિદ્ધપ્રભા-વ્યાકરણ સલઘુતમ નામકોષ	૨-૪-૦
ઉપદેશ રત્નાકર મૂળ સાથે (ગુજરાતી)	૫-૦-૦
પ્રશમરતિ અને સંબંધકારીકા વ્યાખ્યાન સંગ્રહ	૫-૦-૦
તાત્ત્વિકપ્રશ્નોત્તર ગુજરાતી ભાવાર્થ સાથે	૯-૦-૦
તપ અને ઉદ્યાપન ગુજરાતી લેખ	૫-૦-૦
પર્વમાહાત્મ્ય વ્યાખ્યાન સંગ્રહ	૩-૦-૦
આગમોદ્ધારકની અમોઘદેશના	૨-૦-૦
આગમોદ્ધારકની અમૃતવાણી	૨-૦-૦
આગમોદ્ધારકની અમૃતદેશના	૨-૦-૦
અષ્ટાહ્નિકા માહાત્મ્ય (વ્યાખ્યાન સંગ્રહ)	૨-૦-૦

: પ્રાપ્તિસ્થાન :

શ્રી જૈન આનંદ-પુસ્તકાલય ગોપીપુરા, સૂરત.